|| શ્રીહરિઃ ||
|| શ્રીવાક્‌પતયે નમઃ ||

વૈષ્ણવ પરિવાર

વર્ષ : ૨૦ ■ અંક : ૯ ■ સળંગ અંક : ૨૪૩
ડિસેમ્બર-૨૦૦૩ : માગશર - પોષ - ૨૦૬૦ : શ્રીવલ્લભાબ્દ - ૫૨૬

(વાર્ષિક વિશેષાંક - ભેટપુસ્તક)

કરિયે શ્રીસર્વોત્તમ રસપાન

(ભાગ-૧)

પ્રવકતા : શ્રી રમેશભાઈ પરીખ

સંસ્થાપક અને આદ્યતંત્રી : **શ્રી રમેશભાઈ વિ. પરીખ**
તંત્રી અને સંકલનકાર : **વસંતબહેન ર. પરીખ**
પરામર્શક : **ભગવાનદાસ દલાલ**
વિજયભાઈ દેસાઈ
વ્યવસ્થાપક : **અમિત ર. પરીખ**

■ પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન ■
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપિંગ સેન્ટર,
બી. કે. સિનેમા સામે, મહેસાણા - ૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com / Visit us at vaishnavparivar.org

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

(ટ્રસ્ટ ર. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા. ૩૧-૧-૧૯૮૭)

[ઈન્કમટેક્ષ મુક્તિ નં. : CIT/GNR/80G(5)R.502-2000-2001 : Valid up to 31-3-2005]

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- વૈષ્ણવ પરિવાર (માસિક)
- બાલપુષ્ટિ (બાલમાસિક)
- પુસ્તક - ઓડિયો કેસેટ પ્રકાશન અને વિતરણ.
- શ્રીબેઠકજી નવનિર્માણ સેવા.
- ગૌસેવા.
- અશક્ત - આર્થિક તકલીફવાળાઓને વૈદકીય સહાય.
- સામાન્ય સ્થિતિવાળા તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.
- સત્સંગ સત્રોનું આયોજન.
- કુદરતી આપત્તિના પ્રસંગે આપદ્ગ્રસ્તોને સહાય.

વૈષ્ણવ પરિવાર - ખાસ સૂચના

■ વાર્ષિક લવાજમ દર વર્ષે ફકત ડીસેંબરથી ૨૮મી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. વર્ષની અધવચ્ચે સ્વીકારાતું નથી. ■ લવાજમનો પાવતી નંબર જ જે તે વર્ષનો ગ્રાહક નંબર છે. તે અંક પરના સરનામા સાથે છપાય છે. ■ અંક દર મહિનાની ૧લી તારીખે પોસ્ટ થાય છે. ■ દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો, મહેસાણા કાર્યાલયને જ જાણ કરવાથી બીજી નકલ મોકલાશે. ■ અંક ન મળવા અંગે પ્રતિનિધિને ફરિયાદ ન કરવી. ■ સરનામું બદલાય તો ગ્રાહક નંબર સાથે જૂનું અને નવું સરનામું તાત્કાલિક મહેસાણા કાર્યાલયને જણાવવું. ■ બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે જ કરવો. ■ પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું.

મહેસાણા કાર્યાલય

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ
શોપીંગ સેન્ટર, બી. કે. સિનેમાની સામે,
મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈકિવપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન:(ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
(ઘર) ૨૩૬૯૩૮૨૧ ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
(સમય : સવારે ૧૧ થી સાંજે ૫ સુધી)
Email : chemi@vsnl.com

અંધેરી કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી
સદન રાધિકા નિવાસ પાછળ,
સર એમ. વી. રોડ, અંધેરી(ઈ), મુંબઈ.
ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩
Email : delight@vsnl.com

અમેરિકા સંપર્ક કેન્દ્ર

Shri Navnitbhai C. Shah
3,Christy Lane, Ocean,
NJ - 07712-2604
Phone : 732-493-9096
Email : ncshahllc@yahoo.com

Shri Rajendra K. Patel
1707, Edington, Portage,
MI - 49024 (U.S.A.)
Phone : 616-323-1880

શ્રી સર્વોત્તમ સ્તોત્રના રચયિતા



શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રીગુસાંઈજી

આ પુસ્તકના મનોરથી

શ્રીમતી કુસુમબેન અરુજીસ



શ્રી બકુલાબેન પટેલ



શ્રીમતી કુસુમબેન અરુજીસ અને શ્રી બકુલાબેન પટેલના
સૌને સદૈન્ય જયશ્રીકૃષ્ણ.

આ પુસ્તકના મનોરથી



ગો.વા. કનકસિંહ હંસરાજ બજરીયા

* * *

લીલાબેન કનકસિંહ બજરીયા
તથા પરિવારના
સૌને સદૈન્ય જયશ્રીકૃષ્ણ

|| શ્રીહરિ: ||
|| શ્રી વાક્પતયે નમ: ||

પ્રસ્તાવના

વલ્લભીય પરિવારોનું આત્મીય સ્વજન એવું 'વૈષ્ણવ પરિવાર' આ વર્ષે તેના પ્રકાશનનાં ૨૦ વર્ષ પૂર્ણ કરે છે. આ બધાં વર્ષોમાં તેની એક પરંપરા પ્રભુકૃપાથી જળવાઇ રહી છે - તે છે ભેટપુસ્તક આપવાની પરંપરા. મનોરથી વૈષ્ણવોની વિત્તસેવા દ્વારા 'વૈષ્ણવ પરિવાર'ના હજારો ગ્રાહકોને દર વર્ષે સાંપ્રદાયિક મૂલ્ય ધરાવતો એક અતિ ઉપયોગી ગ્રંથ ભેટપુસ્તક તરીકે અપાય છે. શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટ માટે આ આનંદ અને ગૌરવનો વિષય છે. આ વર્ષે આ પરંપરામાં 'કરિયે શ્રીસર્વોત્તમ રસપાન' પુસ્તકનો પહેલો ભાગ ભેટપુસ્તક તરીકે અપાઇ રહ્યો છે, જેના પ્રવક્તા શ્રી રમેશભાઈ પરીખ છે.

પુષ્ટિ સંપ્રદાયના વિરલ સાહિત્યકાર, વિલક્ષણ વક્તા અને સફળ સંપાદક એવા શ્રી રમેશભાઈએ, તેમના વિપુલ સાહિત્યસર્જન તેમજ પ્રવચનો - વ્યાખ્યાનો - સપ્તાહો - શિબિરો - સત્સંગકાર્યક્રમો વગેરે દ્વારા વૈષ્ણવોને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો સરળ અને રોચક ભાષામાં સમજાવવાનું કાર્ય જીવનભર કર્યું. આ અદ્વિતીય કાર્ય દ્વારા તેમણે વૈષ્ણવોમાં શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજી માટે પ્રેમ, વિશ્વાસ, આદર અને નિષ્ઠા જગાવી તેમને પુષ્ટિને પંથે વાળ્યાં.

તેમણે પુષ્ટિમાર્ગના અનેક વિષયો ઉપર વિદ્વત્તાપૂર્ણ છતાં લોકભોગ્ય શૈલીમાં ૧૫૦ કરતાં પણ વધારે પુસ્તકો લખ્યાં. જીવનના અંતિમ વર્ષે 'શ્રી સર્વોત્તમ સ્તોત્ર'ને સરળ ભાષામાં સમજાવતો ગ્રંથ લખવાની શરૂઆત કરી, પણ તે કાર્ય પૂર્ણ થઇ શક્યું નહિ. આજે આ ગ્રંથ દ્વારા તેમની એ ઇચ્છા પૂર્ણ થઇ રહી છે તેનો અતિ આનંદ છે.

તા. ૨૨-૩-૯૮ થી ૨૮-૩-૯૮ સુધી શ્રી ચંપારણ્ય ધામમાં, મહાકારુણિક શ્રીવલ્લભની નિશ્રામાં, ત્યાગમૂર્તિ પ. પૂ. ગો. ૧૦૮ શ્રી ચિમનલાલજી મહારાજશ્રી (માંડવી - ગોકુલ)ના સાન્નિધ્યમાં, શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટ અને શ્રીગોકુલેશ યાત્રાસંઘના ઉપક્રમે 'શ્રી સર્વોત્તમ રસપાન સપ્તાહ'નું આયોજન થયું હતું. સપ્તાહના પ્રવકતા શ્રી રમેશભાઈ પરીખની મધુર, રોચક અને પ્રેરક વાણીમાં થયેલ 'શ્રી સર્વોત્તમ સ્તોત્ર' ઉપરનાં આ પ્રવચનો શ્રવણ કરવાનો અલૌકિક આનંદ દેશપરદેશના હજારો વૈષ્ણવોએ માણ્યો હતો. ભાવનગરના શ્રી ધર્મેશભાઈ હર્ષદભાઈ હરિયાણી પરિવારે આ કાર્યક્રમના મનોરથી બનવાનો લાભ લીધો હતો. ઉપસ્થિત સૌને માટે આ સપ્તાહ જીવનનો અવિસ્મરણીય પ્રસંગ બની રહ્યો હતો.

શ્રીરમેશભાઈને માટે, તેમની પોતાની ષષ્ઠીપૂર્તિના વર્ષમાં, શ્રીવલ્લભના સાન્નિધ્યમાં, શ્રીવલ્લભનાં ગુણગાન ગાવાની અને તે દ્વારા પોતાની વાણીને પવિત્ર કરવાની જે તક મળી તે શ્રીવલ્લભની અહૈતુકી કૃપાનું પરિણામ હતું. તેમના જીવનકાળ દરમ્યાન ઉજવાયેલી તેમની આ વર્ષગાંઠ છેલ્લી જ બની રહી, પરંતુ તા. ૨૫-૩-૯૮ના રોજ તેમની ૬૧મી વર્ષગાંઠે શ્રીવલ્લભની સેવામાં હાથ પવિત્ર કરવાનો, તે દિવસે સંપન્ન થયેલા નંદમહોત્સવના અલૌકિક મનોરથમાં સહભાગી થવાનો તેમજ શ્રીવલ્લભના ગુણગાન ગાવાનો તેમને જે અલૌકિક આનંદ પ્રાપ્ત થયેલો તે તેમને માટે રોમાંચક અને અવર્ણનીય હતો.

આ સપ્તાહના પ્રવચનોની કેસેટો ઉપરથી આ ગ્રંથનું સંકલન થયું છે; જે 'વૈષ્ણવ પરિવાર'ના અંકોમાં છેલ્લા પાંચ વર્ષથી ક્રમશ: છપાતું રહ્યું છે. વૈષ્ણવોની સતત માગણી રહી કે અમને આ સંકલન ગ્રંથસ્વરૂપે મળે તો નિત્ય સત્સંગમાં, વાચનમાં ઉપયોગી બને. શ્રીગુસાંઇજી પ્રભુચરણ વિરચિત 'શ્રી સર્વોત્તમ સ્તોત્ર'નું રસપાન કરવામાં સહાયક બને. સૌના પ્રેમભર્યા આગ્રહને વશ થઇ આ વર્ષે આ ગ્રંથ ભેટપુસ્તક તરીકે 'વૈષ્ણવ પરિવાર'ના સૌ ગ્રાહકોને આપવાનો મનોરથ થયો છે. ગ્રંથ લગભગ ૩૦૦ પાનાનો થયેલ હોવાથી તેને બે ભાગમાં પ્રકાશિત કરવાનો નિર્ણય લેવો પડ્યો છે. આ ગ્રંથમાં શ્રીસર્વોત્તમ સ્તોત્રનો મહિમા, શ્રી હરિરાય મહાપ્રભુ રચિત કીર્તન 'કરિયે શ્રીસર્વોત્તમ રસપાન'નું વિવેચન, શ્રી સર્વોત્તમ સ્તોત્રનું ચિંતામણિ સ્વરૂપ, સ્તોત્રની રચના અને રચયિતા, સ્તોત્ર 'સર્વોત્તમ' હોવાનાં કારણો, શ્લોકોની સંખ્યા, વિશ્લેષણ, વગેરે બાબતો પૂર્વભૂમિકા તરીકે સમજાવી ત્યારબાદ દરેક શ્લોકના શબ્દાર્થ અને દરેક શ્લોકની વિસ્તૃત સમજ આપવામાં આવી છે. શ્રીમહાપ્રભુજીનાં ૩૫ નામ દર્શાવતા સ્તોત્રના કુલ ૧૪ શ્લોક સુધીનું વિવેચન આ પહેલા ભાગમાં સમાવિષ્ટ છે. બાકીના શ્લોકો ઉપરનું વિવેચન બીજા ભાગમાં આવશે, જે આવતા વર્ષે ૨૦૦૪-૦૫ના વર્ષના 'વૈષ્ણવ પરિવાર'ના સર્વ ગ્રાહકોને ભેટપુસ્તક તરીકે અપાશે.

આ ગ્રંથના પ્રકાશનના મુખ્ય મનોરથી છે **શ્રીમતી કુસુમબેન અરુજીસ, શ્રી બકુલાબેન પટેલ અને શ્રી લીલાબેન કનકસિંહ બજરીયા.** એ ઉપરાંત પણ ઘણા વૈષ્ણવોએ આ ગ્રંથના મનોરથી બની પોતાના દૈવી દ્રવ્યનો વિનિયોગ શ્રીવલ્લભની આ નામસેવા માટે કર્યો છે. તે સૌનાં જયશ્રીકૃષ્ણ આ ગ્રંથના દરેક પાન નીચે અંકિત થયાં છે. આ ગ્રંથ વાંચો ત્યારે એ વૈષ્ણવોનાં જયશ્રીકૃષ્ણ ઝીલી, તે સૌ પ્રત્યે આવું સુંદર પુસ્તક પ્રાપ્ય કરી આપવા બદલ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરી, તમારા જયશ્રીકૃષ્ણ તેમને જરૂર પાઠવશો. આ મનોરથી વૈષ્ણવોની દ્રવ્યસેવા દ્વારા આજે હજારો વૈષ્ણવોને એક પુસ્તક પ્રાપ્ત થઇ રહ્યું છે, જેના પ્રકાશનનો હેતુ, તેના વાચન મનન દ્વારા વૈષ્ણવોનો દૃઢ આશ્રય શ્રીવલ્લભના ચરણોમાં સ્થાપિત થાય, શ્રીવલ્લભમાં પ્રેમ અને નિષ્ઠા જાગૃત થાય, એ જ છે. બધા મનોરથી વૈષ્ણવો પ્રત્યે આભાર અને પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરી સૌનો ઋણસ્વીકાર કરું છું. આવતા વર્ષે આ ગ્રંથના બીજા ભાગના પ્રકાશનમાં પણ સૌ મનોરથી વૈષ્ણવોનો સહયોગ જરૂરથી પ્રાપ્ત થશે તેવી આશા સાથે વિરમું છું.

આ ગ્રંથ 'વૈષ્ણવ પરિવાર'ના ડિસેમ્બર-૦૩ના અંક તરીકે પ્રકાશિત થાય છે; તેથી 'વૈષ્ણવ પરિવાર'નો ડિસેમ્બરનો અલગ અંક પ્રકાશિત નહિ થાય તેની સૌને નોંધ લેવા વિનંતી છે.

ભવદીય,
વસંતબહેન ર. પરીખના
સદૈન્ય જયશ્રીકૃષ્ણ

'વૈષ્ણવ પરિવાર' અને 'બાલપુષ્ટિ' લવાજમ અંગેની સૂચના

- 'વૈષ્ણવ પરિવાર' અને 'બાલપુષ્ટિ' માસિકનું આગામી ૨૦૦૪-૨૦૦૫ના વર્ષનું લવાજમ સ્વીકારવાની શરૂઆત થઈ ગઈ છે.

- 'વૈષ્ણવ પરિવાર' માસિકનું વાર્ષિક લવાજમ ભારતમાં રૂા.૬૦/- છે. વિદેશ માટે રૂા.૧૦૦૦/- અથવા **US $૨૦** અથવા £(પાઉન્ડ)૧૫ છે. એકથી વધુ વર્ષનું કે આજીવન લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

- 'બાલપુષ્ટિ' માસિકનું વાર્ષિક લવાજમ ભારતમાં રૂા.૪૦/- છે. વિદેશ માટે રૂા.૧૦૦૦/- અથવા **US $૨૦** અથવા £(પાઉન્ડ)૧૫ છે. એકથી વધુ વર્ષનું કે આજીવન લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

- લવાજમ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૦૪ છે. છેલ્લી તારીખની રાહ જોયા વગર આજે જ તમારા નજીકના પ્રતિનિધિ અથવા મહેસાણા/મુંબઈ/ અંધેરી કાર્યાલયને લવાજમ મોકલી આપો.

- વૈષ્ણવ પરિવાર અને બાલપુષ્ટિના લવાજમ સ્વીકારનાર માનદ્ પ્રતિનિધિની યાદી જાન્યુઆરી-૨૦૦૪ના 'વૈષ્ણવ પરિવાર' માસિકના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

■

શ્રીસર્વોત્તમ સ્તોત્ર

પ્રાકૃતધર્માનાશ્રયમપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્તચ્છુધ્ધં સાકૃતિં સ્તૌમિ ॥૧॥
કલિકાલતમશ્છન્ન દૃષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્ય-વિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ॥૨॥
દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥
તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥૪॥
ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ ॥૫॥
વિનિયોગો ભક્તિયોગઃ પ્રતિબંધવિનાશને ।
કૃષ્ણાધરામૃતા-સ્વાદ-સિદ્ધિરત્ર ન સંશયઃ ॥૬॥
આનંદઃ પરમાનંદઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।
દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥
શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકાશનપરાયણઃ ।
સાકાર બ્રહ્મવાદૈકસ્થાપકો વેદપારગઃ ॥૮॥
માયાવાદનિરાકર્તા સર્વવાદિ નિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥
અંગીકૃત્યૈવ ગોપીશ-વલ્લભીકૃતમાનવઃ ।
અંગીકૃતૌ સમર્યાદો મહાકારુણિકો વિભુઃ ॥૧૦॥
અદેયદાનદક્ષશ્ચ મહોદાર-ચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજ - મોહિતાસુરમાનુષઃ ॥૧૧॥

વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણ-ભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥
સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।
સ્વાનંદતુંદિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥૧૩॥
કૃપાદ્ગ્વૃષ્ટિ સંહૃષ્ટ દાસદાસીપ્રિયપતિઃ ।
રોષદક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિટ્ ભક્તસેવિતઃ ॥૧૪॥
સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિસરોરુહઃ ।
ઉગ્રપ્રતાપો વાક્સીધુ પૂરિતાશેષસેવકઃ ॥૧૫॥
શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ ।
તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ ॥૧૬॥
સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા વિમુક્તિદઃ ।
રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ॥૧૭॥
વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ ।
ભક્ત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્તકઃ ॥૧૮॥
યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ ।
પૂર્ણાનંદઃ પૂર્ણકામો વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥૧૯॥
કૃષ્ણનામસહસ્રસ્યવક્તા ભક્તપરાયણઃ ।
ભક્ત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપકઃ ॥૨૦॥
સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયસ્તાદૃશવેષ્ટિતઃ ।
સ્વદાસાર્થકૃતશેષસાધનઃ સર્વશક્તિધૃક્ ॥૨૧॥
ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્પિતા ।
સ્વવંશે સ્થાપિતાઽશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥
પતિવ્રતાપતિઃ પારલૌકિકૈહિકદાનકૃત્ ।
નિગૂઢહૃદયોઽનન્યભક્તેષુ જ્ઞાપિતાશયઃ ॥૨૩॥

ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥૨૪॥
પૃથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતઃ ॥૨૫॥
તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।
પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિલીલાકર્તા રહઃ પ્રિયઃ ॥૨૬॥
ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાતલીલોઽતિમોહનઃ ।
સર્વાસક્તો ભક્તમાત્રાસક્તઃ પતિતપાવનઃ ॥૨૭॥
સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરઃ ।
યશઃ પીયૂષલહરી પ્લાવિતાન્યરસઃ પરઃ ॥૨૮॥
લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ તલ્લીલાપ્રેમપૂરિતઃ ॥૨૯॥
યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગવિશારદઃ ।
સત્યપ્રતિજ્ઞસ્ત્રીગુણાતીતો નયવિશારદઃ ॥૩૦॥
સ્વકીર્તિવર્ધનસ્તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ ।
માયાવાદાખ્યતૂલાગ્નિર્બ્રહ્મવાદનિરૂપકઃ ॥૩૧॥
અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ સહજસ્મિતઃ ।
ત્રિલોકીભૂષણં ભૂમિભાગ્યં સહજસુંદરઃ ॥૩૨॥
અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ ।
ઈત્યાનંદનિધેઃ પ્રોક્તં નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥
શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।
સતદેકમનાઃ સિદ્ધિમુક્તાં પ્રાપ્નોત્યસંશયઃ ॥૩૪॥
તદ્પ્રાપ્તૌ વૃથા મોક્ષસ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥૩૫॥

ઈતિ શ્રીમદ્ અગ્નિકુમાર પ્રોક્તં શ્રીસર્વોત્તમ સ્તોત્રં સંપૂર્ણમ્ ॥

શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો

(૧) આનંદાય નમઃ (૨) પરમાનંદાય નમઃ (૩) શ્રીકૃષ્ણસ્યાય નમઃ (૪) કૃપાનિધયે નમઃ (૫) દૈવોદ્ધારપ્રયત્નાત્મને નમઃ (૬) સ્મૃતિમાત્રાર્તિનાશનાય નમઃ (૭) શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણાય નમઃ (૮) સાકારબ્રહ્મવાદૈકસ્થાપકાય નમઃ (૯) વેદપારગાય નમઃ (૧૦) માયાવાદનિરાકર્ત્રે નમઃ (૧૧) સર્વવાદિનિરાસકૃતે નમઃ (૧૨) ભકિતમાર્ગાબ્જમાર્તણ્ડાય નમઃ (૧૩) સ્ત્રીશૂદ્રાદ્યુધ્ધૃક્ષમાય નમઃ (૧૪) અંગીકૃત્યૈવગોપીશવલ્લભીકૃતમાનવાય નમઃ (૧૫) અંગીકૃતૌસમર્યાદાય નમઃ (૧૬) મહાકારુણિકાય નમઃ (૧૭) વિભવે નમઃ (૧૮) અદેયદાનદક્ષાય નમઃ (૧૯) મહોદારચરિત્રવતે નમઃ (૨૦) પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષાય નમઃ (૨૧) વૈશ્વાનરાય નમઃ (૨૨) વલ્લભાખ્યાય નમઃ (૨૩) સદ્રૂપાય નમઃ (૨૪) સતાંહિતકૃતે નમઃ (૨૫) જનશિક્ષાકૃતેકૃષ્ણભક્તિકૃતે નમઃ (૨૬) નિખિલેષ્ટદાય નમઃ (૨૭) સર્વલક્ષણસંપન્નાય નમઃ (૨૮) શ્રીકૃષ્ણજ્ઞાનદાય નમઃ (૨૯) ગુરવે નમઃ (૩૦) સ્વાનન્દતુન્દિલાય નમઃ (૩૧) પદ્મદલાયતવિલોચનાય નમઃ (૩૨) કૃપાદગ્વવૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયાય નમઃ (૩૩) પતયે નમઃ (૩૪) રોષદક્પાતસંપ્લુષ્ટભક્તિદ્વિષે નમઃ (૩૫) ભક્તિસેવિતાય નમઃ (૩૬) સુખસેવ્યાય નમઃ (૩૭) દુરારાધ્યાય નમઃ (૩૮) દુર્લભાંઘ્રિસરોરુહાય નમઃ (૩૯) ઉગ્રપ્રતાપાય નમઃ (૪૦) વાક્સીધુપૂરિતાશેષસેવકાય નમઃ (૪૧) શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમાય નમઃ (૪૨) તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહાય નમઃ (૪૩) સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમ્ણે નમઃ (૪૪) વિમુક્તિદાય નમઃ (૪૫) રાસલીલૈકતાત્પર્યાય નમઃ (૪૬) કૃપયૈતત્કથાપ્રદાય નમઃ (૪૭) વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકાય નમઃ (૪૮) ભક્ત્યાચારોપદેષ્ટ્રે નમઃ (૪૯) કર્મમાર્ગપ્રવર્તકાય નમઃ (૫૦) યાગાદૌભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકાય નમઃ (૫૧) પૂર્ણાનન્દાય નમઃ (૫૨) પૂર્ણકામાય નમઃ (૫૩) વાક્પતયે નમઃ (૫૪) વિબુધેશ્વરાય નમઃ (૫૫) કૃષ્ણનામસહસ્ત્રવક્ત્રે નમઃ (૫૬) ભક્તપરાયણાય નમઃ (૫૭) ભક્ત્યાચારોપદેશાર્થનાનાવાકયનિરૂપકાય નમઃ (૫૮) સ્વાર્થોજિઝતાખિલપ્રાણપ્રિયાય નમઃ (૫૯) તાદશવેષ્ટિતાય નમઃ (૬૦) સ્વદાસાર્થકૃતાશેષસાધનાય નમઃ (૬૧) સર્વશક્તિધૃષે નમઃ (૬૨) ભુવિભકિતપ્રચારૈકકૃતેસ્વાન્વયકૃતે નમઃ (૬૩) પિત્રે નમઃ (૬૪) સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્યાય નમઃ (૬૫) સ્મયાપહાય નમઃ (૬૬) પતિવ્રતાપતયે નમઃ (૬૭) પારલૌકિકૈહિકદાનકૃતે નમઃ (૬૮) નિગૂઢહૃદયાય નમઃ (૬૯) અનન્યભક્તેષુજ્ઞાપિતાશયાય નમઃ (૭૦) ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધ મોહનિવારકાય નમઃ (૭૧) ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃતે નમઃ (૭૨) પૃથક્શરણમાર્ગોપદેષ્ટ્રે નમઃ (૭૩) શ્રીકૃષ્ણહાર્દવિદે નમઃ (૭૪) પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતાય નમઃ (૭૫) તત્કથાક્ષિપ્તચિત્તાય નમઃ (૭૬) તદ્વિસ્મૃતાન્યાય નમઃ (૭૭) વ્રજપ્રિયાય નમઃ (૭૮) પ્રિયવ્રજસ્થિતયે નમઃ (૭૯) પુષ્ટિલીલાકર્ત્રે નમઃ (૮૦) રહઃ પ્રિયાય નમઃ (૮૧) ભક્તેચ્છાપૂરકાય નમઃ (૮૨) સર્વાજ્ઞાતલીલાય નમઃ (૮૩) અતિમોહનાય નમઃ (૮૪) સર્વાસક્તાય નમઃ (૮૫) ભક્તમાત્રાસક્તાય નમઃ (૮૬) પતિતપાવનાય નમઃ (૮૭) સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરાય નમઃ (૮૮) યશઃ પીયૂષલહરીપ્લાવિતાન્યરસાય નમઃ (૮૯) પરાય નમઃ (૯૦) લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃતે નમઃ (૯૧) ગોવર્ધનસ્થિત્યુત્સાહાય નમઃ (૯૨) તલ્લીલાપ્રેમપૂરિતાય નમઃ (૯૩) યજ્ઞભોક્ત્રે નમઃ (૯૪) યજ્ઞકર્ત્રે નમઃ (૯૫) ચતુર્વર્ગવિશારદાય નમઃ (૯૬) સત્યપ્રતિજ્ઞાય નમઃ (૯૭) ત્રિગુણાતીતાય નમઃ (૯૮) નયવિશારદાય નમઃ (૯૯) સ્વકીર્તિવર્ધનાય નમઃ (૧૦૦) તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકાય નમઃ (૧૦૧) માયાવાદાખ્યતૂલાગ્નયે નમઃ (૧૦૨) બ્રહ્મવાદનિરૂપકાય નમઃ (૧૦૩) અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતાય નમઃ (૧૦૪) સહજસ્મિતાય નમઃ (૧૦૫) ત્રિલોકીભૂષણાય નમઃ (૧૦૬) ભૂમિભાગ્યાય નમઃ (૧૦૭) સહજસુંદરાય નમઃ (૧૦૮) અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનાય નમઃ

॥ ઈતિ ॥

પ્રકરણ - ૧ : ભૂમિકા

૧. શ્રી સર્વોતમસ્તોત્રનો મહિમા :

કરિયે શ્રીસર્વોત્તમ રસપાન ।
પ્રસંસા કરિ સકે કૌન કવિ ઐસો, શ્રીમુખ કરત બખાન ॥૧॥
અતિસય કરુણા કરિ યા કલિમેં, દિયો દૈવી જીવનકો દાન ।
એક એક અક્ષર હૈ અધરામૃત, ગુપ્ત રહસ્ય ગુણગાન ॥૨॥
અર્ધ નિમેષ વિલંબ ન કરિયે, રૈન દિવસ આઠો જામ ।
રસિક પ્રીતમ જાકે રંગ રંગ્યો, સો હૈ ભક્તિનિધાન ॥૩॥

આ પદમાં શ્રીહરિરાયજી મહાપ્રભુજી સ્વાનુભવ જણાવે છે. શ્રીહરિરાયજી મહાપ્રભુજી શ્રીવલ્લભવંશજ આચાર્ય છે. આચાર્ય એટલે ગુરુ-ધર્મોપદેશક, શાસ્ત્રોએ આચાર્યની વ્યાખ્યા કરી: જે પોતે આચરણ કરીને પોતાના અનુયાયીઓને તે મુજબ આચરણ કરવાનો ઉપદેશ આપે તે આચાર્ય, શ્રીહરિરાયજી મહાપ્રભુ આવા આચાર્ય છે.

તેમને બાલ્યાવસ્થાથી જ શ્રીમહાપ્રભુજી ઉપર અત્યંત ભક્તિભાવ હતો. સતત શ્રીવલ્લભનું સ્મરણ અને નામસ્મરણ કરતા રહેતા. તેમને શ્રીમહાપ્રભુજીના દર્શનનો પારાવાર વિરહ રહેતો; તેથી બાળપણમાં એક વખતે તેમના ખંડમાં ત્રણ દિવસ તેઓ એકાંતમાં બિરાજ્યા. ભોજન, જલપાન અને નિદ્રા પણ છોડ્યાં. સતત વિરહતાપપૂર્વક શ્રીસર્વોત્તમસ્તોત્રના જપ કર્યા. લાગલાગટ બોત્તેર કલાક સુધી જપ થયા. તેના ફલ સ્વરૂપે સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીએ તેમને પોતાના અલૌકિક સ્વરૂપનાં દર્શન આપ્યાં અને સ્વરૂપાનંદનું દાન કર્યું.

આથી શ્રીહરિરાયજીને વૈષ્ણવો 'શ્રીહરિરાય મહાપ્રભુ'ના ભાવભર્યા નામથી સંબોધે છે.

શ્રીહરિરાયજીએ શ્રીસર્વોત્તમજીના જપનો તેમને થયેલ અનુભવ ઉપદેશના રૂપમાં આપણી સામે ઉપરના પદમાં રજૂ કર્યો છે. તેઓ આજ્ઞા કરે છે કે : આ શ્રીસર્વોત્તમસ્તોત્રનું રસપાન કરવું જોઈએ. સ્તોત્રના પાઠ અને રસપાનમાં ફરક છે. જેટલો ફરક અનિચ્છાએ દવા તરીકે લીમડાનો રસ પીવામાં અને આનંદથી મધ જેવી મીઠી કેસર કેરીનો રસ ખાવામાં છે, એવો જ ફરક સ્તોત્રના પાઠ અને રસપાનમાં છે. શ્રીમહાપ્રભુજીએ 'શ્રીસુબોધિનીજી'માં બે સત્ય બહુ જ સુંદર રીતે સમજાવ્યાં છે : (૧) જપે મર્યાદા ધ્યાને પુષ્ટિ. સંખ્યાની ગણત્રી સાથે નિયત સંખ્યામાં મંત્ર કે સ્તોત્રનો મોઢેથી પાઠ કરવો કે મનમાં જપ કરવો તે મંત્રશાસ્ત્ર પ્રમાણે એક સાધન છે; તેથી તે મર્યાદામાર્ગનો પ્રકાર છે. તે મંત્ર કે સ્તોત્રનો માનસિક જપ કરતાં તે મંત્ર કે સ્તોત્રમાં બિરાજમાન ભગવદ્સ્વરૂપનું પ્રેમપૂર્વક ધ્યાન કરવું અને તે ધ્યાનમાં એકચિત્ત બની જવું તે પુષ્ટિ પ્રકાર છે. ધ્યાનપૂર્વકના જપ દ્વારા ભગવદ્સ્વરૂપના અલૌકિક રસાનંદનું પાન થાય છે. તેથી તે આનંદપ્રદ છે (૨) 'જ્ઞાત્વાપાનેમહાન્ રસઃ' ભગવદ્સ્વરૂપના જ્ઞાનપૂર્વક, ભગવદ્નામનું પાન કરવામાં વિશેષ રસાનંદનો અનુભવ થાય છે. આથી શ્રીહરિરાયજી મહાપ્રભુ આ પદમાં આપણને શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ કે જપ કરવાની આજ્ઞા કરતા નથી; તેનું રસપાન કરવાની આજ્ઞા કરે છે.

ભોજનમાં પણ મધુર રસનું પાન કરવાની એક વિશેષ પદ્ધતિ છે. વાડકીમાં ભરેલ મધુર રસને ચમચી દ્વારા ધીમે-ધીમે મોંમાં મૂકતાં તે મધુર રસની મધુરતા મોંમાં મમળાવવામાં આવે છે. તેનાથી તન મનમાં ખાસ પ્રકારના સુખનો અને તે સુખમાંથી નિપજતા માનસિક આનંદનો અનુભવ થાય છે, તેને રસપાન કહેવામાં આવે છે. પ્રવાહી રસને ગ્લાસમાં ભરીને નાના-નાના ઘૂંટડાથી પીતાં-પીતાં પણ તેની લિજ્જત ઘણાં લોકો માણતાં હોય છે.

શ્રી સર્વોત્તમસ્તોત્રમાં રહેલો રસ લૌકિક રસ નથી, અલૌકિક રસ છે; કારણ કે તેમાં ભગવદ્રસ રહેલો છે. શ્રીગુસાંઈજીએ 'શ્રીવલ્લભાષ્ટક'માં તેમનો સ્વાનુભવ કહ્યો - 'વસ્તુતઃ કૃષ્ણ એવ' - શ્રીમહાપ્રભુજી વાસ્તવમાં

કૃષ્ણ જ છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ અને શ્રીમહાપ્રભુજી મૂળ એક જ સ્વરૂપ છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ **'આનંદ કરપાદ મુખોદરાદિ'** છે, એમ વેદની શ્રુતિ કહે છે. અર્થાત્ તેઓ આનંદઘન સ્વરૂપ છે. એવી જ રીતે શ્રીમહાપ્રભુજી પણ આનંદઘન સ્વરૂપ છે.

જગતમાં પાણી પ્રવાહી સ્વરૂપે અને બરફના ઘન સ્વરૂપે મળે છે. ઘન બરફમાં પણ વસ્તુતઃ પાણી જ રહેલું છે. તે પાણીનું ઘન સ્વરૂપ છે. પાણી બરફનું પ્રવાહી - દ્રવીભૂત સ્વરૂપ છે. તેવી રીતે, શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી અલૌકિક પૂર્ણ આનંદનું ઘન સ્વરૂપ છે, તો તેમનું નામ એ જ અલૌકિક પૂર્ણ ઘન આનંદનું દ્રવીભૂત સ્વરૂપ છે. જેમ દ્રવીભૂત રસ મોંથી પીવાય, અને હૈયાને આનંદ આપે, તેમ, ભગવદ્નામરૂપી અલૌકિક દ્રવીભૂત આનંદરસ કાન દ્વારા પીવાય અને તે હૈયાને અલૌકિક આનંદનો અનુભવ કરાવે.

શ્રીમહાપ્રભુજી **'શ્રીગોપીગીત'**ના સુબોધિનીજીના **'તવકથામૃતમ'** શ્લોક પરનાં સુબોધિનીજીમાં આ પ્રક્રિયા બહુ સુંદર શબ્દોમાં સમજાવે છે. ભક્ત જ્યારે ભગવાન માટે અત્યંત વિરહતાપ અનુભવે, ત્યારે એના હૃદયમાં વિરહતાપનો અગ્નિ પ્રગટે. અગ્નિથી સળગેલ ચંદનનું લાકડું મધુર સુગંધ સાથે ધુમાડો ફેલાવે, તેમ વિરહતાપના અગ્નિથી સળગેલું હૃદય વિરહતાપનો ધુમાડો પ્રગટ કરે છે. તે ભક્તના હૃદયમાં બિરાજેલ શ્રીઠાકોરજીના ચરણકમળને એનો સ્પર્શ થતાં વિરહતાપનો એ ધુમાડો અલૌકિક સુગંધમય બને છે અને તે ભગવદ્નામ (ભગવદ્ગુણગાન)ના સ્વરૂપે મુખ દ્વારા બહાર આવે છે, ત્યારે તે ભગવદ્નામ (ભગવદ્ગુણગાન) ભગવાનનું અલૌકિક દ્રવીભૂત આનંદ સ્વરૂપ હોય છે. જેમ ભગવાનમાં છ દિવ્ય ધર્મ-ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય રહ્યા છે, તેમ ભગવાનના આ અલૌકિક દ્રવીભૂત આનંદરસાત્મક ભગવદ્ગુણગાનમાં પણ તે છ અલૌકિક ધર્મો રહેલા છે. તેથી ભગવદ્નામ પણ ભગવદ્સ્વરૂપાત્મક છે. આવું ભગવદ્સ્વરૂપાત્મક ભગવદ્નામ જ્યારે ભક્ત ભક્તિભાવપૂર્વક પોતાના કાન દ્વારા ઝીલીને હૃદયમાં પધરાવે છે, ત્યારે તેને અલૌકિક આનંદના રસપાનનો અનુભવ થાય

ગો. વા. રાધાબેન કાકુભાઈ ગણાત્રા (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ

છે. સંખ્યા પૂરી કરવાનો નિયમ લઈને, યંત્રવત પાઠ કે જપ કરી જવાથી આવો અલૌકિક રસપાનનો અનુભવ થતો નથી. ગોવિંદસ્વામીએ એક પદમાં આ વાત બતાવીઃ **'ગોવિંદ પ્રભુ બિના સ્નેહ સુવા લૌં રસના કહા જુ નચૈયે.'** અર્થાત, ગોવિંદસ્વામી કહે છે કે શ્રીઠાકોરજી માટે હૃદયમાં સાચેસાચ સ્નેહ ન હોય તો પોપટની જેમ જીભ નચાવવાથી શો લાભ? અર્થાત કેવળ સંખ્યા પૂરી કરવા કે નિયમ પૂરો કરવા પાઠ કરી જવાથી અલૌકિક આનંદનો જરા સરખો પણ અનુભવ થતો નથી; એ તો ક્યારે પાઠ પૂરા થાય એનું ટેન્શન વધારે છે, થાક લગાડે છે, પાઠ કરવામાં અગડમ બગડમની ગરબડ કરાવે છે. માટે, શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીએ ક્યાંય અમુક સંખ્યામાં પાઠ કરવા કે જપ કરવા એવી આજ્ઞા કરી નથી. સદા અને મુદા - હંમેશાં આનંદથી પાઠ કરવાની જ આજ્ઞા કરી છે. એ જ વાત શ્રીહરિરાયજી અહીં સમજાવે છે. : **'કરિયે શ્રીસર્વોત્તમ રસપાન.'**

શ્રીહરિરાયજી બીજી પંક્તિમાં સમજાવે છે કે જગતમાં એવો કોઈ કવિ થયો નથી; જે શ્રીસર્વોત્તમસ્તોત્રમાં રહેલા અલૌકિક રસની પ્રશંસા કરી શકે. આપણે ત્યાં વેદને સર્વોત્તમ કાવ્ય કહેવામાં આવ્યું છે, કારણ કે એના કવિ કોઈ લૌકિક મનુષ્ય નથી, ભગવાન સાક્ષાત્ છે. વેદવાણી સાક્ષાત્ ભગવદ્વાણી છે. વેદની શ્રુતિ સાક્ષાત્ અલૌકિક સરસ્વતી છે. એવી શ્રુતિઓનાં સ્વામિની વ્રજલીલામાં શ્રીચંદ્રાવલીજી સ્વરૂપે પ્રગટ થયાં. શ્રીચંદ્રાવલીજી શ્રીઠાકોરજીનું જ અવર સ્વરૂપ છે. એવા શ્રુતિરૂપા સ્વામિની શ્રીચંદ્રાવલીજી જ પૃથ્વી પર શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ થયાં. શ્રીગુસાંઈજી-ના પ્રાક્ટય પૂર્વે સાક્ષાત શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજીને પંઢરપુરમાં આજ્ઞા કરી હતી કે 'આપ લગ્ન કરો, કારણ **'અમને તો ઈચ્છા એહ છે, જે હું નંદન તમે તાત.'** સાક્ષાત શ્રીનાથજી જ શ્રીમહાપ્રભુજીને ત્યાં શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ થયા. આમ, શ્રીચંદ્રાવલીજી અને શ્રીનાથજી બંનેનું ભાવાત્મક સ્વરૂપ એટલે શ્રીગુસાંઈજી; તેથી એમની વાણી પણ ભગવદ્વાણી છે, અર્થાત વેદવાણી છે. તેથી તે વાણીની પ્રશંસા કોઈ લૌકિક મનુષ્ય કરી શકે તેમ નથી. એની પ્રશંસા તો સાક્ષાત શ્રીમુખથી જ થાય. એટલે શ્રીહરિરાયજીએ આ

શ્રીમતી શારદાબેન જે. પટેલના જયશ્રીકૃષ્ણ

બીજી પંક્તિમાં કહ્યું : **'પ્રસંસા કરિ સકૈ કૌન કવિ, ઐસો શ્રીમુખ કરત બખાન.'** શ્રીગુસાંઈજીએ શ્રીમુખથી સર્વોત્તમ એવા શ્રીમહાપ્રભુજીનાં જે વખાણ કર્યાં છે, તે બીજો કયો કવિ કરી શકે?

ત્રીજી પંક્તિમાં શ્રીહરિરાયજી સમજાવે છે કે હાલનો સમય કલિયુગ છે. કલિયુગ એટલે અજ્ઞાનરૂપી અંધકારનો યુગ. અજ્ઞાનની સાથે અન્યથા જ્ઞાન પણ કલિયુગમાં વિશેષ હોય છે. તેથી કલિયુગના લોકોને શ્રીકૃષ્ણ પરમાત્મા છે, એવું જ્ઞાન તો થતું જ નથી; પરંતુ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અને ચરિત્રમાં દોષોનું વધારે દર્શન થાય છે; જે અન્યથા જ્ઞાન કહેવાય. આવા કલિયુગમાં શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે, એવું જ્ઞાન એમના સમયમાં પણ ઘણા વિદ્વાનોને પણ થયું ન હતું. તેઓ તેમને મનુષ્ય રૂપે જ ઓળખતા હતા. હાલના સમયમાં શાસ્ત્ર વગેરેથી અબુધ એવા દૈવી જીવો - પુષ્ટિજીવોને તો શ્રીમહાપ્રભુજીના અલૌકિક ભગવદ્સ્વરૂપનું જ્ઞાન થાય જ ક્યાંથી? આવા પુષ્ટિજીવો ઉપર અતિશય કરુણા શ્રીગુસાંઈજીએ કરી. કરુણામાં સ્નેહ હોય છે અને સાથે કૃપા પણ હોય છે. શ્રીગુસાંઈજીએ આપણા ઉપર સ્નેહપૂર્વક અતિશય કૃપા કરી, આપણને શ્રીસર્વોત્તમસ્તોત્રનું દાન કર્યું. તેના કારણે આપણે શ્રીમહાપ્રભુજીના અલૌકિક ભગવદ્સ્વરૂપને કંઇ જાણી અને માણી શકીએ છીએ. આથી તેમણે કહ્યું **'અતિસય કરુણા કરિ યા કલિમેં, દિયો દૈવી જીવન દાન.'**

શ્રીહરિરાયજી આગળ સમજાવે છે કે આ અલૌકિક સ્તોત્રનું નામ પણ યથાર્થ રીતે સર્વોત્તમ છે. તે સર્વ સ્તોત્રોમાં ઉત્તમ છે. કારણ કે તેના એક એક અક્ષરમાં શ્રીનાથજીસ્વરૂપ શ્રીગુસાંઈજીનું અલૌકિક અધરામૃત ભરેલું છે. શ્રીઠાકોરજીએ વ્રજલીલામાં જ્યારે-જ્યારે વેણુનાદ કર્યો, ત્યારે ત્યારે પોતાના મુખારવિંદનું અમૃત અધરરસ રૂપે વેણુમાં પૂર્યું. વેણુના છિદ્રોમાંથી તે અધરામૃત વેણુરવ રૂપે વ્રજમાં ત્રણ પ્રકારે પ્રાપ્ત થયું : (૧) **દેવભોગ્યાસુધા** - વ્રજમાં વૃક્ષો, નદીઓ, પર્વતો, પશુ-પક્ષીઓ વગેરેને દેવભોગ્યાસુધા રૂપે પ્રભુએ પોતાના અધરામૃતનું દાન કર્યું. (૨) **સર્વાભોગ્યાસુધા** - વ્રજનાં ગોપીજનોને પ્રભુએ સર્વાભોગ્યાસુધા રૂપે પોતાના અધરામૃતનું દાન કર્યું. (૩) **ભગવદ્ભોગ્યાસુધા** ગોપીજનોનાં હૃદયમાં બિરાજતા સ્વયં શ્રીઠાકોરજીએ પોતાની અધરસુધાનો પોતે વેણુરવ દ્વારા આસ્વાદ કર્યો.

શ્રીમતી પ્રતિમા અરુણકુમાર પટેલના જયશ્રીકૃષ્ણ

શ્રીગુસાંઈજીએ આ અલૌકિક અધરામૃત રસનો આસ્વાદ શ્રીચંદ્રાવલીજી સ્વરૂપે અને તેમના હૃદયમાં બિરાજતા શ્રીનાથજી સ્વરૂપે કર્યો અને તે અધરામૃત રસ આપણા માટે શબ્દ રૂપે પ્રકટ કર્યો. તેથી શ્રીસર્વોત્તમસ્તોત્ર વેણુનો નાદરસ છે; જે તેના એક-એક અક્ષરમાં ભરેલો છે. એક-એક અક્ષર વેણુના એક-એક છિદ્ર જેવો છે, જેમાંથી અધરામૃત રસ દ્રવે છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે આ સ્તોત્રનું આવું ગુપ્ત રહસ્ય જાણીને તેનું પ્રેમથી ગુણગાન કરો. **'એક એક અક્ષર હૈ અધરામૃત ગુપ્ત રહસ્ય ગુણગાન.'**

અંતમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે આ અલૌકિક રસનું પાન કરવામાં આંખના અડધા પલકારા જેટલો પણ વિલંબ ન કરીએ. રાતદિવસ મળીને આઠે પ્રહર - એટલે ચોવીસે કલાક - તેનું રસપાન કરીએ, તો પણ ઓછું છે. **'અર્ધ નિમેષ વિલંબ ન કરિયે, રૈન દિવસ આઠો જામ.'**

શ્રીહરિરાયજી છેલ્લી પંક્તિમાં આજ્ઞા કરે છે કે આ સર્વોત્તમજીના રસપાનના રંગથી આપણને રંગનારા રસિકોના પ્રિયતમ એવા શ્રીમહાપ્રભુજી ભક્તિનિધાન અર્થાત, ભક્તિના ધામરૂપ છે. શ્રીસર્વોત્તમસ્તોત્રના ફળ રૂપે તેઓ આપણને ભક્તિનું દાન કરી, આપણા હૃદયને ભક્તિનું ધામ બનાવે છે અને તેમાં બિરાજે છે. આથી બધાં વૈષ્ણવોએ ઉલ્લાસ અને આગ્રહપૂર્વક શ્રીસર્વોત્તમ સ્તોત્રનું રસપાન અવશ્ય કરવું જોઈએ.

૨. ચિંતામણિસ્વરૂપ શ્રીસર્વોત્તમ સ્તોત્ર :

આપણાં શાસ્ત્રોએ કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ રત્નનો બહુ મોટો મહિમા બતાવ્યો છે. આ ત્રણેય દિવ્ય તત્ત્વો છે. ભગવદ્કૃપાથી જેમને પ્રાપ્ત થાય, તેમની સર્વ ઈચ્છાઓ અને જરૂરિયાતો પૂરી કરે છે. શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે આ બધાં રત્નો સમુદ્રમંથન વખતે સમુદ્રમાંથી પ્રાપ્ત થયાં હતાં; તેમાંનું કલ્પવૃક્ષ સ્વર્ગમાં છે એમ શાસ્ત્રો કહે છે. તેની નીચે બેસીને ઈચ્છા કરનાર વ્યક્તિની તે ઈચ્છા પરિપૂર્ણ થાય છે. પુરાણ કથા અનુસાર કામધેનુ ગાય

ઈન્દ્રદમન એન. શાહના જયશ્રીકૃષ્ણ

દેવોએ વશિષ્ટમુનિને આપી હતી. તે ગાય તેમના આશ્રમે આવનાર અતિથિઓની આગતાસ્વાગતાની જરૂરિયાત પૂરી કરતી. ચિંતામણિ નામનું રત્ન અલૌકિક છે. તેની પૂજા કરીને, તેની પાસે પોતાની ચિંતા રજૂ કરનારની તે ચિંતા આ મણિ દૂર કરે છે; માટે તેનું નામ ચિંતામણિ છે.

આ ત્રણેય તત્ત્વો દિવ્ય હોવા છતાં ય લૌકિક દુઃખ નિવૃત કરનારાં અને લૌકિક સુખ આપનારાં છે. લૌકિક સુખને શ્રીમહાપ્રભુજી વિષયાનંદ કહે છે. મનુષ્યની પાંચ ઈંદ્રિયોના પાંચ વિષયરસો છેઃ આંખનો વિષયરસ રૂપ છે, કાનનો વિષયરસ શબ્દ છે, નાકનો વિષયરસ સુગંધ છે, જીભનો વિષયરસ સ્વાદ છે અને હાથનો વિષયરસ સ્પર્શ છે. આ બધા લૌકિક વિષયરસો તુચ્છ છે. કારણ, ક્ષણિક છે. તે પ્રાપ્ત કરવા માટે દુઃખ વેઠવું પડે છે અને ભોગવ્યા પછી પણ તેનું પરિણામ દુઃખરૂપ હોય છે. તેથી શાસ્ત્રોએ વિષયરસોમાંથી મળતા આનંદને નિંદ્યો છે, વખાણ્યો નથી. અંગ્રેજીમાં તેને **Pleasure** કહે છે; જે શરીરસુખ આપે છે, મોહ જન્માવે છે. તે મોહ આખરે શોકમાં પરિણમે છે. આથી શ્રીમહાપ્રભુજીએ આ વિષયાનંદની પ્રાપ્તિ માટે જરાપણ પ્રયત્નશીલ ન બનવાનો ઉપદેશ આપ્યો છે.

શાસ્ત્રોએ જ્ઞાન, કર્મ અને મર્યાદાભક્તિ દ્વારા પ્રાપ્ત થતા સર્વોચ્ચ ફળને મોક્ષ અથવા બ્રહ્માનંદ તરીકે ઓળખાવ્યું છે. તે પણ મર્યાદિત જ છે. આથી શ્રીદયારામભાઈ જેવા પુષ્ટિભક્તો તેની સામે જોવા પણ તૈયાર નથી. તેઓ કહે છે : 'વ્રજ વહાલું રે, વૈકુંઠ નહીં આવું.' વળી તેમણે કહ્યું :

'પાઓ પ્રેમરસ પ્રાણજીવન રે, દીન થઈ જાચું રે,
મુક્તિમાર્ગીને આપજો જ્ઞાન રે, હું તો નવ રાચું રે.'

મર્યાદાભક્ત કવિ નરસિંહ મહેતાએ પણ બ્રહ્માનંદ કે મોક્ષની આશા રાખી નથી. તેઓ પણ કહે છે : 'ભૂતળ ભક્તિ પદારથ મોટું રે.' વળી તેઓ કહે છે : 'હરિના જન તો ભક્તિ માગે, ના માગે મુક્તિ રે.'

શ્રીમહાપ્રભુજીના મતે સર્વોચ્ચ પરમ ફળ સાક્ષાત સ્વરૂપાનંદ અથવા ભજનાનંદ છે. શ્રીઠાકોરજી આનંદસ્વરૂપ છે. એ આનંદ પૂર્ણાનંદ અને સદાનંદ છે. તે મળ્યા પછી તે જીવને બ્રહ્માનંદ કે વિષયાનંદની અપેક્ષા સ્વપ્નમાં પણ રહેતી નથી.

આ સ્વરૂપાનંદ અને ભજનાનંદની પ્રાપ્તિ એ જ પુષ્ટિમાર્ગીય મોક્ષ છે. તે મેળવવા શ્રીમહાપ્રભુજીએ 'ચતુઃશ્લોકી'માં ભગવદ્સ્મરણ અને ભગવદ્ભજન (ભગવદ્સેવા)ના ઉપાય બતાવ્યા છે. ભગવદ્ સ્મરણ માટે આપણા ભગવદીયોએ શ્રીહરિરાયજીના 'શિક્ષાપત્ર'ને પુષ્ટિમાર્ગીય કલ્પવૃક્ષ કહ્યું છે. ભગવદીયોનો એવો અનુભવ છે કે મુંઝાયેલ વૈષ્ણવ 'શિક્ષાપત્ર'નું કોઈપણ પાનું અનાયાસ ખોલે, તો તે પાન ઉપરથી તેમને તેની મુંઝવણનો માર્ગ મળી જશે. આ અનેક વૈષ્ણવોએ અનુભવેલું સત્ય છે. એવી જ રીતે શ્રીમહાપ્રભુજી રચિત 'શ્રીયમુનાષ્ટકમ્' પુષ્ટિમાર્ગમાં કામધેનુ સમાન છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે તેનો સદા અને મુદા પાઠ કરવાથી શ્રીઠાકોરજીની પ્રાપ્તિ સહિતનાં પાંચ અલૌકિક સર્વોચ્ચ ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. તે પણ અનેક ભગવદીયોના અનુભવની બાબત છે.

પુષ્ટિમાર્ગીય ચિંતામણિ એટલે શ્રીસર્વોત્તમસ્તોત્ર. તેમાંનું શ્રીમહાપ્રભુજીનું એક - એક નામ એક - એક ચિંતામણિથી પણ વધારે ઉત્તમ રત્ન છે. એનો અનુભવ પણ અનેક ભગવદીયોને થયેલો છે. શ્રીહરિરાયજીએ આવો અનુભવ કરીને જ ગાયું છે, **કરિયે શ્રીસર્વોત્તમ રસપાન.**

૩. શ્રીસર્વોત્તમસ્તોત્રની રચના :

શ્રીમહાપ્રભુજીને ૫૨ વર્ષની વયે સં.૧૫૮૭ના વૈશાખ માસમાં અડેલ મુકામે નિત્યલીલામાં પાછા પધારવાની શ્રીઠાકોરજીની ત્રીજી આજ્ઞા થઈ. ત્યારે તેમણે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો. ભક્તિમાર્ગીય સંન્યાસ ધારણ કરવા તેઓ અડેલથી કાશી પધાર્યા. ત્યાં ગંગાકિનારે હનુમાનઘાટ પર તેમણે ભક્તિમાર્ગીય સંન્યાસ લીધો. પૂર્ણાનંદ નામ ધારણ કર્યું. ભોજન અને જલપાન ત્યજી, એકાંતમાં શ્રીઠાકોરજીના વિરહતાપક્લેશનો અનુભવ કરતા, મૌન ધારણ કરી તેઓ બિરાજ્યા.

ત્યારે તેમનાં દર્શન કરવા તેમના સેવક શ્રીદામોદરદાસ હરસાનીજી વગેરે વૈષ્ણવોની સાથે તેમના બંને પુત્ર - શ્રીગોપીનાથજી (વય ૨૦ વર્ષ)

અને શ્રીગુસાંઈજી (વય ૧૫ વર્ષ) પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને કિનારાની રેતીમાં શ્રીહસ્તની આંગળીથી લખીને 'શિક્ષાશ્લોકાઃ'ના સાડા ત્રણ શ્લોકથી અંતિમ ઉપદેશ આપ્યો. તે વખતે સૌને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં શ્રીનાથજીબાવાનાં દર્શન થયાં. શ્રીનાથજીબાવાએ દોઢ શ્લોકથી સૌને ઉપદેશ આપ્યો.

ત્યારબાદ સં.૧૫૮૭ના અષાઢ સુદ-૨ના દિવસે મધ્યાહ્ન સમયે શ્રીમહાપ્રભુજી ગંગાજીની મધ્યધારામાં પધાર્યા. આકાશમાંથી અલૌકિક તેજનો પુંજ પૃથ્વી પર ઉતરી આવ્યો. તે શ્રીમહાપ્રભુજીની ચોમેર પથરાઈ ગયો. કિનારે ઊભેલા લોકોને કેવળ તેજપુંજનાં દર્શન થયાં. સૌની દૃષ્ટિમાંથી શ્રીમહાપ્રભુજી અંતર્ધ્યાન થઈ, તેજપુંજ દ્વારા સદેહે નિત્યલીલામાં પધાર્યા.

ત્યારબાદ શ્રીગુસાંઈજીને શ્રીમહાપ્રભુજીનો ઉત્કટ વિરહ થયો. તેઓ વિરહ-તાપ-ક્લેશમાં એકાંતમાં બિરાજ્યા. આગળ જોઈ ગયા તેમ, નિત્યલીલામાં શ્રીગુસાંઈજીના બે સ્વરૂપ : (૧) શ્રીનાથજી (૨) રાજસભાવવાળા શ્રુતિરૂપા અન્યપૂર્વા ગોપીજનોનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજી. શ્રીચંદ્રાવલીજી અને શ્રીનાથજી બંને સંયોગ શૃંગારરસના સાક્ષાત સ્વરૂપ. અલૌકિક સંયોગ શૃંગારરસનો તેમને સદાસર્વદા અનુભવ.

શાસ્ત્રોએ શૃંગારરસનાં બે દળ બતાવ્યા છે. (૧) સંયોગ (૨) વિપ્રયોગ. દુનિયામાં કઠોળ દ્વિદળ અનાજ કહેવાય છે. કઠોળનાં બે દળ છૂટાં પડે ત્યારે તેને દાળ કહેવામાં આવે છે. પછી તે કઠોળ રહેતું નથી, તેમ અલૌકિક શૃંગારરસનાં બે દળ - સંયોગ અને વિપ્રયોગ - છે. બંને દળોનો પૂર્ણ અનુભવ થાય, ત્યારે જ સંપૂર્ણ શૃંગારરસનો અનુભવ પરિપૂર્ણ થાય. શ્રીઠાકોરજી સ્વયં અલૌકિક શૃંગારરસનું સ્વરૂપ છે. શ્રીઠાકોરજી અને શ્રીચંદ્રાવલીજી સ્વરૂપે તેઓ સંયોગ શૃંગારરસનું પાન કરે છે. શ્રીસ્વામીનીજી અને શ્રીમહાપ્રભુજી સ્વરૂપે તેઓ વિપ્રયોગ શૃંગારરસનું પાન કરે છે. આથી ભૂતળમાં વિપ્રયોગ શૃંગારરસનું પાન કરવા સંયોગ શૃંગારસ્વરૂપ શ્રીગુસાંઈજીને વિરહતાપ થયો. વિરહતાપ પ્રબળ બનતાં વિપ્રયોગ થયો. વિપ્રયોગની અવસ્થામાં તેમના અંતઃકરણમાં તેમને શ્રીમહાપ્રભુજીના અલૌકિક સાક્ષાત સ્વરૂપનો અનુભવ

હર્ષદ હરીલાલ શાહ (ભરુચ)ના જયશ્રીકૃષ્ણ

થયો, જે સ્વરૂપ તેમણે 'શ્રીવલ્લભાષ્ટક'માં પ્રગટ કર્યું છે. આ આંતર અનુભવ દરમ્યાન તેમને શ્રીમહાપ્રભુજીની વિવિધ લીલાઓ અને તે લીલાઓમાં પ્રગટ વિવિધ દિવ્ય ગુણોનો અનુભવ થયો. એ લીલાઓ અને ગુણો નામ સ્વરૂપે તેમના અનુભવમાં આવ્યાં. જેમ વેદવ્યાસજીને સમાધિભાષામાં ભગવદ્‌લીલાના અનુભવો થયા અને તે સમાધિભાષારૂપે શ્રીભાગવતજીમાં અભિવ્યક્ત થયા તેમ, શ્રીગુસાંઈજીને વિપ્રયોગ અવસ્થામાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ રૂપે લીલાત્મક અને ગુણાત્મક સ્વરૂપોનો અનુભવ થયો, તે શ્રીસર્વોત્તમસ્તોત્રરૂપે પ્રકટ થયો. આમ, શ્રીસર્વોત્તમસ્તોત્ર શ્રીગુસાંઈજીની વિપ્રયોગભાષા છે.

શ્રીગુસાંઈજી શ્રુતિરૂપા સ્વામિનીજીનું સ્વરૂપ છે. તેથી તેમની વાણી વેદની શ્રુતિઓનું સ્વરૂપ છે. એટલે શ્રીસર્વોત્તમ સ્તોત્ર સાક્ષાત વેદની શ્રુતિ છે.

શાસ્ત્રોમાં બતાવ્યું છે અને શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે તે પ્રમાણે વેદનું બીજ ગાયત્રી છે. ભગવદ્ ઉચ્છ્‌વાસમાંથી સૌ પ્રથમ ગાયત્રીનો બીજ મંત્ર ૐ કાર પ્રકટ થયો; જે પ્રણવ મંત્ર તરીકે પ્રસિદ્ધ છે. તેમાંથી ગાયત્રીમંત્ર પ્રકટ થયો. તે વેદનું બીજ છે.

બીજ સૂક્ષ્મ હોય. તેના વિસ્તાર રૂપે વૃક્ષ બને. તેમ, ચોવીસ અક્ષરના ત્રિપદા ગાયત્રીમંત્રના વિસ્તાર રૂપે વેદવાણી પ્રકટ થઈ, જેમને વેદવ્યાસજીએ ચાર વેદમાં વહેંચી. જગતને ચાર વેદ પ્રાપ્ત થયા. તે સાથે આરણ્યકગ્રંથો, બ્રાહ્મણગ્રંથો અને ઉપનિષદગ્રંથો પણ ભગવાનની જ વાણી રૂપે પ્રકટ થયા. એ સમગ્ર સાહિત્ય વેદ સાહિત્ય કહેવાયું, જાણે વિશાળ કબીરવડ જોઈ લો! ગાયત્રીના બીજમાંથી વેદ સાહિત્યનો વિશાળ કબીરવડ જગતને પ્રાપ્ત થયો.

વિજ્ઞાનના બતાવ્યા પ્રમાણે સૂક્ષ્મ બીજમાં જેમ વિશાળ વૃક્ષ છુપાયેલું છે, તેમ તે વૃક્ષનું રસાત્મક ફળ પણ છુપાયેલું છે. એટલે વેદરૂપી વટવૃક્ષ ઉપર શ્રીભાગવત રૂપી રસાત્મક ફળ પ્રકટ થયું. વેદવ્યાસજીની સમાધિભાષા પણ ભગવદ્‌વાણી છે. શ્રીભાગવતજી રસાત્મક ફળરૂપી ભગવદ્‌વાણી છે. તેથી શ્રીશુકદેવજીએ પ્રારંભમાં આજ્ઞા કરી કે 'પિબત ભાગવત રસમાલયમ'.

કુસુમબેન જી. અરુજીસ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

શ્રીભાગવતરૂપી રસનું સતત પાન કરતા જ રહો. અર્થાત, ધરાયા વિના પાન કરતા રહો.

શ્રીભાગવતમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાનની દશવિધ લીલાઓનું નિરુપણ છે, એટલે શ્રીભાગવતનો વિષય સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ છે. જેવું વૃક્ષ હોય એવું ફળ આવે. આંબા ઉપર કેરી આવે, જામફળ ન આવે. શ્રીભાગવતમાં ભગવદ્‌રસ છે, તો વેદરૂપી વૃક્ષમાં પણ એ જ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું માહાત્મ્ય છે. બીજ હોય એવું વૃક્ષ થાય. આંબાના ગોટલામાંથી આંબો જ પાકે, જાંબુડો ન થાય. વેદ રૂપી વૃક્ષમાં ભગવાનનું માહાત્મ્ય છે, એટલે તેનું બીજ એવો ગાયત્રીમંત્ર પણ ભગવાનનો જ મંત્ર છે, તે કોઈ દેવીનો મંત્ર નથી. શ્રીમહાપ્રભુજીએ આ સત્ય 'ગાયત્રીભાષ્ય' ગ્રંથમાં બહુ જ સુંદર રીતે સમજાવ્યું છે.

શ્રીભાગવતજીના પ્રથમ સ્કંધના પ્રથમ ત્રણ શ્લોકમાં આ રહસ્ય બતાવ્યું છે. તેના પ્રથમ શ્લોકમાં ગાયત્રીમંત્ર, બીજા શ્લોકમાં વેદ અને ત્રીજા શ્લોકમાં શ્રીભાગવતનું નિરૂપણ છે.

એવી જ રીતે શ્રુતિરૂપા સ્વામિની સ્વરૂપ શ્રીગુસાંઈજીના શ્રીમુખમાંથી વેદતુલ્ય ત્રણ ગ્રંથ પ્રકટ થયા : (૧) શ્રીસર્વોત્તમ સ્તોત્ર (૨) શ્રીવલ્લભાષ્ટક (૩) શ્રીસપ્તશ્લોકી. શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં બીજ છે. બીજ રૂપે તેમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામનું નિરૂપણ છે. શ્રીવલ્લભાષ્ટક વૃક્ષ છે, તેમાં શ્રીમહાપ્રભુજીના અલૌકિક સ્વરૂપનું નિરૂપણ છે. શ્રીસપ્તશ્લોકી ફળરૂપ છે. તેમાં શ્રીમહાપ્રભુજીના દિવ્ય ગુણોનું નિરૂપણ છે. આમ, જે સ્થાન ગાયત્રીમંત્રનું છે, તે સ્થાન પુષ્ટિમાર્ગમાં શ્રીસર્વોત્તમ સ્તોત્રનું છે. આથી શ્રીસર્વોત્તમ સ્તોત્રને પુષ્ટિમાર્ગનો ગાયત્રીમંત્ર કહેવામાં આવે છે. જેમ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો બાળક યજ્ઞોપવીત લીધા પછી નિત્ય નિયમપૂર્વક ગાયત્રીમંત્ર ન જપે તો તેનામાં યજ્ઞોપવીત દ્વારા પ્રવેશેલા બ્રહ્મણ્યદેવતા તિરોહિત થાય છે, પછી તે દ્વિજ રહેતો નથી તેમ શ્રીમહાપ્રભુજીના શરણે આવીને વૈષ્ણવ શ્રીસર્વોત્તમસ્તોત્ર નિત્ય નિયમથી ન જપે, તો શ્રીમહાપ્રભુજીએ તુલસીકંઠી દ્વારા તે વૈષ્ણવમાં પધરાવેલી દિવ્ય વૈષ્ણવતા લોપ પામે છે. આથી વૈષ્ણવ માટે નિત્ય શ્રીસર્વોત્તમસ્તોત્રનો જપ કરવો જરૂરી છે.

બકુલાબેન એમ. પટેલ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

વેદ જેમ ગાયત્રીબીજનું વૃક્ષ છે, તેમ શ્રીવલ્લભાષ્ટક શ્રીસર્વોત્તમસ્તોત્ર રૂપી બીજનું વૃક્ષ છે. વૃક્ષનું રૂપ સ્વરૂપ જોઈ શકાય, તેમ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનો અનુભવ કરી શકાય. શ્રીભાગવત વેદનું ફળ છે, તેમ શ્રીસપ્તશ્લોકી શ્રીસર્વોત્તમસ્તોત્રનુંફળછે. ફળ રસપાન કરાવે. શ્રીસપ્તશ્લોકીથી શ્રીવલ્લભરસનું પાન થાય.

બીજમાં વૃક્ષ અને ફળ છૂપાયેલાં હોય છે. શ્રીમહાપ્રભુજીનાં નામ બીજરૂપ છે. તેમાં શ્રીમહાપ્રભુજીના રૂપ, ગુણ અને લીલાઓ છુપાયેલાં છે.

ગાયત્રીમાં જગતના પ્રસવિતા (જગતનો પ્રસવ કરનાર)ના સ્વરૂપનું ધ્યાન છે, તે જ અલૌકિક ભગવદ્ સ્વરૂપ વૈશ્વાનરનું ધ્યાન શ્રીસર્વોત્તમસ્તોત્રમાં છે. માટે, શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી કે, આ સર્વોત્તમ સ્તોત્રનું વૈષ્ણવોએ નિત્ય રસપાન કરવું.'

૪. નામ શ્રીસર્વોત્તમસ્તોત્ર કેમ?

આ સ્તોત્રનું નામ શ્રીસર્વોત્તમ સ્તોત્ર હોવાનાં ત્રણ કારણો મહાનુભાવોએ બતાવ્યાં છે :

(૧) સર્વોત્તમ એવા શ્રીમહાપ્રભુજીનું આ સ્તોત્ર છે, તેથી તેનું નામ શ્રીસર્વોત્તમસ્તોત્ર છે. શ્રીમહાપ્રભુજી ચાર પ્રકારે સર્વોત્તમ છે :

(ક) **લીલામાં સર્વોત્તમ** - નિત્યલીલામાં શ્રીઠાકોરજીના હૃદયમાં બિરાજતા વિપ્રયોગાત્મક અને ભાવાત્મક શ્રીસ્વામિનીજીના સ્ત્રી ગૂઢ ભાવનું સ્વરૂપ બહાર પ્રકટ થયું. તે જ સમયે શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતું શ્રીઠાકોરજીનું વિપ્રયોગાત્મક અને ભાવાત્મક પુંભાવનું સ્વરૂપ બહાર પ્રકટ થયું. આ બંને સ્વરૂપનું મિલન થતાં એક સ્વરૂપ બન્યું; તે શ્રીવલ્લભ. તેઓ નિત્યલીલામાં શ્રીઠાકોરજી, ચારેય સ્વામિનીજી અને સર્વ ભક્તોના અતિ પ્રિય હોવાથી તેમનું નામ શ્રીવલ્લભ પડ્યું. તેઓ શ્રીઠાકોરજીની કૃપાશક્તિનું

રતિલાલ કે. શાહ (તલોદ)ના જયશ્રીકૃષ્ણ

સ્વરૂપ છે. કૃપાશક્તિ શ્રીઠાકોરજીની સર્વ શક્તિઓમાં સર્વોત્તમ ગણાય છે. શ્રીવલ્લભની કૃપાથી જ સર્વ ભક્તોને શ્રીઠાકોરજીના સ્વરૂપાનંદનું અલભ્ય ફળ પ્રાપ્ત થાય છે. તેઓ લીલામાં સાક્ષી સ્વરૂપે બિરાજે છે; માટે તેઓ સર્વોત્તમ છે.

(ખ) **ગુરુ તરીકે સર્વોત્તમ** - શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીએ નિત્યલીલામાંથી અપરાધવશ પૃથ્વી પર આવેલા પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવા પોતાના સર્વ અવતારો, વ્યૂહો અને દેવોને આજ્ઞા કરી. સૌએ તેમની લાચારી બતાવી કે આ કાર્ય કરવા તેમનામાં સામર્થ્ય નથી. ત્યારે શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીની આજ્ઞાથી કૃપાશક્તિ સ્વરૂપ શ્રીવલ્લભ, હજારો વર્ષોથી ભટકતા અને પ્રભુના વિરહતાપ ક્લેશના આનંદને ભૂલી ગયેલા, અવિદ્યાગ્રસ્ત પુષ્ટિ જીવોનો ઉદ્ધાર કરવા સમર્થ ગુરુ સ્વરૂપે, પૃથ્વી પર પ્રકટ થયા. તેમની પૂર્વે થયેલા સનાતન વૈદિક ધર્મના અન્ય આચાર્યો કોઈ ને કોઈ દેવનો અવતાર હતા; જેમ કે શ્રીશંકરાચાર્ય શંકરનો અવતાર કહેવાય છે, શ્રીરામાનુજાચાર્ય શેષજીનો અવતાર કહેવાય છે. કેવળ શ્રીમહાપ્રભુજી જ પૂર્ણ પુરુષોત્તમનો અવતાર છે. તે રીતે પણ તેઓ સર્વ ગુરુઓમાં શ્રેષ્ઠ છે. સાચા અર્થમાં જગદ્ગુરુ છે. વળી, તેમની પૂર્વેના આચાર્યોએ વેદ વગેરે શાસ્ત્રોનો સંપૂર્ણ યથાર્થ પ્રગટ કર્યો ન હતો. તે કેવળ શ્રીમહાપ્રભુજી જ પ્રગટ કરવા સમર્થ બન્યા. તેમણે શાસ્ત્રાર્થમાં અન્ય સર્વ મતોનો પરાજય કર્યો. આ પ્રકારે પણ તેઓ સર્વોત્તમ ગુરુ છે. અન્ય આચાર્યોએ જ્ઞાનમાર્ગ કે મર્યાદા ભક્તિમાર્ગનો વિસ્તાર કરી, ઉપદેશ આપ્યો છે. તેઓ મર્યાદા ભક્તિમાર્ગ કે જ્ઞાનમાર્ગનું સર્વોચ્ચ ફળ - મોક્ષ અપાવવા સમર્થ છે. ત્યારે શ્રીમહાપ્રભુજીએ પૂર્વે જેનો વિચાર થયો ન હતો, એવા પુષ્ટિભક્તિમાર્ગનો વિસ્તાર કર્યો, પુષ્ટિમાર્ગની સ્થાપના કરી. તે દ્વારા તેમણે સાક્ષાત શ્રીઠાકોરજી રૂપી ફળ પુષ્ટિ જીવોને આપ્યું. આમ, સર્વ સંપ્રદાયોમાં પુષ્ટિમાર્ગ સર્વોત્તમ છે, સર્વ જ્ઞાનમાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સર્વોત્તમ છે. એ બંનેના પુરસ્કર્તા હોવાથી શ્રીમહાપ્રભુજી સર્વોચ્ચ ગુરુ છે.

શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીની પૃથ્વી પરની સર્વોત્તમતા 'શ્રીસપ્તશ્લોકી'ના એક શ્લોકમાં સુંદર રીતે સમજાવે છે. તેઓ કહે છે કે જગતમાં ક્યાંક-ક્યાંક પાંડિત્ય છે. પંડા એટલે શુદ્ધા બુદ્ધિ. શુદ્ધ બુદ્ધિપૂર્વકનું જ્ઞાન એટલે પાંડિત્ય. પરંતુ એ બધા પંડિતો વેદનાં રહસ્યોને પૂરેપૂરા જાણનારા નથી. તે પૈકીના જે કોઈ વેદનાં રહસ્યોને જાણીને, તેને અનુસરી, કર્મ કે જ્ઞાનના માર્ગે ચાલે છે, તેમને પણ ભક્તિમાર્ગનો પરિચય તો નથી જ. જેમને ભક્તિમાર્ગનો પરિચય છે, તેમને પણ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણમાં સંપૂર્ણ સુદઢ પ્રેમ નથી. પાંડિત્ય, વેદનું જ્ઞાન, વેદમાં બતાવેલાં કર્મોની કૃતિ, ભક્તિમાર્ગનો પરિચય અને શ્રીઠાકોરજીમાં સંપૂર્ણ પ્રેમ - આ બધા જ ગુણો કેવળ શ્રીમહાપ્રભુજીમાં જ રહ્યા છે. 'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગોપાલદાસભાઈએ આથી જ કહ્યું કે ***'આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદઢ કીધો.'*** શ્રીમહાપ્રભુજી એવા આચાર્ય (ગુરુ) છે કે જેમણે જે-જે ઉપદેશ આપ્યા, તે-તે સિદ્ધાંત તેમના જીવનમાં અણિશુદ્ધ રીતે પાળ્યા છે. તેમણે તેમના પરિવારને (બિંદુસૃષ્ટિ) અને તેમના સેવકોને (નાદસૃષ્ટિ) અલગ-અલગ ઉપદેશ આપ્યા નથી. બધાંને માટે એક જ ઉપદેશ, એક જ સિદ્ધાંત બતાવ્યો છે. આમ, બધી રીતે શ્રીમહાપ્રભુજી સર્વોત્તમ ગુરુ છે. તેથી તેમના સ્તોત્રનું નામ શ્રીસર્વોત્તમ સ્તોત્ર છે.

(ગ) **શ્રીમહાપ્રભુજીની વિશિષ્ટતા** - સામાન્ય રીતે જગતમાં એક જ વ્યક્તિ માતા અને પિતા બંનેની ફરજ બજાવી શકતી નથી. માતામાં ક્ષમા આપવાની ઉદારતા અને પિતામાં શિસ્તનું પાલન કરાવવાનો આગ્રહ હોય છે. બાળક માટે બંને બાબતો જરૂરી છે. તેથી માતા અને પિતા મળીને તેમનાં સંતાનનો વિકાસ કરી શકે છે. આપણા પુષ્ટિમાર્ગમાં આપણા સૌનાં અલૌકિક માતા શ્રીયમુનાજી છે. તેઓ સેવકોના દોષ ક્ષમા કરે છે, સેવકો પર કૃપા કરે છે અને શ્રીઠાકોરજીને મેળવી આપે છે. શ્રીઠાકોરજીને પણ જીવોનો સ્વીકાર કરવા મનાવે છે. આપણા અલૌકિક પિતા શ્રીગોવર્ધનનાથજી છે. તેઓ તેમના જીવો પુષ્ટિભક્તિ માર્ગના પાલનમાં શિસ્તબદ્ધ રહે એવો આગ્રહ રાખે છે. તેમની કૃપાને કઠોર કૃપા કહી શકાય. પુષ્ટિમાર્ગથી વિમુખ થતા જીવોને

સન્માર્ગે લાવવા દંડ પણ આપે છે. આપણા શ્રીમહાપ્રભુજી આપણા માટે માત્ર ગુરુ જ નથી, આપણાં માતા અને પિતા બંને છે. કારણ કે તેમનામાં શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજી બંનેનાં ભાવાત્મક સ્વરૂપ બિરાજમાન છે. તેઓ પિતાની જેમ પુષ્ટિમાર્ગની શિસ્તનું પાલન કરાવે છે. તે પ્રમાણે ન ચાલનારા જીવને દંડ પણ આપે છે. સિંહનંદના રામાનંદ પંડિતનો અપરાધ થતાં શ્રીમહાપ્રભુજીએ તેમનો ત્યાગ કર્યો હતો. શ્રીદામોદરદાસ હરસાનીજીને પણ શ્રીમહાપ્રભુજીએ દસ જન્મનો અંતરાય આપ્યો હતો. સાથે-સાથે શ્રીમહાપ્રભુજી કરુણાપૂર્ણ માતા પણ છે. પોતાના અસહાય જીવોને તથા ભૂલ્યા-ભટકેલા જીવોને ઉદાર ભાવે ક્ષમા પણ કરે છે, જીવોનો ક્યારેય અનર્થ કે અહિત થવા દેતા નથી. દંડ આપે છે, તે પણ જીવના ઉદ્ધાર માટે જ હોય છે. આવા શ્રીમહાપ્રભુજીની સમાન જગતમાં બીજું કોઈ નથી. માટે તેઓ સર્વોત્તમ માતા, પિતા બંને છે; તેથી તેમના આ સ્તોત્રનું નામ શ્રીસર્વોત્તમસ્તોત્ર છે.

(ઘ) પ્રભુથી મોટા હોવાથી સર્વોત્તમ - આપણે શ્રીઠાકોરજીને 'પ્રભુ' કહીએ છીએ. શ્રીવલ્લભ પ્રભુના પણ પ્રભુ છે, માટે તેમને 'મહાપ્રભુ' કહીએ છીએ. પ્રભુ એટલે સર્વસત્તાધીશ સ્વામી. જીવો પર શ્રીઠાકોરજીની સત્તા ચાલે છે. શ્રીઠાકોરજી જીવોના સ્વામી છે. ત્રિલોકના સ્વામી શ્રીઠાકોરજી ઉપર શ્રીમહાપ્રભુજીની સત્તા ચાલે છે. શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના પણ સ્વામી છે. શ્રીમહાપ્રભુજી જ્યાં પધારવાની વિનંતી કરે, ત્યાં શ્રીઠાકોરજી પધારે છે. જે જીવની સેવા અંગીકાર કરવાની વિનંતી કરે, તે જીવની સેવા શ્રીઠાકોરજી અંગીકાર કરે છે. આમ, શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીને વશ છે; આથી તેમને મહાપ્રભુ કહ્યા છે. મહાપ્રભુથી ઉત્તમ ચૌદ લોકમાં કોઈ હોઈ શકે નહીં, માટે તેઓ સર્વોત્તમ છે; એટલે તેમના સ્તોત્રનું નામ શ્રીસર્વોત્તમસ્તોત્ર છે.

(૨) સર્વોત્તમ એવા શ્રીગુસાંઈજીની રચના હોવાથી આ સ્તોત્ર સર્વોત્તમ સ્તોત્ર છે. આ સ્તોત્ર સર્વોત્તમ હોવાનું આ બીજું કારણ છે. જેમ શ્રીમહાપ્રભુજી સર્વોત્તમ છે, તેમ શ્રીગુસાંઈજી પણ ત્રણ કારણથી સર્વોત્તમ છે:

ગીતાબેન જમનાદાસ શાહ (સાવલી)ના જયશ્રીકૃષ્ણ

(ક) વેદની શ્રુતિઓનાં સ્વામિની છે. - પ્રભુની કૃપાથી પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ કરવા વેદની શ્રુતિઓ વ્રજમાં ગોપીજનો રૂપે પ્રકટ થયાં. ગો એટલે રસ, પી એટલે પીનાર. ભગવદ્ રસનું પાન કરવા માટે જેઓ વ્રજમાં પ્રકટ થયાં તે ગોપી કહેવાયાં. આવાં શ્રુતિરૂપા ગોપીજનોનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજી છે. તેઓ રાજસ ભક્તોનાં સ્વામિની છે. જેઓ નિત્ય નૂતન મનોરથો દ્વારા શ્રીઠાકોરજીને લાડ લડાવવા તત્પર હોય તે રાજસ ભક્ત કહેવાય. શ્રીઠાકોરજીને પ્રસન્ન રાખવા અને સુખ આપવા રાજસ ભક્તો શ્રીચંદ્રાવલીજીની આજ્ઞા પ્રમાણે સતત મનોરથો સિદ્ધ કરે છે, એવાં શ્રીચંદ્રાવલીજી પોતાનાં સ્વામિની શ્રીરાધિકાજીને પ્રસન્ન કરવા અને તેમના દ્વારા શ્રીઠાકોરજીને પ્રસન્ન કરવા સદા તત્પર રહે છે. તેઓ જાણે છે કે શ્રીરાધિકાજીની કૃપા વિના શ્રીઠાકોરજીને મનોરથ અંગીકાર કરાવી શકાશે નહીં. આથી તેઓ સદા શ્રીરાધિકાજીની સ્તુતિ કરે છે. એમના સમાન સ્તુતિ કરનાર બીજું કોઈ નથી. એ જ શ્રીચંદ્રાવલીજી પૃથ્વી પર શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ થયાં. તેમણે શ્રીનાથજીને લાડ લડાવવા છપ્પનભોગ જેવા અનેક મનોરથો કર્યા, અવનવાં વસ્ત્ર, આભૂષણ સિદ્ધ કર્યાં, સેવામાં રાગ-ભોગ-શૃંગારને વિશેષ સ્થાન આપ્યું. સાથે-સાથે શ્રીસ્વામિનીજી સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને રીઝવવા તેમણે વેદવાણી સમાન શ્રીસર્વોત્તમસ્તોત્ર આદિ સ્તોત્રોની રચના કરી. આવી રચના આજ સુધી અન્ય કોઈ કરી શક્યું નથી. અન્ય કોઈ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને તેમના પૂર્વે જાણી શક્યું નથી. આ સ્તોત્રનું ગાન સામવેદગાન તુલ્ય છે; માટે શ્રીગુસાંઈજી સર્વોત્તમ છે.

વેદની સર્વ શ્રુતિઓ શ્રીઠાકોરજીના મુખમાંથી પ્રકટ થઈ છે. માટે સર્વ શ્રુતિઓના સ્વામી શ્રીઠાકોરજી છે, તેમ, શ્રીગુસાંઈજી પણ શ્રીનાથજીનું જ ભાવાત્મક સ્વરૂપ છે. એટલે શ્રીનાથજીના મુખમાંથી જ આ સ્તોત્ર પ્રકટ થયું છે, માટે વેદવાણી તુલ્ય છે; આથી શ્રીગુસાંઈજી સર્વોત્તમ છે, એટલે તેમની રચના પણ સર્વોત્તમ છે.

(ખ) હીરો ઘણો કિંમતી હોય. ખાણમાંથી નીકળે ત્યારે કોલસા જેવો દેખાય. સાફ થાય ત્યારે કાચના ટૂકડા જેવો દેખાય. તેની સાચી પરખ ઝવેરી

સુધાકરભાઈ કાંતિલાલ મહેતા (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ

જ કરી શકે. હીરાની પરખ કરનાર ઝવેરી વધારે મહાન કહેવાય. શ્રીમહાપ્રભુજી હીરા સમાન છે, શ્રીગુસાંઈજી ઝવેરી સમાન છે. શ્રીગુસાંઈજીએ આ સ્તોત્રથી આપણને શ્રીમહાપ્રભુજી ઓળખાવ્યા છે; આથી શ્રીગુસાંઈજી સર્વોત્તમ છે.

(ગ) અન્ય કવિઓનો અનુભવ કાલ્પનિક હોય છે, આર્ષદૃષ્ટા ઋષિઓનો અનુભવ સમાધિથી હોય છે જ્યારે શ્રીગુસાંઈજીને તો હૃદયમાં સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીનો અનુભવ થઈ રહ્યો છે. તે સમાધિ અવસ્થાનો અનુભવ નથી, તે કાલ્પનિક રચના પણ નથી. સાક્ષાત શ્રીઠાકોરજીના અને મહાપ્રભુજીના તથા શ્રીસ્વામિનીજીના સ્વરૂપાનંદનો રસાત્મક અનુભવ છે. આવો અનુભવ બધાંને શક્ય નથી; તેથી પણ શ્રીગુસાંઈજી સર્વોત્તમ છે.

આમ, ત્રણ કારણોથી શ્રીગુસાંઈજી સર્વોત્તમ છે. એવા સર્વોત્તમ શ્રીગુસાંઈજીએ રચેલું આ સ્તોત્ર શ્રીસર્વોત્તમ સ્તોત્ર કહેવાયું.

(૩) સ્તોત્રની સર્વોત્તમતા : જે રચનાથી ભગવદ્સ્તુતિ થાય, તેને સ્તોત્ર કહેવામાં આવે છે. ભગવદ્ ગુણગાનનું દરેક સ્તોત્ર લૌકિક કવિઓનાં કાવ્યો કરતાં ઉત્તમ જ હોય. સર્વ ભગવદ્ સ્તોત્રોમાં આ સ્તોત્ર ઉત્તમ છે. સર્વમાં ઉત્તમ હોવાથી તેનું નામ સર્વોત્તમ છે. સર્વોત્તમ શબ્દને બીજી રીતે જોઈએ તો જે સર્વ રીતે ઉત્તમ છે તે સર્વોત્તમ. આ સ્તોત્ર સર્વ રીતે ઉત્તમ એટલા માટે છે કે તે કેવળ સ્તોત્ર નથી, તે મંત્ર પણ છે. મંત્ર તરીકે તેમાં ઋષિ, છંદ, દેવતા, બીજ અને ફળ - એ પાંચે બાબતો રહેલી છે. આ પાંચે બાબતો - તત્ત્વો અન્ય મંત્રોના પાંચે તત્ત્વો કરતાં અતિ ઉત્તમ છે; માટે તેને સર્વોત્તમ કહેવામાં આવ્યું.

બીજું કારણ એ છે કે 'શ્રીયમુનાષ્ટક' ગાયું ત્યારે શ્રીમહાપ્રભુજીને શ્રીયમુનાજીનો સંયોગ અનુભવ થયો હતો. તેવી જ રીતે શ્રીઠાકોરજીના સંયોગ અનુભવથી શ્રીમહાપ્રભુજીએ 'શ્રીમધુરાષ્ટક' ગાયું. શ્રીગુસાંઈજીને શ્રીમહાપ્રભુજીના વિપ્રયોગધર્મી સ્વરૂપનો અનુભવ થતાં તેમણે શ્રીસર્વોત્તમસ્તોત્ર ગાયું. શ્રીસર્વોત્તમસ્તોત્રમાં વિપ્રયોગનો અનુભવ છે. શ્રીમહાપ્રભુના મતે અંતઃકરણમાં થતો વિપ્રયોગધર્મી સ્વરૂપનો અનુભવ પરમ ફળરૂપ છે.

વલ્લભદાસ હીરાલાલ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ

તે રીતે પણ આ સ્તોત્ર સર્વોત્તમ કહેવાય; કારણ કે તેમાં પરમ ફળનો અનુભવ છે.

આપણે આગળ જોઈ ગયા કે શ્રીગુસાંઈજી વેણુ સ્વરૂપ છે. તેમણે વેણુ સ્વરૂપે શ્રીઠાકોરજીની ત્રણ પ્રકારની અધર સુધાનું પાન કર્યું છે - (૧) દેવભોગ્યા (૨) સર્વાભોગ્યા (૩) ભગવદ્ભોગ્યા. આથી શ્રીગુસાંઈજી ત્રિવિધ સુધારસથી પરિપૂર્ણ છે. એટલે આ સ્તોત્રમાં ત્રિવિધ સુધારસ ભરેલો છે તેથી પણ આ સ્તોત્ર સર્વોત્તમ છે.

આમ, ઉપરોક્ત ત્રણેય પ્રકારથી આ સ્તોત્રની સર્વોત્તમતા સિદ્ધ થાય છે; માટે તેને અપાયેલું 'શ્રીસર્વોત્તમસ્તોત્ર' નામ યથાર્થ છે.

૫. સ્તોત્ર પરિચય :

આ સ્તોત્રમાં ૩૫ શ્લોક છે અને તેમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ છે. પુષ્ટિમાર્ગમાં દરેક વસ્તુ ભાવાત્મક છે; તેથી અંક સંખ્યા પણ ભાવાત્મક છે. મહાનુભાવોએ શ્લોક સંખ્યા અને નામ સંખ્યાના આંકડાઓના વિવિધ ભાવ બતાવ્યા છે, તે જાણીએ.

(ક) શ્લોક સંખ્યા :

સાતને પાંચે ગુણવાથી ૩૫નો આંક થાય. પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત પ્રમાણે શ્રીઠાકોરજી પૂર્ણ પુરુષોત્તમ છ ધર્મોથી યુક્ત છે. છ ધર્મો સહિત તેઓ ધર્મી સ્વરૂપ છે. એટલે ૬+૧ નો સરવાળો સાત થાય.

જેમ શ્રીઠાકોરજી છ ધર્મયુક્ત ધર્મી સ્વરૂપ છે, તેમ શ્રીમહાપ્રભુજી પણ એ જ છ ધર્મયુક્ત ધર્મી સ્વરૂપ છે; તેથી સાતનો આંક જેમ શ્રીઠાકોરજી સાથે સંબંધિત છે, તેમ શ્રીમહાપ્રભુજી સાથે પણ ભાવાત્મક રીતે સંબંધિત છે.

શ્રીઠાકોરજીના અને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું ચિંતન પાંચ પ્રકારે થાય છેઃ (૧) નામ (૨) રૂપ (૩) ગુણ (૪) લીલા (૫) ફળ. તેથી પાંચનો આંક શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીના અલૌકિક નામ, રૂપ, ગુણ, લીલા અને તેમના દ્વારા મળતા અલૌકિક સર્વોત્તમ ફળનો નિર્દેશ કરે છે.

એક વૈષ્ણવના જયશ્રીકૃષ્ણ

પાંચના આંકને બીજી રીતે પણ વિચારી શકાય. ૧+૪=૫. એક એટલે શ્રીઠાકોરજી અથવા શ્રીમહાપ્રભુજી. ચાર એટલે નિર્ગુણ, સાત્ત્વિક, રાજસ અને તામસગુણપ્રધાન ભક્તો. આ ચારેય પ્રકારનાં ભક્તો અનન્ય ભાવથી શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીને ભજે છે; તેથી પાંચનો આંક ભાવાત્મક બને છે.

આમ, પાંચ પ્રકારે બિરાજતા શ્રીમહાપ્રભુજીના અલૌકિક સ્વરૂપને ષડ્ધર્મ અને ધર્મી સ્વરૂપ રૂપે સાત પ્રકારે ધ્યાનમાં લઈ શકાય. તેથી ૭×૫=૩૫ના ભાવથી આ સ્તોત્રમાં ૩૫ શ્લોક છે.

(ખ) નામ સંખ્યા :

આ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ છે. તેનો ભાવ પણ વિચારીએ. પાંત્રીસને ત્રણે ગુણવાથી ૧૦૫નો આંક આવે છે. શ્રીમહાપ્રભુજી ત્રણ પ્રકારના આધિદૈવિક સ્વરૂપે ભક્તોને અનુભવ કરાવે છે: (૧) સાક્ષાત શ્રીઠાકોરજી સ્વરૂપે (૨) શ્રીસ્વામિનીજી સ્વરૂપે (૩) લીલામાં સાક્ષી સ્વરૂપે અને પૃથ્વી પર ગુરુ સ્વરૂપે. તેથી ત્રણેય સ્વરૂપ સાથે સંબંધિત પાંત્રીસ-પાંત્રીસ નામો આ સ્તોત્રમાં છે, તેથી ૧૦૫ નામ થયાં. ૩૫ નામો શ્રીઠાકોરજીના સ્વરૂપને, ૩૫ નામો શ્રીસ્વામિનીજીના સ્વરૂપને અને ૩૫ નામો ગુરૂના સ્વરૂપને વ્યકત કરે છે. આગળ જોઈ ગયા તેમ, ૩૫ શબ્દથી શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજી અને ગુરુ ત્રણેયના ષડ્ધર્મ સહિત ધર્મી સ્વરૂપના નામ, રૂપ, ગુણ, લીલા અને ફળનું નિરૂપણ થાય છે. માટે, આ સ્તોત્રમાં ૧૦૫ નામ પ્રકટ થયાં. બાકી રહેલાં ત્રણ નામ ૧૦૫ નામરૂપી વૃક્ષના બીજ સ્વરૂપ છે. આગળ જોઈ ગયેલા શ્રીમહાપ્રભુજીના ત્રણેય સ્વરૂપનું એક-એક બીજ નામ ૧૦૮ નામોના પ્રારંભમાં આપ્યું, જેમકે (૧) આનંદઃ - શ્રીઠાકોરજીનું બીજ નામ. (૨) પરમાનંદઃ - શ્રીસ્વામિનીજીનું બીજ નામ (૩) શ્રીકૃષ્ણાસ્યમ્ - શ્રીગુરૂ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનું બીજ નામ. આ ત્રણ બીજ નામનાં વિસ્તાર અન્ય ૧૦૫ નામોથી થયો, માટે ૧૦૮ નામ થયાં.

૧૦૮ના આંકનું એક બીજું ભાવાત્મક રહસ્ય પણ જાણવા જેવું છે. શ્રીવલ્લભકુળનાં બાળકોનાં નામ પૂર્વે '૧૦૮' લખાય છે. ઘણાં પ્રશ્ન કરે છે કે અન્ય સંપ્રદાયોના આચાર્યોના નામ પૂર્વે '૧૦૦૮' લખાય છે, તો આપણા ત્યાં '૧૦૮' કેમ? મંત્ર જપ માટે પણ ૧૦૮ મણકાની જપમાળા હોય છે. ૧૦૮ વખત જપ કરવાથી એક માળા થાય છે. ૧૦૮ના આંકનું શાસ્ત્રીય રહસ્ય છે. બારને નવે ગુણવાથી ૧૦૮ સંખ્યા મળે. ૧૨ એટલે દ્વાદશ અંગવાળા શ્રીઠાકોરજી અને દ્વાદશ અંગવાળા શ્રીમહાપ્રભુજી. શ્રીભાગવતજી શ્રીનાથજીનું નામાત્મક સ્વરૂપ હોવાથી શ્રીભાગવતજીના ૧૨ સ્કંધ છે; જે શ્રીઠાકોરજીના ૧૨ અંગરૂપ છે. નવનો આંક પૂર્ણતાનો સૂચક છે. નવને અથવા નવથી થયેલા ગુણાકારથી કોઈપણ સંખ્યાને તમે લો, તેના આંકડાઓનો સરવાળો નવ જ થશે; જેમ કે ૯×૪=૩૬. ૩+૬=૯. આમ, નવનો આંક પૂર્ણતાસૂચક આંક છે. નવથી આગળ મૂળભૂત સંખ્યાનો બીજો કોઈ આંક આવતો નથી. અંક શાસ્ત્રમાં મૂળભૂત અંકમાં તે છેલ્લો અને અંતિમ છે, એટલે તેનાથી વધારે કિંમતનો અન્ય મૂળભૂત આંક નથી. તે સૂચવે છે કે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી પરિપૂર્ણ છે, તેમનાથી વધીને બીજું કોઈ તત્ત્વ નથી. તો બાર અંગવાળા શ્રીઠાકોરજી પૂર્ણપુરુષોત્તમ પરિપૂર્ણ આનંદસ્વરૂપ છે, તેથી તેમના નામાત્મક મંત્રનો જપ ૧૦૮ વખત કરવામાં આવે છે. એ જ ભાવથી શ્રીવલ્લભકુળના નામ પૂર્વે ૧૦૮ લખાય છે. એ જ ભાવથી અહીં શ્રીમહાપ્રભુજીનાં પણ ૧૦૮ નામો પ્રગટ થયાં છે.

ગો.વા. મેઘજી લક્ષ્મીદાસ વેદ, હસ્તે ગં. સ્વ. લીલાવતીબેન તથા પરિવારના જયશ્રીકૃષ્ણ

૬. શ્લોકોનું વિશ્લેષણ :

આ સ્તોત્રમાં પ્રથમ શ્લોકમાં મંગલાચરણ છે. બીજા અને ત્રીજા શ્લોકમાં આ સ્તોત્ર રચવાનું પ્રયોજન છે. ચોથા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો પ્રગટ કરવાની શ્રીગુસાંઈજી પ્રતિજ્ઞા કરે છે. પાંચમાં શ્લોકમાં આ સ્તોત્રના મંત્ર સ્વરૂપનો પરિચય છે. અને છઠ્ઠા શ્લોકમાં આ સ્તોત્રના જપ-પાઠથી મળનાર અલૌકિક ફળનું નિરૂપણ છે. આ છ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના છ દિવ્ય ધર્મો પ્રકટ થાય છે.

પહેલા મંગલાચરણના શ્લોકમાં ઐશ્વર્યધર્મ છે. શ્રીમહાપ્રભુજી પણ શ્રીઠાકોરજીની જેમ અપ્રાકૃત ધર્મો અને સ્વરૂપવાળા છે. વેદમાં તેમના

સોલર ઈલેક્ટ્રીક ટ્રેડીંગ કાું. (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

સ્વરૂપનું પ્રતિપાદન છે. તેઓ શુદ્ધ સાકાર સ્વરૂપ છે, માટે સ્તુતિ કરવા યોગ્ય છે. આ શ્રીમહાપ્રભુજીનું 'ઐશ્વર્ય' થયું.

બીજા અને ત્રીજા શ્લોકમાં સ્તોત્રરચનાનું પ્રયોજન બતાવ્યું છે. તેમાં શ્રીમહાપ્રભુજીના વીર્ય અને યશ ગુણોનું નિરૂપણ છે. બીજા શ્લોકમાં વીર્ય ગુણ એટલા માટે કહ્યો કે કલિયુગમાં ભલભલા વિદ્વાનો પણ શ્રીઠાકોરજીના દિવ્ય માહાત્મ્યને સમજી શકયા નથી, ત્યારે કેવળ શ્રીમહાપ્રભુજી જ તે પ્રકટ કરવા પૃથ્વી પર પધાર્યા. આ તેમનું 'વીર્ય' છે. ત્રીજા શ્લોકમાં યશધર્મ બતાવ્યો શ્રીઠાકોરજીએ સ્વયં કૃપા કરી, પોતાના મુખારવિંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને પૃથ્વી પર પ્રકટ થવા આજ્ઞા કરી. શ્રીમહાપ્રભુજીનું ભગવદ્ મુખારવિંદસ્વરૂપ તેમના 'યશ'નું પ્રતિપાદન કરે છે.

ચોથા શ્લોકમાં શ્રીગુસાંઈજીએ બતાવ્યું કે શ્રીમહાપ્રભુજીની વાણી વેદતુલ્ય હોવાથી અત્યંત દુર્બોધ છે, પરંતુ તેમનાં ૧૦૮ નામોનો પાઠ કરવાથી, પાઠ કરનારના મનનાં સર્વ પાપ નાશ પામતાં, શ્રીમહાપ્રભુજીની દુર્બોધ વાણીનો તે મનમાં પ્રકાશ થતાં, તે અત્યંત સુબોધ બને છે. શ્રીમહાપ્રભુજી પોતાની વાણીના રહસ્યરૂપી સંપત્તિનું ભક્તોને દાન કરે છે. આ તેમનો 'શ્રી' ધર્મ છે.

પાંચમાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનું જ્ઞાન કરાવ્યું. શ્રીમહાપ્રભુજી જ કારુણિક પ્રભુ સ્વરૂપે, આ સ્તોત્રરૂપી મંત્રના બીજ છે, તેમજ શ્રીઠાકોરજીના મુખારવિંદ સ્વરૂપે, આ સ્તોત્ર રૂપી મંત્રના દેવતા પણ છે. ભગવદ્ મુખારવિંદની વાણી સ્વરૂપે તેઓ જ આ સ્તોત્રના અનુષ્ટુપ છંદરૂપ છે અને તેમના પુત્ર શ્રીગુસાંઈજી સ્વરૂપે તેઓ જ આ સ્તોત્રરૂપી મંત્રના ઋષિ પણ છે. આવો અલૌકિક 'જ્ઞાન' રૂપી ધર્મ શ્રીમહાપ્રભુજીમાં છે.

છઠ્ઠા શ્લોકમાં ફળનું નિરૂપણ કર્યું. શ્રીમહાપ્રભુજી ઉત્તમોત્તમ દાતા છે; જે ઉત્તમોત્તમ ફળ આપે છે. જેનામાં વૈરાગ્યધર્મ પ્રબળ હોય તે જ મહાન દાતા બની શકે. વૈરાગ્ય વિના દાન આપવું અસંભવ છે. તેથી શ્રીમહાપ્રભુજીમાં રહેલ 'વૈરાગ્ય' ધર્મ બતાવ્યો.

ગો. વા. માણેકલાલ નટવરલાલ પરીખ (માતર)ના જયશ્રીકૃષ્ણ

ત્યારબાદ શ્લોક ૭થી લઈને ૩૨ શ્લોક સુધીમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ છે. ૩૩મા શ્લોકની અંતિમ પંક્તિમાં આ નામોનો ઉપસંહાર છે. શ્લોક ૩૪ અને ૩૫માં પાઠ કરવાની રીત બતાવી છે.

૭. શ્રીસર્વોત્તમસ્તોત્ર પરનું ટીકા સાહિત્ય :

શ્રીસર્વોત્તમ સ્તોત્ર ઉપર લગભગ ૧૩ જેટલી ટીકાઓ લખાઈ છે, એવું જાણવા-સાંભળવા મળે છે. તે પૈકીની બે ટીકાઓ છપાયેલા સ્વરૂપમાં પ્રસિદ્ધ છે. (૧) શ્રીગોકુલનાથજી કૃત ટીકા (૨) શ્રીચાચા ગોપેશ્વરજી કૃત ટીકા. શ્રીગોકુલનાથજી કૃત મોટી અને નાની એમ બે ટીકાઓ છે, એવું પણ કેટલાકનું મંતવ્ય છે. એટલે સંસ્કૃતમાં રચાયેલી તેમની એક ટીકાને બૃહદ ટીકા કહેવામાં આવે છે.

આ ઉપરાંત શ્રીસર્વોત્તમસ્તોત્ર વિષે અન્ય કેટલુંક સાહિત્ય પણ રચાયેલું છે; જેમ કે વ્રજભાષામાં કીર્તન સ્વરૂપે શ્રીસર્વોત્તમસ્તોત્રનો પદ્યાનુવાદ ગોવિંદસ્વામીની રચનાનો છે. ગુજરાતીમાં તૃતીય ગૃહના શ્રીવ્રજભૂષણજી કૃત શ્રીસર્વોત્તમજીનું ધોળ મળે છે. શ્રીમહાપ્રભુજીના ૧૦૮ પૈકીના દરેક નામનો ભાવ સમજાવતાં ૧૦૮ જેટલાં પદો પણ વ્રજભાષામાં છે. શ્રીગોકુલનાથજીની ટીકાનો વ્રજભાષામાં અનુવાદ પણ મળે છે.

ગુજરાતીમાં શ્રીનરહરિ શાસ્ત્રીજીએ શ્રીસર્વોત્તમસ્તોત્ર પર કરેલાં પ્રવચનો પરથી તૈયાર થયેલ એક નાનકડું પુસ્તક પુષ્ટિમાર્ગીય પાઠશાળા, પાટણ દ્વારા પ્રકાશિત થયેલ છે. શ્રીગોકુલનાથજીની ટીકા પર આધારિત 'રસિકવિલાસ' નામનું પુસ્તક 'શ્રીદીનકિંકર'ના ઉપનામધારી વૈષ્ણવે પ્રકાશિત કરેલ છે. તો 'શ્રીવલ્લભ સ્વરૂપદર્શન'ના નામે એક પુસ્તક શ્રીમંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી દ્વારા અનુવાદિત થઈ પ્રકાશિત થયું છે. ગો. શ્રીઇન્દિરાબેટીજીએ શ્રીસર્વોત્તમ સ્તોત્ર પર કરેલી કથા-સપ્તાહની કેસેટો પરથી 'ધ્યેયં સદા વલ્લભમ્' ભાગ-૨ પુસ્તક પણ પ્રકાશિત થયું છે.

આ સ્તોત્ર પર એક અપૂર્વ ગ્રંથ તૃતીય ગૃહના ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રી દ્વારા સિદ્ધ થયેલો છે. જેનું નામ 'શ્રીસર્વોત્તમ સચિત્ર'

ગો. વા. શ્રીમતી લીલાવતીબેન જેકીશનદાસ શાહ (નવાપુર)ના જયશ્રીકૃષ્ણ

છે. તેમાં ૧૦૮ નામમાં બિરાજતા સ્વરૂપની લીલાનાં ૧૦૮ ચિત્રો છે. સાથે તે નામનું રહસ્ય ચરિત્રસંગતિ સાથે હિંદી અને ગુજરાતી એમ બંને ભાષામાં આપવામાં આવેલું છે.

શ્રીવિઠ્ઠલદાસ મેવાવાળાના નામે જાણીતા એક વૈષ્ણવે પણ શ્રીસર્વોત્તમ સ્તોત્ર પર એક નાનકડું ચિત્રાત્મક પ્રકાશન કરેલું છે.

૮. શ્રીસર્વોત્તમ સ્તોત્રથી લાભાન્વિત ભગવદીયો :

શ્રીગુસાંઈજીનાં ૨૫૨ વૈષ્ણવોનો વાર્તાગ્રંથ શ્રીગોકુલનાથજી દ્વારા આપણને પ્રાપ્ત થયેલો છે. તેમાં તારાચંદભાઈ નામના એક વૈષ્ણવની વાર્તા છે. તારાચંદભાઇ શ્રીગુસાંઈજીના સેવક થઈ, ગોકુલવાસ કરીને રહેતા હતા. એક દિવસ શ્રીગુસાંઈજીએ ભગવદ્વાર્તામાં સમજાવ્યું કે વૈષ્ણવોએ વૃથા વાણી, વૃથા ક્રિયા અને વૃથા વિચારનો ત્યાગ કરવો. શ્રીઠાકોરજી સિવાયની વાણી ન ઉચ્ચારવી, શ્રીઠાકોરજી સિવાયનું કાર્ય ન કરવું અને શ્રીઠાકોરજી સિવાયનો વિચાર પણ ન કરવો. તે સાંભળી તારાચંદભાઇને વિચાર થયો કે હું રોજ શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરું છું. બ્રહ્મસંબંધ પણ લીધું છે; પરંતુ મારું મન શ્રીઠાકોરજીમાં સ્થિર થતું નથી. શ્રીગુસાંઈજી કૃપા કરી, મારું મન સ્થિર થાય એવો કોઈ ઉપાય બતાવે તો સારું.

શ્રીગુસાંઈજી અંતર્યામી હોવાથી તારાચંદભાઇના મનની વાત જાણી ગયા. શ્રીગુસાંઈજીએ તેમને આજ્ઞા કરી: 'તમે દરરોજ શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરો. કારણ કે શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિથી જે કોઈ જીવ એકાગ્ર મનથી તેનો પાઠ કરે છે, તેને અવશ્ય ફળ પ્રાપ્ત થાય છે.'

આથી તારાચંદભાઇ શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક ૧૦૮ નામનો અર્થ મનમાં વિચારતાં-વિચારતાં રોજ શ્રીસર્વોત્તમજીનો પાઠ કરવા લાગ્યા. તેમના હ્રદયમાં શ્રદ્ધા હતી કે મને જરૂર આ સ્તોત્રમાં બતાવેલ શ્રીકૃષ્ણાધરામૃતનું ફળ પ્રાપ્ત થશે. પાઠ કરતાં થોડા દિવસો વીત્યા ત્યાં જ તેમને શ્રીઠાકોરજી પોતાનો સાક્ષાત અનુભવ કરાવવા લાગ્યા.

જાગૃતિબેન હરેશભાઈ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

૨૫૨ વૈષ્ણવમાં એક બીજા વૈષ્ણવ આગ્રાના હૃષિકેશ દલાલ થઈ ગયા. તેઓ ઘોડાની દલાલીનો ધંધો કરતા. તેમણે એક અતિ ઉત્તમ ઘોડો શ્રીગુસાંઈજીને ભેટ કર્યો હતો. શ્રીગુસાંઈજીએ તેમના પર પ્રસન્ન થઈ, ઘણી કૃપા કરી હતી. એક દિવસ હૃષિકેશજીએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે : 'મને શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ કૃપા કરીને સમજાવો.' ત્યારે શ્રીગુસાંઈજીએ તેમને સૌંદર્યપદ્ય કહ્યું. શ્રીગુસાંઈજી તરત સેવામાં પધાર્યા. ત્યાં કૃષ્ણ ભટ્ટ બેઠા હતા. હૃષિકેશજીએ કહ્યું: 'મને આમાં કંઈ સમજણ ન પડી.' ત્યારે કૃષ્ણ ભટ્ટે તેમને સૌંદર્યપદ્યમાં વર્ણવેલું શ્રીમહાપ્રભુજીનું અલૌકિક સ્વરૂપ સમજાવ્યું.

એક દિવસ ચાચા હરિવંશજી હૃષિકેશજીના ઘેર આવ્યા. હૃષિકેશજીએ ચાચાજીને કહ્યું કે: 'મને શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ આ શ્લોક દ્વારા બતાવ્યું છે.' ત્યારે ચાચા હરિવંશજીએ કહ્યું: 'શ્રીમહાપ્રભુજીનું નામાત્મક સ્વરૂપ શ્રીસર્વોત્તમજીમાં છે, રૂપાત્મક સ્વરૂપ શ્રીવલ્લભાષ્ટકમાં છે અને ગુણાત્મક સ્વરૂપ સ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃતમાં છે. તે ત્રણેયનો સમાવેશ સૌંદર્યપદ્યમાં થયો છે; માટે વારંવાર તમે શ્રીસર્વોત્તમ સ્તોત્રનો જપ કરો.'

હૃષિકેશજી શ્રીસર્વોત્તમજીનો જપ કરવા લાગ્યા. તેથી તેમના હૃદયમાં શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સ્થિર થયું. જપ કરતાં કરતાં કોઈક વખત એક નામના ચિંતનમાં ડૂબી જતા, તો કોઈક વખત બીજા નામના ચિંતનમાં ડૂબી જતા. જે નામના ચિંતનમાં ડૂબી જાય, એ નામમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીનો અનુભવ તેમને તત્કાલ થતો. આમ, શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠથી હૃષિકેશજીને શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ દૃઢ થયું.

'બેઠક ચરિત્ર'માં શ્રીગોકુલનાથજીએ કામવનમાં આવેલી શ્રીમહાપ્રભુજીની બેઠકનું ચરિત્ર બતાવ્યું છે. ત્યાં શ્રીગુસાંઈજીના એક સેવક મધુસૂદનદાસ એકાંતવાસ કરીને રહેતા હતા. શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત્ દર્શન કરવાનો તેમને ઘણો વિરહ તાપ હતો. તેથી તેઓ કેવળ દૂધ લઈને રહેતા અને શ્રીસર્વોત્તમજીનો અખંડ જપ કરતા. છ મહિના સતત જપ કર્યો. પછી શ્રીગુસાંઈજી ત્યાં પધાર્યા. તેમણે આજ્ઞા કરી : 'તમે જપ કરી,

એક વૈષ્ણવ(ગાંધીનગર)ના જયશ્રીકૃષ્ણ

શ્રીમહાપ્રભુજીને શ્રમ ન કરાવો.' પણ મધુસૂદનદાસ ન માન્યા. બીજા છ મહિના જપ ચાલુ રાખ્યો. આખરે શ્રીમહાપ્રભુજીએ સાક્ષાત્ દર્શન આપ્યાં અને આજ્ઞા કરી: 'તને છ મહિના પહેલાં મેં શ્રીગુસાંઈજી સ્વરૂપે દર્શન આપ્યાં હતાં, પણ તને અલૌકિક અનુભવ થયો નહીં, એટલે તેમની આજ્ઞા તેં ન માની, તેથી તને છ મહિનાનો ફળ પ્રાપ્તિમાં વિલંબ થયો છે.'

શ્રીહરિરાયજીને આપણા સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું અવર (બીજું) સ્વરૂપ માનવામાં આવે છે, તેથી આપણે તેમને 'શ્રીહરિરાય મહાપ્રભુ' અને 'શ્રીહરિરાય પ્રભુચરણ'ના નામે ઓળખીએ છીએ. તેમની બાલ્યાવસ્થાથી તેમને શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠમાં ઘણી આસક્તિ હતી. એક વખત તેમણે સતત ત્રણ દિવસ અને રાત, એકાંત ખંડમાં બિરાજી, આ સ્તોત્રનો જપ કર્યો. તેના ફળ સ્વરૂપે તેમને સાક્ષાત શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં દર્શન થયાં હતાં.

શ્રીહરિરાયજીના સમકાલીન દશદિગંતવિજયી શ્રીપુરુષોત્તજી થઈ ગયા. તેઓ સુરતમાં બિરાજતા હતા. તેમની બાલ્યાવસ્થા હતી, ત્યારે સુરતમાં એક માયાવાદી વિદ્વાન પંડિત આવ્યા. તેમણે શાસ્ત્રાર્થ માટે શ્રીપુરુષોત્તમજીને ચેલેંજ આપી. શ્રીપુરુષોત્તમજીનાં માતુશ્રીએ શ્રીપુરુષોત્તમજીને આજ્ઞા કરી કે: 'મંદિરના ભોંયરામાં બિરાજી, ત્રણ દિવસ શ્રીસર્વોત્તમસ્તોત્રના અખંડ પાઠ કરો. શ્રીમહાપ્રભુજી બધું સાચવી લેશે.' બાલ્યાવસ્થામાં શ્રીપુરુષોત્તમજીએ તે પ્રમાણે કર્યું. ત્રણ દિવસનાં અંતે તેમને સાક્ષાત શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને તેમના સેવ્ય શ્રીબાલકૃષ્ણલાલજીએ દર્શન આપ્યાં અને આશીર્વાદ આપ્યા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે : 'દરેક ગ્રંથની શરૂઆત અને અંતનો શ્લોક તમે જોઈ લો. તમને સર્વ જ્ઞાન સુદૃઢ થશે, શાસ્ત્રાર્થમાં તમે વિજયી બનશો.' વાક્પતિ શ્રીવલ્લભની કૃપાથી, બાલ્યાવસ્થામાં શ્રીપુરુષોત્તમજીએ તે માયાવાદી વિદ્વાન પંડિતને હરાવ્યા; એટલું જ નહીં, તેમણે આપણા સંપ્રદાયને નવ લાખ શ્લોકનું અત્યંત વિપુલ અને ઉત્તમ સાહિત્ય પણ આપ્યું, તેથી તેઓ 'દશદિગંતવિજયી' કહેવાયા. શ્રીસર્વોત્તમસ્તોત્રનું આવું પ્રતાપબળ છે.

આધુનિક સમયમાં પણ ઘણાં વૈષ્ણવો દરરોજ શ્રીસર્વોત્તમસ્તોત્રના ૩૫ પાઠ કરે છે. કેટલાંક વૈષ્ણવો અમૂક નિશ્ચિત સમય સુધી, દરરોજ ૧૦૮ પાઠ પણ કરે છે. તેમને પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી અનેક અલૌકિક અનુભવો થાય છે. આમ, શ્રીસર્વોત્તમ સ્તોત્ર આજના વિપરીત સમયમાં પણ અલૌકિક ફળ આપનાર સ્તોત્ર છે.

આથી હવે આપણે આ સ્તોત્રને યથાશક્તિ સમજવાની કોશિશ કરીએ.

■

ભયો યહ શ્રીવલ્લભ અવતાર ॥
પ્રાચી દિશતેં શરદચંદ્ર જ્યોં લક્ષ્મણ ભૂપ કુમાર ॥૧॥
શ્રીભાગવત ગૂઢ રસ પ્રકટન કારણ કીયો વિચાર ।
આજ્ઞા દઈ નિજ યજ્ઞપુરુષકોં તાતે વહ અનુહાર ॥૨॥
હરિ લીલામૃત સિંધુ સંપૂરિત ભક્તહેતુ અવતાર ।
શ્રીગોપીજન વલ્લભ કરત જુ નિત્ય વિહાર ॥૩॥
વ્રજપતિ પદ સેવન મારગ જન કારણ કિયો પ્રચાર ।
જિહિં અવસર અનુસરત જીવ કછુ અર્પત વદન કમલ સ્વીકાર ॥૪॥
બાજે બાજત બીન દુંદુભી ઝાંઝ મૃદંગ ઔર તાર ।
નાચત ગાવત પ્રેમ મગન મન નિજજન ઠાડે દ્વાર ॥૫॥
જનની મુદિત ઉછંગ લિયે સુત મુખ દેખત વારંવાર ।
અતિ સુખ પાવત હિયો સિરાવત બડભાગિનજુ ઉદાર ॥૬॥
શ્રીલક્ષમણ નવ વધુ સ્વજન પહેરાયે સબ પરિવાર ।
ભૂદેવનકોં દિયે દાન બહુ નિગમ વિહિત અનુસાર ॥૭॥
જાકે ગુણગણશેષ સહસ્ર મુખ કહેત ન આવે પાર ।
યહ ફલ દેહુ સદા રસિકનકોં શ્રીવલ્લભ જગત ઉદ્ધાર ॥૮॥

પ્રકરણ - ૨ : મંગલાચરણ

મંગલાચરણ :

આગળ જોઈ ગયા તેમ, આ સ્તોત્ર ઉપર ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજીએ બૃહદ ટીકા લખી છે. તેના પ્રારંભમાં શ્રીગોકુલનાથજી નીચેના શ્લોકથી પોતાની ટીકાનું મંગલાચરણ કરે છે :

નત્વા શ્રીતાતપાદાંબુજમ્ નિજાભિષ્ટપ્રદાયકમ્ ।
તદુક્તાચાર્યનામાનિ વિવૃણોમિ સ્વતંત્રતઃ ॥

શ્લોકાર્થ :

મારા તાતચરણ (પિતા)ના ચરણ કમળને હું નમન કરું છું. તે ચરણકમળ પોતાના સેવકોને ઉત્તમમાં ઉત્તમ ફળ આપનારાં છે. તેમણે કહેલા શ્રીઆચાર્યચરણનાં નામોની હું સ્વતંત્ર રીતે ટીકા લખું છું.

વિવરણ :

આ શ્લોકમાં શ્રીગોકુલનાથજીએ તેમના પિતૃચરણ શ્રીગુસાંઈજીને વંદન કર્યાં. તેનું પહેલું કારણ એ કે શ્રીમહાપ્રભુજીનાં નામોનું શ્રીસર્વોત્તમસ્તોત્ર શ્રીગુસાંઈજીએ રચ્યું છે. શ્રીગુસાંઈજીને શ્રીમહાપ્રભુજીનો અલૌકિક અનુભવ થયો છે. શ્રીગુસાંઈજી શ્રુતિરૂપાઓનાં સ્વામિની છે, એટલે તેમના મુખમાંથી પ્રકટ થયેલી વાણી વેદવાણી છે. એ વાણીનું રહસ્ય શ્રીગુસાંઈજીની કૃપા વિના સ્ફૂરે નહીં. ભગવદ્કૃપા અને ગુરુકૃપા પ્રાપ્ત કરવાનો સૌથી સુગમ રસ્તો છે નમનનો. નમનમાં દીનતા છે અને નિઃસાધનતા છે. શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી દીનતા અને નિઃસાધનતાથી રીઝે છે. ભક્ત જ્યારે તેમને નમન કરે ત્યારે તેઓ પ્રસન્ન થઈ, ભક્તની સર્વ ઈચ્છાઓ પરિપૂર્ણ કરે છે. માટે જ શ્રીગોકુલનાથજી શ્રીગુસાંઈજીને નમન કરીને આપણને શીખવે છે કે ગ્રંથનું રહસ્ય પામવા માટે સૌ પ્રથમ ગ્રંથકારને નમન કરો. નમન ચરણારવિંદમાં થાય. નમનમાં શરણાગતિ છે. જે ભક્ત શરણ સ્વીકારે તે ચરણારવિંદમાં વસે, ચરણારવિંદમાં વાસ માગે. નમનથી ચરણારવિંદમાં વાસ મળે છે. ચરણારવિંદ ભક્તિનું સ્વરૂપ છે; તેથી નમન દ્વારા ભક્તિનું દાન મળે છે. માટે શ્રીગોકુલનાથજીએ સમજાવ્યું કે શ્રીસર્વોત્તમ સ્તોત્રનું રહસ્ય પામવા સૌ પ્રથમ શ્રીગુસાંઈજીને નમન કરીએ.

શ્રીગોકુલનાથજી શ્રીગુસાંઈજીના ચરણકમળને નમે છે. કારણ, શ્રીગુસાંઈજીનાં ચરણકમળમાં અલૌકિક સામર્થ્ય છે. એ ચરણકમળ ભક્તોના બધા મનોરથ પૂર્ણ કરનારાં છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખોથી પીડાતા જીવોને શાન્તિ અને સુખ આપનારાં છે. ભગવાનની નાભિમાંથી પ્રકટ થયેલ અલૌકિક લોકાત્મક કમળ જેવાં એમનાં ચરણકમળ દિવ્ય છે, અત્યંત કોમળ અને પાછા લાલ રંગથી શોભતાં છે, સર્વ શોભાનો ભંડાર છે, પરમ શીતળ છે, સર્વ સંતાપોને દૂર કરનારાં અને સર્વ સુખ આપનારાં છે. એ ચરણમાં બિરાજતા દસ નખચંદ્રથી નમન કરનારા ભક્તોના હૃદયમાં રહેલ અજ્ઞાનના અંધકારને દૂર કરી, ભગવદ્ સ્વરૂપનો પ્રકાશ કરાવનારાં છે. પરમ રસામૃતનો ભંડાર છે. તેમનાં બંને ચરણકમળમાં દિવ્ય ચિહ્નો બિરાજે છે; જેની સંખ્યા ૧૬ છે. આવા શ્રીગુસાંઈજીનાં ચરણકમળ અભયપદનું દાન કરનારાં છે; તેથી ભક્તો વારંવાર શ્રીગુસાંઈજીનાં ચરણકમળને વંદન કરે છે અને ચરણરજ લે છે.

આ ચરણકમળ માટે શ્રીગોકુલનાથજીએ આ શ્લોકમાં એક વિશેષણ આપ્યું ‘સર્વાભિષ્ટપ્રદાયકમ’. અર્થાત્, વંદન કરનારને જે-જે કંઈ ઈચ્છાઓ છે, મનોરથો છે તે સર્વ સરળતાથી આપનારાં આ ચરણકમળ છે. ‘સર્વ’ શબ્દનો બીજો અર્થ કરીએ તો વંદન કરનાર બધાંની ઈચ્છા પૂરી કરનારાં આ ચરણકમળ છે. ‘સર્વ’ શબ્દનો એક ત્રીજો અર્થ પણ લઈ શકાય - વંદન કરનાર ભક્તને ઉત્તમમાં ઉત્તમ જે ફળ છે તે આપનાર આ ચરણકમળ છે.

આનો અર્થ એવો થાય કે શ્રીગુસાંઈજીનાં ચરણકમળ આ જન્મમાં, આ જગતમાં જે-જે કંઈ સુખ-સંપત્તિની વસ્તુઓ છે, તે સર્વ આપે છે અને પરલોક સંબંધી સુખ-સંપત્તિ પણ આપે છે. સામાન્ય મનુષ્ય તેના જીવનકાળ દરમ્યાન

સુખ-સંપત્તિ તરીકે સ્ત્રી, પુત્ર, ધન વગેરેની ઈચ્છા રાખે છે. મૃત્યુ બાદ તે સ્વર્ગ કે મોક્ષની ઈચ્છા રાખે છે.

આપણને એવો પ્રશ્ન થાય કે દુનિયામાં સ્ત્રી, પુત્ર, ધન વગેરે સંપત્તિ પૂર્વજન્મનાં કર્મોના ફળ રૂપે મળે છે, એમ શાસ્ત્રો કહે છે. પરલોકની સંપત્તિ, સ્વર્ગ કે મોક્ષ આ જન્મમાં કરેલાં પુણ્યોથી મળે છે, એમ શાસ્ત્ર કહે છે. જો આલોક અને પરલોકની સંપત્તિ પૂર્વજન્મનાં પુણ્યો અને આ જન્મનાં પુણ્યોથી મળતી હોય, તો તે મેળવવા માટે ધર્મમાં બતાવેલ દાન, તપ, વ્રત, તીર્થ, પૂજા-ઉપાસના, મંત્ર-જપ, યજ્ઞ જેવાં પુણ્યકર્મ કરવાં જોઈએ. તે માટે શ્રીગુસાંઈજીના ચરણકમળનો આશ્રય લેવાની શી જરૂર?

આ પ્રશ્નનો જવાબ વિચારવા જેવો છે. ધર્મશાસ્ત્ર અનુસાર પુણ્ય કરવાથી આલોકની સંપત્તિ અને સુખ મળે છે તેમજ પરલોકમાં પણ સુખ મળે છે, એ વાત સાચી. આલોકમાં જે સુખ મળે છે તે સંસારી સુખ છે, અર્થાત્ લૌકિક સુખ છે. શ્રીમહાપ્રભુજીએ લૌકિક સુખને 'વિષયાનંદ' કહ્યો છે. વિષયાનંદ સાચું સુખ નથી, પણ સુખનો માત્ર પડછાયો છે એમ શ્રીમહાપ્રભુજી સમજાવે છે. વિષયાનંદ ક્ષણિક સુખ આપે છે અને લાંબાગાળા માટે દુઃખ આપે છે. ધર્મ દ્વારા પુણ્ય મેળવતાં આવો વિષયાનંદ મળે છે. તે કોઈ રીતે ઉત્તમ નથી.

પુણ્યના પરિણામે સ્ત્રી, પુત્ર, ધન વગેરે મળે ખરું; પણ તે સુખ ઓછું આપે, દુઃખ વધારે આપે. સ્ત્રી, પુત્ર વગેરેનો પરિવાર લૌકિક વિષયરસમાં રચ્યો પચ્યો હોય, તેમનામાં ક્રોધ, ક્લેશ, અભિમાન, લોભ, સ્વાર્થ, અહંતા-મમતા, ઈર્ષા, પાખંડ વગેરે ભરેલાં હોય. પરિણામે તેઓ શ્રીઠાકોરજીની સેવા અને સ્મરણથી વિમુખ હોય, ધર્મનો દ્વેષ કરનાર અને દોષદષ્ટિવાળાં હોય; જેમ કે દામોદરદાસ સંભરવાળાનાં પત્નીને થયેલો પુત્ર ભગવદીય ન થતાં મ્લેચ્છ થયો. તો આવા પરિવારથી માણસ સુખી થતો નથી, દુઃખી થાય છે. તેનું ચિત્ત શ્રીઠાકોરજીમાં લાગતું નથી, તે શ્રીઠાકોરજીથી બહિર્મુખ થાય છે. શ્રીગુસાંઈજી જ્યારે કૃપા કરીને પત્ની, પુત્ર, ધન વગેરેની સંપત્તિ આપે છે, ત્યારે તે સંપત્તિ દૈવી હોય છે; તેથી તે પરિવાર ભગવદીય હોય છે, ભગવદ્સેવા, સ્મરણ અને સત્સંગમાં સહાયક બને છે, તેમના સંગમાં ભગવદ્ભાવ વધે છે અને ઘરમાં ભગવદીય વાતાવરણ બન્યું રહે છે. શ્રીગુસાંઈજીનાં ચરણકમળ આવો ભગવદીય પરિવાર આપવા સમર્થ છે; જે સામર્થ્ય પુણ્યકર્મોમાં નથી.

એવું જ લક્ષ્મીનું પણ છે. કર્મયોગે જેમને લક્ષ્મી મળે છે, તેમના ઘરમાં લક્ષ્મીજી ઘુવડ પર બેસીને આવે છે. પરિણામે એવી લક્ષ્મી પામનાર અભિમાની, ક્રોધી, વિષયોનો ભોગી, ધર્મભ્રષ્ટ અને પાખંડી બને છે. તેના ઘરમાં આવેલ લક્ષ્મી તેને સુખ આપતી નથી, દુઃખ આપે છે. આવો માણસ જગતમાં નિંદાપાત્ર બને છે અને પરલોકનું સુખ મેળવી શકતો નથી. તે અંતે નરકનાં કષ્ટ ભોગવે છે. આમ, તેનું આલોક અને પરલોક - બંને બગડે છે. આવા શ્રીમંતો ભગવદ્ ભક્તોનો સંગ કરી શકતા નથી, શ્રીઠાકોરજીનાં સાચાં સેવાસ્મરણ કરી શકતા નથી, ગુરુ પ્રત્યે પણ અવિવેક કરે છે. આથી તેમનો સર્વનાશ થાય છે. પુણ્યકર્મોથી દ્રવ્ય મળે ત્યારે તે દાન, તીર્થ, યજ્ઞ વગેરે ધર્મકાર્યોમાં વપરાય છે. તેનાથી વિશેષ પુણ્ય મળે છે; પરંતુ તેનાથી ભગવદ્પ્રાપ્તિ થતી નથી. જે દ્રવ્ય શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં વપરાય, તે જ દૈવી દ્રવ્ય છે અને તેનાથી જ શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ પ્રસન્ન થાય છે, તેની સેવા અંગીકાર કરે છે અને તેને ભગવદ્પ્રાપ્તિ થાય છે. આવું દૈવી દ્રવ્ય શ્રીગુસાંઈજીનાં ચરણકમળના આશ્રયથી જ મળે છે. તે ઘરમાં આવે ત્યારે ઘરમાં સર્વનો ભગવદ્ભાવ વધે છે, બુદ્ધિ નિર્મળ બને છે, શ્રીઠાકોરજીના સુખ માટેના અનેક મનોરથો મનમાં પ્રગટ થાય છે અને શ્રીઠાકોરજીને લાડ લડાવાય છે. કામ, ક્રોધ, અભિમાન વગેરે દુર્ગુણો દૂર રહે છે.

આમ, શ્રીગુસાંઈજીના ચરણકમળના આશ્રયથી આલોકમાં મળતા સ્ત્રી, પુત્ર, ધન વગેરે સર્વ પદાર્થ દૈવી હોય છે; તેથી વિલક્ષણ હોય છે. તે મળવાથી અલૌકિક શ્રેય સધાય છે.

પરલોક સંબંધી પદાર્થોનો વિચાર કરીએ તો ધર્મમાં બતાવેલાં કર્મો કરવાથી સ્વર્ગથી લઈને મોક્ષ સુધીનું ફળ મળી શકે છે. મોક્ષમાં સાલોક્ય, સામિપ્ય, સાયુજ્ય, સારુપ્ય અને સાર્ષ્ટિ એમ પાંચ પ્રકારની મુક્તિ મળે

ચીનુભાઈ એન. સોની તથા અ.સૌ. સુલોચનાબેન સી. સોનીના જયશ્રીકૃષ્ણ

ટી. જે. પાનસુરિયા (મેંદરડા)ના જયશ્રીકૃષ્ણ

છે; પરંતુ તેમાં શ્રીઠાકોરજીના સાક્ષાત્ સ્વરૂપાનંદનો અનુભવ થતો નથી, એટલે મોક્ષપર્યંતનાં ફળ પણ તુચ્છ છે. શ્રીગુસાંઈજીના ચરણકમળના આશ્રયથી સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રીઠાકોરજી પ્રાપ્ત થાય છે, શ્રીઠાકોરજીની નિત્યલીલામાં વાસ મળે છે, ત્યાં નિત્ય શ્રીઠાકોરજીની વિવિધ લીલાઓનો અનુભવ મળે છે, શ્રીઠાકોરજીની સેવાનું સુખ મળે છે. આ સર્વની પાસે પાંચે પ્રકારની મુક્તિ તુચ્છ છે. આવું અલૌકિક સુખ ધર્મમાં બતાવેલાં પુણ્યકર્મોથી મળી શકતું નથી; તે શ્રીગુસાંઈજીના ચરણકમળના આશ્રયથી જ મળે છે.

આથી શ્રીગોકુલનાથજીએ સમજાવ્યું કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના માર્ગમાં શરણે આવેલાં વૈષ્ણવોએ એમનાં ચરણકમળનો દૃઢ આશ્રય કરવો.

શ્લોકની બીજી પંક્તિમાં શ્રીગોકુલનાથજી સમજાવે છે કે શ્રીમહાપ્રભુજીનાં નામ શ્રીગુસાંઈજીએ પ્રકટ કર્યાં છે. એ નામોનું અલૌકિક રહસ્ય મારી બુદ્ધિથી સમજાવી શકાય તેવું નથી. શ્રીગુસાંઈજીનાં ચરણકમળના દૃઢ આશ્રયથી જ એ અલૌકિક નામોનું રહસ્ય હું કંઈક સમજાવી શકીશ; તેથી હું શ્રીગુસાંઈજીનાં ચરણકમળનો દૃઢ આશ્રય કરી, નમન કરું છું.

શ્રીઠાકોરજીનું વદનકમળ, એ જ પુષ્ટિમાર્ગમાં પરમ ફળ છે. શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના વદનકમળનું સ્વરૂપ છે. શ્રીઠાકોરજીનું વદનકમળ વિરહાગ્નિ સ્વરૂપ છે, તેથી શ્રીમહાપ્રભુજી પણ વિરહાગ્નિનું સ્વરૂપ છે. એવા શ્રીમહાપ્રભુજીનાં નામ અને રૂપ હૃદયમાં પ્રકાશિત થાય, તે માટે શ્રીગુસાંઈજી પ્રથમ શ્લોકમાં શ્રીઠાકોરજીની સ્તુતિ કરે છે. શ્રીઠાકોરજીનું સ્વરૂપ પ્રમેયાત્મક છે, છતાં તે વેદ આદિ શાસ્ત્રોના પ્રમાણથી સમજી શકાય તેવું છે. આવું શ્રીઠાકોરજીનું મૂળભૂત મૂળ રૂપ રસાત્મક પુરુષોત્તમ સ્વરૂપ છે. એ સ્વરૂપની સ્તુતિ હવે શ્રીગુસાંઈજી કરે છે.

■

ગો. વા. શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઈના જયશ્રીકૃષ્ણ, હ. અશ્વિનચંદ્ર ન. દેસાઈ

પ્રકરણ - ૩ : શ્લોક - ૧

પ્રાકૃતધર્માનાશ્રયમપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્તચ્છુધ્ધં સાકૃતિં સ્તૌમિ ॥૧॥

શબ્દોના અર્થ :

પ્રાકૃતધર્માનાશ્રયમ્ (પ્રાકૃત + ધર્મ + અનાશ્રયમ્) = જેમણે પ્રકૃતિના ધર્મોનો આશ્રય કર્યો નથી તેવા, **અપ્રાકૃતનિખિલધર્મરૂપમ્** (અપ્રાકૃત + નિખિલ + ધર્મ + રૂપમ્) = જેમના સર્વ ધર્મ અને રૂપ અપ્રાકૃત(અલૌકિક) છે તેવા, ઈતિ = એમ, **નિગમપ્રતિપાદ્યમ્** (નિગમ + પ્રતિપાદ્યમ્) = વેદમાં કહેવાયેલા, **યત્તચ્છુદ્ધં** (યત્ + તત્ શુદ્ધમ્) = જે શુદ્ધ છે, **સાકૃતિમ્** = સાકાર છે, **સ્તૌમિ** = હું સ્તુતિ કરું છું.

વેદમાં કહ્યા પ્રમાણે જેમણે પ્રકૃતિના ધર્મોનો આશ્રય કર્યો નથી અને જેમના બધા ધર્મ અને રૂપ અપ્રાકૃત(અલૌકિક) છે અને જે શુદ્ધ અને સાકાર છે તેવા શ્રીપ્રભુની (અને શ્રીમહાપ્રભુની પણ) હું સ્તુતિ કરું છું.

વિવરણ :

ગ્રંથલેખન માટે પ્રાચીન સમયમાં એવી પરંપરા હતી કે શરૂઆતના શ્લોકોમાં ગ્રંથકાર મંગલાચરણ કરે. મંગલાચરણ શબ્દ બે શબ્દોનો બનેલો છે- મંગલ+આચરણ. **જેમના મંગલ સ્મરણથી આચરણ મંગલ બને, તેનું નામ મંગલાચરણ.** બીજા શબ્દોમાં કહીએ તો જેમના સ્મરણથી ગ્રંથલેખનનું કાર્ય સુંદર અને નિર્વિઘ્ન રીતે થાય, તેમની કૃપા પ્રાપ્ત કરવા મંગલાચરણ કરવાની પરંપરા છે. મંગલાચરણમાં ગ્રંથકાર તેમના ઈષ્ટદેવ, ગુરુ આદિનું સ્મરણ કરી, તેમને વંદન કરતા હોય છે. સાથે-સાથે ગ્રંથકાર ખૂબ જ ખૂબીપૂર્વક તેમના ગ્રંથના મુખ્ય વિષયનું બીજ પણ તેમાં રજૂ કરતા હોય છે.

કનકલતા ગિરીશચંદ્ર રુપારેલીયા અને ગિરીશચંદ્ર બાબુભાઈ રુપારેલીયાના જયશ્રીકૃષ્ણ

આ પરંપરા મુજબ શ્રીગુંસાઈજી આ સ્તોત્રના પ્રથમ શ્લોકમાં મંગલાચરણ કરતાં તેમના ઈષ્ટ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુને સ્મરે છે અને તેમની સ્તુતિ કરે છે. શ્રીગુસાંઈજી આખા સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ, ગુણો અને લીલા પ્રકટ કરવાના છે. આ સ્તોત્રના એ વિષયનું બીજ એમણે આ શ્લોકમાં આપ્યું. વેદમાં શ્રીપ્રભુનું જે સ્વરૂપ અને ગુણો બતાવ્યા, તે જ સ્વરૂપ અને ગુણો શ્રીમહાપ્રભુજીના પણ છે. એટલે શ્રીગુસાંઈજી અહીં એમ સૂચવે છે કે શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજી બંને એક જ સ્વરૂપ છે. રૂપ જુદાં છે પણ પ્રાણ એક છે- ગોવિંદ જ ગુરુ સ્વરૂપે પૃથ્વી પર પધાર્યા છે. શ્રીગુસાંઈજીને આવો અલૌકિક અનુભવ થયો છે. એવો અનુભવ પરમાનંદદાસજી, સૂરદાસજી વગેરે ઘણા ભગવદીયોને પણ થયો છે. તેથી પરમાનંદદાસજી કહે છે કે જે વલ્લભ છે, તે જ શ્યામ છે. શ્રીગુસાંઈજી પોતાનો આવો અલૌકિક અનુભવ મંગલાચરણના આ શ્લોકમાં પ્રકટ કરે છે; જેથી આપણે શ્રીમહાપ્રભુજીના યથાર્થ સ્વરૂપને જાણી શકીએ, જેના પરિણામે આપણા હૃદયમાં તેમના વિષે શ્રદ્ધાયુકત દૃઢ ભાવ સ્થિર થાય.

શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે શ્રીગુસાંઈજીએ આ સ્તોત્રમાં ત્રણ શ્લોકોથી શ્રીપૂર્ણપુરુષોત્તમ પ્રભુની સ્તુતિ કરી છે. શ્રીભાગવતજીના પ્રારંભમાં વેદવ્યાસજીએ પણ ત્રણ શ્લોકોથી મંગલાચરણ કર્યું છે; જે અનુક્રમે બીજ, વૃક્ષ અને ફળરૂપ છે, તેમ અહીં પણ આ ત્રણ શ્લોકો બીજ, વૃક્ષ અને ફલરૂપ છે. તે ઉપરાંત એક બીજો ભાવ પણ સમજાય છે. આ સ્તોત્ર શ્રીભાગવતજી સમાન જ છે. જે ફળ શ્રીભાગવતજી દ્વારા પ્રાપ્ત થાય છે, તે જ ફળ આ સ્તોત્ર દ્વારા પણ પ્રાપ્ત થાય છે એમ સૂચવવા માટે પણ શ્રીભાગવતજીની જેમ આ સ્તોત્રમાં ત્રણ શ્લોકોથી મંગલાચરણ છે.

આપણને પ્રશ્ન થાય કે શ્રીગુસાંઈજી શ્રીપૂર્ણપુરુષોત્તમ પ્રભુની સ્તુતિ કરે છે, તો એ શ્રીપૂર્ણપુરુષોત્તમ પ્રભુ વિષે શાસ્ત્રોમાંથી કોઈ પ્રમાણ મળે છે ખરાં? શ્રીમહાપ્રભુજીએ શા માટે પુષ્ટિમાર્ગમાં શ્રીપૂર્ણપુરુષોત્તમ પ્રભુનાં જ સેવા-સ્મરણનો આગ્રહ રાખ્યો છે? શ્રીમહાપ્રભુજીનું મૂળ સ્વરૂપ શું છે? આ બધા પ્રશ્નોના જવાબ પહેલા શ્લોકમાં શ્રીગુસાંઈજી આપે છે. શ્રીગુસાંઈજીએ સમજાવ્યું કે શ્રીપૂર્ણપુરુષોત્તમપ્રભુ 'નિગમપ્રતિપાદ્ય' છે. 'નિગમ' શબ્દનો અર્થ છે વેદ. સંસ્કૃતમાં નિગમ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે થાય છે. 'નિતરામ ગમયતિ ઈતિ નિગમઃ' જે સંપૂર્ણ રીતે ભગવાનના અલૌકિક સ્વરૂપ, ગુણો અને લીલાઓ તરફ લઈ જાય, અર્થાત્ તેનું સંપૂર્ણ જ્ઞાન આપે તેનું નામ નિગમ. સામાન્ય ભાષામાં તેને 'વેદ' કહેવામાં આવે છે. વેદ એટલે જાણવાલાયક. વિદ્ ધાતુ પરથી વેદ શબ્દ બન્યો. વિદ્ એટલે જાણવું. જે શાસ્ત્રમાં પરમાત્માને સમજાવવામાં આવ્યો હોય અને જે શાસ્ત્ર દ્વારા પરમાત્માને સમજી શકાય તે શાસ્ત્રને વેદ કહેવામાં આવે છે. વેદ શાસ્ત્રમાંથી જે વિદ્યા(જ્ઞાન) મળે છે, તેને પરાવિદ્યા અથવા શ્રેષ્ઠવિદ્યા કહેવામાં આવે છે. આ વિદ્યાને અમૃતવિદ્યા પણ કહેવામાં આવે છે. વેદ સાહિત્યમાં ચાર વેદો, તેનાં આઠ અંગો, ચાર ઉપવેદો, બ્રાહ્મણગ્રંથો, આરણ્યક ગ્રંથો અને ઉપનિષદોનો સમાવેશ થાય છે. આ સમગ્ર સાહિત્ય વેદસાહિત્ય કહેવાય છે. આ સાહિત્યની રચના મનુષ્ય જન્મધારી ઋષિમુનિઓએ કરી નથી, સાક્ષાત્ ભગવાને આ ગ્રંથો પોતાના ઉચ્છ્વાસમાંથી પ્રકટ કર્યા છે, તેથી તે ભગવદ્વાણી છે. સર્વને માટે પ્રમાણરૂપ વાણી છે. આથી સનાતન વૈદિકધર્મમાં એમ કહેવાયું કે 'જે વેદનાં વચનોને સ્વીકારતો નથી, તે નાસ્તિક છે, જે વેદનાં વચનોને પ્રમાણ તરીકે સ્વીકારે છે, તે આસ્તિક છે.'

'શાસ્ત્ર' શબ્દના બે અર્થ છે- પરમાત્માનું સ્વરૂપ, ગુણ અને લીલાઓનું વર્ણન જેમાં હોય (શંસનમ્=વર્ણન કરવું) તે શાસ્ત્ર. તેનો બીજો અર્થ એવો છે કે જે શિસ્તમાં રાખે (શાસનમ્= સત્તાપૂર્વક વ્યવસ્થા કરે) તે શાસ્ત્ર. આ બંને અર્થમાં વેદ શાસ્ત્ર છે. તે ભગવાનનાં સ્વરૂપ, ગુણો અને લીલાઓનું વર્ણન કરે છે અને સાથે-સાથે તેવા ભગવાનને પ્રાપ્ત કરવા માટે મનુષ્યે શું કરવું અને શું ન કરવું, એના નિયમો પણ આપે છે.

જેમ બીજમાંથી વૃક્ષ ફૂલેફાલે, તેમ વેદમાંથી જ સર્વ શાસ્ત્રો, પુરાણો, ઈતિહાસ વગેરે ગ્રંથો પ્રકટ થયા છે. સર્વનું મૂળ વેદ છે, તેથી વેદને મૂર્ધન્ય(સર્વોચ્ચ) પ્રમાણ કહેવામાં આવે છે. પ્રમાણ એટલે બુદ્ધિ. જેમને બુદ્ધિથી સમજાવી શકાય એવા પરમાત્માને સમજાવતા ગ્રંથ તે પ્રમાણ.

શ્રીમહાપ્રભુજીએ અને અન્ય વિદ્વાનોએ શબ્દ પ્રમાણને શ્રેષ્ઠ પ્રમાણ કહ્યું છે, તેથી વેદ સર્વશ્રેષ્ઠ પ્રમાણ છે.

આવા વેદમાં શ્રીપૂર્ણપુરુષોત્તમ પ્રભનું સ્વરૂપ અને ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે, એટલે એ વર્ણન સર્વમાન્ય છે. તેમાં કોઈપણ પ્રકારની શંકા કોઈને રહેવી જોઈએ નહીં. આથી શ્રીગુસાંઈજીએ કહ્યું કે વેદ દ્વારા પ્રમાણિત શ્રીપૂર્ણપુરુષોત્તમપ્રભુને જ શ્રીમહાપ્રભુજીએ આપણા પુષ્ટિમાર્ગમાં સેવા-સ્મરણ કરવા યોગ્ય કહ્યા છે. વેદમાં જે કહેવાયું છે, એ જ વેદવ્યાસજીએ બ્રહ્મસૂત્રોમાં, ગીતામાં અને ભાગવતમાં પણ રજૂ કર્યું છે. તે સર્વ શાસ્ત્રોએ શ્રીપૂર્ણપુરુષોત્તમનું સ્વરૂપ અને ધર્મો માટે એક જ વાત કહી છે, એટલે તેમાં જરાય શંકાને કોઈ કારણ રહેતું નથી. આથી શ્રીગુસાંઈજીએ આ શ્લોકમાં આજ્ઞા કરી કે આવા વેદશાસ્ત્રમાં પ્રતિપાદિત પ્રભુની હું સ્તુતિ કરું છું.

વેદ ભગવાનની વાણી છે. ભગવાનની વાણી ઘણી ગહન છે. ભલભલા ઋષિમુનિઓ પણ તેને સંપૂર્ણ રીતે સમજી શક્યા નથી. સૌએ તેમને મળેલી બુદ્ધિ અને સમજ પ્રમાણે વેદની વાણીના અલગ-અલગ અર્થ કર્યા છે. વેદની કેટલીક શ્રુતિઓ શ્રીપૂર્ણપુરુષોત્તમ પ્રભુના સ્વરૂપને સાકાર કહે છે, તો કેટલીક શ્રુતિઓ નિરાકાર કહે છે. શ્રીપૂર્ણપુરુષોત્તમપ્રભુના સ્વરૂપને કેટલીક શ્રુતિઓ સગુણ કહે છે તો કેટલીક શ્રુતિઓ નિર્ગુણ કહે છે. આવો વિરોધ એક જ વેદની જુદી-જુદી શ્રુતિઓમાં જોઈને શ્રીશંકરાચાર્ય જેવા પણ ભ્રમિત થયા છે. તેમને સત્ય લાધ્યું નથી. શ્રીમહાપ્રભુજી એનું કારણ એમ સમજાવે છે કે બંને વિરોધી વાત કરનાર શ્રુતિઓ સત્ય છે. તેમાં સંપૂર્ણ સત્ય છે. કારણ કે શ્રીપૂર્ણપુરુષોત્તમપ્રભુ વિરુદ્ધધર્માશ્રયી છે, એ જ એમની અલૌકિકતા છે. તેઓ સાકાર પણ છે અને નિરાકાર પણ છે. તેઓ સગુણ પણ છે અને નિર્ગુણ પણ છે. તેઓ સર્વ કંઈ થઈ શકે છે અને તે પણ પોતે જ, પોતાની ઈચ્છાથી અને પોતાની જ શક્તિથી થઈ શકે છે. નિર્ગુણમાંથી સગુણ થવા કે નિરાકારમાંથી સાકાર થવા તેમને માયા નામની કોઈ શક્તિની મદદ લેવી પડતી નથી. માટે તો તેઓ પૂર્ણપુરુષોત્તમ છે.

ગો. વા. શ્રીમતી મોતીબેન મુકુંદદાસ (હૈદ્રાબાદ)ના જયશ્રીકૃષ્ણ

એવું સમજાય છે કે વેદમાં રજૂ થયેલી ભગવદવાણીનો જ્ઞાનીઓને એક અનુભવ છે, તો પ્રેમી ભક્તોને બીજો અનુભવ છે. વેદની શ્રુતિઓ પણ આ બે પરંપરાની છે. જ્ઞાનપ્રધાન શ્રુતિઓ શ્રીપૂર્ણપુરુષોત્તમ પ્રભુને નિરાકાર અને નિર્ગુણ અનુભવે છે, ભક્તિપ્રધાન શ્રુતિઓ તેમને સાકાર અને સગુણ અનુભવે છે. જે જ્ઞાનપ્રધાન શ્રુતિઓને પૂર્ણપુરુષોત્તમપ્રભુનો સાકાર અને સગુણ સ્વરૂપનો અનુભવ થયો નથી, તે અનુભવ લેવા માટે તેમણે ભગવાનને વિનંતી કરી હતી અને ભગવાન પાસેથી વરદાન માગ્યું હતું. આથી કૃષ્ણાવતાર વખતે તેઓ વ્રજમાં શ્રુતિરૂપા ગોપીજનો સ્વરૂપે પ્રકટ થયા. ત્યાં તેમને ભગવાનના સાકાર અને સગુણ સ્વરૂપનો અનુભવ થયો. આનો અર્થ એ કે શ્રીપૂર્ણ પુરુષોત્તમપ્રભુના સાકાર અને સગુણ સ્વરૂપનો અનુભવ કરવા આપણે પણ ગોપી બનવું પડે. તે વિના તે અનુભવ અસંભવ છે. શ્રીગુસાંઈજી શ્રુતિરૂપા ગોપીજનોનાં સ્વામિની હોવાથી તેમને શ્રીપૂર્ણપુરુષોત્તમપ્રભુના નિરાકાર અને નિર્ગુણ સ્વરૂપનો જેમ અનુભવ છે, તેમ સાકાર અને સગુણ સ્વરૂપનો પણ અનુભવ છે; તેથી ભગવાનનાં પહેલી નજરે વિરુદ્ધ જણાતાં, પણ વાસ્તવમાં એક જ સ્વરૂપ અને ધર્મોનું વર્ણન શ્રીગુસાંઈજી આ શ્લોકમાં કરે છે.

શ્રીગુસાંઈજીએ ચાર વિશેષણોથી શ્રીપૂર્ણપુરુષોત્તમ પ્રભુનું નિરૂપણ કર્યું છે, તે હવે આપણે જોઈએ.

(૧) **પ્રાકૃતધર્માનાશ્રયમ્ :** શાસ્ત્રોએ ભગવાનમાંથી પ્રકટ થયેલ જગતની રચનાની અટપટી પ્રક્રિયા બતાવી છે. ભગવાને જગંત પ્રકટ કરવા પોતાનામાંથી પ્રકૃતિને પહેલાં પ્રકટ કરી. જગતમાં જે જે તત્વો છે, તે બધાં પ્રકૃતિ સાથે સંબંધિત તત્વો છે, માટે જગત પ્રાકૃત છે. ભગવાનમાંથી પ્રકૃતિ પ્રકટ થઈ, છતાં ભગવાન પ્રકૃતિને વશ નથી, પ્રકૃતિ ભગવાનને વશ છે. તેથી ભગવાન અપ્રાકૃત છે.

શાસ્ત્રોએ સમજાવ્યું કે પ્રકૃતિમાંથી સૌપ્રથમ મહત્ તત્ત્વ પ્રકટ થયું. તેમાંથી બુદ્ધિ પ્રગટ થઈ, બુદ્ધિમાંથી અહંકાર પ્રકટ થયો. અહંકાર ત્રણ પ્રકારનો-સાત્ત્વિક, રાજસ અને તામસ. સાત્ત્વિક અહંકારમાંથી મન પ્રકટ

ગોવિંદલાલ એમ. શાહ (ગાંધીનગર)ના જયશ્રીકૃષ્ણ

થયું. રાજસ અહંકારમાંથી ઈંદ્રિયો પ્રકટ થઈ. તામસ અહંકારમાંથી પૃથ્વી, આકાશ, વાયુ, જલ અને તેજ એવાં પંચમહાભૂતો પ્રકટ થયાં. તે સાથે તેમાંથી તેની પાંચ માત્રાઓ, એટલે રૂપ, શબ્દ, ગંધ, સ્વાદ અને સ્પર્શ એવા પાંચ વિષયો પણ પ્રકટ થયા. આ બધાં તત્ત્વોમાંથી આપણું માનવશરીર બન્યું; તેથી માનવશરીર પ્રાકૃત છે.

ભગવાન અવિકારી છે. ભગવાનમાં કોઈ ફેરફાર અર્થાત્ વિકારો થતા નથી; પરંતુ ભગવાનમાંથી પ્રકટ થયેલી પ્રકૃતિ વિકારી છે. તેમાં ઘણા વિકારો થાય છે, તેથી પ્રકૃતિનાં તત્ત્વોમાંથી બનેલા આપણા શરીરમાં પણ ઘણા વિકારો થાય છે. માટે આપણું શરીર પ્રાકૃત છે. શાસ્ત્રમાં શરીરની ચાર અવસ્થા બતાવી છે : (૧) અસ્તિ = મૂળ અસ્તિત્વ હોવું (માતાના ગર્ભમાં આવવું) (૨) જાયતે = જન્મવું (૩) વર્ધતે=વધવું (૪) મ્રિયતે = મૃત્યુ પામવું.

આવા પ્રાકૃત શરીરમાં છ બાહ્ય વિકારો પણ હોય છે: (૧) ભૂખ (૨) તરસ (૩) થાક (૪) નિદ્રા (૫) કામોત્તેજના (૬) આળસ. તે સાથે તેમાં છ ભાવ વિકારો હોય છે : (૧) કામ (૨) ક્રોધ (૩) લોભ (૪) મોહ (૫) મદ (૬) મત્સર.

આમ, ચાર વિકારગ્રસ્ત અવસ્થાઓ, છ બાહ્ય વિકારો અને છ ભાવવિકારોનું બનેલું આપણું શરીર પ્રાકૃત શરીર છે. તે જન્મે છે અને નાશ પામે છે.

ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીમહાપ્રભુજી પ્રાકૃત મનુષ્યોના જેવો દેહ ધારણ કરીને પૃથ્વી પર પધાર્યા ખરા, પરંતુ તેમનો તે દેહ પ્રાકૃત નથી. પ્રાકૃત દેહનો જન્મ થાય. માતાપિતાના સંસર્ગથી, માતાના ગર્ભ દ્વારા મનુષ્ય બાળક જન્મ લે, તેવી રીતે શ્રીકૃષ્ણ અને શ્રીમહાપ્રભુજીનો જન્મ થયો નથી. તેમણે જે સ્ત્રી-પુરુષને માતાપિતા તરીકે સ્વીકાર્યાં, તેમની સાથે તેમનો કોઈ દૈહિક સંબંધ નથી, તેથી તેમનો જન્મ કહેવાતો નથી, પ્રાકટ્ય અથવા અવતાર કહેવાય છે. આપણી નજર સમક્ષ ભગવાન સાક્ષાત્ પ્રકટ થાય તે પ્રાકટ્ય. નિજધામમાંથી ભગવાન પૃથ્વી પર અવતરણ કરે-ઉતરી આવે તેનું નામ અવતાર.

ગો. વા. કનકસિંહ હંસરાજ બજરીયાના જયશ્રીકૃષ્ણ

ભગવાન શ્રીકૃષ્ણ વસુદેવ-દેવકીજીની સન્મુખ મથુરાના કારાગૃહમાં પહેલાં ચતુર્ભુજ સ્વરૂપે પ્રકટ થયા અને પછી મનુષ્ય-બાળસ્વરૂપ બની ગયા. એવી જ રીતે ગોકુળમાં યશોદાજીની બાજુમાં ભગવાન શ્રીકૃષ્ણ બાલ સ્વરૂપે પ્રકટ થયા; જેની ખબર યશોદાજીને અને ગોકુલવાસીઓને બીજા દિવસે સવારે પડી. બંને સ્થળે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો નથી, પ્રાકટ્ય થયું છે.

એવી જ રીતે શ્રીમહાપ્રભુજીનો પણ જન્મ નથી, પ્રાકટ્ય છે. તેમનાં માતા ઈલમ્માજીને ચૈત્ર વદ-૧૦ની રાતે ચંપારણ્યના ગાઢ જંગલના અંધકારમાં અધૂરા માસે પુત્ર જન્મ્યો. તે નિશ્ચેતન હતો, તેથી તેને સૂકાં પાંદડાં અને વસ્ત્રમાં લપેટી, વૃક્ષની બખોલમાં મૂકી દીધો. તેઓ આગળ ચાલ્યાં. રાતે સ્વપ્નમાં શ્રીઠાકોરજીએ દર્શન આપીને આજ્ઞા કરી કે: 'હું તમારા ત્યાં પ્રકટ થવાનો છું, માટે પાછાં વળો.' બીજા દિવસે બંને પાછાં ચંપારણ્ય આવ્યાં. ત્યાં તેમણે ચોમેર અગ્નિની જવાળાઓ વચ્ચે નવજાત બાળકને રમતું જોયું; એ જ શ્રીમહાપ્રભુજી. આમ, શ્રીમહાપ્રભુજીનો જન્મ પણ ઈલમ્માજીના ગર્ભ દ્વારા થયો નથી માટે, શ્રીમહાપ્રભુજીનો દેહ અપ્રાકૃત છે.

શ્રીમહાપ્રભુજીએ આ વાત પોતાના જીવનકાળ દરમ્યાન કેટલાક વૈષ્ણવોને બતાવી. એક વખત કેટલાક વૈષ્ણવોને એમ લાગ્યું કે શ્રીમહાપ્રભુજીનું શ્રીઅંગ અસ્વસ્થ છે, તેથી એક વૈષ્ણવ દવા લઈ આવ્યા અને શ્રીમહાપ્રભુજીને આપી. શ્રીમહાપ્રભુજીએ તે દવાની પડીકી નજીકમાં સળગતી સગડીના અગ્નિમાં મૂકી દીધી. બીજી બાજુ, શ્રીમહાપ્રભુજી એકદમ સ્વસ્થ બની ગયા.

શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં પધાર્યા, તે પણ સામાન્ય મનુષ્યની જેમ નહીં. તેમનું મૃત્યુ થયું નથી. તેમના નિત્યલીલાપ્રવેશને સંપ્રદાયમાં 'આસુરવ્યામોહલીલા' કહેવામાં આવે છે. એટલે કે આસુરી લોકોને મોહ પમાડનારી લીલા. કાશીમાં ગંગાજીની મધ્યધારામાં મધ્યાહ્ન કાળે શ્રીમહાપ્રભુજી પધાર્યા. આકાશમાંથી દિવ્ય તેજનો એક વિશાળ સ્તંભ જાણે તેમની ચોમેર ઉતરી આવ્યો! સૌએ તે નજરોનજર જોયો. તેજનો તે સ્તંભ

લીલાવતીબેન કનકસિંહ બજરીયા તથા પરિવારના જયશ્રીકૃષ્ણ

અદૃશ્ય થયો, તે સાથે શ્રીમહાપ્રભુજી જોનારાંઓની નજરમાંથી અંતર્ધાન થઈ ગયા અને નિત્યલીલામાં સદેહે પધાર્યા. એ જ દિવસે સાંજે બિહારમાં પટણા પાસે આવેલ હાજીપુરમાં તેમના સેવક ભગવાનદાસને ત્યાં ઉત્થાપન સમયે શ્રીમહાપ્રભુજીએ એક વૈષ્ણવને સાક્ષાત્ દર્શન આપ્યાં.

શ્રીમહાપ્રભુજીના નિત્યલીલાપ્રવેશ પછી તેમના પરમ કૃપાપાત્ર અંતરંગ સેવક દામોદરદાસ હરસાનીજીને શ્રીમહાપ્રભુજીનો ભારે વિરહતાપ રહેતો હતો. પરિણામે તેમનો દેહ અસ્વસ્થ થતો. તેમના પર કૃપા કરીને શ્રીમહાપ્રભુજી તેમને પોતાના સાક્ષાત્ સ્વરૂપે દર ત્રીજે દિવસે દર્શન આપતા. પાંચસો વર્ષથી આજ સુધી અનેક વૈષ્ણવો પર શ્રીમહાપ્રભુજી કૃપા કરી રહ્યા છે અને પોતાના દિવ્ય સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન કરાવી રહ્યા છે. આથી નિશ્ચિત થાય છે કે ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીમહાપ્રભુજી દેહથી પ્રાકૃત નથી; પરંતુ અપ્રાકૃત છે, તેથી તેમણે પ્રાકૃત ધર્મોનો આશ્રય કર્યો નથી.

આ વિષયમાં એક બીજી બાબત પણ યાદ રાખવા જેવી છે. શ્રીમહાપ્રભુજીએ 'શ્રીયમુનાષ્ટક'માં પુષ્ટિમાર્ગની વિશિષ્ટતા સમજાવતાં આજ્ઞા કરી કેઃ શ્રીયમુનાજીના સાન્નિધ્યમાં નિત્યવાસ કરવાથી અને શ્રીયમુનાજીનું ગુણગાન કરવાથી વૈષ્ણવને તનુનવત્વની પ્રાપ્તિ થાય છે. તનુનવત્વ એટલે આ લૌકિક શરીરમાંથી પ્રકૃતિના ધર્મો દૂર થાય અને અપ્રાકૃત દિવ્ય ધર્મ-ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય જ્યારે આપણામાં પ્રવેશે ત્યારે આપણે ભગવદીય બનીએ. ભગવદીય એટલે ભગવાનની સમાન, ભગવાનના ગુણધર્મોવાળા. તેને તનુનવત્વ કહેવામાં આવે છે. એવા મનુષ્યને પ્રાકૃત ધર્મો સતાવતા નથી. ૮૪ વૈષ્ણવની વાર્તામાં કાશીના નગરશેઠ પુરુષોત્તમદાસ એનું મુખ્ય ઉદાહરણ છે. તેમના પુત્ર ગોપાલદાસને એક દિવસ લાગ્યું કે પિતાજી વૃદ્ધ થયા છે, હવે તેમની પાસે જળ ભરવાની સેવા ન કરાવાય. તેમાં તેમને શ્રમ થાય, માટે તે સેવા મારે કરવી જોઈએ. શેઠ પુરુષોત્તમદાસને તનુનવત્વ પ્રાપ્ત થયું હોવાથી તેઓ પુત્રના મનનો વિચાર જાણી ગયા. એટલે તેમણે પોતાની દિવ્ય શક્તિના બળે પુત્રને પોતાનું અલૌકિક યુવાન સ્વરૂપ બતાવ્યું અને કહ્યું કેઃ 'તું મારા દેહની ચિંતા કરીશ નહીં.' જો શ્રીમહાપ્રભુજીના સેવકોને આવું અપ્રાકૃત તનુનવત્વ પ્રાપ્ત થતું હોય, તો શ્રીમહાપ્રભુજી અપ્રાકૃત હોય તેમાં આશ્ચર્ય શું!

અ.સૌ. હંસાબેન પ્રકાશભાઈ કારીયા (થાણા)ના જયશ્રીકૃષ્ણ

શ્રીગુસાંઈજી એમ પણ સમજાવે છે કે ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીમહાપ્રભુજીને જગતના મનુષ્યોના જેવો પ્રાકૃત દેહ નથી, તેથી તેમના સ્વરૂપમાં પ્રાકૃત ગુણો અને પ્રાકૃત સ્વભાવ પણ નથી. ભગવાન આનંદસ્વરૂપ છે, આનંદરસ છે; તેથી વેદોએ ભગવાનને 'રસરૂપ' કહ્યા છે. આનંદ પ્રેમરૂપ પણ છે, તેથી શાસ્ત્રોએ ભગવાનને 'પ્રેમસ્વરૂપ' પણ કહ્યા છે. આવા દિવ્ય ભગવાનમાં મનુષ્યોના જેવા સત્વ, રજસ અને તમસ ગુણો નથી, તેથી ભગવાન નિર્ગુણ છે. એવી જ રીતે શ્રીમહાપ્રભુજી પણ સાક્ષાત આનંદરસનું, અલૌકિક પ્રેમનું સ્વરૂપ છે. તેમનાં પણ કોઈ પ્રાકૃત ગુણો નથી. માટે તેઓ પણ નિર્ગુણ છે. આથી શ્રીગુસાંઈજીએ તેમના સ્વરૂપનો બોધ કરાવતાં પહેલું લક્ષણ બતાવ્યું કે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીએ પ્રાકૃત ધર્મોનો આશ્રય કરેલો નથી.

અપ્રાકૃત નિખિલધર્મરુપમિતિ :

શ્રીગુસાંઈજીએ જ્યારે સમજાવ્યું કે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી પ્રાકૃત ધર્મોવાળા નથી, ત્યારે આપણને પ્રશ્ન થાય કે, તો તે બંને સ્વરૂપ કેવાં છે? એનો જવાબ આ બીજા પદમાં શ્રીગુસાંઈજી આપે છે. આ પદમાં 'નિખિલ' એટલે સંપૂર્ણ એવો અર્થ છે. તે વિશેષણ ધર્મ અને રૂપ બંનેને લાગુ પડે છે. શ્રીગુસાંઈજી એમ સમજાવે છે કે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી બંનેના સર્વ ધર્મ અને સ્વરૂપ અપ્રાકૃત છે. સંસ્કૃતમાં ધર્મ શબ્દ ગુણના અર્થમાં વપરાય છે, એટલે અહીં ધર્મ શબ્દ ગુણના અર્થમાં વપરાયેલો છે. શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીનું સંપૂર્ણ રૂપ અપ્રાકૃત છે. તેમાં ક્યાંય પ્રકૃતિની વિકૃતિ નથી. બહારથી સન્મનુષ્યાકૃતિ સ્વરૂપ લાગે, પરંતુ સાક્ષાત આનંદઘન સ્વરૂપ છે; જેને વેદમાં 'આનંદકરપાદમુખોદરાદિ' કહેવામાં આવ્યા છે. શ્રીમહાપ્રભુજીના આવા અલૌકિક સ્વરૂપનો અનુભવ અનેક ભગવદીયોને થયો છે. તેમણે તેમનાં પદોમાં એ અનુભવ ગાયો પણ છે, જેમ કેઃ

ડૉ. સ્વાતિ શાહ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ

'શ્રીમદ્ વલ્લભરૂપ સુરંગે,
અંગ અંગ પ્રતિ ભાવનકે ભૂષણ, વૃંદાવન સંપત્તિ અંગ અંગે ॥

એક બીજા ભક્તકવિએ ગાયું કે :

'શ્રીવલ્લભ બરનૌં કહા બડાઈ,
જાકે રોમ રોમ પ્રતિ પ્રગટીત, કોટિ કોટિ ગોવર્ધન રાઈ ॥

એક ત્રીજા ભક્તકવિ ગાય છે કે :

'શ્રીવલ્લભાધીશ કે રૂપ સિંધુ મેં, પ્રગટ બહુ સ્વાદ પેં સ્વાદ ન્યારે.'

એક ચોથા ભગવદીયે ગાયું છે કે: **'શ્રીવલ્લભ પુરુષોત્તમ રૂપ.'**

આમ, સર્વ ભગવદીયોનો એક જ અનુભવ છે કે શ્રીઠાકોરજીની જેમ શ્રીમહાપ્રભુજી પણ અપ્રાકૃત સ્વરૂપવાળા છે. વેદમાં પરબ્રહ્મને નિરાકાર છતાં સાકાર કહ્યા છે, કારણ કે પરબ્રહ્મને લૌકિક મનુષ્ય જેવા દેહ અને આકાર નથી, માટે નિરાકાર કહ્યા. તેમનું સ્વરૂપ અલૌકિક આનંદરસનું છે, તેથી તેમને સાકાર કહ્યા. એ જ સિદ્ધાંત શ્રીમહાપ્રભુજીને પણ લાગુ પડે છે. તેઓ લૌકિક રીતે નિરાકાર અને અલૌકિક રીતે સાકાર છે.

આગળ જોઈ ગયા કે શ્રીપૂર્ણપુરુષોત્તમ નિર્ગુણ હોવા છતાં સગુણ છે. તેઓ વિરુદ્ધધર્માશ્રયી છે. તે જ વાત શ્રીમહાપ્રભુજી માટે પણ સત્ય છે. જે સર્વ ધર્મ (ગુણ) શ્રીઠાકોરજીમાં છે, તે જ શ્રીમહાપ્રભુજીમાં પણ છે. સાથે-સાથે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીમાં દુનિયાના સાત્ત્વિક રાજસ અને તામસ ગુણો નથી, તેઓ દુનિયાના લૌકિક ગુણો વિનાના નિર્ગુણ અને અલૌકિક દિવ્ય ગુણોવાળા સગુણ છે.

બીજા શબ્દોમાં કહીએ તો શ્રીમહાપ્રભુજી આનંદરૂપ છે, આનંદ ગુણ અને સ્વભાવવાળા છે. એમની લીલાઓ પણ આનંદમય છે. તેઓ આનંદનું શુદ્ધ અપ્રાકૃત સાકાર સ્વરૂપ છે.

શ્રીગુસાંઈજી શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું એક ત્રીજું લક્ષણ બતાવે છે: **'યત્ શુદ્ધમ્'**. જેમ પરબ્રહ્મ શ્રીપૂર્ણપુરુષોત્તમ સર્વવ્યાપક હોવા છતાં સર્વાકાર અને સાકાર બને છે, તેમ શ્રીમહાપ્રભુજી પણ સાકાર

શારદાબેન રસિકલાલ ગાંધી (કલોલવાળા)ના જયશ્રીકૃષ્ણ

સ્વરૂપ છે. પરબ્રહ્મ પરમાત્માના સાકાર સ્વરૂપને શ્રીશંકરાચાર્ય સમજી શક્યા નથી, એટલે તેમણે એવો મત વ્યક્ત કર્યો કે પરબ્રહ્મ પરમાત્મા નિરાકાર છે, પરંતુ માયાને કારણે તેઓ સાકાર જણાય છે. માયા મિથ્યા છે, એટલે આ સાકાર સ્વરૂપ માયા સહિતનું હોવાથી ગૌણ છે, તે શુદ્ધ નથી. શુદ્ધ તો અનાદિ, અવિનાશી, અનંત, નિરાકાર સ્વરૂપ છે, શ્રીમહાપ્રભુજી આ મત સાથે સહમત નથી. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે પરબ્રહ્મ પરમાત્મા સર્વવ્યાપક હોવા છતાં પોતાના જ સામર્થ્યથી જગતમાં વિવિધ નામ રૂપે સર્વાકાર બન્યા છે અને એ જ પરમાત્મા તેમના ભક્તોના ભાવ મુજબનું સાકાર સ્વરૂપ ધારણ કરી, ભક્તોની સામે પ્રકટ થાય છે. પરમાત્માને સર્વાકાર અને સાકાર બનવા માયાનો સહારો લેવાની કોઈ જરૂર નથી. આથી, જેમ પરમાત્માનું સર્વવ્યાપક, અનાદિ, અવિનાશી, અનંત સ્વરૂપ શુદ્ધ છે, તેમ તેમનું સાકાર સ્વરૂપ પણ અનાદિ, અવિનાશી, અનંત, શુદ્ધ છે. આ જ વાત શ્રીમહાપ્રભુજીને પણ લાગુ પડે છે, કારણ કે શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના મુખારવિંદનું સ્વરૂપ છે. શરીરમાં જે કંઈ લક્ષણ અને ગુણ હોય તે જ મુખમાં આવે. શરીરથી મુખનાં લક્ષણ ભિન્ન ન હોય. તેથી શ્રીઠાકોરજીનું જે શુદ્ધ સ્વરૂપ, એ જ શુદ્ધ શ્રીમહાપ્રભુજીનું પણ છે. માટે તેઓ પૂર્ણપુરુષોત્તમ છે.

શ્રીગુસાંઈજીએ ચોથું વિશેષણ આપ્યું: **'સાકૃતિમ્'**. પરબ્રહ્મ પરમાત્મા વ્યાપક સ્વરૂપે જગતના સર્વ પદાર્થોમાં બિરાજમાન છે. તેમને આપણે અંતર્યામી સ્વરૂપે ઓળખીએ છીએ. એ જ પરબ્રહ્મ પરમાત્મા ભક્તની ઈચ્છા પૂરી કરવા ભક્તને પ્રિય લાગે, એવા સ્વરૂપે પ્રકટ થાય, ત્યારે તે સાકાર સ્વરૂપને 'ભગવાન' શબ્દથી ઓળખવામાં આવે છે. પરમાત્મા સાકાર ન બને ત્યાં સુધી તેમને પ્રેમ, તેમની ભક્તિ થઈ શકે નહીં. આથી પરમાત્મા ભક્તો માટે સાકાર સ્વરૂપ ધારણ કરે છે. અનેક ભક્તોને ભગવાનના સાકાર સ્વરૂપના અનેક અનુભવો છે. એમ લીલામાં અને પૃથ્વી ઉપર શ્રીમહાપ્રભુજી પણ સાકાર સ્વરૂપે બિરાજે છે.

આવાં ચાર અલૌકિક વિશેષણોથી શોભાયમાન શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીને ભકત કેવળ વંદન કરી શકે અને એમની કૃપા પ્રાપ્ત થાય

શ્રી કૃષ્ણપ્રિયા સત્સંગ મંડળના જયશ્રીકૃષ્ણ

તો થોડી સ્તુતિ કરી શકે. શ્રીગુસાંઈજી શ્રુતિરૂપા સ્વામિનીજી છે. શ્રુતિઓને ભગવદ્‌ગુણગાનની શક્તિ પ્રાપ્ત થઈ છે, તેથી શ્રીગુસાંઈજી આવા અલૌકિક શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીની સ્તુતિ કરવા માટે કહે છે **'સ્તૌમિ'**.

બાળભક્ત ધ્રુવને શ્રીઠાકોરજીએ સાક્ષાત દર્શન આપ્યાં, પરંતુ એને વાણીનું સામર્થ્ય આપ્યું નહોતું. તેથી તે સ્વતઃ સન્મુખ બિરાજતા ચતુર્ભુજ પ્રભુની સ્તુતિ કરી શક્યા નહીં. શ્રીપ્રભુએ જ્યારે પોતાનો દિવ્ય શંખ ધ્રુવકુમારના ગાલને અડકાડ્યો, ત્યારે ધ્રુવકુમારને સ્તુતિ કરવા માટે વાણીનું દાન પ્રાપ્ત થયું, પરિણામે તેમણે શ્રીપ્રભુની સ્તુતિ કરી.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી અન્યત્ર સમજાવે છે કે શ્રીઠાકોરજીને સૌથી વધારે પ્રિય કંઈ હોય તો તે ભક્તની દીનતા અને સ્તુતિ છે. દીનતાપૂર્વક નમન સાથે ભક્ત જ્યારે સ્તવન કરે, ત્યારે તેના જીવનમાં એ સ્તવન યજ્ઞરૂપી હવન બની જાય છે અને યજ્ઞની જેમ પરમ ફળ આપે છે. આથી કહેવાયું કે શ્રીપ્રભુ 'સ્તુતિપ્રિયઃ' છે. વળી, એમ પણ કહેવાયું કે **'હરેઃ ગાનં પ્રિયમ્'**.

શ્રીગુસાંઈજી પણ આ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજી માટે કહે છે કે 'સ્વયશોગાન સંહૃષ્ટહૃદયામ્ભોજવિષ્ટરઃ'. અર્થાત્, જ્યારે ભક્તો શ્રીમહાપ્રભુજીના યશોગાન ગાય છે, ત્યારે પોતાના યશોગાનથી શ્રીમહાપ્રભુજી એટલા પ્રસન્ન થાય છે કે જેમ સૂર્યપ્રકાશથી કમળ ખીલે, તેમ યશોગાનરૂપી પ્રકાશથી શ્રીમહાપ્રભુજીનું હૃદયરૂપી કમળ ખીલી જાય છે. આથી શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીની સ્તુતિ કરવા તત્પર થયા છે.

'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાલદાસભાઈએ સમજાવ્યું કે 'આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો.' એ ન્યાયે આપણે શું કરવું, તે સમજાવવા માટે શ્રીગુસાંઈજી તેમ કરીને શીખવે છે. દાસનો ધર્મ સ્તુતિ કરવાનો છે. શ્રીઠાકોરજી સન્મુખ બિરાજતા હોય ત્યારે તેમની સ્તુતિ કરવામાં આવે તે પ્રત્યક્ષ સ્તુતિ છે. તેથી આપણા સેવા પ્રકારમાં શ્રીઠાકોરજીની સન્મુખ તેમની લીલાનાં કીર્તનો દ્વારા તેમનું સ્તુતિગાન થાય છે. જ્યારે શ્રીઠાકોરજી સન્મુખ ન હોય, ત્યારે ભક્તને વિપ્રયોગ થાય.

ગો. વા. સુશીલાબેન મોહનલાલ દેસાઈ (બાલાસિનોરવાળા)ના જયશ્રીકૃષ્ણ

વિપ્રયોગની તાપક્લેશાત્મક સ્થિતિમાં તે ભગવાનની સ્તુતિ કરે, તેને પરોક્ષ સ્તુતિ કહેવામાં આવે છે. આથી સેવાના અનવસરના સમયમાં આપણા ત્યાં માહાત્મ્ય, વિરહ વગેરેનાં પદોનું ગાન કરવાની પરંપરા છે. આ જ પરંપરા અનુસાર ગોપીજનોએ 'ગોપીગીત', 'યુગલગીત' અને 'વેણુગીત' ગાયાં છે.

શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીની સ્તુતિ જ્યારે દીનતા, નિઃસાધનતા અને વિરહથી થાય, ત્યારે તે સ્તુતિ ફળરૂપ બને છે. આપણા માર્ગમાં પ્રાર્થનાનો પ્રકાર નથી. પ્રાર્થના એટલે પ્રભુ પાસે કરવામાં આવતી માગણી. શ્રીમહાપ્રભુજી આવી માગણીનો નિષેધ કરે છે, તેથી સ્તુતિનો પ્રકાર છે. એટલે શ્રીગુસાંઈજી અહીં ચારે વિશેષણોથી શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીની સ્તુતિ કરે છે.

આ શ્લોકમાં શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પણ રહેલો છે. શ્રીઠાકોરજી માટે એમ કહેવાયું કે તેઓ અને તેમનામાંથી પ્રકટ થયેલ સર્વ લીલાપરિકર વચ્ચે અભેદ છે. શુદ્ધ એવું અદ્વૈત છે, એમ શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી વચ્ચે પણ શુદ્ધ એવું અદ્વૈત અહીં શ્રીગુસાંઈજીએ ઉપરોક્ત ચારેય વિશેષણોથી સિદ્ધ કર્યું છે. શ્રીગુસાંઈજી એમ સૂચવી રહ્યા છે કે જે ૧૦૮ નામ શ્રીમહાપ્રભુજીનાં કહી રહ્યો છું, એ બધાં જ નામ શ્રીઠાકોરજીનાં પણ છે.

અહીં શ્રીસૂરદાસજી યાદ આવી જાય છે. અંત સમયે ચતુર્ભુજદાસજીએ શ્રીસૂરદાસજીને પૂછ્યું કેઃ 'તમે શ્રીઠાકોરજીનાં સવા લાખ પદ ગાયાં, ત્યારે શ્રીમહાપ્રભુજીનું એકપણ પદ કેમ ગાયું નથી?' એના જવાબમાં શ્રીસૂરદાસજીએ 'દૃઢ ઈન ચરણન કેરો ભરોંસો' પદ ગાયું. એમાં એમ સમજાવ્યું કે મારી સામે બિરાજતા શ્રીગુસાંઈજી તેમજ શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી એ એક જ સ્વરૂપ છે. જ્યારે મને એક જ સ્વરૂપે અનુભવ થતો હોય, ત્યારે હું તેમને અલગ-અલગ જાણીને, અલગ-અલગ પદ કેવી રીતે ગાઉં? આથી આપણે પણ એમ સમજવાનું છે કે એ ૧૦૮ નામ જેમ શ્રીમહાપ્રભુજીનાં છે, તેમ શ્રીઠાકોરજીનાં છે, શ્રીસ્વામિનીજીનાં છે અને શ્રીગુસાંઈજીનાં પણ છે.

આરતીબેન ઉમરભાઈ દેસાઈના જયશ્રીકૃષ્ણ

હવે, બીજા શ્લોકમાં શ્રીગુસાંઈજી આપણા બીજા પ્રશ્નની સ્પષ્ટતા કરશે. આપણને પ્રશ્ન એ થાય કે આ પૃથ્વી ઉપર કોઈએ શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીના આવા અલૌકિક સ્વરૂપનું ભૂતકાળમાં ક્યારેય નિરૂપણ કર્યું નથી, તો તમે આવું નિરુપણ કયા આધારે કરો છો? આજ સુધી બીજાઓને આવો અનુભવ કેમ થયો નથી?

આનો જવાબ બીજા શ્લોકમાં શ્રીગુસાંઈજી આપે છે.

■

રતિપથ પ્રકટ કરનકું પ્રકટે કરુણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ ।
હુલસે સકલ દૈવીજનકે મન સાધન બિન હમ પાવેંગે ફલ ॥૧॥
માયા મતકો તિમિર નસાયો પંથ દિખાયો વેદ વચનબલ ।
યહ મારગ જો દૃઢ તિનકો હરિ મેલત મુખમેં પત્ર કુસુમજલ ॥૨॥
સીંચત વચન સુધાકર સેવક મારગ રિપુ દાહે વચનાનલ ।
સેવારસ સાગર પ્રકટાયો વદન અનલતેં અતિશય શીતલ ॥૩॥
ઉપજત તાપ છિનક સાનિધ્યમેં દેત વિરહ આનંદ રસ કેવલ ।
દેખો સંત વિચાર ચારુ ચિત્ત શ્રીગોકુલપતિ હૈં યહ નિશ્ચલ ॥૪॥
દે ચરણોદક દોષ નિવારે સૂધે કિયે કાલ કલિકે ખલ ।
રસિક ભજત નિત્ય શ્રીવલ્લભ પદ તે બડભાગ્ય સદા મન નિર્મલ ॥૫॥

અ.સૌ. ચંદનગૌરી જગમોહનદાસ દોશીના જયશ્રીકૃષ્ણ

પ્રકરણ - ૪ : શ્લોક - ૨

કલિકાલતમશ્છન્ન દૃષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્ય - વિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ॥૨॥

શબ્દાર્થ :

કલિકાલતમશ્છન્નઃ (કલિકાલ + તમઃ + છન્નઃ) = કલિયુગરૂપી અંધકારથી છવાયેલી, **દૃષ્ટિત્વાત્** = દૃષ્ટિ હોવાથી, **વિદુષામ્** = વિદ્વાનોની, **અપિ** = પણ, **સંપ્રતિ** = હમણાં, **અવિષયઃ** = ન સમજાય તેવું, **તસ્ય** = તેમનું, **માહાત્મ્યમ્** = માહાત્મ્ય, **સમભૂદ્** = થયું, **ભુવિ** = પૃથ્વી ઉપર.

શ્લોકાર્થ :

કલિયુગરૂપી અંધકારથી વિદ્વાનોની દૃષ્ટિ પણ છવાઈ ગઈ હોવાથી, હમણાં પૃથ્વી પર તેમનું (શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું) માહાત્મ્ય ન સમજાય તેવું થયું છે.

વિવરણ :

કલિકાલતમશ્છન્ન : શ્રીગુસાંઈજી સમજાવે છે કે હાલ કલિયુગ ચાલી રહ્યો છે. કલિયુગનો સ્વભાવ અજ્ઞાન અને અન્યથા જ્ઞાન ફેલાવવાનો છે. તે બંને અંધકાર જેવાં છે. રાતે આંખો ઉપર અને જે વસ્તુ જોવી હોય તેના ઉપર અંધારું પથરાયેલું હોય તો આપણી આંખો તે વસ્તુને જોઈ શકતી નથી. અંધકારને કારણે વસ્તુ હોવા છતાં દેખાતી નથી અથવા કેટલીકવાર આપણને તે વસ્તુમાં બીજી વસ્તુનો ભ્રમ થાય છે, જેમ કે અંધારામાં રસ્તા ઉપર પડેલા કાળા દોરડાને આપણે સાપ માની લઈએ છીએ, તે આપણું અન્યથા જ્ઞાન છે. પદાર્થ ન દેખાવો તે અજ્ઞાન છે. ઘુવડ માટે એમ કહેવાય છે કે તે સૂર્યના પ્રકાશમાં પણ કંઈ જોઈ શકતો નથી.

ગો. વા. મહેશકુમાર સૂર્યકાન્ત શાહ (પાટણ)ના જયશ્રીકૃષ્ણ

કલિયુગનો એવો પ્રભાવ છે કે માણસોને અજ્ઞાન અથવા અન્યથા જ્ઞાન થવાથી તેઓ અંદર-અંદર ક્લહ અથવા ક્લેશ કરે છે. તેમને સારાસાર તથા સત્યાસત્યનો વિવેક રહેતો નથી, તેમની બુદ્ધિ મલીન બની જાય છે, તેઓ ખોટી શંકા-કુશંકા કરે છે.

આની અસર માત્ર સામાન્ય મનુષ્યો ઉપર જ થતી નથી, વિદ્વાનો ઉપર પણ થાય છે. જે વિદ્ એટલે પરમાત્માના સ્વરૂપને અને શાસ્ત્રને જાણે છે, તેઓ વિદ્વાન કહેવાય છે. આવા વિદ્વાનોની બુદ્ધિ પણ કલિયુગના પ્રભાવથી અજ્ઞાનરૂપી અંધકારવાળી બની ગઈ છે. એનું સુંદર વર્ણન શ્રીમહાપ્રભુજીએ 'કૃષ્ણાશ્રય' ગ્રંથના ચોથા શ્લોકમાં નીચે પ્રમાણે કર્યું છે :

'અહંકારવિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ ।
લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥'

અર્થાત્, જેઓ સજ્જનો છે, એટલે કે વેદ આદિ શાસ્ત્રોને સારી રીતે જાણનારા છે, તેમને પણ કલિયુગના દોષને લઈને અહંકાર (અભિમાન) થયો છે. અહંકારે તેમની નિર્મળ બુદ્ધિને વિમૂઢ કરી દીધી છે. બુદ્ધિ વિમૂઢ થવી એટલે સ્વાર્થમય બનવી, સત્યને સમજવાની શક્તિ ન રહેવી. વિદ્વાનોની બુદ્ધિ અહંકારથી વિમૂઢ થવાથી તેમના જીવનમાં બે મુખ્ય દોષો આવ્યા છે : (૧) તેઓ પાપોનું અનુકરણ કરનારા થયા છે. જેમણે અન્ય લોકોને પુણ્યમાર્ગ સમજાવવાની ફરજ સ્વીકારી છે, એ જ લોકો પાપનું અનુકરણ કરનાર થાય ત્યારે તેમનું અને તેમને અનુસરનારાઓનું અધઃપતન થાય છે. (૨) તેઓ પોતાના લાભ એટલે સ્વાર્થ માટે પ્રયત્નશીલ બન્યા છે. વળી, જગતમાં પોતાનો યશ વધે તેવા ઉપાયો કરવામાં તત્પર બન્યા છે. સાથે-સાથે તેમનામાં સંપત્તિ એકઠી કરવાનો લોભ પણ વધ્યો છે. આમ, તેમનામાં પુત્રેષણા, યશેષણા અને વિત્તેષણા વધ્યાં છે; તેથી તેઓ પોતે શાસ્ત્રોનું સત્ય જાતે સમજવા તૈયાર નથી અને બીજાને સમજાવી શકવા સક્ષમ નથી. આવો પ્રભાવ કલિકાળનો છે. આપણે આવા કલિયુગમાં જીવીએ છીએ.

દૃષ્ટિત્વાદ્વિદુષામપિ : કલિયુગના આવા દુષ્પ્રભાવને કારણે વિદ્વાનો પણ વેદનો સાચો અર્થ જાણવા અસમર્થ છે. શાસ્ત્રો કહે છે કે ઈશ્વરનું અને શાસ્ત્રનું જ્ઞાન મેળવવા માટે મનુષ્યમાં સત્વ ગુણ જોઈએ. સાત્ત્વિકતા વધે તેમ બ્રહ્મજ્ઞાન વધે. સાત્ત્વિકતા ઘટે તેમ અજ્ઞાન અને અન્યથાજ્ઞાન વધે. રાજસ અને તામસ ગુણો વધવાથી સાત્ત્વિકતા ઘટે છે. સાત્ત્વિકતા ઘટવાથી સત્ય જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આવી પરિસ્થિતિમાં કહેવાતા વિદ્વાનોની દૃષ્ટિ પણ અજ્ઞાનરૂપી અંધકારથી છવાઈ ગયેલી છે, એટલે તેઓ વેદની શ્રુતિઓનો સત્ય અર્થ કરી શકતા નથી, એટલે પોતાની બુદ્ધિમાં જે અર્થ હોય છે, તે જ અર્થ વેદની શ્રુતિઓનો છે, એવું અર્થઘટન કરે છે. આથી ભક્તકવિઓએ કહ્યું કે 'પંડિત દૃષ્ટિ તિમિર ભરીજી.'

સંપ્રતિ-અવિષયઃ તસ્ય માહાત્મ્યમ્ સમભૂદ્ ભુવિ : કલિયુગના દુષ્પ્રભાવને કારણે વિદ્વાનોની મતિ જ જ્યાં મુંઝાઈ ગઈ હોય અને તેઓ ભગવદ્ સ્વરૂપને સરખી રીતે ઓળખી ન શકે, ત્યાં સામાન્ય મનુષ્યો તો ક્યાંથી ઓળખી શકે? આગળ જોઈ ગયા કે જ્યાં સુધી જીવનમાં રજોગુણ અને તમોગુણ વધારે હોય છે, ત્યાં સુધી ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન થતું નથી. ભગવદ્ સ્વરૂપને જાણવા નિર્ગુણ બનવું જરૂરી છે. સગુણ લોકોને ભગવદ્ સ્વરૂપમાં સંશય થયા કરે છે. તેમની સામે અવતાર કાલમાં શ્રીકૃષ્ણ અને અનાવતાર કાલમાં શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ બિરાજતા હોવા છતાં તેઓ તેમને જાણી શક્યા નથી. કૃષ્ણાવતારમાં પૂતનાએ ભગવાન શ્રીકૃષ્ણને સ્તનપાન કરાવ્યું, પણ તે તેમના અલૌકિક સ્વરૂપને જાણી શકી નહીં. કંસ આખી જિંદગી શ્રીકૃષ્ણને ઓળખી શક્યો નહીં. શ્રીકૃષ્ણનાં ફોઈબા કુંતાજી જીવનભર શ્રીકૃષ્ણને પોતાના ભાઈનો પુત્ર માનતાં રહ્યાં. તેમને બહુ મોડું જ્ઞાન થયું કે શ્રીકૃષ્ણ તેમના ભત્રીજા જ નથી, સાક્ષાત્ ભગવાન છે! અજ્ઞાન અને અન્યથા જ્ઞાનને કારણે શિશુપાલે શ્રીકૃષ્ણને ભરસભામાં સો ગાળો દીધી.

આ તો લૌકિક મનુષ્યોની વાત થઈ, પરંતુ દેવો પણ ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપને સમજી શક્યા ન હતા. જે બ્રહ્માજી વગેરે દેવો પૃથ્વી પર પ્રગટ થવા ભગવાનને વિનંતી કરવા ગયા હતા, એ જ દેવો પૃથ્વી પર પ્રગટ થયેલા

શ્રીકૃષ્ણને ભગવદ્ સ્વરૂપે જાણવા તૈયાર ન હતા. બ્રહ્માજીએ તેથી વાછરડાં અને ગોપબાળકોનું હરણ કર્યું, ઈંદ્રે વ્રજ ઉપર મુશળધાર વૃષ્ટિ કરી. આ દેવોને પણ બહુ મોડું જ્ઞાન થયું કે શ્રીકૃષ્ણ કોઈ લૌકિક મનુષ્ય નથી, સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ છે.

આવું જ રામાવતાર અને વામન અવતારમાં પણ થયું છે. રામાવતારમાં અયોધ્યાનાં નગરવાસીઓથી લઈને દશરથ અને કૈકેયી સુધી ભગવાન રામને ભગવાન તરીકે ઓળખી શક્યા ન હતા. વામન અવતારમાં બલિ રાજાના વિદ્વાન ગુરુ શુક્રાચાર્ય પણ તેમને બહુ મોડેથી ઓળખે છે. આવું જ આપણા શ્રીમહાપ્રભુજીનું પણ છે. શ્રીમહાપ્રભુજી ચંપારણ્યમાં પ્રકટ થયા ત્યારે ત્યાં અનેક ઋષિમુનિઓ અને મનુષ્યો હાજર હતા. તેમાં દામોદરદાસ હરસાનીજી પાંચ વર્ષની ઉંમરે તેમના પિતા સાથે આવ્યા હતા. કેવળ દામોદરદાસ હરસાનીજીને શ્રીમહાપ્રભુજી સાક્ષાત ભગવદ્ સ્વરૂપે દેખાયા, બાકીના સૌને મનુષ્ય બાળક સ્વરૂપે જ દર્શન થયાં. ઋષિમુનિઓને પણ શ્રીમહાપ્રભુજીનું ભગવદ્ સ્વરૂપ ધ્યાનમાં આવ્યું નહીં.

શ્રીમહાપ્રભુજી વર્ધાનગરમાં પધાર્યા ત્યારે તેમના અલૌકિક સ્વરૂપને જાણી, દામોદરદાસ હરસાનીજી તેમના ઘરના છજામાંથી નીચે કૂદી પડ્યા અને શ્રીમહાપ્રભુજીની સાથે ઘરબાર છોડી ચાલ્યા ગયા. દામોદરદાસના ત્રણેય ભાઈઓ પાછળ દોડ્યા, પણ તેમને શ્રીમહાપ્રભુજી દસ વર્ષના મનુષ્ય તરીકે જ દેખાયા. આવું જ કૃષ્ણદાસ મેઘનના ગુરુને પણ થયું હતું. તેમણે આગાહી કરી હતી કે પૃથ્વી ઉપર પ્રભુનો પ્રાદુર્ભાવ થઈ રહ્યો છે. તે સાંભળી કૃષ્ણદાસ મેઘન ગુરુનો આશ્રમ છોડી નીકળી પડ્યા હતા. તેમને શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપે જણાયા. ગુરુના આશ્રમે આવેલા કૃષ્ણદાસ મેઘને હાથમાં સળગતા અંગારા લઈને પૂરવાર કર્યું કે શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ ભગવાન છે, છતાં તેમના ગુરુ તે વાત માનવા તૈયાર ન થયા.

શ્રીમહાપ્રભુજીના સમયમાં કેશવભટ્ટ નામના એક કાશ્મીરી વિદ્વાન નિમ્બાર્ક સંપ્રદાયના આચાર્ય હતા. તેમની શ્રીમહાપ્રભુજી સાથે મુલાકાત થઈ, ત્યારે કેશવભટ્ટના શિષ્ય માધવભટ્ટ પણ સાથે હતા. કેશવભટ્ટને શ્રીમહાપ્રભુજીના મુખેથી શ્રીભાગવત સાંભળવાની ઈચ્છા થઈ; પરંતુ તેમના મનમાં અભિમાન હતું કે શ્રીવલ્લભ એક વિદ્વાન છે, તેમ હું પણ વિદ્વાન છું. અમે બંને સમાન છીએ. તેથી તેઓ શ્રીમહાપ્રભુજીની વાણી સમાન આસને બેસી સાંભળવા લાગ્યા; પરંતુ તેમના શિષ્ય માધવભટ્ટને શ્રીમહાપ્રભુજીમાં સાક્ષાત શ્રીઠાકોરજીનાં દર્શન થયાં, એટલે તેઓ દીનતાથી શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં બેસી, કથા શ્રવણ કરવા લાગ્યા. માધવભટ્ટ શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક બન્યા. કેશવભટ્ટની બુદ્ધિમાં કલિયુગને કારણે અન્યથા જ્ઞાન હતું. માધવભટ્ટને ભગવદ્ કૃપાથી સત્ય જ્ઞાન પ્રાપ્ત થયું.

સુશીલાબેન હસમુખલાલ પરીખ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ

આજે પણ સૌથી વધારે સાહિત્ય કદાચ શ્રીકૃષ્ણના વિષયમાં જ લખાયું હશે. ચિત્રકલા, નૃત્યકલા, સંગીતકલા, કાવ્યકલા વગેરે દરેક કલામાં શ્રીકૃષ્ણ સૌથી વિશેષ છવાયેલા છે, છતાં, શ્રીકૃષ્ણને પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે કેવળ તેમના અનન્ય થોડાંક ભક્તો જ ઓળખી શક્યાં છે. કહેવાતાં બુદ્ધિશાળીઓ અને વિદ્વાનો શ્રીકૃષ્ણને મહામાનવ તરીકે ઓળખે છે, પરબ્રહ્મ પરમાત્મા તરીકે સ્વીકારવા તૈયાર નથી. એનું કારણ આ જ છે.

શ્રીમહાપ્રભુજી અડેલમાં બિરાજતા હતા ત્યારે તેમની જ્ઞાતિનાં એક વૃદ્ધ માજી તેમની પડોશમાં રહેતાં હોવા છતાં તેઓ શ્રીમહાપ્રભુજીના અલૌકિક સ્વરૂપને ઘણાં વર્ષો સુધી જાણી શક્યાં ન હતાં. તેમને પોતાનો જ્ઞાતિજન સમજી, તેમની ઈર્ષ્યા કરતાં હતાં.

આજે પણ શ્રીમહાપ્રભુજી વિષે અન્યથા જ્ઞાન ધરાવનારા ઘણા વિદ્વાનો શ્રીમહાપ્રભુજીમાં દોષદર્શન કરે છે. એક વિદ્વાને તો ત્યાં સુધી લખ્યું કે શ્રીમહાપ્રભુજીને તેમના જીવનકાળમાં ત્રણ વખત ભગવાને નિત્યલીલામાં પાછા પધારવા આજ્ઞા કરી, એ કોઈ અલૌકિક ચમત્કાર નથી. તેમની ત્રણ વખત તબિયત અસ્વસ્થ બનતાં તેમણે એમ માન્યું કે મને પ્રભુ પાછા બોલાવી રહ્યા છે! આવી લૌકિક બુદ્ધિ શ્રીમહાપ્રભુજીના સેવક હોવા છતાં તેમણે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં કરી છે. કલિયુગની જ આ અસર છે. આથી હાલ શ્રીઠાકોરજીનું અને શ્રીમહાપ્રભુજીનું સત્યજ્ઞાન કોઈને નથી. શ્રીમહાપ્રભુજીનું

શારદાબેન પટેલના જયશ્રીકૃષ્ણ

અને શ્રીઠાકોરજીનું માહાત્મ્ય પૃથ્વી પર પ્રગટ રહ્યું નથી. આ સંજોગોમાં તેમનું માહાત્મ્ય એ જ પ્રગટ કરી શકે; જેમને શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીના અલૌકિક સ્વરૂપનો અનુભવ થયો છે. આવો અનુભવ શ્રીગુસાંઈજીને થયો હોવાથી, શ્રીગુસાંઈજી તેમનું અલૌકિક માહાત્મ્ય સમજાવવા તત્પર થયા છે.

આપણને પ્રશ્ન થાય કે જ્યારે કલિયુગમાં મોટા-મોટા આચાર્યો અને ઋષિમુનિઓ તેમજ વિદ્વાનો પણ ભગવદ્ સ્વરૂપનું સત્યજ્ઞાન પ્રાપ્ત કરી શક્યા નથી, ત્યારે શ્રીગુસાંઈજીને તે જ્ઞાન કેવી રીતે થયું? આ જ્ઞાન બીજાઓને ન થયું અને શ્રીગુસાંઈજીને થયું, તેનું કારણ શું? એનો જવાબ શ્રીગુસાંઈજી હવે ત્રીજા શ્લોકમાં આપે છે.

■

પ્રીત બંધી શ્રીવલ્લભ પદસોં ઔર ન મનમેં આવે હો ।
પઢ પુરાન ષટ દરશન નીકે જો કછુ કોઉ બતાવે હો ॥૧॥
જબતેં અંગીકાર કિયો હે તબતેં ન અન્ય સુહાવે હો ।
પાય મહારસ કોંન મૂઢમતિ જિત તિત ચિત ભટકાવે હો ॥૨॥
જાકે ભાગ્ય ફલે યા કલિમેં શરણ સોઈ જન આવે હો ।
નંદ નંદનકો નિજ સેવકહે દૃઢકર બાંહ ગહાવે હો ॥૩॥
જિનકોઉ કરો ભૂલમન શંકા નિશ્ચય કરિ શ્રુતિ ગાવે હો ।
રસિક સદા ફલરૂપ જાનકેં લે ઉછંગ હુરાવે હો ॥૪॥

પ્રકરણ - ૫ : શ્લોક - 3

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥

શબ્દાર્થ :

દયયા = દયા કરીને, **નિજમાહાત્મ્યં** = પોતાનું માહાત્મ્ય, **કરિષ્યન્** = કરવા માટે, **પ્રકટમ્** = પ્રકટ, **હરિઃ** = શ્રીહરિ, **વાણ્યા** = વાણી વડે, **યદા** = જ્યારે, **તદા** = ત્યારે, **સ્વાસ્યમ્** (**સ્વ+આસ્યમ્**) = પોતાનું મુખ, **પ્રાદુર્ભૂતં ચકાર** = પ્રકટ કર્યું, **હિ** = ખરેખર.

શ્લોકાર્થ :

(પોતાના ભક્તો પર) દયા કરીને, શ્રીહરિએ વાણી વડે પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવા માટે પોતાના મુખ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને ખરેખર પ્રકટ કર્યા.

વિવરણ :

દયા અને કરુણામાં થોડોક તફાવત છે. જે લોકો અનાથ હોય, બિચારાં હોય તેમને મદદરૂપ થવાની વૃતિ એટલે દયા. પોતીકાં સ્વજનોને પ્રેમવશ મદદરૂપ થવાની વૃત્તિ એટલે કરુણા.

શ્રીગુસાંઈજી અહીં આજ્ઞા કરે છે કે શ્રીહરિએ આપણા ઉપર દયા કરી. આપણને પ્રશ્ન થાય કે શું આપણે શ્રીહરિનાં પોતાનાં નથી? પુષ્ટિજીવો તો શ્રીહરિના શ્રીઅંગમાં પ્રકટ થયેલી સૃષ્ટિ છે, તો શ્રીહરિએ આપણા ઉપર કરુણા કરવી જોઈતી હતી. કરુણા કરવાને બદલે દયા કેમ કરી?

આ પ્રશ્નનો જવાબ એ છે કે આપણે પુષ્ટિજીવો છીએ, એ વાત સાચી. એમના શ્રીઅંગની સૃષ્ટિ છીએ, એ વાત પણ સાચી. આપણે તેમનાં પોતીકાં છીએ, એ વાત પણ સાચી; પરંતુ આપણે તેમનાથી વિખૂટા પડ્યા પછીનાં

હજારો વર્ષોમાં તેમનાં રહ્યાં છીએ ખરાં? તેમનાથી વિખૂટા પડવાનો આપણને તાપક્લેશ ક્યારેય થયો છે ખરો? આપણને ક્યારેય શ્રીહરિ માટે આત્મીયતાનો ભાવ જન્મ્યો છે ખરો? આપણે ક્યારેય તેમને સાચા હૃદયથી નિરપેક્ષ ભાવે પ્રેમ કર્યો છે ખરો? આ બધાનો જવાબ 'ના' છે. એનો અર્થ એ થયો કે આપણે તેમનાં હોવા છતાં તેમનાં રહ્યાં નથી! આપણી આત્મીયતા સાચી નથી, તેમને પ્રેમ કર્યો નથી; એટલે તેમની કરુણાને લાયક રહ્યાં નથી. આ સંજોગોમાં શ્રીહરિ આપણા ઉપર દયા કરે, એ પણ બહુ મોટી વાત છે; કારણ કે આપણે એટલા બધા દોષોથી ભરેલાં છીએ કે દયાને પણ લાયક નથી. છતાં, તેમણે કૃપા કરવાનો તેમનો સ્વભાવ છોડ્યો નથી. તેમણે આપણા ઉપર કૃપા કરવા દયા અવશ્ય કરી છે.

શ્રીહરિએ પોતાનું માહાત્મ્ય વાણી દ્વારા પ્રકટ કર્યું. માહાત્મ્ય એટલે મહિમા. માહાત્મ્યમાં ચાર બાબતનો સમાવેશ થાય - નામ, રૂપ, ગુણ અને લીલા. અગાઉ પણ શ્રીહરિએ પોતાના નામ, રૂપ, ગુણ અને લીલાનું માહાત્મ્ય વેદ દ્વારા પ્રકટ કર્યું હતું. વેદ સાક્ષાત ભગવાનની વાણીરૂપ છે. વેદનું રહસ્ય પ્રકટ કરવા શ્રીહરિને ફરીથી વાણીની જરૂર પડી, કારણ કે જુદા-જુદા વિદ્વાનોએ વેદનાં અર્થઘટન કર્યાં, તેમાં સંપૂર્ણ સત્ય ન હતું. વેદના ફળરૂપ શ્રીભાગવતનું રહસ્ય કોઈ બતાવી શક્યું ન હતું. તેથી વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવતમાં રહેલાં રહસ્યો તથા તે ચારેય ગ્રંથોના વિચારોની એકવાક્યતા સમજાવવા માટે શ્રીહરિને ફરીથી વાણીની જરૂર પડી. ભગવદ્વાણી વિના ભગવદ્ રહસ્ય બતાવવાનું સામર્થ્ય બીજા કોઈમાં નથી. આજ સુધી પરિસ્થિતિ એવી રહી કે 'સૂન્યો તો સહી, પરી સમજ્યો નહીં.' માણસ સાંભળે છે ઘણું, પણ એનું હાર્દ સમજી શકતો નથી.

વાણી પ્રકટ કરવા માટે મુખ જોઈએ. મુખ દ્વારા વાણી પ્રકટ થાય. પોતાની વાણી પોતાના જ મુખ દ્વારા પ્રકટ ન થાય. આથી શ્રીહરિએ પોતાનું જ મુખસ્વરૂપ પૃથ્વી પર પ્રકટ કર્યું. એ મુખસ્વરૂપ દ્વારા વેદ આદિ શાસ્ત્રોનું યથાર્થ રહસ્ય તેમણે સમજાવ્યું, શ્રીભાગવતના ગૂઢ અર્થનો પ્રકાશ કર્યો. શ્રીહરિનું મુખસ્વરૂપ એટલે આપણા શ્રીમહાપ્રભુજી.

શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ ભગવાનના મુખારવિંદનું સ્વરૂપ છે, અન્ય કોઈ અવતાર કે દેવ - દેવીનું સ્વરૂપ નથી. શ્રીમહાપ્રભુજીએ સ્વયં આ વાત 'શ્રીસુબોધિનીજી'ના પ્રારંભમાં કરી છે. તેમાં પોતે સમજાવ્યું કે હું વૈશ્વાનર છું. વેદમાં અગ્નિને ભગવાનનું મુખારવિંદ કહ્યું છે. અગ્નિ માટે 'વૈશ્વાનર' શબ્દ વપરાયો છે. શ્રીમહાપ્રભુજી વૈશ્વાનર છે, એટલે ભગવાનના સાક્ષાત મુખારવિંદરૂપ અગ્નિસ્વરૂપ છે. મુખ કદી શરીરથી અલગ ન હોય. માટે શ્રીહરિનું મુખારવિંદ શ્રીહરિરૂપ જ છે. આનું પ્રમાણ શ્રીમહાપ્રભુજીએ તેમના ચરિત્રમાં ઘટ સરસ્વતીના પ્રસંગમાં આપ્યું. મધ્ય પ્રદેશમાં આવેલા ઓડછા રાજ્યમાં ત્યાંના રાજાની રાજ્યસભામાં એક તાંત્રિક બ્રાહ્મણ આવ્યો હતો. તેણે તંત્રવિદ્યાથી સરસ્વતીદેવીને એક ઘડામાં પૂર્યાં હતાં. તે ઘડો લઈને તે બધે ફરતો, વિદ્વાનોને શાસ્ત્રાર્થ કરવા ચેલેન્જ કરતો. સરસ્વતીદેવીને તેણે એવાં સાધ્યાં હતાં કે સરસ્વતીદેવી તે બ્રાહ્મણના પક્ષમાં જ નિર્ણય આપે. એટલે કાયમ માટે તે બ્રાહ્મણ જીતતો. તે 'ઘટ સરસ્વતી'ના નામે પ્રસિદ્ધ થયો હતો.

શ્રીમહાપ્રભુજી સાથે ઓડછામાં તેનો શાસ્ત્રાર્થ થયો. તેમાં તે હારવા લાગ્યો. તેણે ઘડામાં રહેલાં સરસ્વતીદેવીને નિર્ણય આપવા કહ્યું. સરસ્વતીદેવીએ શ્રીમહાપ્રભુજીના પક્ષમાં નિર્ણય આપ્યો. આથી ઘટ સરસ્વતી હારેલો જાહેર થયો. તે ત્યાંથી ચાલ્યો ગયો. મુકામ પર જઈ, તેણે સરસ્વતીદેવીને પૂછ્યું : 'તમે શા માટે આજે મારા પક્ષમાં નિર્ણય ન આપ્યો?' સરસ્વતીદેવીએ કહ્યું : 'હું ભગવાનની વાણી છું. શ્રીવલ્લભાચાર્યજી ભગવાનના મુખારવિંદસ્વરૂપ છે, એટલે હું તેમની પત્ની થઈ. કોઈપણ પત્ની તેના પતિ વિરુદ્ધ કદી પણ ખોટું બોલે ખરી? તેથી હું તમારા પક્ષમાં અસત્ય બોલી શકી નથી.'

આ પ્રસંગ સ્પષ્ટ કરે છે કે શ્રીમહાપ્રભુજી ભગવાનના મુખારવિંદસ્વરૂપ છે.

આવી જ રીતે શ્રીમહાપ્રભુજીના ચરિત્રનો એક બીજો પ્રસંગ પણ વિચારવા જેવો છે. ગોકુળમાં શ્રાવણ સુદ-૧૧ની મધ્યરાત્રે સાક્ષાત્ શ્રીહરિએ પ્રકટ થઈ, શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધની આજ્ઞા આપી. તે આજ્ઞા

શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીદામોદરદાસ હરસાનીજીએ સાંભળી હતી; પરંતુ તેઓ તે આજ્ઞાનું રહસ્ય સમજી શક્યા ન હતા. તેથી તેમણે કહ્યું : 'મહારાજ! સૂન્યો તો સહી, પરી સમજ્યો નહીં.' આથી શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીની વાણીને સમજાવવા 'સિદ્ધાંત રહસ્ય' નામનો ગ્રંથ રચી, દામોદરદાસજીને શીખવ્યો.

શ્રીમહાપ્રભુજી જ્યારે સંન્યાસ લઈ, આસુરવ્યામોહલીલા કરવા તત્પર થયા હતા, ત્યારે તેમની સન્મુખ આવેલા તેમના બંને પુત્ર - શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી તથા સાથે આવેલા વૈષ્ણવોને તેમણે સાડા ત્રણ શ્લોકથી છેલ્લી શિખામણ આપી હતી. એ જ વખતે તેમના હૃદયમાં બિરાજમાન શ્રીઠાકોરજીએ પણ દોઢ શ્લોકથી એ સૌને આજ્ઞા કરી હતી. આમ, શ્રીમહાપ્રભુજી સાક્ષાત ભગવાનના મુખારવિંદસ્વરૂપ છે એ હકીકત સિદ્ધ થાય છે.

શ્રીમહાપ્રભુજીએ 'રાસપંચાધ્યાયી'માં 'ગોપીગીત' પરનાં 'સુબોધિનીજી'માં એક સુંદર વાત સમજાવી છે. ગોપીજનોએ શ્રીઠાકોરજીને સંબોધીને કહ્યું કે : 'તમારી કથા અમારે માટે અમૃતરૂપ છે.' 'તવકથામૃતમ્...' એ શ્લોક પરનાં શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ કર્યું કે જેમ ભગવદ્સ્વરૂપ છ અલૌકિક ગુણોવાળું છે, તેથી ફલરૂપ છે તેમ ભગવદ્ કથા અને ભગવદ્ વાણી પણ તે છ અલૌકિક ગુણોવાળાં હોવાથી ફલરૂપા છે. અવતારકાલમાં ભગવાન પોતાના સ્વરૂપથી શરણસ્થ જીવોનો ઉદ્ધાર કરે છે. અનવતાર કાલમાં ભગવાન પોતાની વાણી અથવા કથા દ્વારા શરણસ્થ જીવોનો ઉદ્ધાર કરે છે. આથી શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં સમજાવ્યું કે સેવા અથવા કથા - જેમાં પણ પુષ્ટિજીવની આસક્તિ દૃઢ થાય, તો તે પુષ્ટિજીવનો કદી નાશ થતો નથી. ભગવદ્ સ્વરૂપ દ્વારા સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય, તેમ ભગવદ્કથા દ્વારા પણ સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય. ભગવદ્ સ્વરૂપથી નિરોધ સિદ્ધ થાય, તેમ ભગવદ્ કથાથી પણ નિરોધ સિદ્ધ થાય. આમ, ભગવદ્ કથારૂપી ભગવદ્વાણી શ્રીહરિનું જ સાક્ષાત દ્રવીભૂત સ્વરૂપ છે. એટલે શ્રીહરિએ પોતાના અનવતારકાલમાં પોતાની વાણી પ્રકટ કરી, તેમ શ્રીમહાપ્રભુજીએ પણ તેમના અનવતારકાલના જીવો માટે તેમની વાણીરૂપી અનેક ગ્રંથો પ્રકટ કર્યા.

શ્રીમહાપ્રભુજીના અનેક ગ્રંથોમાં 'અણુભાષ્ય', 'તત્વાર્થદીપ નિબંધ', 'શ્રીસુબોધિનીજી' અને ષોડ્શગ્રંથો મુખ્ય છે. શ્રીમહાપ્રભુજી વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવતને પ્રમાણ તરીકે સ્વીકારે છે. તેથી વેદનું રહસ્ય તેમણે 'અણુભાષ્ય'માં સ્પષ્ટ કર્યું, ગીતાનું રહસ્ય 'તત્વાર્થદીપ નિબંધ'ના શાસ્ત્રાર્થ પ્રકરણમાં સ્પષ્ટ કર્યું, બ્રહ્મસૂત્રો પર તો ભાષ્ય રૂપે 'અણુભાષ્ય' લખાયું જ છે, ભાગવતનું રહસ્ય ભાગવતાર્થ પ્રકરણ અને સુબોધિનીજીમાં સ્પષ્ટ કર્યું છે. પોતાના હૃદયનું ગુપ્ત રહસ્ય ષોડશગ્રંથોમાં પ્રકટ કર્યું. આમ, આધુનિક કાળમાં શ્રીમહાપ્રભુજી પોતાના આ ગ્રંથોમાં વાણી સ્વરૂપે બિરાજી, એ વાણીનું સેવન કરનારા પુષ્ટિજીવોને ફલદાન કરવાની કૃપા કરે છે.

૮૪ વૈષ્ણવની વાર્તામાં પદ્મનાભદાસજીનાં પુત્રી તુલસાંનો પ્રસંગ છે. એક વખત શ્રીગુસાંઈજી કનોજમાં તુલસાંને ઘેર પધાર્યા. તુલસાં તેમના પિતાના સેવ્ય શ્રીમથુરાનાથજીની સેવામાં તત્પર હતાં. શ્રીગુસાંઈજીએ જોયું કે શ્રીમથુરાનાથજી તુલસાંને સાક્ષાત અનુભવ કરાવે છે, તેમની સાથે વાતો કરે છે. ત્યારે શ્રીગુસાંઈજીએ તુલસાંને પૂછ્યું : 'તમારા ઉપર શ્રીમથુરાનાથજીએ આટલી બધી કૃપા કરી, તેનું કારણ શું?' જવાબમાં દીનતાથી તુલસાંએ કહ્યું : 'મહારાજ! હું કંઈ જાણતી નથી. હું તો પેટ ભરીને ખાઉં છું, રાતે ચેન ભરીને સૂઊં છું. ક્યાંક સમય મળે તો શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના પાઠ કરું છું.'

આ પ્રસંગ પરના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજીએ સમજાવ્યું કે તુલસાંને શ્રીઠાકોરજીનો જે સાનુભવ થયો, તેમાં શ્રીમહાપ્રભુજીની વાણીના પાઠનું પ્રતાપબળ છે; એનું જ આ ફળ છે.

શ્રીમહાપ્રભુજીની વાણી ભગવદ્વાણી છે. એનું એક બીજું પ્રમાણ પણ મળે છે. બીજા આચાર્યોની વાણી પરાજીત થઈ છે, પરંતુ શ્રીમહાપ્રભુજીની વાણી કદી પણ પરાજીત થઈ નથી. કોઈ તેને મિથ્યા કરી શક્યું નથી; કારણ કે તે ભગવદ્વાણી છે.

શ્રીહરિરાયજીએ 'શિક્ષાપત્ર'માં શ્રીમહાપ્રભુજીની વાણીના સેવનનો સુંદર પ્રકાર બતાવ્યો છે. શ્રીમહાપ્રભુજીની વાણીનો પાઠ કરતાં અર્થનું સતત અનુસંધાન કરવું. શ્રીમહાપ્રભુજીની વાણીના અર્થ આપણી બુદ્ધિથી ન કરતાં, તેમના વંશજોએ રચેલી ટીકાઓના આધારે અર્થ સમજવા. આ રીતે

શ્રીમહાપ્રભુજીની વાણીનું સેવન કરવાથી માર્ગનિષ્ઠા સિદ્ધ થાય છે. માર્ગનિષ્ઠા સિદ્ધ થતાં તે વૈષ્ણવને શ્રીમહાપ્રભુજીનો અને શ્રીઠાકોરજીનો દૃઢ આશ્રય સિદ્ધ થાય છે.

આથી શ્રીગુસાંઈજીએ સમજાવ્યું કે શ્રીહરિએ પોતાનું માહાત્મ્ય પ્રગટ કરવા માટે, પોતાના વાણી સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને પૃથ્વી પર પ્રગટ કર્યા. 'નારદ પાંચરાત્ર'માં ભક્તિની વ્યાખ્યામાં એવું સમજાવ્યું છે કે માહાત્મ્ય જ્ઞાનથી ભક્તિ સુદૃઢ અને સર્વોપરી બને છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીમાં આપણી પુષ્ટિ ભક્તિ સુદૃઢ અને સર્વોપરી બનાવવા તેમનું માહાત્મ્યજ્ઞાન જરૂરી છે. તેમનું માહાત્મ્યજ્ઞાન આપણી બુદ્ધિથી આપણા અનુભવમાં આવતું નથી. એમની વાણીથી, એમની કૃપા દ્વારા જ અનુભવી શકાય છે. તેથી એક ભગવદીયે કહ્યું કે 'જોં લો હરિ યહ માર્ગ કો સિદ્ધાંત આપુન પે ન જનાવે તોં લો પઢે સુને નહીં આવે.' કારણ કે એ વાણી પણ સરળ નથી, ઘણી દુર્બોધ છે.

આપણને પ્રશ્ન થાય કે શ્રીહરિએ આપણા ઉપર દયા કરી, આપણો ઉદ્ધાર કરવા પોતાનું માહાત્મ્ય પ્રગટ કરવા, પોતાના વાણી સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને પૃથ્વી પર પ્રકટ કર્યા. શ્રીમહાપ્રભુજીએ અનેક ગ્રંથો આપ્યા, પરંતુ આપણે તો અજ્ઞાની અબુધ જીવો છીએ. સંસ્કૃત ભાષાનું જરાય જ્ઞાન નથી, શાસ્ત્રોની કોઈ સમજ નથી. શ્રીમહાપ્રભુજીની વાણી પણ ગૂઢ અને સૂત્રાત્મક છે, ત્યારે શ્રીમહાપ્રભુજીની એ દુર્બોધ વાણી આપણને ક્યાંથી સુબોધ થાય, કેવી રીતે સુબોધ થાય? જો સુબોધ ન થાય તો એ વાણી પ્રકટ થવા છતાં ય આપણને તેનું ફળ મળે નહીં. ગંગાકિનારે જવા છતાં ય ગંગાપાન ન થાય તો ફાયદો શો?

શ્રીમહાપ્રભુજીની દુર્બોધ વાણી આપણને કેવી રીતે સુબોધ થાય, એ માટે કયો ઉપાય કરવો જોઈએ, એની સમજ શ્રીગુસાંઈજી હવે ચોથા શ્લોકમાં આપે છે.

■

પ્રકરણ - ૬ : શ્લોક - ૪

તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્ યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥૪॥

શબ્દાર્થ :

તદુક્તમપિ (**તત્** + **ઉક્તમ્** + **અપિ**) = તે કહેવાયા છતાં પણ, **દુર્બોધમ્** = દુર્બોધ (ન સમજાય તેવી), **સુબોધમ્** = સમજાય તેવી, **સ્યાત્** = થશે, **યથા** = જે રીતે, **તથા** = તે રીતે, **તન્નામાષ્ટોત્તરશતમ્** (**તત્** + **નામ** + **અષ્ટ** + **ઉત્તર** + **શતમ્**) = તે ૧૦૮ નામ, **પ્રવક્ષ્યામિ** = હું કહું છું, **અખિલાઘહૃત્** (**અખિલ** + **અઘ** + **હૃત્**) = બધાં પાપોનો નાશ કરનાર.

શ્લોકાર્થ :

શ્રીહરિએ શ્રીમુખથી જે વાણી કહી, તે ન સમજાય તેવી હોવા છતાં, તે સારી રીતે સમજાય તે માટે, બધાં પાપોનો નાશ કરનાર શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ હું કહું છું.

વિવરણ :

'તદુક્તમપિ દુર્બોધમ્'. આગળના શ્લોકમાં જોઈ ગયા કે ભગવદ્વાણી દુર્બોધ છે, તેથી વેદ મોટા-મોટા ઋષિઓને પણ દુર્બોધ રહ્યા. પરિણામ સ્વરૂપે વેદની સત્ય વિચારધારા સ્પષ્ટ ન થવાથી તેમાંથી છ દર્શનની વિચારધારાઓ પ્રકટ થઈ; જે સાંખ્ય, યોગ, ન્યાય, મિમાંસા, વૈશેષિક અને વેદાંતના નામે પ્રસિદ્ધ છે. છ આંધળા અને હાથીનું દૃષ્ટાંત જાણીતું છે. એના જેવું જ કંઈક થયું. સૌએ પોત પોતાને સમજાયું તેને સત્ય અને સંપૂર્ણ દર્શન માની લીધું. વેદાંતની વિચારધારાને સ્પષ્ટ કરવા વેદવ્યાસજીએ બ્રહ્મસૂત્રોની રચના કરી. તેના પર જે-જે આચાર્યોએ ભાષ્યો લખ્યાં, તેમાં પણ જુદી-જુદી વિચારધારાઓ પ્રકટ થઈ; જે વિવિધ વાદના નામે પ્રસિદ્ધ છે, જેમ કે શ્રીશંકરાચાર્યનો કેવલાદ્વૈત વાદ, શ્રીરામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈત વાદ,

આપણા શ્રીવલ્લભાચાર્યજીનો શુદ્ધાદ્વૈત વાદ વગેરે. આવી જ રીતે ગીતાજી ઉપર પણ અનેક ટીકાઓ લખાઈ છે. શ્રીભાગવતજી ઉપર પણ ઘણી ટીકાઓ છે. આ બધી ટીકાઓમાં મતમતાંતર અને વિચારભેદ પણ જોવા મળે છે, એનું કારણ ભગવદ્‌વાણીની દુર્બોધતા છે.

જેમ ભગવદ્‌વાણી દુર્બોધ છે, તેમ શ્રીમહાપ્રભુજીની વાણી પણ દુર્બોધ છે. ભગવદ્‌વાણીની જેમ શ્રીમહાપ્રભુજીની વાણી પણ સૂત્રાત્મક અને ગર્ભિત છે. કેવળ વિદ્વત્તાના બળથી તે સમજાય તેવી નથી. વિદ્વાનો અને પંડિતો એમ માને કે અમે વ્યાકરણ, ન્યાય, મિમાંસા, સાંખ્ય, વેદાંત વગેરેમાં નિપુણ છીએ, એટલે સ્વ પુરુષાર્થથી શ્રીમહાપ્રભુજીના ગ્રંથો સમજી લઈશું, તો તે તેમનો ભ્રમ સાબિત થાય છે. શ્રીમહાપ્રભુજીની કૃપા વિના તેમની વાણી ભલભલા વિદ્વાનો પણ સમજી શકતા નથી. બીજી બાજુ સાધારણ વૈષ્ણવ; જેણે માંડ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરેલ છે તે 'શ્રીસુબોધિનીજી' આદિ ગ્રંથો સુંદર રીતે વાંચી શકે છે અને તેનું રહસ્ય સમજી સમજાવી શકે છે. એનું કારણ શ્રીવલ્લભની કૃપા છે.

આથી શ્રીગુસાંઈજીએ આ શ્લોકમાં આજ્ઞા કરી કે **'સુબોધં સ્યાદ્ યથા તથા.'** શ્રીવલ્લભની કૃપાથી શ્રીવલ્લભની વાણી સુબોધ થાય. આનું પ્રમાણ આપણે અગાઉ શ્રીપુરુષોત્તમજીના ચરિત્રમાં જોઈ ગયાં. શ્રીપુરુષોત્તમજી બાળક હતા, છતાં શ્રીમહાપ્રભુજી વિષયક શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરવાથી તેમને બધા ગ્રંથો હૃદયારૂઢ થઈ ગયા. શ્રીગુસાંઈજી પરમ દયાળુ છે. 'શ્રીવલ્લભાખ્યાન'વાળા શ્રીગોપાલદાસભાઈને પણ નવ વર્ષની માસુમ વયે વાણી સ્ફૂરી હતી અને તેમણે 'શ્રીવલ્લભાખ્યાન' ગાયું હતું. શ્રીસૂરદાસજી, કુંભનદાસજી આદિ ભગવદીયોને શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ ભગવદ્ ગુણગાન ગાવા માટે અલૌકિક વાણી પ્રાપ્ત થઈ હતી અને તેઓ શ્રીમહાપ્રભુજીના તત્ત્વજ્ઞાનને સુપેરે આત્મસાત કરી શક્યા હતા. આજે પણ અનેક વૈષ્ણવોને આવો અનુભવ છે જ.

'તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામિ' : શ્રીવલ્લભ વૈશ્વાનર સ્વરૂપ છે. લૌકિક અગ્નિ પ્રકાશ આપે, તેમ અલૌકિક અગ્નિ દિવ્ય પ્રકાશ આપે. દિવ્ય પ્રકાશ હૃદયને પ્રકાશિત કરે. તેથી હૃદય દ્વારા સત્યજ્ઞાન પ્રાપ્ત થાય. આથી શ્રીગુસાંઈજીએ સમજાવ્યું કે આ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો છે. એ બધાં અલૌકિક અગ્નિ સ્વરૂપનાં નામો હોવાથી સ્વરૂપાત્મક નામો છે. તેથી તે નામોનો જપ કરવાથી તે નામોમાં બિરાજમાન અલૌકિક અગ્નિ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી સ્વયં કૃપા કરીને હૃદયમાં તેમના ગ્રંથોનો પ્રકાશ કરે છે. આથી આપણા ત્યાં એવી પરંપરા શ્રીવલ્લભ ગ્રંથોના અભ્યાસમાં છે કે જ્યારે કોઈપણ ગ્રંથની કોઈપણ પંક્તિ સ્પષ્ટ ન થતી હોય, ત્યારે તે અભ્યાસી શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ દીનતા અને આરતીપૂર્વક કરે, એટલે તે પંક્તિનો પ્રકાશ તે વૈષ્ણવના હૃદયમાં અચૂક થાય. ઘણા વૈષ્ણવોનો આવો અનુભવ છે અને તેથી એવી સલાહ આપવામાં આવે છે કે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોમાં પ્રવેશ કરવા માટે શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ અકસીર ઉપાય છે.

અહીં આપણને એક પ્રશ્ન થશે કે શ્રીગુસાંઈજીએ આ સ્તોત્રમાં ૧૦૮ નામ કેમ આપ્યાં? ભગવદીયો એના જુદાં-જુદાં કારણ બતાવે છે. એ બધાં કારણ પાછળ મુખ્ય સિદ્ધાંત એ છે કે આપણા ત્યાં બધી જ વસ્તુઓ ભાવાત્મક છે, એટલે આંકડાઓ પણ ભાવાત્મક છે. બારને નવે ગુણવાથી ૧૦૮નો આંક મળે છે. બાર એટલે બાર પ્રકારનાં સૂર્યબિંબ. શાસ્ત્રોમાં સૂર્યબિંબોની સંખ્યા બારની બતાવવામાં આવી છે. બાર સૂર્યબિંબ ભેગાં થાય, એટલે સંપૂર્ણ તેજસ્વીતા પ્રગટ થાય. નવનો આંક પૂર્ણતાનો આંક છે. બાર અને નવનો ગુણાકાર થાય એટલે પૂર્ણ તેજસ્વિતા પ્રકટ થાય. શ્રીમહાપ્રભુજી પૂર્ણ તેજસ્વી અલૌકિક અગ્નિ સ્વરૂપ છે, એમ સૂચવવા માટે ૧૦૮ નામ છે.

બીજું કારણ જોઈએ. ભગવાનની શક્તિઓ અપરંપાર છે. પરંતુ તેમાં બાર શક્તિઓ મુખ્ય છે. આગળ જોઈ ગયા તેમ નવનો આંક પૂર્ણતાનો આંક છે. તેમનો ગુણાકાર થતાં ભગવાનની દિવ્ય બાર શક્તિઓ પૂર્ણ સ્વરૂપે શ્રીમહાપ્રભુજીમાં પ્રગટ છે, એમ સૂચવવા માટે ૧૦૮ નામો છે.

ત્રીજો ભાવ એવો છે કે શ્રીઠાકોરજીનાં બાર અંગ શાસ્ત્રોમાં કહ્યાં છે. તેથી શ્રીભાગવતના બાર સ્કંધ છે, તે શ્રીઠાકોરજીનાં બાર અંગરૂપ છે. નવનો આંક પરમાનંદની પૂર્ણતા બતાવે છે. ઈશાવાસ્યમ્ ઉપનિષદમાં ભગવાનને 'પૂર્ણાનંદ' કહ્યા છે. એથી બારને નવે ગુણતાં પૂર્ણાનંદ - પરમાનંદથી પરિપૂર્ણ દિવ્ય અંગોવાળું ભગવદ્ સ્વરૂપ એવો અર્થ નીકળે. શ્રીમહાપ્રભુજી આવું

સાક્ષાત ભગવદ્ સ્વરૂપ છે, એમ સમજાવવા તેમનાં ૧૦૮ નામ અહીં બતાવાયાં છે.

ચોથી રીતે વિચાર કરીએ તો સાતને પાંચ વડે ગુણવાથી પાંત્રીસનો આંક થાય. પાંત્રીસને ત્રણે ગુણવાથી ૧૦૫ થાય. તેમાં ત્રણ ઉમેરવાથી ૧૦૮ થાય. આ સ્તોત્રના સાતમા શ્લોકથી ૧૦૮ નામો કહેવાશે. તેમાંનાં પહેલાં ત્રણ નામ 'આનંદઃ', 'પરમાનંદઃ', 'શ્રીકૃષ્ણાસ્યમ્' બીજ મંત્રરૂપી નામો છે. 'આનંદઃ' નામ શ્રીમહાપ્રભુજીમાં બિરાજમાન શ્રીસ્વામિનીજીના સ્ત્રીગૂઢ ભાવનું સ્વરૂપ વ્યક્ત કરે છે. 'પરમાનંદઃ' નામ શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજમાન શ્રીઠાકોરજીના પુંભાવનું સ્વરૂપ વ્યક્ત કરે છે. 'શ્રીકૃષ્ણાસ્યમ્' નામ ગુરુ - આચાર્ય સ્વરૂપે પ્રકટ થયેલ શ્રીમહાપ્રભુજીનું ગુરુસ્વરૂપ પ્રકટ કરે છે; જે નિત્યલીલામાં સાક્ષી સ્વરૂપ પણ છે. આમ, 'આનંદઃ' નામ ભોજ્ય સ્વરૂપ, 'પરમાનંદઃ' નામ ભોક્તા સ્વરૂપ અને 'શ્રીકૃષ્ણાસ્યમ્' નામ અનુભવકર્તા સ્વરૂપ વ્યક્ત કરે છે. શ્રીમહાપ્રભુજીનાં આ મૂળ ત્રણ રૂપ છે. ત્રણેય રૂપની ત્રિવિધ લીલાઓ છે. એક-એક રૂપની પાંત્રીસ-પાંત્રીસ લીલાઓ આ સ્તોત્રમાં બતાવી છે. એથી ત્રણ રૂપની કુલ ૧૦૫ લીલાઓનાં ૧૦૫ નામ, ત્રણ મૂળ સ્વરૂપ, બીજ મંત્રરૂપી ત્રણ નામ મળી કુલ ૧૦૮ નામ થાય.

પ્રશ્ન થાય કે દરેક મૂળ રૂપનાં પાંત્રીસ નામ અને પાંત્રીસ લીલાઓ કેમ? તેનું કારણ એ છે કે સાતને પાંચે ગુણવાથી ૩૫નો આંક મળે. આપણા ત્યાં ભગવાના છ ધર્મ અને સાતમું ધર્મી સ્વરૂપ મળીને કુલ સાતનો આંક થાય છે. પાંચ એટલે ચાર પુરુષાર્થ સહિત પાંચમો ભક્તિ પુરુષાર્થ. જેમ શ્રીઠાકોરજીના છ ધર્મ સહિત ધર્મી સ્વરૂપ છે, તેમ શ્રીમહાપ્રભુજીનું પણ છ ધર્મો સહિત ધર્મી સ્વરૂપ છે. એમની પ્રાપ્તિ પાંચ પુરુષાર્થોથી થાય. માટે સાતને પાંચે ગુણવાથી ૩૫નો આંક આવે, એટલે દરેક રૂપને આત્મસાત કરવા ૩૫ નામો કહ્યાં.

'અખિલાઘહૃત્'. શ્રીગુસાંઈજીએ સમજાવ્યું કે અગ્નિ લૌકિક કચરો બાળનાર છે, તેમ શ્રીમહાપ્રભુજી અગ્નિ સ્વરૂપ હોવાથી આપણાં લૌકિક પાપો અથવા દોષોરૂપી કચરાને બાળી નાખવા સમર્થ છે. તો સાથે-સાથે

અલૌકિક પાપ અથવા દોષોરૂપી કચરાને પણ બાળી નાખવા સમર્થ છે. આવું સામર્થ્ય શ્રીમહાપ્રભુજીનાં આ ૧૦૮ નામોમાં પણ છે, તેથી આ નામોનો પાઠ કે જપ કરવાથી જપ કરનારના હૃદયમાં રહેલ લૌકિક અને અલૌકિક દોષો બળી જાય છે; અને તેથી તેમને હૃદયમાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનો પ્રકાશ થતાં તેમની વાણી સુબોધ બને છે.

આપણને પ્રશ્ન થશે કે કયા લૌકિક દોષો છે અને કયા અલૌકિક દોષો છે; જે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ અને નામથી બળી જાય છે? એનો જવાબ એ છે કે લૌકિક દોષો નીચે પ્રમાણે છે : (૧) કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ મનના દોષો છે. (૨) અહંતા અને મમતા એ બંને બુદ્ધિના દોષો છે. (૩) જગતમાં જન્મવાથી દેહાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ, ઈંદ્રિયાધ્યાસ અને સ્વરૂપ વિસ્મૃતિ એવા અવિદ્યાના પાંચ દોષો વળગ્યા છે. આ કુલ તેર દોષો શ્રીમહાપ્રભુજીના ૧૦૮ નામોનો જપ કરવાથી નાશ પામે છે.

વૈષ્ણવ બન્યા પછી પણ આપણામાં સાત પ્રકારના અલૌકિક દોષો રહ્યા છે : (૧) શ્રીમહાપ્રભુજીની વાણીનો પાઠ કરવા છતાં તે મુજબ આચરણ ન કરવું. (૨) શ્રીમહાપ્રભુજીની વાણીને ન સમજવી. (૩) શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓમાં શંકા-કુશંકા કરવી અને આપણને અનુકૂળ આવે એવો અર્થ કરવો. (૪) શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓથી આપણું શ્રેય થશે એવી શ્રદ્ધા ન હોવી. (૫) પૂર્ણ મનથી શ્રીમહાપ્રભુજીનો આશ્રય ન કરવો અને શ્રીમહાપ્રભુજીમાં પૂર્ણ અનુરાગ ન હોવો. (૬) શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં ચિત્ત ન ચોંટવું. (૭) બ્રહ્મસંબંધ લેવા છતાં, બ્રહ્મસંબંધ વખતે કરેલી પ્રતિજ્ઞાનું પાલન ન કરવું. સંપૂર્ણ સમર્પિત જીવન ન જીવવું. આ સાતે પ્રકારના દોષો પણ શ્રીસર્વોત્તમ સ્તોત્રના જપ યા પાઠથી નાશ પામે છે અને આપણે શ્રીમહાપ્રભુજીએ બતાવેલા પ્રેમલક્ષણા ભક્તિના પુષ્ટિના માર્ગ પર ચાલવા મન, વાણી અને ક્રિયાથી તત્પર બનીએ છીએ. આથી વૈષ્ણવો માટે આ સ્તોત્રનો પાઠ કે જપ કરવો ખૂબ જ જરૂરી છે.

■

પ્રકરણ - ૭ : શ્લોક - ૫

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિક: પ્રભુ: ॥૫॥

શબ્દાર્થ :

ઋષિરગ્નિકુમારસ્તુ (ઋષિ:+અગ્નિકુમાર:+તુ) = ઋષિ તો અગ્નિકુમાર (શ્રીગુસાંઈજી) છે, **નામ્નાં** = નામનો, છંદો (છંદ:) = છંદ, જગત્યસૌ (જગતિ + અસૌ) = આ જગતિ છે, **શ્રીકૃષ્ણાસ્યમ્** (શ્રીકૃષ્ણ + આસ્યં) = શ્રીકૃષ્ણના મુખારવિંદ રૂપ (શ્રીમહાપ્રભુજી), **દેવતા** = પરમ તત્ત્વરૂપ છે, ચ = અને, **બીજં** = બીજ, **કારુણિક:** = કરુણાસાગર, **પ્રભુ:** = પ્રભુ છે.

શ્લોકાર્થ :

આ સ્તોત્રના ઋષિ તો અગ્નિકુમાર શ્રીગુસાંઈજી છે. એનો છંદ જગતિ (જગતમાં પ્રખ્યાત એવો અનુષ્ટુપ) છંદ છે. તેના પરમ તત્ત્વરૂપ દેવતા શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે અને તેનું બીજ કરુણાસાગર પ્રભુ છે.

વિવરણ :

ઋષિ: - સંસ્કૃત ભાષામાં ઋષિની વ્યાખ્યા આ પ્રમાણે મળે છે. 'આર્ષદૃષ્ટા ઋષય:' અર્થાત્ ઋષિઓ આર્ષદૃષ્ટા છે. આર્ષદૃષ્ટા એમને કહેવાય, જે ભૂત, વર્તમાન અને ભાવિને જોઈ તથા જાણી શકે. ઋષિઓ ત્રણ પ્રકારના છે : (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક. ચાર્વાક જેવા ઋષિ આધિભૌતિક છે; કારણકે તેમનું દર્શન પૃથ્વી પરના ભૌતિક જીવનના લૌકિક સુખ સુધીનું જ છે. વૈશંપાયન વગેરે ઋષિઓની ગતિ લૌકિકમાં તો છે જ, સાથે-સાથે વેદ અને પુરાણ સુધી તેમની ગતિ છે. તેમનું દર્શન આધ્યાત્મિક છે. તેઓ આધ્યાત્મિક ઋષિઓ છે. શ્રીગુસાંઈજીનું દર્શન અલૌકિક આધિદૈવિક છે. તેઓ સાક્ષાત્ શ્રીપૂર્ણપુરુષોત્તમ અને તેમની લીલાઓનું દર્શન કરાવે છે; તેથી તેઓ આધિદૈવિક ઋષિ છે.

અન્ય રીતે પણ ઋષિઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. પૂર્વ જીવનમાં રાજવી-પદ ભોગવ્યા પછી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશી, વનવાસ કરી, જેમણે ઋષિપદ પ્રાપ્ત કર્યું, તે સૌ 'રાજર્ષિ' કહેવાયા. ભરત, જનક વગેરે રાજર્ષિઓ છે. ગૃહસ્થાશ્રમ સ્વીકારીને અથવા બ્રહ્મચારી રહીને જેમણે વનમાં, તપમાં અને સમાધિમાં જીવનને જોડ્યું, તે બધા 'મહર્ષિ'ઓ કહેવાયા. વશિષ્ઠ વગેરે સાત મહર્ષિઓ 'સપ્તર્ષિ'ના નામે પ્રસિદ્ધ છે. આ રાજર્ષિઓ અને મહર્ષિઓની ગતિ પણ મોક્ષ સુધી જ છે. તેમને પ્રભુની નિત્યલીલા પ્રાપ્તિનો અધિકાર નથી.

નારદ વગેરે 'દેવર્ષિ' કહેવાયા. તેઓ દેવ કક્ષાના હોવા છતાં ઋષિપદના અધિકારી બન્યા છે. તેમની ગતિ વૈકુંઠ સુધી છે, તેથી આગળ નથી.

શ્રીગુસાંઈજી રાજર્ષિ, મહર્ષિ અને દેવર્ષિથી પણ પર છે, તે સૂચવવા માટે આ શ્લોકમાં 'તુ' અવ્યય વપરાયો છે.

'અગ્નિકુમાર:' અગ્નિના પુત્ર એટલે અગ્નિકુમાર. શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના પુત્ર છે. શ્રીમહાપ્રભુજી અલૌકિક અગ્નિસ્વરૂપ છે, તેથી શ્રીગુસાંઈજી અગ્નિકુમાર છે. તેમની ભીતર વિરહ અગ્નિ સદા પ્રજ્વલિત છે. વિરહ અગ્નિ અલૌકિક છે, સાક્ષાત્ ભગવદ્સ્વરૂપ છે, એમ સૂચવ્યું છે.

પિતા આદિ વંશને તારે તે પુત્ર, એવી શાસ્ત્રમાં પુત્રની વ્યાખ્યા છે. 'પુમાન્ તારયતિ ઈતિ પુત્ર'. આથી કહેવામાં આવ્યું કે, પિતા કરતાં પુત્ર સવાયો થાય. પિતા જ પુત્ર રૂપે પ્રગટ થાય, એમ પણ શાસ્ત્ર કહે છે. તેથી 'શ્રીનામરત્નાખ્ય' સ્તોત્રમાં શ્રીરઘુનાથજીએ શ્રીગુસાંઈજીનું એક નામ આપ્યું 'સ્વાનુરુપ સુત પ્રભુ:' પોતાના જ રૂપે-સ્વરૂપે શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા છે, એમ સૂચવવા માટે અહીં શ્રીગુસાંઈજી માટે 'અગ્નિકુમાર' શબ્દ વપરાયો.

અગ્નિકુમાર શબ્દથી એક ત્રીજો ભાવ પણ સમજાય છે. શ્રીઠાકોરજીની જેમ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી બંને 'શૃંગાર કલ્પદ્રુમ' છે. શૃંગાર રસનાં બે દળ - સંયોગ અને વિપ્રયોગ છે. શ્રીમહાપ્રભુજીમાં પ્રગટ વિપ્રયોગ અને ભીતર સંયોગ છે. શ્રીગુસાંઈજીમાં પ્રગટ સંયોગ અને ભીતરમાં

વિપ્રયોગ છે. આથી શ્રીગુસાંઈજીને અગ્નિકુમાર કહ્યા. કારણ કે જેમ લાકડાની ભીતર અગ્નિ છુપાયેલો હોય પણ દેખાય નહીં, તેમ સંયોગ રસાત્મક શ્રીગુસાંઈજીની ભીતર વિપ્રયોગરસ છુપાયેલો છે. તેમના ચરિત્રમાં ક્વચિત્ ક્વચિત્ દેખાય છે. જેમ કે, શ્રીગુસાંઈજી ગોકુળથી દૂર તીર્થયાત્રાએ પધારતા ત્યારે શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીનો સાક્ષાત્ સ્પર્શ અને સેવા ન થવાથી તેટલા દિવસ ભોજન કરતા નહીં, કેવળ દૂધ લઈને રહેતા અથવા અલ્પ ભોજન કરતા. જ્યારે પાછા પધારવાનું થાય, ત્યારે તેમનું કૃશ શરીર જોઈ, શ્રીઠાકોરજીને દુઃખ ન થાય માટે યોગ્ય ભોજન વગેરે કરી, શરીર ફરી સ્વસ્થ કરતા. એવી જ રીતે શ્રીનાથજીની સેવામાં પધારતા ત્યારે દૂર-દૂરથી તેમની દૃષ્ટિ શ્રીનાથજીના મંદિર પરનાં ધજાજી પર લાગેલી રહેતી. હૃદયમાં સતત વિરહતાપ રહેતો કે ક્યારે શ્રીનાથજીની સેવામાં પહોંચું!

આમ, આ સ્તોત્રના આધિદૈવિક ઋષિ શ્રીમહાપ્રભુજીના પુત્ર સાક્ષાત્ ભગવદ્‌સ્વરૂપ શ્રીગુસાંઈજી છે. એમ કહી શકાય કે સાક્ષાત્ ભગવાનની જ રચના છે.

'નામ્નાં છંદો જગત્યસૌ' દરેક મંત્રને જેમ ઋષિ હોય, તેમ છંદ પણ હોય. ઋષિને એ મંત્રમાં બિરાજતા ભગવદ્ સ્વરૂપનો અંતઃકરણની આંખે દિવ્ય અનુભવ થયો હોય છે. જે તેમની વાણીમાં પ્રગટ થાય છે. ત્યારે તે શબ્દો મંત્ર બને છે. દરેક મંત્રને એના ઋષિ છે.

ઋષિની વાણીમાંથી પ્રગટ થયેલ મંત્ર છંદાત્મક હોય છે. સંસ્કૃતમાં કાવ્ય શાસ્ત્રમાં છંદશાસ્ત્ર છે. કાવ્યમાં પ્રયોજાતા શબ્દોની વિશિષ્ટ રચનાને છંદ કહેવામાં આવે છે. તેમાં લઘુ અને ગુરુ અક્ષરોની ખાસ રચના અને બંધારણ હોય છે, સાથે તાલ પણ હોય છે. વૈદિક સાહિત્યમાં કેટલાક છંદો પ્રસિદ્ધ છે. તેમાં મુખ્ય અનુષ્ટુપ છંદ છે. બીજા છંદો પાછળથી કાવ્યશાસ્ત્રમાં ઉપયોગમાં લેવાયા છે. જગતે સૌથી પહેલો છંદ અનુષ્ટુપનો જાણ્યો છે. તે સૌથી પ્રાચીન છંદ હોવાથી જગતમાં સૌથી વધારે પ્રસિદ્ધ છે. વેદમાં ઘણી ઋચાઓ અનુષ્ટુપ છંદમાં છે. ગીતાજી, ભાગવત વગેરેમાં પણ અનુષ્ટુપ છંદ બહોળા પ્રમાણમાં વપરાયો છે. વાલ્મીકિ રામાયણમાં પણ અનુષ્ટુપ છંદ વપરાયો છે. તેમાં આઠ-આઠ અક્ષરનાં ચાર ચરણ હોય છે. બે પંક્તિનો એક શ્લોક બને છે.

મહર્ષિ વાલ્મીકિને ક્રૌંચ યુગલ પૈકીના એક પક્ષીનો પારધી દ્વારા સંહાર થતો જોઈ ભારે શોક થયો હતો. એમનો શોક શ્લોકમાં પરિણમ્યો. તે શ્લોકનો છંદ અનુષ્ટુપ હતો. આમ, અનુષ્ટુપ છંદ સિદ્ધાંતના નિરૂપણ માટે બહુ સરળ છે, તો વિરહની અભિવ્યક્તિ માટે પણ મંદાક્રાન્તા જેટલો જ વિશિષ્ટ ગણાયો છે. કાવ્યગાનમાં પણ સરળ છે. તે વૈદિક છંદ હોવાથી શ્રુતિરૂપાઓનાં સ્વામિની એવા શ્રીગુસાંઈજીએ આ સ્તોત્ર અનુષ્ટુપ છંદમાં ગાયું છે.

ઘરમાં પધરાવેલા દેવતાને બિરાજવા ઉત્તમ આસન આપવું જોઈએ. ભક્તનું હૃદય ભગવાનને બિરાજવા માટેનું ભક્તિની સુંદરતાવાળું ઉત્તમ આસન છે, તેમ મંત્રમાં બિરાજતા દેવતા માટે છંદ પણ ઉત્તમ આસન છે. આથી દરેક મંત્રને એક છંદ હોય છે. મંત્રનો પાઠ અને જપ એ છંદના લય અને તાલથી થવો જોઈએ, તે ખાસ જરૂરી છે. ગમે તેમ મંત્ર ગગડાવી જાય તો તે ચાલે નહીં.

શ્રીકૃષ્ણાસ્યમ્ દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ

આપણી ભાષામાં સ્વર્ગમાં રહેનારાઓને આપણે દેવદેવી તરીકે ઓળખીએ છીએ. તેમને ભગવાનના વિશિષ્ટ અંશ સ્વરૂપ તરીકે જાણીએ છીએ. એટલે દેવ શબ્દ ઘણીવાર ગેરસમજ પેદા કરે છે. શાસ્ત્રોમાં દેવતા શબ્દ ભક્તના ઈષ્ટ માટે વપરાય છે, જેમ કે જેમને યજ્ઞોપવિતનો અધિકાર છે તે વર્ણનો બાળક જ્યારે યજ્ઞોપવિત સંસ્કાર સ્વીકારે છે ત્યારે વિધિપૂર્વક તેનામાં બ્રાહ્મણ દેવતાનો પ્રવેશ થાય છે. દરેક મંત્રને પણ એના એક દેવતા હોય છે. જે દિવ્ય રસાત્મક લીલાઓથી દેદીપ્યમાન હોય તે દેવતા કહેવાય. સંસ્કૃતમાં 'દિવ્' ધાતુનો અર્થ પ્રકાશવું થાય છે. તે પરથી દેવતા શબ્દ આવ્યો. દિવ્ય સ્વરૂપ અને દિવ્ય લીલાઓથી પ્રકાશનાર તે દેવતા.

વેદમાં કૃષ્ણને 'પરમ તત્વ' કહેવામાં આવ્યા, ભાગવતજીમાં કૃષ્ણને 'સાક્ષાત ભગવાન' કહેવામાં આવ્યા, ગીતાજીમાં શ્રીકૃષ્ણે સ્વયં પોતાને 'પૂર્ણ પુરુષોત્તમ' કહ્યા. એટલે શ્રીકૃષ્ણ પરદેવતા છે. પર એટલે શ્રેષ્ઠ. સર્વ દેવો, વ્યૂહો અને અવતારોમાં તેઓ શ્રેષ્ઠ અને પૂર્ણ છે. કેવળ કૃષ્ણ શબ્દથી સદાનંદ પૂર્ણપુરુષોત્તમ સમજાય છે. શ્રી શબ્દથી શ્રીસ્વામિનીજી સમજાય છે. અહીં શ્રીકૃષ્ણ શબ્દથી શ્રીરાધાકૃષ્ણનું યુગલ સ્વરૂપ સમજાય છે. આપણે આગળ

જોઈ ગયા તેમ, શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજી બંનેમાં બિરાજતાં પરસ્પરનાં ભાવાત્મક સ્વરૂપો પરસ્પરના મુખ દ્વારા બહાર પધાર્યાં અને એક સ્વરૂપ રૂપે દર્શન આપ્યાં, તે સ્વરૂપ આપણા શ્રીમહાપ્રભુજીનું છે. તેથી શ્રીમહાપ્રભુજી એટલે શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજીનાં મુખારવિંદોનું સ્વરૂપ. રસશાસ્ત્ર પ્રમાણે શ્રીસ્વામિનીજી ભોજ્ય છે, શ્રીઠાકોરજી ભોક્તા છે. રસની પ્રચૂરતા થાય ત્યારે ભોજ્ય ભોક્તા અને ભોક્તા ભોજ્ય બને છે. એમના ઉભય ભાવોનું સ્વરૂપ હોવાથી શ્રીમહાપ્રભુજી પણ ભોજ્ય અને ભોક્તા ઉભય ભાવાત્મક સ્વરૂપવાળા છે, માટે તેમને શ્રીકૃષ્ણાસ્યમ્ કહ્યા.

શ્રીકૃષ્ણાસ્યમ્‌નો એક બીજો ભાવ પણ ભગવદીયોએ બતાવ્યો છે. મુખમાં અગ્નિ રહેલો છે; તેથી શ્રીમહાપ્રભુજી અલૌકિક અગ્નિસ્વરૂપ છે, માટે વિરહનું દાન કરનારા છે. એ જ મુખમાં અમૃત પણ રહેલું છે. માટે, શ્રીમહાપ્રભુજી અમૃતસ્વરૂપ પણ છે, તેથી ભક્તોને સ્વરૂપાનંદનું દાન કરે છે. અગ્નિ અને અમૃત વિરુદ્ધધર્માશ્રયી તત્વો છે. આથી શ્રીમહાપ્રભુજી વિરુદ્ધધર્માશ્રયી છે. આવા ભગવદ્ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી આ સ્તોત્રના દેવતા છે.

એક વિચારક અને કવિએ શ્રીકૃષ્ણ માટે બહુ સુંદર વાત કહી છે. બધા દેવોમાં શ્રીકૃષ્ણ સૌથી વધારે મધુર લાગે છે. તેમનું મુખારવિંદ સૌથી વધુ લાવણ્યયુક્ત છે. એનું કારણ એ છે કે શ્રીકૃષ્ણના મુખારવિંદમાં સ્ત્રીભાવ અને પુંભાવનું સુંદર સંયોજન છે. સામાન્ય રીતે પુરુષોમાં પુંભાવ પ્રગટ હોય, સ્ત્રીઓમાં સ્ત્રીભાવ પ્રગટ હોય. તે પ્રકારની તેમની મુખાકૃતિ હોય. પરંતુ શ્રીકૃષ્ણમાં બંને ભાવ પ્રગટ છે, એટલે તેમની મુખાકૃતિમાં પુરુષનું પૌરુષત્વ અને સ્ત્રીનું માર્દવ બંને ઝળકે છે. શ્રીમહાપ્રભુજી આવા શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ હોવાથી તેમના મુખારવિંદમાં પણ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી ઉભયના લાવણ્યનું સંયોજન છે, માટે તેમને અહીં શ્રીકૃષ્ણાસ્યમ્ કહ્યા.

'ચ' ચ અવ્યયથી શ્રીગુસાંઈજી એમ સૂચવે છે કે આવા શ્રીમહાપ્રભુજીને સર્વસમર્પણ કરી, તેમના અનન્ય બની, તેમના આ સ્તોત્રનો જપ કરવો જોઈએ. અનન્યતાપૂર્વક સર્વસમર્પણ કરવું, એ જ પુષ્ટિમાર્ગમાં અર્ચન છે. મંત્ર જપ પૂર્વે મંત્રના દેવતાનું અર્ચન કરવાની વિધિ મંત્ર શાસ્ત્રોમાં બતાવી છે. અર્ચનપૂર્વકનો જપ ફલાત્મક કહ્યો છે. તેથી ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે જપને યજ્ઞની પદવી આપી છે. સર્વ યજ્ઞોમાં જપયજ્ઞને શ્રેષ્ઠ ગણાવતાં ત્યાં કહ્યું છે કે હું યજ્ઞોમાં જપયજ્ઞ છું. યજ્ઞમાં જે-તે દેવનું અર્ચન કરતાં તેમને આહુતિ અપાય અને પછી તેમની સ્તુતિ થાય, તેમ જપયજ્ઞમાં મનપૂર્વક તે દેવના અનન્ય બની, તેમને સર્વ સમર્પણ કરી, તેમના સ્વરૂપના ચિંતનપૂર્વક તેમના મંત્રનો જપ થાય.

'બીજં કારુણિકઃ પ્રભુઃ' - મંત્રમાં બીજ મંત્ર હોય. બીજ મંત્ર સહિત મંત્રનો જપ કરવાની મંત્ર શાસ્ત્રની પદ્ધતિ છે. જેમ કે ગાયત્રીને પોતાનો બીજ મંત્ર 'ૐ' છે, તેમ અહીં શ્રીસર્વોત્તમ સ્તોત્રરૂપી મંત્રનો બીજમંત્ર સાક્ષાત શ્રીઠાકોરજી છે. વનસ્પતિશાસ્ત્ર પ્રમાણે પણ બીજ જ વૃક્ષ રૂપે વિકસે છે. શ્રીમહાપ્રભુજીની સર્વ લીલાનું બીજ શ્રીઠાકોરજી જ છે. શ્રીઠાકોરજીની કૃપાશક્તિનું પ્રકટ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે, એમ સૂચવવા અહીં શ્રીઠાકોરજી માટે 'કારુણિકઃ' વિશેષણ વપરાયું. શ્રીઠાકોરજી માટે અહીં 'પ્રભુઃ' શબ્દ વપરાયો. જે સ્વામી હોય તે પ્રભુ કહેવાય. જે સર્વસમર્થ હોય તે જ સ્વામી બની શકે. સ્વામીનાં બે મુખ્ય લક્ષણ હોય : તે રક્ષક હોય અને સુખનો દાતા હોય. શ્રીમહાપ્રભુજી દૈવી જીવોના રક્ષક છે અને અલૌકિક આનંદના દાતા છે. શ્રીઠાકોરજી પણ આ બે લક્ષણોથી પરિપૂર્ણ છે. આથી કૃપાશક્તિપૂર્ણ સર્વસમર્થ સ્વામી એવા શ્રીઠાકોરજી આ સર્વોત્તમ સ્તોત્રરૂપી વૃક્ષના બીજ સમાન છે. જેવું બીજ હોય એવું જ ફળ વૃક્ષ ઉપર આવે. તેથી 'બીજ' શબ્દથી અહીં એમ પણ સૂચવ્યું કે આ મંત્રાત્મક સ્તોત્રના જપથી કૃપાશક્તિપૂર્ણ આનંદના દાતા એવા શ્રીપૂર્ણપુરુષોત્તમ પ્રભુ જ ફળરૂપે પ્રાપ્ત થશે.

આમ, આ સ્તોત્ર વૈદિક મંત્ર સમાન છે, એવું સિદ્ધ કરવા તેના ઋષિ, છંદ, દેવતા, અર્ચનની પદ્ધતિ અને બીજનું નિરૂપણ કરવામાં આવ્યું. હવેના શ્લોકમાં આ મંત્રાત્મક સ્તોત્રના પાઠ યા જપથી શું ફળ મળશે, એ શ્રીગુસાંઈજી સમજાવે છે.

■

પ્રકરણ - ૮ : શ્લોક - ૬

વિનિયોગો ભક્તિયોગ પ્રતિબંધવિનાશને ।
કૃષ્ણાધરામૃતા-સ્વાદ-સિદ્ધિરત્ર ન સંશય: ॥૬॥

શબ્દાર્થ :

વિનિયોગો (વિનિયોગ:) = ઉપયોગ છે, **ભકિતયોગ:** = ભક્તિયોગમાં આવતા, **પ્રતિબંધવિનાશન:** = પ્રતિબંધોનો પૂરેપૂરો નાશ કરવામાં, **કૃષ્ણાધરામૃતા-સ્વાદ-સિદ્ધિરત્ર (કૃષ્ણ + અધરામૃત + આસ્વાદ + સિદ્ધિ + અત્ર)** = આનાથી કૃષ્ણના અધરામૃતના આસ્વાદની સિદ્ધિ મળે છે, **ન** = નથી, **સંશય:** = શંકા.

શ્લોકાર્થ :

આનો ઉપયોગ ભક્તિયોગમાં નડતા પ્રતિબંધોનો પૂરેપૂરો નાશ કરવામાં છે. આનાથી કૃષ્ણના અધરામૃતના આસ્વાદની સિદ્ધિ મળે છે, તેમાં શંકા નથી.

વિવરણ :

વિનિયોગો ભકિતયોગે' - ભક્તિયોગ ભગવાન શ્રીકૃષ્ણે જેમ ગીતાજીમાં સમજાવ્યો છે, તેમ ભાગવતના અગિયારમા સ્કંધમાં ઉદ્ધવજીને પણ સમજાવ્યો છે. ભગવાન પ્રત્યે શુદ્ધ સ્નેહપૂર્વક ભક્તિ કરતાં ભક્તનું મન ભગવાનમાં ઓતપ્રોત થઈ જાય, ભક્તિના માધ્યમથી ભક્ત ભગવાન સાથે જોડાઈ જાય, ત્યારે તેને ભક્તિયોગ કહેવામાં આવે છે. કેવળ ભક્તિમાં સકામ ભાવ રહેવાનો સંભવ છે, ભક્તિયોગમાં કેવળ નિષ્કામ ભાવ જ હોય છે.

ભક્તિના મુખ્ય બે પ્રકાર છે - મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ. મર્યાદાભક્તિ સગુણ ભક્તિ છે, પુષ્ટિભક્તિ નિર્ગુણભક્તિ છે. સગુણ ભક્તિમાં ભક્તના મનમાં સત્વ, રજ અને તમનો જે ગુણ હોય, તે ગુણ પ્રમાણે તેવું ફળ મેળવવા ભક્ત પોતાના કોઈપણ ઈષ્ટની ભક્તિ કરે. આવી

ભક્તિ મુખ્યત્વે ક્રિયાત્મિકા હોય છે. પુષ્ટિભક્ત નિર્ગુણ ભાવથી ભગવદ્ સુખ માટે જ હૃદયમાં ભગવદ્ભાવ રાખીને પોતાના ઈષ્ટ શ્રીપૂર્ણ પુરુષોત્તમ યશોદાનંદનની સેવા કરે, તે ભાવાત્મિકા ભક્તિ છે. તેમાં વ્રજભક્તોના ભાવનું મુખ્ય પ્રાધાન્ય છે, ક્રિયાનું પ્રાધાન્ય નથી. આવી પુષ્ટિભક્તિ સૌને સુલભ નથી. શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ પુષ્ટિજીવને પુષ્ટિભક્તિનું દાન મળે છે. એટલે ભક્તિયોગ સાધન સાધ્ય નથી, કૃપા સાધ્ય છે. શ્રીમહાપ્રભુજીની કૃપા પ્રાપ્ત થાય તો ભક્તિયોગ સિદ્ધ થાય. શ્રીમહાપ્રભુજી જીવના સાધન, બળ કે સંપત્તિથી કદી રીઝતા નથી. તેઓ જીવની દીનતા અને નિ:સાધનતાસ્થી રીઝે છે. દીનતા અને નિ:સાધનતાવાળા પુષ્ટિજીવ ઉપર શ્રીમહાપ્રભુજી જલ્દી કૃપા કરે છે. એટલે જ પુષ્ટિ જીવો પોતાના શરીરબળ, સાધનો અને સંપત્તિનું અભિમાન છોડી, કેવળ દીનતાથી, નિ:સાધનભાવપૂર્વક આ સ્તોત્રનો પાઠ કે જપ કરે છે, તેમના ઉપર પ્રસન્ન થઈ કૃપા સાગર શ્રીમહાપ્રભુજી આવો અનન્ય ભક્તિયોગ એ જીવને પ્રદાન કરે છે.

શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠનું આ એક ફળ છે. શ્રીમહાપ્રભુજીની કૃપા વિના સેવામાં તત્પર થવાતું નથી.

'પ્રતિબંધવિનાશન:' - જીવ પુષ્ટિનો હોય, પણ સંગદોષથી આસુરી બન્યો હોય એવું બને. આજુબાજુના દુ:સંગના પ્રભાવથી જીવ બહિર્મુખ થયો હોય, ત્યારે તેનું આસુરીપણું અને બહિર્મુખતા તેને ભક્તિયોગમાં પ્રતિબંધ કરે. શ્રીમહાપ્રભુજીએ 'સેવાફલ' ગ્રંથમાં સેવામાં નડતર કરનાર ત્રણ આસુરી ભાવ બતાવ્યા છે. - (૧) ભોગ (૨) ઉદ્વેગ (૩) પ્રતિબંધ. લૌકિક મોજશોખનો ભોગ પુષ્ટિજીવને સેવાથી વિમુખ કરે છે, કારણ કે સેવામાં ત્યાગનું પ્રાધાન્ય છે. લૌકિક ભોગ અને ભક્તિ એક સાથે, એકી સમયે થઈ શકતાં નથી. લૌકિક ભોગને લઈને તે મનુષ્યમાં ઉદ્વેગ આવે છે, ભોગ સિદ્ધ ન થાય તો તેની ચિંતા થાય, ભોગથી રોગ થાય અને તેનો ઉદ્વેગ થાય, ઉદ્વેગ મનને અસ્વસ્થ કરે, અસ્વસ્થ ચિંતાતુર મનથી સેવા થાય નહીં અને કદાચ થાય તો કેવળ ક્રિયાવત્ હોય. પુષ્ટિજીવને સેવામાં કેટલાક લૌકિક પ્રતિબંધો પણ નડે છે. કુટુંબ સેવામાં અનુકૂળ ન હોય, સમયની અનુકૂળતા ન હોય, નોકરી-ધંધાને કારણે સેવા ન બને. જ્યારે પુષ્ટિજીવ શ્રીઠાકોરજીને બદલે આવા

લૌકિક પદાર્થોને મહત્ત્વ આપે છે, ત્યારે તે પદાર્થો પ્રતિબંધ કરે છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ બધાં નડતરો જીવ પોતાના પ્રયત્નોથી ઓળંગી શકતો નથી. મનમાં આસુરી ભાવનો જે મેલ ભરેલો છે, તેને બાળવા અલૌકિક અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી સમર્થ છે, એટલે આ સ્તોત્રના પાઠ કે જપથી શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થાય તો ભક્તિયોગમાં નડતા અંતરાયો દૂર કરી, ભક્તિયોગ સુગમ બનાવે છે. અહીં 'વિનાશ' શબ્દ વપરાયો છે. વિનાશ એટલે સંપૂર્ણ નાશ. જ્યાં સુધી સેવાનાં નડતરોનો સંપૂર્ણ નાશ ન થાય, ત્યાં સુધી સેવા આધિદૈવિકી બનતી નથી, માનસી ફલરૂપા બનતી નથી.

શ્રીભાગવતજીમાં વૃત્રાસુરનો પ્રસંગ છે. વૃત્ર અસુર હતો. અસુ એટલે ઈંદ્રિયો. ઈંદ્રિયોના ભોગ ભોગવવામાં જે તત્પર હોય તે અસુર કહેવાય. વૃત્ર અસુર હોવાથી તેનો દેહ આસુરી હતો. આસુરી દેહથી ભગવાનની ભક્તિ શક્ય નથી. તેથી તેના પર કૃપા કરવા, તેને આસુરી દેહમાંથી મુક્ત કરવા ભગવાન સ્વયં ઈંદ્રના વજ્ર પર બિરાજ્યા અને તેમણે વૃત્રના દેહનો નાશ કર્યો. ત્યાર પછી વૃત્રનો બીજો જન્મ થયો, તેમાં તેને ભક્તિ પ્રાપ્ત થઈ.

આપણા શ્રીમહાપ્રભુજી તો પ્રભુના કરતાં પણ વિશેષ કૃપા કરનારા છે. બીજા જન્મની રાહ જોવડાવતા નથી. આ જન્મમાં જ આસુરી દેહ, મનને દૈવી બનાવી, ભક્તિ-યોગનું દાન કરે છે.

જેમનાથી સેવા ન થઈ શકતી હોય, એવા વૈષ્ણવો આ સ્તોત્રના વધુને વધુ જપ-પાઠ કરે તો શ્રીમહાપ્રભુજી કૃપા કરી, તેમને સેવાનું દાન અવશ્ય કરે છે. જેઓ સેવા કરે છે, પણ પૂર્ણ પ્રકારે સેવા કરી શકતા નથી, એવા વૈષ્ણવો પણ તાપક્લેશપૂર્વક શ્રીસર્વોત્તમસ્તોત્રના વધુ જપ-પાઠ કરે, તો તેમને ઉત્તરોત્તર શ્રીમહાપ્રભુજી વધુને વધુ સેવાનું દાન કરે છે. જેઓ સંપૂર્ણ સમર્પિત બનીને સેવા કરે છે, એવા વૈષ્ણવો પણ સાથે-સાથે શ્રીસર્વોત્તમ સ્તોત્રના જપ-પાઠ કરે, તો શ્રીમહાપ્રભુજી તેમની સેવાને ભાવાત્મિકા બનાવી, તેમને માનસી સેવાનું દાન કરે છે. આ શ્રીસર્વોત્તમ સ્તોત્રના જપનું બીજું ફળ છે.

કૃષ્ણાધરામૃતા-સ્વાદ-સિદ્ધિ : હવે શ્રીગુસાંઈજી આ સ્તોત્રના જપ-પાઠનું ત્રીજું અને સર્વોચ્ચ ફળ બતાવે છે. તે છે સ્વરૂપાનંદનું દાન. શ્રીઠાકોરજી આનંદ સ્વરૂપ છે. રાસલીલામાં શ્રીઠાકોરજીએ પોતાના

સ્વરૂપાનંદનો અનુભવ ગોપીજનોને પૂર્ણ રીતે કરાવ્યો હતો. સર્વ ઈંદ્રિયો દ્વારા શ્રીઠાકોરજીના અધરામૃત એટલે સ્વરૂપાનંદનો અનુભવ કરવો, એ જ રાસલીલાનો હેતુ છે, એ જ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે. જેમાં સંયોગ રસાત્મક અને વિપ્રયોગ રસાત્મક - બંને પ્રકારે અલૌકિક શૃંગાર સ્વરૂપ શ્રીઠાકોરજીનો આનંદાત્મક અનુભવ થાય છે.

શ્રીઠાકોરજી જ્યારે દિવસે વ્રજમાંથી વનમાં ગાયો ચરાવવા પધારતા, ત્યારે વ્રજમાં રહેલા પોતાના જીવોને તેમની વિપ્રયોગ અવસ્થામાં પોતાના સ્વરૂપાનંદનું દાન વેણુનાદ દ્વારા કરતા. વ્રજ પર વેણુનાદ દ્વારા તેઓ સુધારસ વરસાવતા. 'વેણુગીત'નાં સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ તેનું બહુ સુંદર નિરૂપણ કર્યું છે.

શ્રીઠાકોરજી વેણુનાદ દ્વારા ત્રણ પ્રકારના જીવોને તેમના અધિકાર મુજબ અધરામૃતનો આસ્વાદ કરાવતા : (૧) દેવભોગ્યા સુધા- જેનું રસપાન વ્રજના જડ-ચેતન, પશુ-પંખી વગેરેની સૃષ્ટિને થતું. (૨) સર્વાભોગ્યા સુધા - જેનું રસપાન ગોપીજનોને થતું. (૩) ભગવદભોગ્યા સુધા - ગોપીજનોનાં હૃદયમાં બિરાજીને શ્રીઠાકોરજી સ્વયં પોતાની અધરસુધાનો આસ્વાદ કરતા. આ અધરસુધા જેનો જેટલો અધિકાર હોય, તેટલા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. શ્રીઠાકોરજી સ્વયં સુધાસ્વરૂપ બની, નાદ દ્વારા ભક્તોના કર્ણમાં પ્રવેશી ભક્તોનાં હૃદયમાં બિરાજે છે. આ અલૌકિક ફળ વેદશાસ્ત્રે બતાવેલા મોક્ષથી પણ અધિક છે.

જે ફળ શ્રીઠાકોરજી વ્રજના જીવોને વેણુનાદ દ્વારા આપે છે, તે જ ફળ શ્રીમહાપ્રભુજી પોતાના જીવોને તેમનાં આ ૧૦૮ નામોના સ્તોત્રના જપ-પાઠ દ્વારા આપે છે. જે સામર્થ્ય શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં છે, એ જ સામર્થ્ય તેમના નામમાં પણ છે, એ વાત અહીં સમજાય છે. આનાથી ચડિયાતું અન્ય કોઈ ફળ નથી.

શ્રીમહાપ્રભુજીનાં આ નામોનું રટણ બે પ્રકારે થાય : (૧) પાઠ કરવાથી. (૨) જપ કરવાથી. પાઠ અને જપ બંને તે ભક્તને પ્રેમમય બનાવી દે છે, તેનામાં વિરહતાપ પ્રગટાવે છે અને પછી શ્રીમહાપ્રભુજી પોતાની અમૃત-ધારાનો તેના હૃદયમાં વરસાદ વરસાવે છે. આ સ્તોત્રનો પાઠ કરનારા અનેક

જીવોને શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીના અલૌકિક અનુભવો થયા છે, એ વાત આપણે આગળ જોઈ ગયાં છીએ.

અહીં છ શ્લોક પૂરા થયા. આગળ જોઈ ગયા તેમ પ્રથમ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીની સ્તુતિ કરતાં તેમનો 'ઐશ્વર્ય' ધર્મ બતાવ્યો. તેમનું સત્યજ્ઞાન કલિયુગમાં વિદ્વાનોને પણ નથી, એમ બીજા શ્લોકમાં બતાવી, શ્રીમહાપ્રભુજીનો 'વીર્ય' ધર્મ બતાવ્યો. શ્રીમહાપ્રભુજી સ્વયં પોતાનું માહાત્મ્ય પૃથ્વી પર પ્રગટ કરવા નિત્યલીલાધામમાંથી પૃથ્વી પર પધાર્યા અને પોતાનો યશ ફેલાવ્યો. આ ત્રીજા શ્લોકમાં 'યશ' ધર્મ બતાવ્યો. શ્રીમહાપ્રભુજીની દુર્બોધ વાણી આ સ્તોત્રના જપ-પાઠથી સુબોધ થાય છે, એમ ચોથા શ્લોકમાં કહ્યું. તેમાં શ્રીમહાપ્રભુજીનો 'શ્રી' ધર્મ બતાવ્યો. આ સ્તોત્ર મંત્રાત્મક છે, એવું નિરૂપણ પાંચમા શ્લોકમાં કર્યું, તેમાં શ્રીમહાપ્રભુજીનો 'જ્ઞાન' ધર્મ બતાવ્યો. છઠ્ઠા શ્લોકમાં પાઠનું ફળ બતાવ્યું. એમાં શ્રીમહાપ્રભુજીનો 'વૈરાગ્ય' ધર્મ બતાવ્યો. આ છ ધર્મયુક્ત ધર્મી સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ હવે આપણે જોઈશું.

■

આજ જગતી પર જયજયકાર ॥
પ્રકટભયે શ્રીવલ્લભ પુરુષોત્તમ વદન અગ્નિઅવતાર ॥૧॥
ધન્યદિન માધવ માસ એકાદશી કૃષ્ણપક્ષ રવિવાર ॥
શ્રીમુખ વાક્ય ક્લેવર સુંદર ધર્યો જગમોહન માર ॥૨॥
શ્રીભાગવત આત્મ અંગ જિનકે પ્રકટ કરણ વિસ્તાર ॥
દુંદુભી દેવ બજાવત ગાવત સુરવધુ મંગલ ચાર ॥૩॥
પુષ્ટિપ્રકાશ કરેંગે ભૂપર જનહિત જગ અવતાર ॥
આનંદ ઉમગ્યો લોક તિહૂંપુર જન ગિરિધર બલહાર ॥૪॥

પ્રકરણ - ૯ : શ્લોક - ૭

આનંદ: પરમાનંદ: શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિ: ।
દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશન: ॥૭॥

આપણે શ્રીસર્વોત્તમ સ્તોત્રના અત્યાર સુધીમાં છ શ્લોક જોઈ ગયા. હવે સાતમો શ્લોક શરૂ થાય છે. સાતમા શ્લોકથી સાડા બત્રીસ શ્લોક સુધી શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીના ૧૦૮ નામ પ્રગટ કરે છે.

સાતમા શ્લોકમાં પાંચ નામ આપવામાં આવ્યાં છે. એમાંના પહેલાં ત્રણ નામ બીજ મંત્ર સ્વરૂપનાં છે. સૌ પ્રથમ નામ કહ્યું : **આનંદ: - આનંદાય નમ:**

શ્રીમહાપ્રભુજી કેવા છે? આનંદસ્વરૂપ છે. આનંદસ્વરૂપ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

વેદમાં બ્રહ્મને માટે આનંદ શબ્દ વપરાયો છે. આનંદને સમજાવવા માટે રસ શબ્દ વપરાયો. રસો વૈ સ: એમ કહેવાયું. આનંદકરપાદમુખોદરાદિ એમ કહેવાયું.

જેમ રસ મધુરતા આપે એમ આનંદ પણ મધુરતા આપે. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે કે જગતમાં ત્રણ પ્રકારના આનંદનો અનુભવ થાય છે. વિષયાનંદ, બ્રહ્માનંદ અને ભજનાનંદ. દુનિયાનો જે આનંદ છે તે વિષયાનંદ. ઋષિઓ અને જ્ઞાનીઓ જે આનંદ ઝંખે છે તે બ્રહ્માનંદ. પુષ્ટિભક્તો જે આનંદ માટે તલસે છે તે ભજનાનંદ અથવા સ્વરૂપાનંદ.

વિષયાનંદને શ્રીમહાપ્રભુજી સાચો આનંદ નથી કહેતા. એ તો આનંદનું મૃગજળ છે. લાગે કે આનંદ આવ્યો, પણ એ મેળવવામાં યે કષ્ટ, મેળવ્યા પછી પણ કષ્ટ અને ક્ષણિક આનંદ આવે પછી દુ:ખ. માટે શ્રીમહાપ્રભુજી કહે છે : આ વિષયાનંદ પાછળ દોડવું નહિ. દુનિયાના સુખો પાછળ દોડવું નહિ.

ઋષિઓ, જ્ઞાનીઓ, અને યજ્ઞ, તપ વગેરે કરનારાઓ મોક્ષની ઈચ્છા રાખે છે. જીવાત્મા મૃત્યુ પછી ભગવાનના ધામ અક્ષરધામમાં વિલીન થઈ જાય, એની મુક્તિ થઈ જાય એને મોક્ષ કહેવાય. એને અક્ષર બ્રહ્મનો આનંદ અથવા બ્રહ્માનંદ પ્રાપ્ત થયો એમ કહેવાય. આ બ્રહ્માનંદ પણ તુચ્છ છે; કારણ કે એનાથી થોડા સમય માટે જન્મમરણનું દુ:ખ ટળી જાય પણ પ્રભુનો અલૌકિક આનંદ તો ન જ મળે. દયારામભાઈએ એને ગરીબોની રાબડી જેવો કહ્યો છે.

શ્રીમહાપ્રભુજીએ કહ્યું : પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનંદકમ્ બૃહત્ । એ આનંદ પણ ગણિતાનંદ છે, મર્યાદિત છે. પૂરેપૂરો આનંદ તો ત્યાં પણ નથી.

ત્યારે પૂર્ણ આનંદ કયો છે? એ કેવો છે? શ્રીમહાપ્રભુજી કહે છે : **પૂર્ણાનંદો હરિઃ** કેવળ શ્રીઠાકોરજી જ પૂર્ણ આનંદનું સ્વરૂપ છે.

ઈશાવાસ્ય ઉપનિષદે પૂર્ણ આનંદની વ્યાખ્યા આપી છે.

પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥

જે પૂર્ણ છે તે પૂર્ણમાંથી પૂર્ણ કાઢી લો. તોયે પૂર્ણ જ રહે છે. તેમાં પૂર્ણ ઉમેરો તોય તે છલકાઈ જતો નથી. પ્રભુ આવા પૂર્ણ આનંદના સાગર છે. જેમાંથી બધો આનંદ લઈ લઈએ તોયે ઓછો ન થાય. બીજો એટલો આનંદ ઉમેરીએ તોય છલકાય નહિ. માટે એ પ્રભુ આપણને પૂર્ણ આનંદનું દાન કરી શકે. પૂર્ણાનંદ પ્રભુ રીઝે તો પૂર્ણ આનંદનું દાન મળી જાય.

શ્રીગોકુલનાથજીએ એમની ટીકામાં સમજાવ્યું છે કે આ આનંદરૂપ પ્રભુનો અનુભવ કેવી રીતે થાય? આપશ્રી કહે છે કે આ આનંદનો અનુભવ અંતઃ કરણમાં થાય. આપણી આંખોથી ન થાય; માટે એ વિપ્રયોગ ધર્મીસ્વરૂપ છે. વિપ્રયોગ દ્વારા તેમનો અનુભવ થાય છે.

એ વિપ્રયોગ ધર્મીસ્વરૂપ હોવાથી તે સ્વામિની ભાવનું સ્વરૂપ છે. આનંદનું સ્વરૂપ એ સ્વામિની ભાવપૂરિત સ્વરૂપ છે. સ્ત્રીગૂઢ ભાવાત્મક સ્વરૂપ છે. શ્રીઠાકોરજી જેમ સ્ત્રીગૂઢ ભાવાત્મક સ્વરૂપ છે એમ શ્રીમહાપ્રભુજી પણ સ્ત્રીગૂઢ ભાવાત્મક સ્વરૂપ છે. સ્વામિનીભાવ પૂરિત સ્વરૂપ છે. આપશ્રીમાં સ્વામિનીભાવ પ્રગટ બિરાજે છે તેથી સ્વામિની ભાવનું એમનું નામ કહ્યું: આનંદઃ

આનંદઃ નામના ઉચ્ચાર સાથે શ્રીમહાપ્રભુજીનું ચિંતન કેવા સ્વરૂપે કરવું? સ્વામિનીભાવભૂષિતઃ સ્વરૂપે કરવું.

આ સ્વરૂપ ક્યાં પ્રગટ થયું? એનો અનુભવ કોને કરાવ્યો? આ સ્વરૂપ શ્રીગુસાંઈજી મહારાજના હૃદયમાં પ્રગટ થયું. તેમને એ સ્વરૂપનો અનુભવ કરાવ્યો.

શા માટે આ સ્વરૂપનો અનુભવ શ્રીગુસાંઈજી મહારાજને કરાવ્યો? એટલા માટે કરાવ્યો કે શ્રીગુસાંઈજી સંયોગરસનું સ્વરૂપ છે; અને પ્રભુ પોતે અલૌકિક શૃંગારરસનું સ્વરૂપ છે. સંયોગ અને વિપ્રયોગ બંને પ્રાપ્ત થાય ત્યારે પૂર્ણ શૃંગારરસનો અનુભવ થાય.

શ્રીગુસાંઈજીને ભૂતલ ઉપર શ્રીનાથજીના સંયોગનો અનુભવ છે પણ શ્રીસ્વામિનીજીના વિપ્રયોગનો અનુભવ નથી. એ અનુભવનું દાન કરવા શ્રીમહાપ્રભુજીએ પોતાનું સ્વામિની ભાવપૂરિત સ્વરૂપ શ્રીગુસાંઈજીના અંતઃકરણમાં પ્રકટ કર્યું.

શ્રીમહાપ્રભુજી અત્યારે શ્રીગુસાંઈજીના હૃદયમાં પ્રકટ થયા છે. અંતઃકરણનાં ચક્ષુઓથી દર્શન આપી રહ્યા છે. પોતાની અનેકવિધ લીલાઓનો અનુભવ કરાવી રહ્યા છે.

શ્રીહરિરાયજી કહે છે : પ્રભુ ચાર સ્વરૂપે પોતાનો અનુભવ કરાવે છે. સંયોગ ધર્મસ્વરૂપ, સંયોગ ધર્મીસ્વરૂપ, વિપ્રયોગ ધર્મ સ્વરૂપ; અને વિપ્રયોગ ધર્મીસ્વરૂપ. આપણને એક સ્વરૂપનો અનુભવ છે. તે સ્વરૂપ છે સંયોગધર્મસ્વરૂપ. જે આપણા માથે બિરાજે છે. એ સંયોગ ધર્મસ્વરૂપની ભીતરમાં સાક્ષાત્ શ્રીઠાકોરજી બિરાજમાન છે. તેઓ કૃપા કરે ત્યારે બહાર પ્રકટ થઈને દર્શન આપે છે. જો એવાં દર્શન થાય તો એ સંયોગ ધર્મીસ્વરૂપ કહેવાય. આ અનુભવ સ્વપ્નમાં નહિ પણ સાક્ષાત્ થવો જોઈએ.

આ સંયોગ ધર્મીસ્વરૂપનો અનુભવ થયા પછી વિપ્રયોગ થાય કારણકે એ દર્શન તો ક્ષણિક જ હશે. મન વિકળ થાય, વિપ્રયોગ વધે ત્યારે એનું એ

જ સ્વરૂપ અંતઃકરણમાંથી પધારી હૃદયમાં દર્શન આપે. અંતઃકરણનાં નેત્રોથી જે સ્વરૂપનું દર્શન થાય તે વિપ્રયોગ ધર્મસ્વરૂપ - આનંદસ્વરૂપ.

એ વિપ્રયોગ ઉત્કટ બને ત્યારે એ સ્વરૂપ એકી સાથે અનેક લીલાઓ સહિત હૃદયમાં દર્શન આપે; એક સાથે સર્વલીલાનો અનુભવ એક જ સ્થળમાં, એક જ સમયમાં, અંતઃકરણનાં નેત્રોથી કરાવે ત્યારે સમજવું કે વિપ્રયોગ ધર્મીસ્વરૂપનું પ્રાકટ્ય થયું છે.

પ્રભુ ક્યારેક એવું પણ કરે છે કે પહેલાં હૃદયમાં પ્રગટ થાય પછી બહાર પ્રકટ થાય. ક્યારેક પહેલાં બહાર પ્રકટ થાય પછી હૃદયમાં પ્રકટ થાય.

શ્રીગુસાંઈજી મહારાજને આ વિપ્રયોગ ધર્મીસ્વરૂપની વિવિધ લીલાઓનો એક જ સમયે અનુભવ થઈ રહ્યો છે. આ એકસો આઠ લીલાઓ અને તેનાં એકસો આઠ સ્વરૂપનો અનુભવ થઈ રહ્યો છે. તેનું અહીં નિરૂપણ થયું છે. શ્રીગુસાંઈજી મહારાજના હૃદયમાં શ્રીવલ્લભનું પ્રાકટ્ય થયું એ સ્વરૂપને, એ આનંદ સ્વરૂપને આપણે વંદન કરીએ. **આનંદાય નમઃ**

શ્રીગુસાંઈજી મહારાજ હવે શ્રીવલ્લભનું બીજું નામ કહે છે.

પરમાનંદઃ - પરમાનંદાય નમઃ - પરમાનંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું. શ્રીમહાપ્રભુજી પરમાનંદ સ્વરૂપ છે.

આનંદ અને પરમાનંદમાં શું ફેર? શું તફાવત? શ્રીમહાપ્રભુજીએ અણુભાષ્યમાં સમજાવ્યું: પ્રભુ પોતે આનંદ સ્વરૂપ છે. એ આનંદ સ્વરૂપ પ્રભુને મનોરથ થયો.

'એકોહં બહુસ્યામ્'. હું એક છું - અનેક થાઉં. કારણ આનંદ માણવા માટે એક વ્યક્તિ ન ચાલે. આવો વિચાર આવતાં જ પોતે પોતાના હૃદયમાંથી શ્રીસ્વામિનીજીને પ્રકટ કર્યાં.

શ્રીસ્વામિનીજીએ પૂછ્યું : 'મહારાજ, મને શા માટે પ્રકટ કરી?' પ્રભુએ કહ્યું : 'તમે આહ્‌લાદિની શક્તિનું સ્વરૂપ છો. આહ્‌લાદ એટલે આનંદ. મારા આનંદ માટે તમને પ્રગટ કર્યાં છે.'

શ્રીસ્વામિનીજી કહે : 'મહારાજ, અહીં તો ચોમેર સૂનકાર છે. આપણે બે જણા અહીં કયાં આનંદ કરીશું? નદી, પર્વત, વન, ઉપવન કશું છે નહિ. આનંદ કરવા માટે સરસ મજાનું કોઈ સ્થાન તો જોઈએ.'

રસશાસ્ત્રનો નિયમ છે જ્યારે આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવ હોય ત્યારે રસ પ્રકટ થાય. આનંદ પ્રકટ થાય. આલંબન વિભાવ એટલે બીજું પાત્ર અને ઉદ્દીપન વિભાવ એટલે વાતાવરણ.

શ્રીઠાકોરજીને શી વાર? ક્ષણ માત્રમાં આખું ગોલોકધામ પ્રકટ કરી દીધું. શ્રીગિરિરાજજી, શ્રીયમુનાજી, ગોપીજનો, બાર, વન, બાર ઉપવન બધું પ્રગટ થયું. લીલા માટે પોતાના જ શ્રીઅંગમાંથી આનંદમય સૃષ્ટિ પ્રગટ કરી.

આ આનંદમય સૃષ્ટિ એટલે કે શ્રીરાધિકાજી આદિ સ્વરૂપો અને આખી લીલા સૃષ્ટિ પ્રભુના હૃદયમાંથી બહાર પ્રગટ થઈ, જેનું આંખોથી દર્શન થઈ શકે, જેનો સંયોગ અનુભવ થઈ શકે તેવી સૃષ્ટિ પ્રગટ થઈ ત્યારે એ લીલાસૃષ્ટિનો આનંદ લેવા અને સંયોગરસનો અનુભવ કરવા માટે પ્રભુ પોતે ભોક્તા બની ગયા. લીલાસૃષ્ટિ ભોજ્ય બની.

શ્રીઠાકોરજી આનંદરૂપ અને એમની સૃષ્ટિ આનંદમય. આનંદ શબ્દ વપરાય ત્યારે શ્રીઠાકોરજી અને આનંદમય શબ્દ વપરાય ત્યારે સકલ સૃષ્ટિ.

અહીં પુંભાવભાવિત શ્રીસ્વામિનીજી સહિતની જે લીલાસૃષ્ટિ પ્રગટ થઈ તે પણ શ્રીમહાપ્રભુજીનું જ સ્વરૂપ છે. સંયોગાનુભવનું સ્વરૂપ છે. અહીં પરમાનંદ શબ્દથી બતાવ્યું કે જે સ્વરૂપનું પ્રાગટ્ય શ્રીગુસાંઈજીના હૃદયમાં થયું હતું એ જ સ્વરૂપ હવે શ્રીગુસાંઈજીનાં નેત્રોનો વિષય બની સન્મુખ પ્રગટ થયું છે. માટે બીજું નામ કહ્યું : પરમાનંદઃ આનંદ એ હૃદયમાં પ્રગટ થયેલું સ્વરૂપ અને પરમાનંદઃ એ સન્મુખમાં પ્રગટ થયેલું સ્વરૂપ. આનંદઃ નામ બોલીએ ત્યારે હૃદયમાં પ્રગટ થયેલ સ્વરૂપનું ધ્યાન કરીએ. અને પરમાનંદઃ નામ બોલીએ ત્યારે નજર સામે સાક્ષાત્ પ્રકટ થયેલ સ્વરૂપનું ધ્યાન કરીએ.

એક સ્વરૂપ આનંદરૂપ છે જ્યારે બીજું આનંદમય રૂપ છે. સકલ લીલા સૃષ્ટિ સહિતનું સ્વરૂપ એ પરમાનંદ સ્વરૂપ છે. એટલે જ્યારે પરમાનંદ સ્વરૂપનું ચિંતન કરીએ ત્યારે એકલા શ્રીમહાપ્રભુજીનું ચિંતન ન થાય, એકલા શ્રીઠાકોરજીનું ચિંતન ન થાય પણ સર્વ લીલાપરિકર સહિતનું ચિંતન થાય; અને જ્યારે આનંદ સ્વરૂપનું ચિંતન કરીએ ત્યારે કેવળ શ્રીઠાકોરજીનું ચિંતન થાય.

શ્રીઠાકોરજી માટે આનંદનો પર્યાય શબ્દ કયો? કૃષ્ણ; અને પરમાનંદનો પર્યાય શબ્દ કયો? શ્રીકૃષ્ણ. શ્રીકૃષ્ણ એટલે સ્વામિનીજી સહિતના, લીલાસૃષ્ટિ સહિતના કૃષ્ણ.

અહીં આપણે બે શબ્દો સમજવા જેવા છે. સંયોગ અને વિપ્રયોગ.

યોગ એટલે જોડાવું, એકરૂપ બનવું. સમ્યક્ યોગઃ ઈતિ સંયોગઃ એટલે કે બે સામસામે રહેલી વ્યક્તિ એકબીજાને મળે, તેમનો યોગ થાય ત્યારે સંયોગ થયો કહેવાય.

એ બે વ્યક્તિ એકબીજાથી અલગ થઈને જ્યારે દૂર દૂર હોય, એકબીજાને માટે અત્યંત દુઃખિત હોય ત્યારે એ વિપ્રયોગ.

વિરહ અને વિપ્રયોગ એવા બે શબ્દો આપણે ત્યાં વપરાય છે. આ એક જ ભાવની બે અવસ્થા છે. વિરહ પ્રારંભિક અવસ્થા છે. સાધન અવસ્થા છે. વિપ્રયોગ એ ફલ અવસ્થા છે. વિરહથી વિપ્રયોગ સિદ્ધ થાય.

વિરહ એટલે શું એ પણ સમજી લઈએ. વિરહ એટલે વિશેષ રહ. રહ એટલે એકાંત. વિશેષ એટલે કે સાવ એકાંતમાં રહી, હૃદયમાંથી બીજા બધા ભાવોને, વિચારોને કાઢી નાખી શ્રીઠાકોરજીમાં તન્મય થઈ જવું. આજુબાજુનું બધું ભૂલી જવું એનું નામ વિરહ. શ્રીઠાકોરજીની સેવા કરતાં હોઈએ ત્યારે શ્રીઠાકોરજી નેત્રોનો વિષય હોય પરંતુ અનોસરમાં શ્રીઠાકોરજી સન્મુખ બિરાજતા ન હોય ત્યારે એમને હૃદયથી વિચારવા, હૃદયમાં પધરાવવા, હૃદયમાં અનુભવવા એનું નામ વિરહ.

સંયોગ પછી વિરહ હોય જ; અને વિરહ ન હોય તો સંયોગ મીઠો ન લાગે. સંયોગ વિનાનો વિરહ સંભવી જ ન શકે.

ઘણા વૈષ્ણવો સાંજ પડે એટલે વિરહ કરવા બેસી જાય. આંખમાં આંસુ લાવી રડતા જાય. શ્રીગોવર્ધનવાસી સાંવરે લાલ ગાતાં જાય. કહે કે અમે વિરહમાં બેઠા છીએ. વિરહ કરીએ છીએ. પણ સંયોગ વગરનો વિરહ ક્યાંથી હોય? શ્રીઠાકોરજી મળ્યા છે ખરા? રાજભોગ સુધીની સેવા પહોંચી અનોસર થયા પછી શ્રીઠાકોરજીનો વિરહ થાય. પણ સેવા જ ન કરતાં હોઈએ, જે હજી મળ્યા જ નથી, જેને મેળવ્યા જ નથી, જેને માણ્યા નથી, તેનો વિરહ કેવી રીતે થાય?

પહેલા શ્રીઠાકોરજીને મેળવવા, માણવા જોઈએ. પછી રાજભોગ સર્યા પછી અનોસર કરીએ ત્યારે વિરહ થશે. આપોઆપ થશે. વિરહ કરવો પડતો નથી. વિરહ થઈ જાય છે. આ વિરહની ફલાત્મક અવસ્થા તે વિપ્રયોગ.

વિશેષ પ્રકારે, ઉત્કટ પ્રકારે અંતઃકરણ પ્રભુ સાથે એકાકાર બની જાય, બહારનું, શરીરનું બધું સાન ભાન ભૂલાઈ જાય તેનું નામ વિપ્રયોગ. તેનું જ બીજું નામ વ્યસન અવસ્થા. પુષ્ટિમાર્ગનું એક પરમ ફલ.

તો શ્રીમહાપ્રભુજીનું પુંભાવાત્મક શ્રીઠાકોરજીનું સ્વરૂપ એ આ પરમાનંદ સ્વરૂપ. જે નેત્રોથી અનુભવાય. સંયોગરસનું સ્વરૂપ. એ સ્વરૂપને આપણે વંદન કરીએ. **પરમાનંદાય નમઃ.**

પહેલાં શ્રીઠાકોરજી સ્વરૂપે અને પછી શ્રીસ્વામિનીજી સ્વરૂપે શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા તે શ્રીગુસાંઈજી મહારાજે બતાવ્યું. હવે ત્રીજા નામથી આપશ્રી શ્રીમહાપ્રભુજીનો નિત્ય લીલામાં પ્રાકટ્યનો પ્રકાર બતાવે છે.

શ્રીકૃષ્ણાસ્યં - શ્રીકૃષ્ણાસ્યાય નમઃ - ત્રણ શબ્દોને બનેલો આ શબ્દ છે, શ્રી + કૃષ્ણ + આસ્ય = શ્રી એટલે શ્રીસ્વામિનીજી, કૃષ્ણ એટલે શ્રીઠાકોરજી અને આસ્ય એટલે બંનેનું મુખારવિંદ.

જે સ્વામિનીજી અને શ્રીઠાકોરજીના મુખારવિંદ સ્વરૂપ છે તે શ્રીકૃષ્ણાસ્ય, તે શ્રીમહાપ્રભુજી. બંને સ્વરૂપોના મુખારવિંદ સ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આ બંને સ્વરૂપોના મુખારવિંદ સ્વરૂપનું નિત્ય લીલામાં પ્રાકટ્ય થયું. શ્રીગુસાંઈજી મહારાજે એ લીલાનો અનુભવ હૃદયમાં કરી સૌંદર્યપદ્ય શ્લોકમાં તે પ્રાકટ્ય વર્ણવ્યું છે.

સૌંદર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢ ભાવાત્મકં ।
પુંરુપં ચ પુનસ્તદન્તરગતં પ્રાવિવિશત્સ્વપ્રિયે ॥
સંશ્લિષ્ટાબુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હિ યત્સાક્ષિકમ્
રુપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥

એક વાર ગોલોકધામમાં શ્રીઠાકોરજી નિકુંજમાં એકલા બિરાજતા હતા. શ્રીસ્વામિનીજી નિકુંજના દ્વારેથી પધાર્યાં. સામે બિરાજતા શ્રીઠાકોરજીની ગોદમાં

કોઈ ગોપી બેઠી છે એવું દૂરથી તેમને દેખાયું અને ગુસ્સે થઈને નિકુંજના દ્વારેથી જ પાછાં ફરી ગયાં. પોતાની નિકુંજમાં જઈ માન કરીને બિરાજી ગયાં.

શ્રીઠાકોરજી વિચારે છે : આજે પ્રિયાજીને કેમ ખોટું લાગ્યું હશે? હજી તો તેઓ મારી પાસે આવ્યાં નથી, હું કાંઈ બોલ્યો નથી. એકદમ રિસાઈને કેમ પધારી ગયાં? એમણે નક્કી કર્યું: આજે હું મનાવવા નથી જવાનો. આજે મારો કોઈ વાંક નથી.

શ્રીસ્વામિનીજી રોજ માન કરે અને શ્રીઠાકોરજી રોજ માન છોડાવે પણ આજે તો જુદું જ થયું. બંને સ્વરૂપો અલગ અલગ નિકુંજમાં બિરાજે છે. એકબીજાના વિરહમાં, ગુસ્સામાં બિરાજે છે.

લલિતાજી ત્યાં પધાર્યાં. શ્રીરાધિકાજીને પૂછે છે : 'કેમ, શું થયું આજે પાછું?' રાધિકાજી કહે છે : 'બહેન, આજની તો વાત જ જવા દે. કહેવા જેવું રહ્યું નથી. આજે તો હદ થઈ ગઈ છે.'

'તમને આજે શ્રીઠાકોરજીએ ફરી શશીવદની કહ્યાં છે?'

'ના, આજે તો કશું જ કહ્યું નથી. કહ્યું હોત તો તો સારું હતું. આજે તો એમણે એવું કર્યું છે કે બીજી કોઈ ગોપીને એમની ગોદમાં લઈને બિરાજ્યા છે. મારું સ્થાન બીજી ગોપી લે એ મને કેમ સહન થાય? હું હવે એમની પાસે જવાની નથી.'

લલિતાજી વિચારમાં પડી ગયાં. આવું તો બને જ નહિ. શ્રીઠાકોરજીની નિકુંજમાં જઈ જોઈ આવ્યાં. કોઈ ગોપી ન હતી. શ્રીઠાકોરજી પણ હઠ લઈને બિરાજ્યા છે. હું મનાવવા નથી જવાનો. બંને સ્વરૂપો પરસ્પરના વિરહમાં આંસુ વહાવે છે પણ માન છોડાવવા કોઈ તૈયાર નથી.

બંને સ્વરૂપોને લલિતાજીએ અને સૌએ સમજાવ્યાં. શ્રીયમુનાજી પધાર્યાં. એમણે સમજાવ્યાં પણ બેમાંથી એકે માનતાં નથી. બધાં ઉદાસ થઈ ગયાં. કોઈનું કંઈ ન ચાલ્યું. વિરહની પરાકાષ્ટા આવી ગઈ ત્યારે શ્રીઠાકોરજીના હૃદયમાં બિરાજતું શ્રીસ્વામિનીજીનું સ્ત્રીગૂઢભાવાત્મક સ્વરૂપ બહાર પધાર્યું અને એજ સમયે શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતું શ્રીઠાકોરજીનું પુંભાવાત્મક રસરૂપ સ્વરૂપ બહાર પધાર્યું. આ બંને સ્વરૂપોને કોઈ માન નહોતું થયું. બંને સ્વરૂપો ભાવાત્મક રીતે નિકુંજમાંથી બહાર પધાર્યાં. શ્રીયમુનાજીના તટ ઉપર બંનેનું મિલન થયું. બંને એક બની ગયાં; અને એક ત્રીજું જ સ્વરૂપ પ્રગટ થયું. એ સ્વરૂપ તે શ્રીવલ્લભ. આ સ્વરૂપ શ્રીવલ્લભે બંને સ્વરૂપોને સમજાવી તેમનું માન છોડાવ્યું. શ્રીસ્વામિનીજીને ખાત્રી કરાવી કે શ્રીઠાકોરજીની ગોદમાં કોઈ ગોપી ન હતી પણ પોતાનું જ પ્રતિબિંબ તેમણે શ્રીઠાકોરજીના તેજસ્વી હૃદયપ્રદેશમાં જોયું હતું. શ્રીસ્વામિનીજીએ ખૂબ પ્રસન્ન થઈને કહ્યું : 'હે કૃષ્ણ, હું તમારી છું.' શ્રીવલ્લભે યુગલ સ્વરૂપને સિંહાસન ઉપર પધરાવી તેમની સન્મુખ ઊભા રહી બે હાથ જોડી વંદન કર્યાં. મધુર સ્વરે કહ્યું : શ્રીકૃષ્ણઃ શરણંમમ - 'શ્રીસ્વામિનીજી સહિત શ્રીકૃષ્ણ એ જ મારું શરણ છે.' ગોલોકધામમાં આનંદ મંગલ છવાઈ ગયો. શ્રીવલ્લભના પ્રાકટ્યનો મંગલ મહોત્સવ ઉજવાયો.

સૌએ શ્રીવલ્લભને વંદન કરી તેમનો જયઘોષ કર્યો. શ્રીકૃષ્ણાસ્ય સ્વરૂપે નિત્યલીલામાં શ્રીવલ્લભનું પ્રાકટ્ય થયું. યુગલસ્વરૂપના સાક્ષી સ્વરૂપે પ્રાકટ્ય થયું. માટે યુગલ સ્વરૂપનાં સાક્ષીસ્વરૂપ શ્રીવલ્લભને સૌએ વંદન કર્યાં.

આમ આનંદઃ એટલે શ્રીઠાકોરજી સ્વરૂપ, સંયોગ સ્વરૂપ; પરમાનંદઃ એટલે શ્રીસ્વામિનીજી સ્વરૂપ, વિપ્રયોગ સ્વરૂપ અને શ્રીકૃષ્ણાસ્યઃ એટલે શ્રીવલ્લભ સ્વરૂપ, બંનેનું સાક્ષી સ્વરૂપ.

સંયોગ સ્વરૂપને આપણી પરિભાષામાં અશેષ ઐશ્વર્યનું સ્વરૂપ કહેવાય છે; અને વિપ્રયોગ સ્વરૂપને શેષ ઐશ્વર્યનું સ્વરૂપ કહેવાય છે.

આ બંને સ્વરૂપ એક થાય ત્યારે આ કૃષ્ણાસ્ય સ્વરૂપ પ્રકટ થાય છે. એ સ્વરૂપને શૃંગાર કલ્પદ્રુમ સ્વરૂપ કહેવાય છે. આથી શ્રીવલ્લભ શૃંગાર કલ્પદ્રુમનું સ્વરૂપ છે એ સૂચવવા આ શ્રીકૃષ્ણાસ્ય નામ છે. આજ સ્વરૂપ વ્રજભક્તોનું શૃંગાર કલ્પદ્રુમ છે.

આનંદઃ, પરમાનંદઃ અને શ્રીકૃષ્ણાસ્ય આ ત્રણે સ્વરૂપો નિત્યલીલામાં ભોક્તા, ભોગ્ય અને અનુભવકર્તા છે. આનંદ સ્વરૂપે ભોક્તા છે. પરમાનંદ સ્વરૂપ ભોગ્ય અને શ્રીકૃષ્ણાસ્ય સ્વરૂપ અનુભવકર્તા છે. આ ત્રણેય બીજરૂપ નામો છે. દરેક બીજરૂપ નામના પાંત્રીસ પાંત્રીસ પૂરક નામો કહી શ્રીગુસાંઈજી મહારાજ હવે બીજાં એકસો પાંચ નામ આગળના શ્લોકોમાં કહેશે. **શ્રીકૃષ્ણાસ્યાય નમઃ**

હવે શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું ચોથું નામ બતાવે છે.

કૃપાનિધિ - કૃપાનિધયે નમ:

નિધિ એટલે ખજાનો. બહુ મોટો ભંડાર. એવો ભંડાર કે જે કદી ખાલી ન થાય. શ્રીમહાપ્રભુજી કૃપાના અખૂટ ભંડારનું સ્વરૂપ છે માટે તેઓ કૃપાનિધિ છે. આપનો આનંદનો ભંડાર જેમ કદી ખાલી થતો નથી તેમ કૃપાનો ભંડાર પણ કદી ખાલી થતો નથી.

કૃપા એ પ્રભુની એક અતિ મહાન શક્તિ છે. પ્રભુની અનંત શક્તિઓમાં બાર શક્તિઓ મુખ્ય છે. એમાં સર્વથી શ્રેષ્ઠ શક્તિ હોય તો તે કૃપાશક્તિ છે. જેમ શ્રી રાધિકાજી આહ્લાદિની શકિત-આનંદ આપનાર શક્તિ છે તેમ શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજી કૃપાશક્તિ - કૃપા કરનાર શક્તિ છે. શ્રીરાધિકાજી સ્વયં શ્રીઠાકોરજીને આહ્લાદ આપે અને પોતે શ્રીઠાકોરજીનો આહ્લાદ અનુભવે. બીજા કોઈનો તેમાં ભાગ ન પડવા દે. જ્યારે શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજી બંને એવાં કૃપાશક્તિ છે કે શ્રીઠાકોરજીને એમ કહે કે અમને આપનો સંયોગ અનુભવ નહિ મળે તો અમે ફરિયાદ નહિ કરીએ પણ આ બદલાની અપેક્ષા વિનાના જીવો છે એને આપની રાસલીલાનું સુખ આપો. માટે શ્રીહરિરાયજીએ શ્રીયમુનાજીના પ્રથમ પદમાં કહ્યું :

બ્રહ્મસંબંધ જબ હોત યા જીવકો, તબ હી ઈન કી ભુજા વામ ફરકે
દોરકર સોરકર જાય પિયસોં કહે, અતિ હિ આતુર મનમેં જુ હરખે

કોઈ જીવ શરણે આવે તો એનો આનંદ શ્રીયમુનાજીને વધારે થાય છે; કારણ કે એ કૃપાશક્તિ છે; શ્રીઠાકોરજીને પણ એ કૃપાનું કહ્યું માનવું પડે છે. શ્રીયમુનાજીની વિનંતીથી શ્રીઠાકોરજીને બદલાવું પડે છે. તેઓ મુકુંદ હતા. મુક્તિ આપે તે મુકુંદ. એમને શ્રીયમુનાજીએ ભક્તિ આપતા કરી દીધા. શ્રીઠાકોરજીને બદલાવું પડયું.

શ્રીમહાપ્રભુજીએ પણ શ્રીઠાકોરજીને કહ્યું: 'જીવ જેવો છે એવો આપની પાસે આવ્યો છે. એનો હાથ આપ છોડશો નહિ. આવા કૃપાના ભંડાર શ્રીમહાપ્રભુજી છે.

આ કૃપાનો પણ એક પ્રકાર નથી. તેઓ જીવ ઉપર અનેક પ્રકારે કૃપા કરે છે. એમાંનો એક પ્રકાર છે તેઓ આપણી રક્ષા કરે છે. ઘણીવાર જીવનમાં એવું બને કે કોઈ અકસ્માત થાય, કોઇ મુશ્કેલી આવે ત્યારે તેઓ આપણને

ઉગારે છે. કૃપા સ્વરૂપ પ્રગટ થાય છે. મહાપ્રભુજી જેમ દુ:ખનું નિવારણ કરીને કૃપા કરે, મુશ્કેલીમાંથી ઉગારીને કૃપા કરે એમ સુખનું દાન કરીને પણ કૃપા કરે છે. આપણી લાયકાત કરતાં પણ વધુ અલૌકિક અને લૌકિક આપે છે.

જયારે આપણને થોડો લાભ થાય, લૌકિક સુખ મળે ત્યારે કહીએ છીએ કે મારા ઉપર ભગવાનની બહુ કૃપા છે, પણ શ્રીમહાપ્રભુજી કહે છે કે શ્રીઠાકોરજીની ખરી કૃપા થઈ કયારે જાણશો? લૌકિકમાં સુખસંપતિ મળે ત્યારે નહિ. એ તો શ્રીઠાકોરજી તમને પેલા બાળકની જેમ છેતરે છે. નાનું બાળક એના પપ્પાની સાથે ઓફિસે જવા જીદ પકડીને સ્કૂટર પકડીને ઊભું થઈ જાય ત્યારે એને દૂર કરવા એના પપ્પા ખીસામાંથી ચોકલેટ કાઢીને આપી દે છે, એમ શ્રીમહાપ્રભુજી કહે છે તમારે દુનિયાની સંપત્તિ રૂપી ચોકલેટ જોઈએ છે કે શ્રીઠાકોરજી? ત્યારે આપણે કહીએ છીએ કે ચોકલેટ આપી દો. શ્રીઠાકોરજી વગર ચાલશે.

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ - શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ કહે છે : 'હે વૈષ્ણવો, યાદ રાખજો. શ્રીઠાકોરજી જેના ઉપર કૃપા કરે છે, કૃપા વરસાવે છે એના રોજના જીવનમાં, એના વૈદિક કાર્યોમાં, કોઈ પ્રવૃત્તિમાં, ક્યારેય સ્વસ્થતા-શાંતિ થવા દેતા નથી. તેથી જ ટીકાકારોએ સમજાવ્યું કે શરીર રોગગ્રસ્ત થાય, અશક્ત થાય, સેવા ન કરી શકે અથવા લૌકિકમાં દુ:ખ આવે ત્યારે માનજો કે શ્રીઠાકોરજીએ કૃપા કરી છે. અમારો હાથ પકડયો છે. આ વાત આમ તો ગળે ઉતરે તેવી નથી પણ આ હકીકત છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. અને જયારે લૌકિકમાં સુખ, સંપત્તિ વગેરે બધું આપી દે તો માનજો કે શ્રીઠાકોરજીએ તમને ચોકલેટ આપી દૂર કર્યા છે. લૌકિકમાં સુખ આવે ત્યારે રડજો અને લૌકિકમાં દુ:ખ આવે ત્યારે નંદમહોત્સવ મનાવજો. દુ:ખ આવે ત્યારે સમજશો કે શ્રીઠાકોરજીએ હવે હાથ પકડયો છે. સુખ આવે ત્યારે સમજશો કે શ્રીઠાકોરજીએ હવે હાથ છોડી દીધો છે. દુ:ખ એ દયાનું દાન છે. સુખ એ બહિર્મુખતાનું દાન છે. માટે શ્રીહરિરાયજીએ શિક્ષાપત્રમાં કહ્યું:

લૌકિક કલેશ સંબંધો હરિઅંગીકૃત લક્ષણમ્ । શ્રીહરિએ આપણો અંગીકાર કર્યો એની સાબિતી શી? લૌક્કિમાં ક્લેશ થાય તો અલૌકિક સુધરે

અને લૌકિકમાં આનંદ થાય તો અલૌકિક બગડે. આ પણ કૃપાનું સ્વરૂપ છે. બહુ વિલક્ષણ કૃપાનું સ્વરૂપ છે.

પૈસા આવશે તો શું થશે? શ્રીઠાકોરજી ભૂલાઈ જશે. એને સાચવવામાં જ મન અને સમય જશે; અને પૈસા જશે તો શ્રીઠાકોરજી યાદ આવશે. શરીર સાજું હશે તો શ્રીઠાકોરજી ભૂલાઈ જશે. શરીરમાં તકલીફ આવશે તો ઊઠતાં-બેસતાં હે પ્રભુ, હે પ્રભુ કરીશું. શ્રીઠાકોરજીનું નામ રટાય એ કૃપા કે શ્રીઠાકોરજીનું નામ ભૂલાય એ કૃપા? માટે જ શ્રીમહાપ્રભુજી કૃપાનું સ્વરૂપ છે. પૃથ્વી ઉપરનાં જીવો ઉપર કૃપા કરવા માટે નિત્યલીલા, ગોલોકધામ છોડીને પોતે ભૂતલ ઉપર પધાર્યા. દૈવી જીવોને બ્રહ્મસંબંધ કરાવ્યું.

શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય ચંપારણ્યમાં થયું એ લીલાનો અનુભવ શ્રીગુસાંઈજી આ નામથી કરાવે છે. કૃપાનિધિ પ્રગટ થયા. કેવો અલૌકિક અવસર હશે એ! ગાઢ વન હશે. સેંકડો નહિ પણ હજારો ઋષિમુનિઓ ત્યાં તપ કરતા હશે. યજ્ઞ કરતા હશે. યજ્ઞકુંડોમાં અગ્નિ સળગતો હશે. કેવી સાત્ત્વિકતા હશે કે હિંસક પશુઓ અને ગાયો એક જ તળાવમાં એકસાથે પાણી પીતાં હશે. આવા ઘનઘોર વનમાં મધ્યાહ્ને લક્ષ્મણભટ્ટજી અને ઈલમ્માગારુજીને તથા તે સમયે ત્યાં હતાં તે સૌને અગ્નિકુંડમાં ખેલતા શ્રીવલ્લભના સાક્ષાત્ દર્શન થઈ ગયાં. તે સમયે ત્યાં પાંચેક વર્ષની ઉંમરના દમલાજી પણ હતા. પિતાની સાથે હઠ કરી યાત્રાએ નીકળ્યા હતા. બીજા બધાને આ ચમત્કાર લાગ્યો કે અગ્નિના કુંડમાં નવું જન્મેલું બાળક રમે છે. પરંતુ દમલાજીને તો સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયાં. જે દર્શન લલિતાજીને નિત્યલીલામાં થયાં હતાં તે જ અહીં પૃથ્વી ઉપર દમલાજીને થયાં. બંને સ્વરૂપનાં નેત્રો પરસ્પર મળ્યાં હશે. ચાર નેત્રોના ચાર કદલી સ્તંભનો મંડપ રચાયો હશે. એ મંડપમાં શ્રીમહાપ્રભુજી અને દમલાજીના ભાવાત્મક સ્વરૂપો એકબીજાને ભેટ્યા હશે ત્યારે એ બંને સ્વરૂપોએ કેવો આનંદ અનુભવ્યો હશે!

ભોક્તા શ્રીમહાપ્રભુજી ભોજ્ય બની ગયા હશે અને ભોજ્ય શ્રીદમલાજી ભોક્તા બની ગયા હશે. આમ કૃપાનિધિનો પહેલો અનુભવ પૃથ્વી ઉપર દમલાજીને કરાવ્યો. ‘દમલા, તેરે લિયે હિ મૈં આયો હૂં.’’ દમલા, તારા માટે જ હું આવ્યો છું.’

દસ વર્ષ પછી વર્ધામાં જ્યારે દમલાજી શ્રીમહાપ્રભુજીની પાસે આવ્યા ત્યારે આપશ્રીએ કહ્યું : ‘દમલા તેને બહોત દેર કર દી.’ દમલા તેં મને મળવામાં કેટલું મોડું કર્યું? આપણને મળે દશ વર્ષ વીતી ગયાં.

ભક્ત ભગવાનનો નિરોધ કરે પણ જ્યારે ભગવાન ભક્તનો નિરોધ કરે ત્યારે તે ફલરૂપ નિરોધ બને છે. આવા ફલરૂપ નિરોધનું દાન કૃપાનિધિ જ કરી શકે.

આથી જ જ્યારે ‘કૃપાનિધિ’ નામ બોલાય ત્યારે ચંપારણ્યમાં અગ્નિકુંડમાં ખેલતા ને દમલાજી સાથે નેત્રોનું ત્રાટક કરતા શ્રીવલ્લભનું સ્મરણ કરવું. એ લીલાના સ્વરૂપનું આ ધર્મી સ્વરૂપ બતાવ્યું. કૃપાનિધયે નમઃ.

હવે શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું પાંચમું નામ બતાવે છે.

(૫) દૈવોદ્ધાર પ્રયત્નાત્મા : દૈવોદ્ધાર પ્રયત્નાત્મને નમ :

દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે જેમનો પ્રયત્ન સદા રહ્યો છે તેવા શ્રીવલ્લભને હું નમન કરું છું.

દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે શ્રીમહાપ્રભુજીએ ભૂતળ ઉપર પ્રગટ થઈને પ્રકટ સ્વરૂપે ૫૨ વર્ષ અને અપ્રકટ સ્વરૂપે ૫૦૦ કરતાંય વધુ વર્ષ સતત પ્રયત્નો કર્યા છે. પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો. ગ્રંથો પ્રકટ કર્યા અને દૈવી જીવોને નામ નિવેદન કરાવીને તેમનો અંગીકાર કર્યો. શ્રીનાથજી વગેરે સેવ્ય સ્વરૂપોને પ્રકટ કરી સેવામાર્ગ શરૂ કર્યો. માનસી સેવાની સિદ્ધિ માટે તનુવિત્તજા સેવા કરવાનો ઉપદેશ આપ્યો.

જુદાં જુદાં સ્થળોએ નિવાસ કરતા દૈવી જીવોના ઉદ્ધાર માટે આપશ્રીએ ત્રણ વખત ભારત પરિક્રમા કરી. પહેલી પરિક્રમા ૯ વર્ષે પૂર્ણ થઈ. બીજી પરિક્રમા ૫ વર્ષે અને ત્રીજી પરિક્રમા ૪ વર્ષે પૂર્ણ થઈ. આમ સતત ૧૮ વર્ષ સુધી ખુલ્લા ચરણારવિંદથી ચાલીને પરિક્રમા કરી. પ્રતિજ્ઞા લઈને કરી કે બનશે ત્યાં સુધી ગામ બહાર જળાશયના કિનારે વૃક્ષ નીચે જ નિવાસ કરીશ. સ્વયંપાકી થઈશ.

અંગ બંગ કલિંગ કૈકટ માગધ મારુ સુર સિંધ
એ તામસના અઘ હર્યા વહાલે પરતાપ પદરજ ગંધ

આપે આખા ભારતની પરિક્રમા કરી. જ્યાં આપ ન પધાર્યા તે પ્રદેશના દૈવી જીવોનો પોતાની પદરજ - ચરણરજના પ્રતાપે ઉદ્ધાર કર્યો. ચિંતાસંતાન હંતારો યત્પાદાંબુજ રેણવઃ - જેમના ચરણકમળની રજ સર્વ ચિંતાઓનું હરણ કરી ઉદ્ધાર કરી શકે છે એવા શ્રીવલ્લભે દૈવી જીવોના ઉદ્ધાર માટે કેટકેટલો પરિશ્રમ લીધો!

દૈવી સૃષ્ટિ બે પ્રકારની છે. મર્યાદા અને પુષ્ટિ. આપશ્રીએ બંનેનો ઉદ્ધાર કર્યો. તે માટે બે ભગીરથ કાર્યો કર્યા. માયાવાદનું ખંડન કરીને મર્યાદા જીવોનો ઉદ્ધાર કર્યો અને બ્રહ્મવાદનું સ્થાપન કરીને પુષ્ટિજીવોનો ઉદ્ધાર કર્યો. આ એમનું ગુરુસ્વરૂપ અને ઐશ્વર્ય સ્વરૂપ શ્રીગુસાંઈજીએ બતાવ્યું.

શ્રીમહાપ્રભુજીએ જગતને બે માર્ગ બતાવ્યા. પૃથક્ શરણ માર્ગ અને નિર્ગુણ ભક્તિમાર્ગ. પુષ્ટિજીવો માટે સેવામાર્ગ બતાવ્યો. સેવામાં પણ તનુ વિત્તજાનો પ્રકાર શીખવ્યો. પોતાના ઘરમાં, પોતાના પરિવારજનો સાથે રહી, પોતાના પૈસાથી અને શરીરથી સેવા કરીએ ત્યારે એ તનુ વિત્તજા સેવા કહેવાય. બીજાના પૈસાથી સેવા કરીએ એ સેવા ન કહેવાય તેમજ બીજાને પૈસા આપીને સેવા કરાવીએ તે પણ સેવા ન કહેવાય. સેવા જાતે જ કરવી પડે. પોતાના પૈસાથી પોતાના ઘરમાં કરવી પડે. શ્રીમહાપ્રભુજીએ સરસ શીખવ્યું છે કે પોતાના પરસેવાની કમાણીનું દ્રવ્ય જ શ્રીઠાકોરજીને અંગીકાર કરાવાય. બીજાનું નહિ. આવા સેવામાર્ગ દ્વારા દૈવી જીવોને ઉદ્ધાર કર્યો.

દૈવી જીવો પણ ત્રણ પ્રકારના. સત્વગુણી, રજોગુણી અને તમોગુણી. આ ત્રણ પ્રકારના જીવોનાં લક્ષણો કેવાં હોય એવો આપણને પ્રશ્ન થાય. જો આ લક્ષણો જાણીએ તો આપણી જાતને ઓળખી શકીએ. જેનામાં સત્વ ગુણ વધારે હોય તેનામાં વિનય, વિચાર અને વિદ્વતા હોય. આ ત્રણ લક્ષણો હોય તો સમજવું કે આ જીવ સાત્વિક પ્રકૃતિનો છે. એની રૂચિ ગ્રંથો દ્વારા શ્રીઠાકોરજીના સ્વરૂપમાં એકરૂપ થઈ જવાની, ભજનાનંદ પ્રાપ્ત કરવાની હોય. જગતાનંદ પંડિત જેવા સાત્ત્વિક પ્રકૃતિના વૈષ્ણવોને આપશ્રીએ પોતાના ગ્રંથો અને આચારવિચારથી આકર્ષી શરણે લીધા.

બીજા પ્રકારના જીવો રજોગુણી. તેઓ વ્યવહાર કુશળ હોય. એની વ્યવહાર કુશળતા શ્રીઠાકોરજીની સેવામાં દેખાય. શ્રીઠાકોરજી માટે નવાં

વસ્ત્ર, શૃંગાર બનાવે. ઉત્તમ સામગ્રી આરોગાવે. સુંદર મનોરથો કરે. આ બધામાં કુશળતા દેખાય એ રાજસ્ પ્રકૃતિનો જીવ. શેરગઢના વીરબાઈ જેવાં વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીએ ઉત્તમ પ્રકારના વ્યવહારથી આકર્ષી શરણે લીધાં.

ત્રીજા પ્રકારના જીવો તમોગુણી. તમોગુણ પ્રધાન જીવો મૂઢ અને અહંકારી હોય. તેમને ગમે તેટલું કહીએ તો પણ અસર ન થાય. એમને સ્વરૂપનાં દર્શનથી શ્રદ્ધા ન થાય. તેઓ તો ચમત્કારને નમસ્કાર કરે. ચમત્કાર જોઈ શ્રીમહાપ્રભુજીને શરણે આવેલા તમોગુણી જીવો વાસુદેવદાસ છકડા, પ્રભુદાસ ભાટ વગેરે છે. આ બધા તામસ પ્રકૃતિના જીવ કહેવાય.

આ પુષ્ટિમાર્ગની આ જ વિશેષતા છે. ધર્મશાસ્ત્રો એમ કહે છે કે ભગવદ્ માર્ગે ચાલવું હોય તો પ્રકૃતિ બદલવી પડે. તામસ કે રાજસ પ્રકૃતિ છોડી સાત્વિક બનવું પડે. પરંતુ શ્રીમહાપ્રભુજી કહે છે તમે જેવા છો તેવા મારા છો. તમારે બદલાવાની જરૂર નથી. હું મારા કૃપાબળે તમારી લૌકિક પ્રકૃતિને અલૌકિકમાં ફેરવીશ. કેવી કૃપા? જીવના ગુણોની પ્રકૃતિ બદલ્યા વિના જીવ પ્રભુને શરણે રહે એ કૃપામાર્ગનો સિદ્ધાંત આપે બતાવ્યો. માટે આપનું નામ કહ્યું : **દૈવોદ્ધાર પ્રયત્નાત્મા.**

આપશ્રીએ ત્રણે પ્રકૃતિવાળા જીવોને શ્રીઠાકોરજીનાં ગુણગાન ગાવાનો અને સેવાનો માર્ગ બતાવ્યો. પ્રકૃતિ બદલ્યા વિના શરણાગતિ સિદ્ધ થાય એવું બતાવ્યું. અહીં આપશ્રીનો ઐશ્વર્ય ધર્મ પ્રગટ થયો. ઈશ્વરતા પ્રગટ થઈ. આથી જ આ નામ બોલાય ત્યારે ફક્ત ૧૧ વર્ષની વયે, કેવળ ધોતી ઉપરણો ધારણ કરી, દૈવી જીવોના ઉદ્ધાર માટે ભારતયાત્રા કરતા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું ચિંતન કરવું. આપશ્રી ચરણારવિંદથી ચાલીને પધારી રહ્યા છે. શ્રીહસ્તમાં પોતાના શ્રીઠાકોરજીનાં ઝાંપીજી છે. સાથે અન્ય સેવકો છે. આ લીલાનું ચિંતન કરવું. **દૈવોધ્ધાર પ્રયત્નાત્મને નમઃ**

હવે છઠ્ઠું નામ જોઈશું.

સ્મૃતિમાત્રાર્તિનાશનઃ - સ્મૃતિમાત્રાર્તિનાશનાય નમઃ આ નામમાં થોડાક શબ્દો સાથે મૂકાયા છે. સ્મૃતિ + માત્ર + આર્તિ + નાશનઃ; સ્મૃતિ = યાદ, સ્મરણ; માત્ર = ફક્ત; આર્તિ = દુઃખ, સંસારનું દુઃખ; નાશનઃ = નાશ કરનારા.

સ્મરણ માત્રથી જેઓ (સ્મરણ કરનારના) સંસારના દુઃખોનો નાશ કરે છે તેવા શ્રીમહાપ્રભુજી છે.

માટે જ આપણે દુઃખ આવે ત્યારે 'વલ્લભ' 'વલ્લભ' રટીએ છીએ. હે વલ્લભ; હે વલ્લભ બોલીએ છીએ. આપણે એમને યાદ કરીએ, સ્મરણ કરીએ અને એ આપણા સર્વ લૌકિક દુઃખો દૂર કરે.

શ્રીમહાપ્રભુજીએ સ્મરણની વ્યાખ્યા શ્રીસુબોધિનીજીમાં આ પ્રમાણે કરી છે: **સ્નેહાત્ અપ્રયત્ન વિચાર: ઈતિ સ્મરણ:।** સ્નેહને કારણે પ્રયત્ન કર્યા વગર જ મનમાં વિચાર જાગે એનું નામ સ્મરણ - પ્રયત્ન પૂર્વક કોઈને યાદ કરીએ તો એ સ્મરણ ન કહેવાય; પરંતુ વગર પ્રયત્ને, કોઈ કારણ ન હોય અને એ વ્યક્તિ આપણને યાદ આવી જાય તો એનું નામ સ્મરણ. સ્નેહમાં આવું થાય. માટે શ્રીમહાપ્રભુજીને માટે કહેવાગું કે જે વૈષ્ણવ સ્નેહથી, ઉત્કટ પ્રેમથી શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરશે તેના સંસારનાં - એની અહંતા - મમતામાંથી જન્મેલાં - દુઃખો દૂર થશે.

આપણાં બધાં દુઃખોનું કારણ અહંતા - મમતા છે. આપણા શરીરને કંઈક વાગે તો આપણને દુઃખ થાય છે, પણ રસ્તે જતાં કોઈ અકસ્માત જોઈએ તો 'બિચારાને કેટલું વાગ્યું છે' એમ કહી આગળ વધી જઈએ છીએ. આપણા સ્વજનને કંઈક તકલીફ આવે તો આપણને દુઃખ થાય છે, પરંતુ છાપામાં આવેલા કુદરતી હોનારત કે અકસ્માતના સમાચારથી એટલું દુઃખ થતું નથી. આમ દુઃખોનું કારણ અહંતા - મમતા છે એવું કહેવાય છે.

આવા દુઃખના પ્રસંગોએ સાક્ષાત્ આનંદનું સ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરનાર ઉપર શ્રીમહાપ્રભુજી એવી કૃપા કરે છે કે એમના સ્મરણ માત્રથી તે જીવના સર્વ દુઃખો નાશ પામે છે.

સ્મરણ એક એવો વિષય છે કે સ્મરણ થાય ત્યારે આનંદ આવે. દુઃખદ પ્રસંગનું સ્મરણ દુઃખ આપે છે પરંતુ સુખનું સ્મરણ દુઃખને આપોઆપ દૂર કરે છે. માટે જ આપણે દુઃખદ પ્રસંગ બને ત્યારે કહીએ છીએ: 'આ બધું હવે ભૂલી જાવ. યાદ ન કરશો.' દુઃખને ભૂલવાનો પ્રયત્ન કરવો પડે છે. પરંતુ સ્મરણ એ આંતર રમણ છે. સુખદ પ્રસંગોનું સ્મરણ કરવાથી દુઃખ નાશ પામે છે.

આપણે ત્યાં બે શબ્દો મળે છે - 'નિવૃત્તિ' અને 'નાશ'. સિદ્ધાંત રહસ્યમાં આજ્ઞા થઈ : 'બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહજીવયો: સર્વદોષ નિવૃત્તિ:' ત્યાં 'નિવૃત્તિ' શબ્દ વપરાયો. જ્યારે અહીં 'નાશ' શબ્દ વપરાયો છે.

પાણી ઉપર રહેલી લીલ જો ખસેડી લઈએ તો પીવા લાયક જળ મળે. અહીં લીલ ખસેડવી એ લીલની નિવૃત્તિ છે. લીલનું અસ્તિત્વ તો રહે જ છે પણ એ આપણને જલપાન કરવામાં બાધક નથી બનતી. એમ બ્રહ્મસંબંધ થતાં આપણામાં રહેલા પાંચ દોષો નાશ નથી પામતા. એ રહે તો છે જ, પણ એ આપણને સેવામાં પ્રતિબંધ કરનારા રહેતા નથી. બ્રહ્મસંબંધ પહેલાં એ દોષો પ્રતિબંધ કરતા હતા; પરંતુ બ્રહ્મસંબંધ થતાં એ દોષોનું સામર્થ્ય એટલું બધું ઘટી ગયું કે હવે દોષો પ્રતિબંધ કરી શકતા નથી. માટે ત્યાં 'નિવૃત્તિ' શબ્દ વપરાયો છે.

અહીં 'નાશ' શબ્દ વપરાયો છે. નાશનો અર્થ છે નષ્ટ થવું. આમ તો આપણે ત્યાં કોઈ વસ્તુ નષ્ટ થતી નથી. એનું સ્વરૂપ બદલાય છે. તેથી જે સંસારના દુઃખો, તાપક્લેશ હતા, તેનું રૂપાંતર થાય છે.

શ્રીમહાપ્રભુજીના સ્મરણ માત્રથી વિપ્રયોગાત્મક સ્વરૂપ શ્રીમહાપ્રભુજી એ જીવના સંસારના આધિભૌતિક દુઃખોનું - તાપક્લેશનું રૂપાંતર કરી દે છે. પ્રભુના વિરહતાપને યુક્ત બનાવી દે છે.

ઘણાં એમ કહે છે કે અમે તો રોજ 'શ્રીવલ્લભ: શરણં મમ' મંત્રની ૧૦૮ માળા જપીએ છીએ, પણ અમારા લૌકિક દુઃખો તો એમના એમ રહી ગયા છે; જ્યારે તમે કહો છો કે સ્મરણ માત્રથી લૌકિક દુઃખોનો નાશ થાય છે. તો અહીં એ સમજવાનું છે કે શ્રીમહાપ્રભુજી આપણા મનને એવું અલૌકિક બનાવવાની કૃપા કરે છે કે લૌકિક તાપક્લેશ રહેતા નથી. હજારો વર્ષોથી પ્રભુથી છૂટો પડેલો આ જીવ પ્રભુની પ્રાપ્તિ માટેના તાપક્લેશને ભૂલી ગયો છે. એ જીવને ફરીથી પ્રભુની પ્રાપ્તિ માટેના તાપક્લેશના આનંદનું દાન શ્રીમહાપ્રભુજી કરે છે.

શ્રીઠાકોરજીની પ્રાપ્તિ માટેનો જે તાપક્લેશ છે - શ્રીઠાકોરજી ક્યારે મળશે? શ્રીમહાપ્રભુજી ક્યારે મળશે? શ્રીપ્રભુની લીલાઓનો અનુભવ ક્યારે થશે? આવો તાપક્લેશ, શ્રીઠાકોરજીનાં દર્શન માટેનો તાપક્લેશ એ અલૌકિક

તાપક્લેશ છે. રાસમાં પ્રભુ અંતધાન થયા ત્યારે ગોપીજનોએ 'હા નાથ, રમણ પ્રેષ્ઠ ક્વાસિ ક્વાસિ મહાભુજ' એમ બોલતાં પ્રભુની શોધમાં ચંદ્ર સરોવરથી પૂછરીના લોંઠા સુધી પરિભ્રમણ કર્યું. પ્રભુના વિયોગમાં એમના પ્રાણ ટકી રહ્યા. શ્રીપ્રભુ મથુરા પધાર્યા પછીયે વ્રજવાસીઓના પ્રાણ ટકી રહ્યા કારણ કે એમને વિરહનો જે તાપ થયો, તાપક્લેશથી વિપ્રયોગનો અનુભવ થયો, તેનાથી એમના હૃદયમાં સાક્ષાત્ વિપ્રયોગધર્મી સ્વરૂપ પ્રકટ થઈ ગયું. એનો આનંદ તેઓ મનાવવા લાગ્યાં. આંતર રમણ સિદ્ધ થયું.

શ્રીગુસાંઈજી અહીં બતાવે છે કે જે જીવ શ્રીમહાપ્રભુજીનું બહુ ઉત્કટ સ્મરણ કરે છે તેને શ્રીમહાપ્રભુજી આ વિરહનું દાન કરે છે. વિપ્રયોગનું, તાપક્લેશાનંદનું દાન કરે છે. અને એના લૌકિક તાપક્લેશને નિર્મૂળ કરે છે. અહીં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું પ્રમેયબળ બતાવ્યું. વીર્ય ધર્મ પ્રકટ થયો. જે સ્મરણ માત્રથી લૌકિક તાપને દૂર કરે અને અલૌકિક તાપનું દાન કરે એ વીર્ય ધર્મ છે.

દામોદરદાસ હરસાનીજીનો પ્રસંગ આપણે યાદ કરીએ. શ્રીમહાપ્રભુજીએ ૧૧ વર્ષની વયે ભારત પરિક્રમા માટે પ્રસ્થાન કર્યું છે. યાત્રા તો નિમિત્ત છે પણ પોતાના જીવોને સામે પધારીને સનાથ કરવા પધાર્યા છે.

સવારનો સમય છે. ખીલું ખીલું થતા સવારના સૂર્યના કોમળ કિરણોની વચ્ચે સન્મનુષ્યાકૃતિ રૂપ અપ્રાકૃત અલૌકિક સ્વરૂપ એવા શ્રીવલ્લભ કેવળ ધોતી ઉપરણો ધારણ કરીને ચરણારવિંદથી ચાલતા વર્ધાનગરના રાજમાર્ગ ઉપર પધારી રહ્યા છે. વર્ધાના નગરજનોને લાગ્યું કે કોઈ બ્રાહ્મણ બાળક વામનજીનું સ્વરૂપ લઈને આવી રહ્યો છે. પણ વર્ધાના નગરશેઠ કપૂરચંદ હરસાનીજીની હવેલીના પહેલા મજલાના છજામાં બેઠેલા દામોદરદાસજીને તો શ્રીવલ્લભના પુરુષોતમ સ્વરૂપે દર્શન થયાં. દામોદરદાસની આંખોમાં અલૌકિક જ્ઞાનનું અંજન છે. તેમને પાંચ વર્ષની ઉંમરે શ્રીવલ્લભના પ્રાગટ્ય સમયે દર્શન થયાં છે. અગિયાર વર્ષથી એ અનુભવના તીવ્ર સ્મરણમાં, ખાન પાન બધું જ છોડી દઈને વિરહનો અનુભવ કરી રહ્યા છે. શ્રીવલ્લભના તીવ્ર સ્મરણમાં તાપક્લેશાનંદનો અનુભવ કરી રહ્યા છે. શ્રીવલ્લભનાં દર્શન થતાંની સાથે ધીરજ ન રહી. છજામાંથી કૂદી પડ્યા. પ્રાણની પરવા ન કરી.

શ્રીવલ્લભના ચરણકમળોમાં મસ્તક ધરી દઈ, હૃદયના બધા દ્વાર ખોલી દઈ, વિરહના સર્વ ભાવોને નેત્રોના નીર બનાવી દઈ વહેવડાવી રહ્યા છે. શ્રીવલ્લભના ચરણોને વિરહના અશ્રુથી પખાળી રહ્યા છે. શ્રીવલ્લભ કૃપાનિધિ છે. આપ સ્વયં નીચા વળી બે શ્રીહસ્તથી દમલાજીના હાથ પકડી ઉઠાડે છે. પોતાના હૃદય કમળ સાથે ચાંપીને કહે છે : 'દમલા, તું આવ્યો?' આ ત્રણ શબ્દોમાં શ્રીવલ્લભે પોતાનું હૃદય ઠાલવી દીધું છે.

દમલાજી કહે છે : 'મહારાજ, હું તો ભવોભવથી, જન્મોજન્મથી આપની પ્રતીક્ષા કરી રહ્યો છું. આપે આજે કૃપા કરી.'

શ્રીમહાપ્રભુજી એમની કસોટી કરે છે. આ જીવ પોતાના સ્વરૂપને ભૂલી તો નથી ગયોને એ તપાસે છે. આજ્ઞા કરે છે : 'જા, તારા ભાઈઓની રજા લઈ આવ.'

'મહારાજ, કોણ ભાઈઓ અને કોણ પરિવાર? મારે કોની રજા લેવાની? હવે આપનાથી એક ક્ષણનોય અંતરાય મને નહિ પરવડે. કૃપા કરી આપ મને સદાય આપની સાથે રાખો.'

આપશ્રી દમલાજીને સાથે લઈને ગામના તળાવના કિનારે પધાર્યા. ત્યાં બિરાજી તેમને શરણમંત્રની દીક્ષા આપી અને એજ દમલાજીને બ્રહ્મસંબંધની ભગવદ્ આજ્ઞા થયા પછી સૌ પ્રથમ બ્રહ્મસંબંધનું દાન કર્યું છે. આપશ્રી દમલાજીને વારંવાર આજ્ઞા કરતા : 'ભગવદ્ વાર્તા કીયે બડી દેર ભઈ!' આવા પ્રભુ શ્રીવલ્લભ લીલામાં પધાર્યા પછી દમલાજીનું સ્મરણ વધુ ઉત્કટ થઈ ગયું ત્યારે પણ શ્રીમહાપ્રભુજી એમના વિરહ તાપને દૂર કરવા માટે દર ત્રીજા દિવસે સાક્ષાત્ દર્શન આપતા.

આ રીતે માત્ર દમલાજીને જ નહિ પરંતુ પોતાના સર્વ જીવો ઉપર કૃપા કરીને, શ્રીવલ્લભ પોતાનું સ્મરણ કરાવીને આપણામાં વિરહતાપ પ્રકટ કરે છે; આપણા લૌકિક તાપનો નાશ કરે છે.

આ નામનું રટણ કરીએ ત્યારે વર્ધાના રાજમાર્ગ ઉપરથી પધારી રહેલા શ્રીવલ્લભના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ કરી, નેત્રોમાંથી અશ્રુધારા વહાવી રહેલા દમલાજીને શ્રીવલ્લભ ઊઠાડીને કહે છે : દમલા, તું આવ્યો?' એ સ્વરૂપનું ચિંતન કરવું.

સ્મરણમાત્રથી શ્રીદામોદરદાસજીના વિરહતાપને દૂર કરનારા શ્રીવલ્લભના સ્વરૂપ અને લીલાનું અનુસંધાન કરતાં આપણે શ્રીવલ્લભને વંદન કરીએઃ '**સ્મૃતિમાત્રાર્તિનાશનાય નમઃ**'

અહીં સાતમો શ્લોક પૂર્ણ થયો.

■

શ્રીવલ્લભ રાજકી બલબલ જાઉં ॥
મુદ્રા તિલક સહિત મુખ, જાકી,
છબિ નિરખ મેરે નયન સિરાઉં ॥૧॥
શ્રીવલ્લભ પુન શ્રીગિરિધર મુરતિ,
એક અનેક હિયેં સોભિત નાઉં ॥
અભય રાસ વિલાસ કરો પ્રભુ,
લાલગોપાલ સકલ ગુણગાઉં ॥૨॥

પ્રકરણ - ૧૦ : શ્લોક - ૮

શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકાશનપરાયણઃ ।
સાકાર બ્રહ્મવાદૈકસ્થાપકો વેદપારગઃ ॥૮॥

આ આઠમા શ્લોકમાં શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનાં સાત, આઠ અને નવ એમ ત્રણ નામ બતાવે છે. સાતમું નામ છે : શ્રીભાગવત-**ગૂઢાર્થ પ્રકાશન પરાયણઃ**

શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશન પરાયણાય નમઃ - શ્રીભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કરવામાં જે તત્પર છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું. શ્રીમહાપ્રભુજીના ભૂતલ ઉપર પ્રાકટ્યનો એક હેતુ દૈવી જીવોના ઉદ્ધારનો છે, તે જ રીતે બીજો હેતુ શ્રીભાગવતના ગૂઢ અર્થ પ્રકટ કરવાનો છે. આપશ્રી સિવાય શ્રીભાગવતના ગૂઢ અર્થો બીજું કોઈ જાણી શક્યું નથી. ઘણા આચાર્યોએ શ્રીમદ્ ભાગવતજી ઉપર ઘણી ટીકાઓ લખી છે; પરંતુ શ્રીમહાપ્રભુજી જેવી ઉત્તમ ટીકા કોઈપણ આચાર્યે લખી નથી.

શ્રીમદ્ ભાગવત એ ભગવદ્ શાસ્ત્ર છે. તેનો અર્થ ભગવાન સિવાય કોઈ જાણી શકતું નથી. તેથી જ્યારે પૂર્ણપુરુષોત્તમના મુખારવિંદ સ્વરૂપ સાક્ષાત્ શ્રીવલ્લભ પ્રકટ થયા ત્યારે આપશ્રીએ તે ગૂઢ અર્થોનું તાત્પર્ય સમજાવ્યું. ભગવાનનું સ્વરૂપ ભગવાન સિવાય અન્ય કોણ સમજાવી શકે?

શ્રીભાગવત અઢાર હજાર શ્લોકોની બાર સ્કંધવાળી સંહિતા છે. તે ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. એક એક સ્કંધ પ્રભુનું એક એક અંગ છે. દશમ સ્કંધ પ્રભુનું હૃદય છે. તમામ સ્કંધોમાં ગૂઢાર્થ છે; પરંતુ દશમ સ્કંધમાં અલૌકિક ગૂઢાર્થો છે. આ બધાનો કેવલ એક ગૂઢ અર્થ પૂર્ણ પુરુષોત્તમની ભક્તિ છે. એવું નિરૂપણ શ્રીમહાપ્રભુજીએ કર્યું છે. જ્યારે અન્ય વિદ્વાનોએ તેનો અર્થ મુક્તિ બતાવ્યો છે. ભક્તિરસરૂપી ગૂઢ અર્થ શ્રીમહાપ્રભુજીએ જ બતાવ્યો છે, તેથી જ શ્રીગુસાંઈજી મહારાજ આપશ્રીને 'શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણઃ' કહે છે.

આ અર્થો સમજાવવા શ્રીમહાપ્રભુજીએ તત્વાર્થદીપ નિબંધમાં શ્રીભાગવતાર્થ પ્રકરણ અને શ્રીસુબોધિનીજી નામના બે ગ્રંથો લખ્યા છે. શ્રીભાગવતાર્થ પ્રકરણમાં આપશ્રીએ શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ અને અધ્યાયનું રહસ્ય સમજાવી એ ચાર પ્રકારે અર્થ બતાવ્યા છે. શ્રી સુબોધિનીજીમાં વાક્ય, પદ અને અક્ષર એમ ત્રણ પ્રકારે અર્થ પ્રકટ કર્યા છે. આમ કુલ સાત રીતે આપશ્રીએ શ્રીભાગવતના ગૂઢ અર્થોનું પ્રકાશન કર્યું છે.

આપશ્રીએ શ્રીસુબોધિનીજી લખવાનો પ્રારંભ કર્યો પ્રથમ સ્કંધથી. ત્રણ સ્કંધ ઉપર સુબોધિનીજી લખાયાં; ત્યારે શ્રીજીબાવાએ આપશ્રીને નિત્યલીલામાં પાછા પધારવાની આજ્ઞા કરી. તેથી આપે ચોથા સ્કંધની ટીકા લખવાનું છોડી દઈ દશમ સ્કંધની ટીકા લખવાની શરૂઆત કરી. એ લખાઈ ગયા પછી એકાદશ સ્કંધ શરૂ કર્યો ત્યારે ફરી શ્રીઠાકોરજીની આજ્ઞા નિત્યલીલામાં પાછા પધારવાની થઈ. આ ટીકા લખવા માટેની સેવા કરતા શ્રીમાધવભટ્ટ કાશ્મીરીને બાણ વાગતાં તેમનો દેહ છૂટી ગયો એટલે આગળ લખવાનું થઈ શક્યું નહિ. તેથી આજે આપણને માત્ર પ્રથમ ત્રણ સ્કંધ, દશમ સ્કંધ અને થોડી અગિયારમાં સ્કંધની ટીકા મળે છે. જીવોની શ્રીભાગવતના ગૂઢ અર્થો ધારણ કરવાની, ભગવદ્ રસ ધારણ કરવાની શક્તિ પ્રભુ જાણતા હતા. એથી જ શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી કે આપ વધુ અર્થો પ્રકટ કરશો નહિ.

આ નામનું ચિંતન કરીએ ત્યારે વિદ્યાનગરમાં બિરાજતા શ્રીમહાપ્રભુજી શ્રીદામોદરદાસ હરસાનીજીને શ્રીભાગવતના ગૂઢ અર્થો સમજાવી રહ્યા છે, તે લીલાનું ચિંતન કરવું.

આ નામ શ્રીવલ્લભના 'યશ' ધર્મનું સૂચન કરે છે. શ્રીમદ્ ભાગવતના ગૂઢ અર્થો પ્રકટ કરનાર શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. **શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશન પરાયણાય નમઃ**

આઠમું નામ છેઃ સાકાર બ્રહ્મવાદૈકસ્થાપકઃ

સાકાર-બ્રહ્મવાદૈક-સ્થાપકાય નમઃ - સાકાર બ્રહ્મવાદને સૌથી પહેલાં સ્થાપનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતજીના ગૂઢ અર્થો પ્રકટ કર્યા. આ ગૂઢ અર્થો બતાવતાં આપશ્રીએ વેદાંતની દૃષ્ટિએ કયા વાદનો સ્વીકાર કર્યો તે આ નામમાં બતાવે છે.

શ્રીમહાપ્રભુજીએ સાકાર બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. આપશ્રીએ સર્વપ્રથમ બ્રહ્મને આનંદસ્વરૂપ છતાં હસ્ત, ચરણ, મુખ, ઉદર આદિ અંગોવાળા કહ્યા છે. વ્રજજનોને આનંદનું દાન કરનારા પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપને સાકાર બ્રહ્મ સ્વરૂપે સ્થાપન કરનારા શ્રીમહાપ્રભુજી છે.

આપશ્રીની પહેલાં કોઈએ આ સાકાર સ્વરૂપનું નિરૂપણ કર્યું નથી. સર્વ શાસ્ત્રોમાં બ્રહ્મને નિરાકાર તરીકે વર્ણવ્યા છે. વેદવ્યાસ આદિ અનેક ઋષિમુનિઓ પણ વ્યાપક નિરાકાર બ્રહ્મનું નિરૂપણ કરે છે; પરંતુ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે શ્રીમદ્ ભાગવતમાં કેવળ સાકાર બ્રહ્મના આનંદનું નિરૂપણ છે. શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે. જો બ્રહ્મને હસ્ત-ચરણ વગેરે ન હોય તો શ્રીકૃષ્ણે કરેલી સર્વ લીલાઓ કેવી રીતે સંભવે? શ્રીકૃષ્ણની બાલલીલાઓ, કિશોરલીલા, રાસલીલા વગેરેનો અનુભવ સાકાર બ્રહ્મને કારણે જ થાય છે. આ કારણે જ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મના ઉપાસક શ્રીશુકદેવજી, જેઓ હિમાલયની ગુફામાં એ નિરાકાર બ્રહ્મનું ધ્યાન ધરતા હતા, તેઓ શ્રીમદ્ ભાગવતના શ્લોકોનું શ્રવણ કરતાં જ સગુણ-સાકાર બ્રહ્મના ગુણગાન ગાવા લાગ્યા. એ સાકાર બ્રહ્મ જેને પોતાની તરફ આકર્ષે છે તે પોતાનું સર્વસ્વ એના ચરણોમાં ધરી દે છે. આવા બ્રહ્મનું પ્રતિપાદન શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતજીના આધારે કર્યું છે. તેના દ્વારા આપણા જેવા જીવોને પરમ આનંદનું દાન કર્યું છે. આપશ્રીએ કહ્યું કે યશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ જ સાકાર રસબ્રહ્મ છે.

આ સાકાર બ્રહ્મવાદનું સ્થાપન આપશ્રીએ વિદ્યાનગરની ધર્મસભામાં સંવત ૧૫૪૮માં કરેલું. એ ધર્મસભામાં દિવસો સુધી ચાલેલી શાસ્ત્રચર્ચામાં આપશ્રીએ અન્ય વિદ્વાનો ઉપર વિજય પ્રાપ્ત કર્યો, પરિણામે ત્યાં ઉપસ્થિત સર્વ વિદ્વાનોએ આપશ્રીને આચાર્યની પદવી અને વિજયપત્ર આપ્યો. વિષ્ણુસ્વામી સંપ્રદાયના બિલ્વમંગલ નામના, ૮૦૦ વર્ષના આયુષ્યવાળા, યોગથી ટકી રહેલા આચાર્યે શ્રીમહાપ્રભુજીને વિષ્ણુસ્વામી સંપ્રદાયના

આચાર્ય તરીકે વિજયતિલક કર્યું. આમ શ્રીમહાપ્રભુજી વિષ્ણુસ્વામી સંપ્રદાયના આચાર્ય તરીકે બિરાજ્યા, એ લીલા આપણે આ નામના રટણ સમયે યાદ કરવાની છે.

આ નામ આપશ્રીના શ્રીધર્મનું સૂચન કરે છે. સાકાર બ્રહ્મવાદનું સર્વ પ્રથમ સ્થાપન કરનાર શ્રીમહાપ્રભુજીને આપણે અહીં વંદન કરીએ. **સાકાર બ્રહ્મવાદૈકસ્થાપકાય નમઃ।**

શ્રીમહાપ્રભુજીનું નવમું નામ શ્રીગુસાંઈજી મહારાજ બતાવે છે : વેદપારગઃ; **વેદપારગાય નમઃ** - વેદને પૂરેપૂરા જાણનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

એમ કહેવાય છે કે 'વિદ્યા અવધિ શ્રીભાગવતે' વિદ્વાનોમાં કેટલી વિદ્યા છે તેની કસોટી શ્રીભાગવતજીથી થાય. આવા શ્રીભાગવતજીનો અર્થ વેદ ન સમજાય ત્યાં સુધી ન સમજાય. માટે શ્રીમહાપ્રભુજી વેદને પણ પૂરેપૂરા તલસ્પર્શી રીતે જાણનારા છે. આવા વેદને પૂરેપૂરા, જાણનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

વેદમાં જ્ઞાન અને કર્મ બંને બતાવવામાં આવ્યાં છે. એના વિષય પ્રમાણે એના બે ભાગ થયા છે. પૂર્વકાંડ અને ઉત્તરકાંડ. પૂર્વકાંડમાં યજ્ઞ વગેરે કર્મોનું નિરૂપણ છે. ઉત્તરકાંડમાં તત્વજ્ઞાનનું નિરૂપણ છે. વેદમાં જે જ્ઞાન છે તેનો આપણા માનવજીવનના ફળ સાથે સીધો સંબંધ છે. એ જ્ઞાનથી મોક્ષ મળે એ માનવજીવનનું ફળ છે. આ મોક્ષરૂપી ફળ સુધી પહોંચવા માટે વેદનો અભ્યાસ જરૂરી છે.

બ્રહ્મસૂત્ર, ગીતા વગેરેથી ફળ સુધી પહોંચાતું નથી પરંતુ શ્રી ભાગવતથી ફળ સુધી પહોંચાય છે. જેંમ વેદથી ફળ સુધી પહોંચાય તેમ શ્રીભાગવતજીથી પણ પહોંચાય. એટલે જ્યારે કોઈપણ વ્યક્તિ શ્રીભાગવતજીને પૂરેપૂરી જાણે ત્યારે એ વેદમાં પણ પૂરેપૂરી પારંગત થઈ શકે અને ફળ સુધી પહોંચી શકે.

વેદમાં સિદ્ધાંત કહ્યો છે. તત્વજ્ઞાન આપ્યું છે; અને એ સિદ્ધાંતને સમજાવતાં ઉદાહરણો, પ્રસંગો, દાખલાઓ વગેરે શ્રીભાગવતજીમાં આપ્યા છે. એટલે બંને એકબીજાના પૂરક છે. એકલા વેદથી પૂરો અર્થ ન સમજાય. એકલા ભાગવતજીથી પણ પૂરો અર્થ ન સમજાય. શ્રીમહાપ્રભુજી વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને ભાગવત ચારે પ્રમાણોમાં નિષ્ણાત છે. માટે એટણે જુદાં જુદાં ભાષ્યો રચ્યાં. અણુભાષ્ય, ગાયત્રીભાષ્ય વગેરે.

શ્રીમહાપ્રભુજી વેદમાં પારંગત હતા તે દર્શાવતા ઘણા પ્રસંગો મળે છે. એકવાર આપશ્રી દક્ષિણ ભારતમાં મંગલપ્રસ્થ નામના સ્થાનમાં બિરાજતા હતા. ત્યાં ઢુણ્ડી નામના એક માયાવાદી પંડિત આવ્યા. આ ઢુણ્ડી દીક્ષિતને શ્રીમહાપ્રભુજીની કસોટી કરવાનું મન થયું.

તેણે શ્રીમહાપ્રભુજીને ચેલેન્જ આપી : 'મહારાજ, તમે શ્રીભાગવત જાણો એટલે વેદ ન આવડી જાય. તમે બતાવો કે તમને કેટલા વેદ આવડે છે? તમે વેદનો પાઠ કરી બતાવો.

શ્રીમહાપ્રભુજીએ વેદનું પારાયણ તો અનેકવાર કરેલું. ગુજરાતમાં જંબુસર પાસે કપિલક્ષેત્રમાં, જેને આજે કાવી કહીએ છીએ ત્યાં પણ કરેલું. વેદનો પાઠ ત્રણ રીતે થાય. પહેલા મંત્રથી શરૂ કરી છેલ્લા મંત્ર સુધી ક્રમશઃ પાઠ થાય, છેલ્લા અક્ષરથી શરૂ કરી પહેલા અક્ષર સુધી મંત્ર બોલી પાઠ થાય અને એક એક શબ્દ છોડતા જઈને પાઠ થાય. જે વેદમાં પારંગત હોય તે જ આ રીતે પાઠ કરી શકે. શ્રીમહાપ્રભુજીએ આ ત્રણે રીતે (અનુલોમ-વિલોમ) (અવળા-સવળા) પાઠ કર્યા. વળી ચારે વેદના પાઠ જુદા જુદા પ્રકારે થાય. મંત્રોચ્ચાર જુદી જુદી રીતે થાય. તેથી જ જે ઋગ્વેદી હોય તેને યજુર્વેદ ન આવડે. યજુર્વેદી હોય તેને સામવેદ ન આવડે. પરંતુ શ્રીમહાપ્રભુજીએ ચારે વેદના પાઠ કર્યા. પેલા માયાવાદી પંડિત ઢુણ્ડી દીક્ષિત પરાજિત થઈ ગયા.

શ્રીમહાપ્રભુજી ભારતયાત્રા કરતા કરતા વેણી નદીના કિનારે પધાર્યા હતા. ત્યાં રવિનાથ વૈદિક નામના પંડિત આવ્યા.. તેઓ નામ પ્રમાણે વેદના ધુરંધર પંડિત. વેદની ઋચાઓનો પાઠ એક એક શબ્દ છોડીને કરે. તેમણે શ્રીમહાપ્રભુજીની કસોટી કરવાનો વિચાર કર્યો. એક એક પદ છોડીને વેદના પાઠ કરી શ્રીમહાપ્રભુજીને તેમણે સો પદો પૂછ્યા. ત્યારે શ્રીમહાપ્રભુજીએ એ વૈદિકે છોડેલા સર્વ પદોનો પાઠ વિલોમ રીતે કરી બતાવ્યો. આમ એ વૈદિકને ચૂપ કરી પોતાની વેદ પારગંતતા બતાવી. છે ને અદ્‌ભુત પ્રસંગો! આવા પ્રસંગો સાંભળીએ કે વાંચીએ ત્યારે આપણી શ્રદ્ધા શ્રીમહાપ્રભુજીમાં ખૂબ વધે છે. ઓહો કેવા સમર્થ આચાર્ય આપણને મળ્યા છે!

આવો જ એક ત્રીજો પ્રસંગ બન્યો મધ્યપ્રદેશના ઓડછા રાજ્યમાં. રાજા રામભદ્રદેવ ઓડછામાં રાજ્ય કરે. એમની સભામાં આવેલા માયાવાદી પંડિત ઘટસરસ્વતીને શાસ્ત્રાર્થમાં પરાજિત કરી, વેદમાર્ગનું પ્રતિપાદન કરી આપે વિજયપત્ર પ્રાપ્ત કર્યું. રાજાએ આપનો કનકાભિષેક કર્યો. સર્વ આચાર્યોએ આપશ્રીને 'વેદપારંગત'ની પદવી આપી.

આ નામમાં શ્રીમહાપ્રભુજીનો 'જ્ઞાન' ધર્મ પ્રગટ થાય છે. આપણે અહીં વેદમાં પારંગત એવા શ્રીમહાપ્રભુજીને વંદન કરીએ. **વેદપારગાય નમઃ**

■

જોપેં શ્રીવલ્લભ પ્રકટ ન હોતે ॥
વેદ પુરાણ અલૌકિક મારગ તે હોતે અન હોતે ॥૧॥
તીરથ સકલ માયા સંયુતતે તે કેસેંક શુદ્ધ હોતે ॥
દૈવી જન ચકોર મુખ વિધુ બિન જન્મ અકારથ ખોતે ॥૨॥
અપને મુખ અપની મહિમા કહીં ગુરુજન કોઉ કહોતે ॥
જેસેં દીન મનોરથ ભોજન રહિ જાતે સબ ન્યોંતે ॥૩॥
અવશ્ય બચન સંદેહ નિવારણ ક્યોંહૂં કરત ન હોતે ॥
ગિરિધર શ્રીમુખકી શોભાકોં કહો કેસેં કર જોતે ॥૪॥

પ્રકરણ - ૧૧ : શ્લોક - ૯

માયાવાદનિરાકર્તા સર્વવાદિ નિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥

શ્રીસર્વોત્તમ સ્તોત્રના નવમા શ્લોકમાં શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનાં ચાર નામ બતાવે છે.

(૧૦) માયાવાદનિરાકર્તા (૧૧) સર્વવાદીનિરાસકૃત્ (૧૨) ભક્તિમાર્ગાબ્જ - માર્તણ્ડઃ (૧૩) સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ

આમાંથી દસમું નામ છે **માયાવાદનિરાકર્તા = માયાવાદનિરાકર્ત્રે નમઃ** = જેમણે માયાવાદનું નિરાકરણ કર્યું એટલે કે એ વાદ-મત ખોટો છે એવું સિદ્ધ કરી આપ્યું એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીએ બાવન વર્ષના પોતાના દિવ્ય જીવન દરમ્યાન સૌથી મોટી જ્ઞાનક્રાંતિ કરી છે. તેમના સમય સુધી ભારતમાં આદિ શંકરાચાર્યે જે તત્ત્વજ્ઞાન આપ્યું હતું એને કોઈએ પડકાર્યું ન હતું. શ્રીમહાપ્રભુજીએ એને પડકાર્યું. શંકરાચાર્યજીએ કહેલું બ્રહ્મ સત્ય છે. જગત મિથ્યા છે. શ્રીમહાપ્રભુજીએ કહ્યું : આ વાત ખોટી છે. બ્રહ્મ સત્ય છે. જગત પણ સત્ય છે.

શંકરાચાર્યજીએ કહેલું : ભગવાને આ જગત નથી બનાવ્યું. ભગવાન તો નિરાકાર છે. એ કેવી રીતે જગત બનાવે? ભગવાનમાંથી પ્રગટ થયેલી માયાએ આ જગત બનાવ્યું છે. માયા મિથ્યા છે એટલે જગત પણ મિથ્યા છે. શંકરાચાર્યજી જગતને 'જાદુગરે ઊભી કરેલી માયાની નગરી' કહી. જે સત્ય નથી. એમણે જગતને સ્વપ્ન કહ્યું. જગત સ્વપ્ન જેવું છે. સત્ય નથી.

શ્રીમહાપ્રભુજીએ કહ્યું : ના, બ્રહ્મ સત્ય છે એટલું જ જગત પણ સત્ય છે; કારણ જગત બ્રહ્મમાંથી પ્રગટ થયું છે. બ્રહ્મ જ જગતરૂપ થયા છે. માટે બ્રહ્મ અને જગત બે એકરૂપ છે. અહીં આવિર્ભાવ અને તિરોભાવ છે. અહીં ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ એક જ છે. આ અવિકૃત પરિણામવાદ છે.

જગતમાં એક કુંભાર માટીનાં વાસણ બનાવે ત્યારે માટી જોઈએ, ચાકડો અને ડંડેકો જોઈએ તેમજ કુંભાર જોઈએ. આ ત્રણે જુદાં જુદાં છે. જ્યારે અહીં જગતને બનાવનાર સર્જક કોણ છે? બ્રહ્મ છે. જગત કઈ માટીમાંથી બન્યું? માટી કોણ છે? બ્રહ્મ છે. બ્રહ્મમાંથી જગત બન્યું. અને સાધન-ચાકડો અને ડંડેકો કોણ છે? તો કહે છે એ પણ બ્રહ્મ છે. આમ ઉપાદાન કારણ, નિમિત્ત કારણ અને કર્તા ત્રણે બ્રહ્મ છે એમ સમજાવ્યું.

જેમ કરોળિયો પોતાના મોંમાંથી લાળ કાઢી જાળું બનાવે, એમાં રહે અને પાછી જાળ સમેટી લે, તેમ પ્રભુની ઈચ્છા થાય ત્યારે જગત બનાવે, એમાં બિરાજે, ખેલે અને પાછું પોતાનામાં સમેટી લે. આ આવિર્ભાવ અને તિરોભાવ. જગતમાં કશું નાશ પામતું નથી. આવિર્ભાવ થાય છે અને તિરોહિત થઈ જાય છે. આને અવિકૃત પરિણામવાદ કહ્યો.

સોનામાંથી ઘરેણાં બને, પણ દરેક ઘરેણાનું નામ જુદું છે. રૂપ જુદું છે પણ છે તો સોનું જ. એમ જગતમાં જેટલા જડ-ચેતન પદાર્થો છે એમનાં નામ-રૂપ જુદાં છે પણ છે તો ભગવાનના અંશ. સદ્ અંશ અને ચિદ્ અંશ. માટે જગત એ ભગવાનનું આધિભૌતિક સ્વરૂપ છે.

આમ, શ્રીમહાપ્રભુજીએ માયાવાદનું ખંડન કર્યું. વિજયનગરની ધર્મસભામાં ૨૮ દિવસ સુધી એ જમાનાના સર્વ સંપ્રદાયના વિદ્વાનો સાથે ધર્મચર્ચા કરી, એક પછી એક સૌને હરાવતા ગયા. બધા વિદ્વાનો નીચું મ્હોં કરી બેસી ગયા. કોઈ બોલી શક્યું નહિ.

શ્રીમહાપ્રભુજી ત્રણ ભારત પરિક્રમા પૂર્ણ કર્યા બાદ કાશીમાં બિરાજતા હતા. ત્યાં દરરોજ સવારથી પંડિતો શાસ્ત્રાર્થ કરવા આવતા. શ્રીમહાપ્રભુજીને શ્રીઠાકોરજીની સેવામાં વિલંબ થતો. આપશ્રીએ પત્રાવલંબન નામનો ગ્રંથ રચી કાશીવિશ્વનાથ મહાદેવજીના મંદિરના દ્વાર ઉપર લગાડાવ્યો. સર્વ પંડિતોને કહેવડાવ્યું : જેને શાસ્ત્રાર્થ કરવો હોય તે પહેલાં આ ગ્રંથ-પત્ર વાંચી લે અને પછી કોઈ પ્રશ્ન રહે તો શાસ્ત્રાર્થ કરવા આવે. પછી કોઈ પંડિત ચર્ચા કરવા આવ્યો નહિ. આમ, આપશ્રીએ માયાવાદનું ખંડન કર્યું.

એકવાર આપશ્રી કૃષ્ણા નદીને કિનારે બિરાજતા હતા. ત્યાં એમની જ જ્ઞાતિના તેલંગ વિદ્વાનો આવ્યા. શાસ્ત્રાર્થ કરવાની ઈચ્છાથી આવ્યા.

શાસ્ત્રાર્થમાં બધા હારી ગયા. કોઈ શ્રીમહાપ્રભુજીને પરાજિત કરી શક્યા નહિ.

આ નામમાં શ્રીમહાપ્રભુજીનો વૈરાગ્ય ધર્મ બતાવ્યો. આટઆટલા વિદ્વાનોને જીતવા છતાં એમને ક્યારેય તેનું અભિમાન થયું ન હતું. એ એમનો વૈરાગ્ય ધર્મ છે.

અહીં માયાવાદનું નિરાકરણ કરનાર-ખંડન કરનાર શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. **માયાવાદ નિરાકર્ત્રે નમઃ।**

હવે શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું અગિયારમું નામ બતાવે છે. **સર્વવાદિનિરાસકૃત્-સર્વવાદિનિરાસકૃતે નમઃ** - સર્વ વાદીઓને હરાવનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી પાસે જેટલા જેટલા વાદ કરનારા એટલે કે વાદી આવ્યા તે સૌને આપે નિરાસ કરી દીધા, હરાવી દીધા. નિરાસ કરવા એટલે હરાવી દેવા. અહીંયા સ સગડીનો છે. નિરાશ નથી. નિરાશ એટલે નિરાશા થવી પરંતુ નિરાસ કરવા એટલે હરાવી દેવા. આ ભેદ યાદ રાખવો.

એકવાર શ્રીમહાપ્રભુજી ઉજ્જેન પધાર્યા. ક્ષિપ્રા નદીને કિનારે બિરાજ્યા. સેવકોને આજ્ઞા કરી : 'અહીં સાંદિપની મુનિનો આશ્રમ હતો. ભગવાન કૃષ્ણની પાઠશાળાની આ ભૂમિ છે. તેમણે અહીં વિદ્યાભ્યાસ કર્યો હતો. આપણે અહીં આ આશ્રમની ભૂમિમાં મુકામ કરીશું.' આપ હંમેશા વૃક્ષ નીચે બિરાજતા. પરંતુ અહીં આજુબાજુમાં એક પણ વૃક્ષ ન હતું.

આપશ્રી કૃષ્ણકુંડ ઉપર સ્નાન કરીને સંધ્યાવંદન કરતા બિરાજ્યા હતા એટલામાં ક્યાંકથી એક પીપળાનું પાન ઊડતું ઊડતું આવ્યું. આપે એ પાંદડાને પોતાની આંગળીથી જમીનમાં સહેજ ખાડો કરી દબાવી દીધું અને પોતાની સંધ્યાનું જળ તેમાં રેડ્યું. એક રાતમાં જ એ પાંદડામાંથી પીપળાનું મોટું વૃક્ષ ત્યાં બની ગયું.

બહુ આશ્ચર્યકારક ઘટના બની. વાયુવેગે આ ચમત્કારની વાત આખા ઉજ્જેન શહેરમાં ફેલાઈ. લોકો આવવા લાગ્યા. કોઈ ચમત્કારી મહાપુરુષ આ શહેરમાં પધાર્યા છે એવું સૌને લાગ્યું.

ઉજ્જેનમાં મહાકાલેશ્વર મહાદેવજી બિરાજે. એમના સેવકો માયાવાદી પંડિતોએ આ ચમત્કારની વાત સાંભળી. એવા ડરી ગયા કે કોઈ શાસ્ત્રચર્ચા કરવા શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા નહિ. આપશ્રી વિચારે છે: આ શહેર તો પંડિતોનું અને વિદ્વાનોનું બહુ મોટું સ્થાન છે. અહીંના પંડિતોને હું ન હરાવું તો કેમ ચાલે? પણ શું થાય? કોઈ આવે તો હરાવું ને!

શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરતા બિરાજ્યા હતા ત્યારે મહાકાલેશ્વર મહાદેવજી પોતે શ્રીમહાપ્રભુજીનાં દર્શને પધાર્યા. આપશ્રી પૂછે છે : 'શું આપશ્રીના કોઈ સેવકો આ શહેરમાં નથી?' છે ને, ઘણા છે.' મહાદેવજીએ જવાબ આપ્યો.

'તો તમારો મત રજૂ કરવા, શાસ્ત્રચર્ચા કરવા કેમ કોઈ આવ્યા નથી? કોઈ હોય તો મોકલજોને જરા!'

શ્રીવલ્લભની આજ્ઞા થઈ એટલે મહાકાલેશ્વર મહાદેવજીએ પોતાના પ્રિય સેવકોને શ્રીવલ્લભ પાસે શાસ્ત્રાર્થ કરવા મોકલ્યા. સો જેટલા વિદ્વાનો આવ્યા. બધા ભેગા થઈને આવ્યા.

તેમણે વિચાર કર્યો : આપણામાંનો કોઈ એક તો શ્રીવલ્લભને શાસ્ત્રાર્થમાં પરાજિત કરી શકશે નહિ. આપણે શું કરવું?' બધા વિદ્વાનોએ નક્કી કર્યું કે આપણે બધાએ એકી સાથે જુદા જુદા પ્રશ્નો પૂછવા અને અમારા બધાના પ્રશ્નનો જવાબ આપશ્રી એકી સાથે જ આપો. વારા ફરતી નહિ એવો આગ્રહ રાખવો.

આ પ્રમાણે સો વિદ્વાનોએ શ્રીવલ્લભને સો પ્રશ્નો પૂછયા. શ્રીમહાપ્રભુજીએ હસીને સો મુખ ધારણ કર્યાં અને સો મુખોથી એ સોએ સો વિદ્વાનોના પ્રશ્નોના જવાબો એકી સાથે આપ્યા. પેલા વિદ્વાનો તો નાક રગડતા ત્યાંથી ભાગ્યા. કહેતા હતા : 'મહારાજ, તમે તો ભગવાન છો. વિદ્વાન સાથે ચર્ચા થાય. ભગવાન સાથે શાસ્ત્રાર્થ કરવાનું અમારું ગજું નહિ.' સર્વ વાદીઓને આ રીતે શ્રીવલ્લભે હરાવ્યા. બ્રહ્મવાદનું સ્થાપન કર્યું.

સર્વ વાદીઓને, બૌદ્ધોને, જૈનોને, શાક્તોને, માયાવાદીઓને વગેરેના પરાજિત કર્યા માટે આપશ્રી સર્વવાદિનિરાસકૃત કહેવાયા. આ એમનું ધર્મી સ્વરૂપ થયું.

સર્વવાદિ નિરાસકત્રે નમઃ

આ શ્લોકમાં હવે શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું બારમું નામ બતાવે છે. **ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ - ભક્તિમાર્ગાબ્જમાર્તંડાય નમઃ।**

આ નામ ત્રણ શબ્દોનું બનેલું છે. ભક્તિમાર્ગ, અબ્જ અને માર્તંડ. અબ્જ એટલે કમળ અને માર્તંડ એટલે સૂર્ય. ભક્તિમાર્ગ રૂપી કમળને વિકસાવનાર સૂર્ય એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું. શ્રીમહાપ્રભુજી ભક્તિમાર્ગ રૂપી કમળને વિકસાવનાર છે. અગિયારમાં નામમાં કહ્યું કે આપશ્રીએ બધા વાદીઓને હરાવ્યા. તો હરાવીને પછી શું કર્યું? તો કહે છે ભક્તિમાર્ગનું કમળ વિકસાવ્યું.

આમાં કમળ શબ્દનો અર્થ પહેલાં વિચારીએ. કમળ એટલે સર્વ ફૂલોનો રાજા. માટે જ લક્ષ્મીજીએ પોતાનું અધિસ્થાન કમળ બનાવ્યું. પ્રભુએ પોતાના ભક્તોના સંતાપ નિવારવા કમળ ધર્યું. **પદ્મ ધર્યો જન તાપ નિવારણ.**

કમળમાં ત્રણ ગુણ. એ બહુ કોમળ હોય. જલ્દી કરમાઈ જાય. બીજું એ તાપહારી-શીતળતા અર્પનાર હોય. તેથી જ ઉષ્ણકાળમાં કમળની માળા, છડી, ફૂલમંડલી વગેરે ધરાય. ત્રીજું એ મનોહર-સુંદર હોય. શ્રીગુસાંઈજી મહારાજને ત્રણ વર્ણનાં કમળનાં દર્શન શ્રીયમુનાજીનાં જળમાં થયાં છે. શ્રીયમુના અષ્ટપદીમાં લાલ કમળ, શ્વેત કમળ અને નીલવર્ણનાં કમળનું વર્ણન એમણે કર્યું છે. માધવદાસજીને શ્રીયમુનાજીના જલમાં લાલ કમળનાં દર્શન થયાં છે. લાલ કમળ લપટાણાં મા, જોવાને ગ્યાંતા. આ કમળ શું છે? તો કહે છે એ વ્રજભક્તોનાં સ્વરૂપ છે. કમળરૂપે વ્રજભક્તોનાં દર્શન થાય છે. તામસ, રાજસ અને સાત્ત્વિક એમ ત્રણ ભાવવાળા ભક્તોનાં આ ત્રણ વર્ણનાં કમળ છે. એ કમળ ઉપર ગુનગુન કરીને ભમતા ભ્રમરરૂપ શ્રીઠાકોરજીનાં દર્શન થતાં નથી? વ્રજભક્તો કમળ છે તો શ્રીઠાકોરજી ભ્રમર છે.

આવા કમળને સૂર્ય ખીલવે. સૂર્યોદય સાથે જ કમળ ખીલે અને સૂર્યાસ્ત સાથે બીડાય. કમળને સૂર્ય સાથે સીધો સંબંધ. સૂર્ય કમળથી કરોડો માઈલ દૂર છે, છતાં એનાં દર્શને કમળ ખીલે છે. એવી રીતે આપણું ભક્તિરૂપી કમળ પણ કોનાથી ખીલે છે? શ્રીગુસાંઈજી મહારાજ કહે છે કે શ્રીમહાપ્રભુજી રૂપી સૂર્યથી ખીલે છે. આપશ્રી અલૌકિક અગ્નિસ્વરૂપ છે. સૂર્ય સ્વરૂપ છે.

ભક્તિ ક્યાં રહે? હૃદયમાં. હૃદય ખીલે તો ભક્તિ ખીલે. ભક્તિ ખીલે તો ભગવાન મળે. હૃદયને ભક્તિને લાયક બનાવવું પડે. ભક્તિના માર્ગે ચાલવું પડે. આ આપણા સામર્થ્યની વાત નથી. ત્યારે આપણી મૂરઝાઈ ગયેલી, ખીલ્યા વિના ગંઠાઈ ગયેલી ભક્તિની કળીને કોણ ખીલવે? અલૌકિક સૂર્ય સ્વરૂપે બિરાજમાન શ્રીમહાપ્રભુજી, દેદીપ્યમાન સૂર્ય સ્વરૂપે બિરાજતા શ્રીમહાપ્રભુજી એ ભક્તિરૂપી કળીને ખીલવે છે.

ભક્તિ શબ્દને પણ આપણે અહીં સમજી લઈએ. આપણે માનીએ છીએ થોડી તાલીઓ પાડી ભજન-કીર્તન કરીએ એટલે ભક્તિ થઈ ગઈ. કેટલાક માને છે એકવાર મંદિરે દર્શન કરી આવીએ એનું નામ ભક્તિ. થોડા પાઠ કર્યા, સત્સંગ કર્યો, પ્રસાદ ખાધો એટલે ભક્તિ થઈ. પરંતુ ભક્તિનો આ સાચો અર્થ નથી.

શ્રીપુરુષોત્તમજીએ ભક્તિ શબ્દનો અર્થ બતાવ્યો છે : સ્નેહપૂર્વક શ્રીઠાકોરજીની સેવા એનું નામ ભક્તિ. આમાં સેવા કરતાં સ્નેહ વધારે અગત્યનો છે. નારદપંચરાત્રમાં ભક્તિની વ્યાખ્યા નારદજીએ આપી છે : મહાત્મ્યજ્ઞાન પૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોધિક સ્નેહઃ ઈતિ ભક્તિઃ। શ્રીઠાકોરજીનું મહાત્મ્યજ્ઞાન થાય, એનાથી શ્રીઠાકોરજીમાં સ્નેહ સુદૃઢ થાય અને સર્વથી અધિક થાય ત્યારે જાણવું કે ભક્તિ સિદ્ધ થઈ છે.

પ્રભુનું મહાત્મ્યજ્ઞાન કથાઓ દ્વારા, સત્સંગ દ્વારા થાય. એનાથી પ્રભુમાં સ્નેહ થાય. સ્નેહથી સેવા થાય, અને સેવાથી સ્નેહ વધે અને સુદૃઢ બને ત્યારે ભક્તિ થઈ કહેવાય.

ભક્તિ મર્યાદામાર્ગમાં છે અને પુષ્ટિમાર્ગમાં પણ છે. બંનેમાં ફરક શું? મર્યાદા માર્ગમાં શાસ્ત્રના નિયમ પ્રમાણે ચાલવાનું છે. ત્યાં કોઈપણ દેવ-દેવીને ઈષ્ટ બનાવીને ભક્તિ કરી શકાય છે. ત્યાં ભક્તિનું છેલ્લામાં છેલ્લું ફળ મોક્ષ છે. ત્યાં નિયમનું, વિધિનું મહત્વ વધારે છે.

જ્યારે પુષ્ટિભક્તિનું સ્વરૂપ શું? તો કહે છે આપણા એક જ ઈષ્ટ - જે શ્રીયશોદાજીના લાલ શ્રીકૃષ્ણ, તેમની જ સેવા, તેમને જ સ્નેહ અને એને માટેના નિયમો ખરા પણ એમાં સ્નેહ મુખ્ય, સ્નેહના ભોગે કોઈ નિયમ નહિ. આ વાત સમજવા એક ઉદાહરણ લઈએ.

આપણે ત્યાં કારતક સુદ એકાદશી-પ્રબોધિનીથી શીતકાલની શરૂઆત થાય. એ દિવસે અંગીઠી ધરાય. શ્રીઠાકોરજીને ગદલ ધરાય. કેટલીકવાર આપણે જોઈએ છીએ કે અગિયારસે બીલકુલ ઠંડી જ ન હોય. ઊલટી ગરમી જ લાગતી હોય. તો શું કરવાનું? મોટાંઓએ એવું બતાવ્યું કે એ સેવા પ્રકારમાં અંગીઠી (સગડી) ધરવાની. અંગીઠી ઉપર ગરમ કરીને ગદલ પણ ધરવાનો અને શ્રીઠાકોરજીના સુખનો વિચાર કરીને એ દિવસની પ્રણાલિકામાં નથી એવો પંખો પણ કરવાનો. આનું નામ પુષ્ટિભક્તિ. શ્રીઠાકોરજીના સુખનો વિચાર. આવી ભક્તિનું ફળ શું? સાક્ષાત્ શ્રીઠાકોરજી.

મર્યાદાભક્તિ સકામ હોય. પુષ્ટિભક્તિ નિષ્કામ છે. એમાં માગવું નિષેધ છે. મર્યાદા ભક્તિમાં ભક્ત પોતાના સુખનો વિચાર કરે છે. પુષ્ટિભક્ત પોતાના સુખનો વિચાર કરે તો એની ભક્તિ વ્યભિચારિણી બને. તે ભ્રષ્ટ બની એમ કહેવાય.

મર્યાદાભક્ત મીરાંબાઈ એના ગિરિધરગોપાલને ઝેરનો પ્યાલો ધરી શકે જ્યારે પુષ્ટિભક્ત અજબકુંવરબાઈ શ્રીઠાકોરજીના સુખનો વિચાર કરી પોતાની ઝૂંપડીમાં કાયમ માટે રોકતાં નથી. એ કહે છે કે આપ ભલે પાછા પધારો. અને એટલે જ તો એ અજબની પાછળ શ્રીઠાકોરજીએ ગજબ કર્યો. એ ભક્તના ભાવને પોષવા માટે કમળથી યે કોમળ એવા આપણા પ્રભુ, મધ્યાહ્ન સમયે, છેક જતિપુરાથી રથમાં બિરાજીને રાજસ્થાનના એક નાના ગામમાં, એક નાની નળિયાના છાપરાવાળી ઝૂંપડીમાં આવીને બિરાજતા અને શેતરંજ ખેલતા! કોની સાથે ખેલતા? એક રાજકુંવરી સાથે - જે રાજકુંવરી એના જમાનામાં ચોપાટ ખેલવામાં સૌથી વધુ પ્રવીણ હતી. એની સાથે ચોપાટ ખેલતા શ્રીઠાકોરજી જાતે હારી જતા. પોતાના ભક્તનો ઉત્કર્ષ કરવા માટે!

આવા પુષ્ટિપ્રભુ બીજે ક્યાંય જોવા મળશે ખરા? આવા પ્રભુ શાનાથી મળે? કેવળ ભક્તિથી મળે. પ્રેમ સિવાય બીજા કશાથી નહિ મળે. એટલા માટે જ આપણે ત્યાં કહ્યું: ભક્તિ એટલે તત્સુખ. શ્રીઠાકોરજીનું સુખ.

આ ભક્તિ કોઈપણ રીતે થઈ શકે. ભલે પુષ્પની સુંદર માળાજી બનાવીએ, સુંદર સામગ્રી બનાવીએ કે સુંદર કીર્તન કરીએ પરંતુ સ્નેહથી

કરીએ તો પ્રભુ એ માની લે છે. ભક્તવિરહ કાતર ડોલે પાછે - આ પુષ્ટિમાર્ગમાં કોઈએ પ્રભુને શોધવા નથી જવાનું. શ્રીઠાકોરજી ભક્તોને શોધતા આવે છે.

તો આવી ભક્તિનો જે માર્ગ છે તે કમળનો માર્ગ છે. કમળ શામાં રહે? પાણીમાં-કાદવમાં. આપણે શામાં રહીએ? સંસારના લૌકિક પાણી અને કાદવમાં. ગંદકીમાં રહેનારું કમળ શુદ્ધ રહે છે. તેમ આ સંસારની ગંદકીમાં રહેનારા આપણે પણ શુદ્ધ રહેવાનું છે; સુંદર રહેવાનું છે. આપણે સુંદર મનવાળા, નિષ્કામ ભાવવાળા, શ્રીઠાકોરજી પ્રત્યે સ્નેહવાળા રહીશું તો શ્રીમહાપ્રભુજી આપણા એ ભક્તિરૂપી કમળને જરૂર ખીલવશે.

આ કમળને શ્રીમહાપ્રભુજીએ પહેલ વહેલું ક્યારે ખીલવ્યું? શ્રાવણ સુદ અગિયારસે. ગોકુળમાં સાક્ષાત્ શ્રીઠાકોરજીએ પ્રગટ થઈ, બ્રહ્મસંબંધ મંત્ર આપી, જીવોને શરણે લેવાની આજ્ઞા કરી અને કહ્યું કે પુષ્ટિજીવોને તમે બ્રહ્મસંબંધ કરાવશો ત્યારે હું એમનો અંગીકાર કરીશ અને એમનો હાથ ક્યારે ય નહિ છોડું. બસ, શ્રીમહાપ્રભુજી એ જ સમયથી પોતાના જીવોના ભક્તિરૂપી કમળ ખીલવવા લાગ્યા. પહેલું કમળ શ્રીદામોદરદાસજીનું ખીલવ્યું. દામોદરદાસજીની આડીથી આપણા સૌનાં કમળ આજ સુધી આપશ્રી ખીલવતા રહ્યા છે.

આ નામનું સ્મરણ કરીએ ત્યારે શ્રીમદ્ ગોકુળમાં ગોવિંદઘાટ ઉપર પહોંચી જવું; જ્યાં શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ શ્રીઠાકોરજી પ્રગટ થયા. શ્રીમહાપ્રભુજીના શ્રીમુખથી મધુરાષ્ટકનું ગાન થયું. જ્યાં સિદ્ધાંત રહસ્ય કહેવાયો. શ્રીઠાકોરજીનાં દર્શને શ્રીમહાપ્રભુજીનું ભક્તિરૂપી કમળ ખીલ્યું અને પછી આપશ્રીએ બધા પુષ્ટિજીવોના ભક્તિરૂપી કમળો ખીલવ્યાં.

આ નામ શ્રીમહાપ્રભુજીનો ઐશ્વર્ય ધર્મ બતાવે છે. હવે આગળના તેરમા નામમાં શ્રીમહાપ્રભુજીએ આ ભક્તિરૂપી કમળ કોના માટે ખીલવ્યું તે શ્રીગુસાંઈજી મહારાજ બતાવશે. અહીં આપણે ભક્તિ રૂપી કમળને વિકસાવનાર સૂર્ય જેવા શ્રીમહાપ્રભુજીને વંદન કરીએ. **ભક્તિમાર્ગાબ્જ-માર્તંડાય નમઃ।**

શ્રીમહાપ્રભુજીનું તેરમું નામ છે : સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમાય નમઃ = સ્ત્રી + શૂદ્ર + આદિ + ઉદ્‌ધૃતિ + ક્ષમઃ = સ્ત્રી શૂદ્ર વગેરેનો ઉદ્ધાર કરવા સમર્થ એવા શ્રીમહાપ્રભુજીને હું વંદન કરું છું.

વેદ દ્વારા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને અને તે પણ પુરુષોને જ ભક્તિનો અધિકાર અપાયેલો છે. સ્ત્રીઓ અને શૂદ્રોને ભક્તિનો અધિકાર ન હતો. વૈદિક કર્મો કરવાનો અધિકાર પણ સ્ત્રીઓને અને શૂદ્રોને ન હતો. જ્યારે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ દ્વારા બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યોની સાથે સાથે સ્ત્રીઓ અને શૂદ્રોને ભક્તિનો અધિકાર આપી તેમનો પણ ઉદ્ધાર કર્યો.

આપશ્રીએ વિચાર કર્યો કે સ્ત્રીઓ અને શૂદ્રોને ભક્તિ સહજ છે. ઘરમાં સ્ત્રીઓ અને સમાજમાં શૂદ્રો જ બધાંની સેવા કરતાં હોય છે. એમનામાં સેવાનો-ભક્તિનો સ્વભાવ કુદરતી છે. તેને ભક્તિના અધિકારથી વંચિત રાખીએ તે કેમ ચાલે? આપશ્રીએ તેમના જમાનામાં એક બહુ મોટી ક્રાંતિ કરી. સ્ત્રીઓ અને શૂદ્રોને પણ બ્રહ્મસંબંધની દીક્ષા આપી, અંગીકાર કર્યો. તેમને ભક્તિ કરવાની, સેવા કરવાની આજ્ઞા આપી. ૮૪ વૈષ્ણવોમાં મહાવનનાં એકા ક્ષત્રાણી છે. સેવાનો અધિકાર મળ્યો છે. શ્રીમહાપ્રભુજીના પાદુકાજીની સેવા કરે છે. શ્રીમહાપ્રભુજી તેમને સાક્ષાત્ દર્શન આપે છે.

બીજા યાદવેન્દ્રદાસ કુંભાર છે. તેમણે શ્રીમહાપ્રભુજીની ખૂબ સેવા કરી છે. આપે તેમને ભક્તિનું દાન કર્યું છે. આપશ્રીએ જે જીવોનો અંગીકાર કર્યો તેમને શ્રીઠાકોરજીએ પણ પોતાના ગણી સ્વાનુભવ જતાવ્યો.

શ્રીગુસાંઈજીના સેવક મોહના ભંગી - ચહૂડાની વાર્તા આવે છે. શ્રીનાથજી તેમના ખભાનો ઘોડો બનાવી તેના ઉપર ખેલતા. શ્રીનાથજીબાવા સ્ત્રીઓ અને શૂદ્રો ઉપર કોઈ પણ ભેદભાવ વગર કૃપા કરતા. આમ શ્રીમહાપ્રભુજીએ કોઈપણ જાતિમાં જન્મેલા હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય દરેકને માટે પુષ્ટિભક્તિનાં દ્વાર ખોલી દીધાં. દરેકને સન્માનપૂર્વક ધર્માચરણ કરવાનો અધિકાર આપી સમાજમાં બહુ મોટી ક્રાંતિ કરી.

આ નામ આપશ્રીના વીર્ય ધર્મનું સૂચક છે. શ્રીવલ્લભનું એ સામર્થ્ય બતાવે છે કે જેને વેદ સ્વીકૃતિ નથી આપતા એને શ્રીવલ્લભે સ્વીકૃતિ આપી છે. **સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમાય નમઃ**

સ્ત્રી, શૂદ્રો વગેરેનો ઉદ્ધાર કરવા સમર્થ એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

અહીં નવમો શ્લોક અને તેર નામ પરિપૂર્ણ થયાં.

■

માઈ આજ તો બધાઈ છાઈ ચંપારન્ય ધામ રી ।
જાયો હૈ ઈલમ્માગારુ શ્રી લછમનનન્દરી ॥૧॥
પ્રકટે હૈં પૂરન બ્રહ્મ અખિલ નિગમ રૂપ ।
અગ્નિકુન્ડ મધ્ય દેખો દ્વિજકુલચંદ રી ॥૨॥
દોડ આયે માત તાત હરખ નિરખ શ્યામ ગાત ।
દષ્ટસું દષ્ટ મિલી ભયો હૈ આનન્દ રી ॥૩॥
લિયે હૈ ઉછંગ માત દિયો પુનિ ગોદ તાત ।
નિરખિ કે ભયો હૈ જુ સબકો આનન્દ રી ॥૪॥
છૂટી સ્તન દુગ્ધધાર નભ ભયો જૈજૈકાર ।
દિયો હૈ મારગ જનની આનન્દકન્દ રી ॥૫॥
ભઈ હૈ આકાસવાની સબન કે મનમાની ।
પુષ્ટિપથ સ્થાપન કિયો જશોમતિ નન્દ રી ॥૬॥
કૃષ્ણપક્ષ માધો માસ સુભ એકાદશી આજ ।
દધિ દૂધ છિરકત નાચે સુખકંદ રી ॥૭॥
દિયો હૈ ઓગાર માલ નિસિદિન નંદલાલ ।
નામ ધર્યો શ્રી વલ્લભ ગયો દુખદ્વન્દ્વ રી ॥૮॥
બ્રહ્મા સિવ ઈન્દ્રાદિક સુરનરગુનીજન ।
નારદ ગંધર્વ જૈજૈ કરે જગવંદરી ॥૯॥
દેવતા વિમાન ચઢી પુષ્પન કી વૃષ્ટિ કરી ।
કૃષ્ણદાસ જસ ગાયો ભયો હૈ આનંદ રી ॥૧૦॥

પ્રકરણ - ૧૨ : શ્લોક - ૧૦

હવે દસમો શ્લોક જોઈએ. તેમાં શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનાં બીજાં ચાર નામ બતાવે છે.

અંગીકૃત્યૈવ ગોપીશ-વલ્લભીકૃતમાનવઃ ।
અંગીકૃતૌ સમર્યાદો મહાકારુણિકો વિભુઃ ॥૧૦॥

ચૌદમું નામ બતાવ્યું : અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત-માનવઃ = અંગીકારથી જ માનવોને શ્રીકૃષ્ણને (ગોપી-જનોના ઈશને) જેમણે વહાલા કર્યા તેવા શ્રીવલ્લભ છે.

જે મનુષ્યોનો શ્રીવલ્લભે અંગીકાર કર્યો, જેમને પોતાના સેવક કર્યા એમને, એ જીવોને શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીના વહાલા કર્યા; એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું. **અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃતમાનવાય નમઃ ।**

સેવક કરવો અને એને સ્નેહ કરવો એ બેમાં થોડું અંતર છે; પરંતુ શ્રીમહાપ્રભુજી જેને પોતાનો સેવક કરે છે તેને, પછી તે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરે છે કે નથી કરતો તે શ્રીમહાપ્રભુજી જોતા નથી, તેના દોષ જોયા વગર તે જીવને શ્રીઠાકોરજીને સોંપે છે. શ્રીઠાકોરજીને કહે છે : તમે આ જીવને છોડશો નહિ.

આ રીતે શ્રીવલ્લભ દ્વારા જે જીવ શરણે આવી એમના ચરણોમાં રહે છે તેને શ્રીઠાકોરજી વધારે પ્રિય બનાવે છે. પ્રિય બનવામાં ફાયદો શું? દુનિયામાં એવો નિયમ છે કે દુશ્મનના કે વિરોધીના દોષ દેખાય પણ પ્રિયના દોષ ન દેખાય. આપણા દીકરાના દોષ આપણને કદી દેખાય છે? કોઈ ફરિયાદ કરે તો કહીએઃ 'મારો દીકરો કદી આવું ન કરે.' તે જ રીતે શ્રીઠાકોરજી પણ શ્રીવલ્લભના અંગીકૃત જીવોના દોષ જોતા નથી. જીવ સદોષ હોય તો પણ શ્રીઠાકોરજી એને પોતાનો ગણે છે. શ્રીમહાપ્રભુજીના આ નામની લીલા રામાનંદ પંડિતના પ્રસંગમાં વિચારવામાં આવે છે.

એ જમાનાના મહાન પંડિત રામાનંદ પંજાબના થાણેશ્વરમાં રહે. શ્રીમહાપ્રભુજીના સેવક. એકવાર શ્રીમહાપ્રભુજી પોતાના સેવકો સાથે એમના ત્યાં પધાર્યા. એમના ઘરમાં મુકામ કર્યો. રાત્રે બધા મેડા ઉપર સૂતા છે. શ્રીમહાપ્રભુજી પોઢ્યા છે. સવારના ચારેક વાગ્યા હશે. રામાનંદ પંડિતની આંખ ખૂલી ગઇ. પત્નીને જગાડી કહ્યું: 'ઊઠો, બધું ગોબર ભેગું કરી લો. વૈષ્ણવો ઊઠશે તો ગોબર લઇ લેશે. ગોબર નહિ રહે તો છાણાં નહિ બને.'

શ્રીમહાપ્રભુજીએ આ સાંભળ્યું. આપશ્રીને બહુ ખેદ થયો. આવા જાણકાર વિદ્વાન રામાનંદ, એને મારા વૈષ્ણવો ચોર લાગ્યા? ગોબર ચોરી જશે એમ કહે છે? મારા વૈષ્ણવો કરતાં એને ગોબર વધારે પ્રિય છે? આપશ્રી આ વિચારથી બહુ ખિન્ન થઇ ગયા. પોતાના વૈષ્ણવોને જગાડ્યા. અહીંથી અત્યારે જ મુકામ ઊઠાવી આગળ પધારવાનું નક્કી કર્યું.

રામાનંદને કહે છે: રામાનંદ, આજથી હું તારો ત્યાગ કરું છું. તારા જેવો સેવક મને ન ખપે. મારા વૈષ્ણવોને ચોર કહેનારો મારો સેવક ન હોઇ શકે.' આટલું કહી આપશ્રી ત્યાંથી આગળ પધાર્યા.

રામાનંદે ઘણી વિનંતી કરી : 'હે વલ્લભ, મને ક્ષમા કરો. મારી ભૂલ થઇ ગઇ.' પરંતુ શ્રીમહાપ્રભુજી માન્યા નહિ. ભૂલ સમજાતા રામાનંદજીને બહુ પસ્તાવો થયો. વિરહ અવસ્થામાં, ભ્રમિત અવસ્થામાં, અર્ધપાગલ જેવી અવસ્થામાં આવી ગયા. એકવાર રસ્તા ઉપરથી જતા હતા. હલવાઇની દુકાને ગરમ જલેબી ઉતરતી જોઇ. એક પડિયામાં લીધી. આ સ્થિતિમાં પણ એટલું ભાન છે કે શ્રીઠાકોરજીને ભોગ ધર્યા વિના ખવાય નહિ. (આપણને તો સભાન સ્થિતિમાં પણ ભાન નથી કે અસમર્પિત ન ખવાય!)

રામાનંદજીએ રસ્તા વચ્ચે ઊભા રહી જમણા હાથમાં રહેલો પડિયો ઊંચો કર્યો. વિનંતી કરી : 'હે શ્રીગોવર્ધનનાથ, શ્રીમહાપ્રભુજીની કાનીથી આપ આ સામગ્રી આરોગો.' કેટલા પ્રેમથી વિનંતી કરી હશે કે શ્રીજીબાવા એ સામગ્રી જતીપુરામાં બિરાજીને આરોગ્યા. એ વખતે શ્રીજીબાવાને રાજભોગ આવ્યો હતો. શ્રીમહાપ્રભુજી ભોગ સરાવવા પધાર્યા ત્યારે જોયું કે સામગ્રીના થાળમાં અને શ્રીઠાકોરજીના મુખારવિંદમાં જલેબીના ટુક છે.

આપ વિચારે છે કે આજે રાજભોગમાં જલેબીની સામગ્રી ધરાઇ નથી તો આ જલેબી ક્યાંથી આવી? પૂછે છે: 'મહારાજ, આ જલેબી ક્યાંથી આવી?'

શ્રીજીબાવા કહે છે: 'આપના સેવક રામાનંદે આરોગાવી છે.'

'અરે, વાકો તો મૈને ત્યાગ કીયો હૈ!'

શ્રીજીબાવા હસીને કહે છે: 'આપે ભલે તેનો ત્યાગ કર્યો. મેં નથી કર્યો. આપ જે જીવને શરણે લઇ મને સોંપો છો તેનો હું ત્યાગ કરતો નથી.'

શ્રીમહાપ્રભુજી આવા છે, જે જીવને શરણે તો લે છે પણ સાથે સાથે એ જીવોને શ્રીઠાકોરજીને સોંપીને, તેમને ભલામણ કરે છે કે આને વધારે વહાલો કરીને રાખજો. તેથી જ આપણે પણ એટલું યાદ રાખીએ કે આપણે શ્રીઠાકોરજીના છીએ અને શ્રીઠાકોરજી આપણા છે.

આ નામમાં શ્રીમહાપ્રભુજીનો યશ ધર્મ બતાવ્યો. **અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત માનવાય નમઃ ।**

હવે શ્રીગુસાંઇજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું પંદરમું નામ કહે છે :

'અંગીકૃતૌ સમર્યાદઃ'-અંગીકૃતૌ સમર્યાદાય નમઃ

શ્રીમહાપ્રભુજી શરણે આવેલા જીવોનો પુષ્ટિમર્યાદા સહિત અંગીકાર કરવાવાળા છે. આવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી જીવનો પુષ્ટિ એટલે કે કૃપાની મર્યાદાથી અંગીકાર કરવાવાળા છે. શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજી પાસે આપણી ભક્તિનો સ્વીકાર કરાવે છે. આ ભક્તિનો સ્વીકાર કરાવવાનો એક માર્ગ નથી. એના અનેક માર્ગો છે. કોઇનો સેવા દ્વારા, કોઇનો કથા દ્વારા, કોઇનો નિઃસાધનતા દ્વારા, કોઇનો ગુણગાન દ્વારા, કોઇનો વિરહ દ્વારા અંગીકાર થાય. પરંતુ સૌથી મુખ્ય કારણ કૃપા છે.

શ્રીમહાપ્રભુજી કૃપા દ્વારા ભક્તની ભક્તિનો સ્વીકાર કરનારા છે. કૃપા એવી છે કે એની કોઇ સીમા નથી. એ કેટલી થશે, ક્યારે થશે, કેમ થશે એ કોઇ કહી ન શકે.

વેદની શ્રુતિઓએ પણ કહ્યું : એ પ્રવચનોથી, બુદ્ધિથી, બહુ સાંભળવાથી નથી મળતા; પરંતુ એ જેને પસંદ કરે એને મળે છે. એમને કોઇ એ માટે પૂછી

નથી શકતું. તમે આ જીવને કેમ મળ્યા એમ પૂછાતું નથી. જીવ ગમે તેવો દુષ્ટમાં દુષ્ટ હોય પણ જો ભગવાન કૃપા કરે તો એને મળે છે. એ કોઈ નિયમથી નથી મળતા પરંતુ જેને મળવાની ઈચ્છા કરે એને મળે છે. હજારો વર્ષો સુધી તપ કરનારને ન મળે અને કોઈ સાધન ન કરનારને મળી પણ જાય. વરસાદ માટે કોઈ નિયમ છે ખરો? કચ્છમાં પણ પૂર આવે અને જ્યાં સૌથી વધુ વરસતો હોય ત્યાં કદાચ દુકાળ પણ પડે. વરસાદને કોઈ કહી શકે કે એ ક્યાં વરસે? એમ પ્રભુને પણ કોણ કહી શકે કે એમની કૃપા ક્યાં વરસાવે?

શ્રીગુસાંઈજીએ અકબર રાજાના પ્રશ્ન ‘સાહેબ કૈસે મિલે?’ ના જવાબમાં જણાવ્યું હતું કે ભગવાનની જેને મળવાની ઈચ્છા થાય તેને મળે.

અહીં આપણે કહીએ કે જો ભગવાન એમની ઈચ્છા હોય એને જ મળવાના હોય તો આપણે શું કામ એમને મેળવવા કોઈ પ્રયત્ન કરવા? એમની ઈચ્છા હશે તો મળશે. પરંતુ ગોવિંદસ્વામીએ ભગવાનને મેળવવા એક રસ્તો બતાવ્યો છે. કેટલીકવાર એવું બને છે કે મીનીસ્ટર કામ ન કરી શકે એવું કામ એનો P. A. કરી આપે. ગોવિંદસ્વામી શ્રીજીબાવાના ખાસ સખા. એ એમને મળવાનો રસ્તો બતાવે છે. ‘પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે. એ પ્રીતમ પ્રેમથી મળે છે. બસ એમને પ્રેમ કરો. એ મળી જશે. ભલે મીસરીની કટોરી ધરો, પણ ખૂબ પ્રેમથી ધરો. ભલે ગુણગાન કરો પણ ખૂબ પ્રેમથી કરો. ભલે ગુંજામાળા ધરો પણ ખૂબ પ્રેમથી ધરો. આ પ્રેમ માત્ર કહેવાનો નહિ. આપણે કહીએ કે અમને ખૂબ પ્રેમ છે શ્રીઠાકોરજી ઉપર. અમારું હૃદય તો એમના પ્રત્યેના પ્રેમથી છલકાયા કરે છે. એટલું માત્ર ન ચાલે. ભગવદીયો કહે છે કે પ્રેમ એ હૃદયનો એક ભાવ છે અને એ ક્રિયા દ્વારા, વર્તન દ્વારા બહાર આવવો જોઈએ. હૃદયમાં રાખી મૂકીએ એ ન ચાલે. ક્રિયા કે વર્તન દ્વારા હૃદયનો પ્રેમ પ્રકટ કરવો એનું નામ જ સેવા છે. સેવા એ બીજું કંઈ નથી; માત્ર પ્રેમની અભિવ્યક્તિ છે. વૈષ્ણવ સેવા કરતો હોય એના ઉપરથી ખબર પડી જાય કે એને પ્રભુ માટે કેટલો અને કેવો પ્રેમ છે!

માટે જ અહીં આજ્ઞા કરી કે કૃપાની મર્યાદાથી, જીવના દોષ જોયા વિના શ્રીમહાપ્રભુજી તેના ઉપર કૃપા કરીને, તે જીવનો અંગીકાર કરે છે અને તેનો ઉદ્ધાર કરે છે.

શ્રીમહાપ્રભુજીના એક સેવક વાંસવાડાવાળા ગોપાલદાસભાઈ ઉપર કેવળ જળની અંજલિ છાંટીને આપે તેમનો ઉદ્ધાર કર્યો હતો. પાનસરોવર ઉપર એક યવનના ઘોડાનો ઉધ્ધાર દૃષ્ટિ માત્રથી કૃપા કરીને કર્યો હતો. આ નામ આપનો ‘શ્રી’ ધર્મ બતાવે છે.

અંગીકૃતૌ સમર્યાદાય નમઃ શરણે આવેલા જીવોનો કૃપાની મર્યાદાથી અંગીકાર કરવાવાળા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

હવે શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું સોળમું નામ કહે છે: **મહાકારુણિકઃ - મહાકારુણિકાય નમઃ** જે વિશેષ કરુણા કરનારા છે, અતિશય કરુણા કરનારા છે, સર્વ મર્યાદાઓ તોડી દઈને અત્યંત કરુણા કરનારા છે, તેવા કરુણાસાગર શ્રીમહાપ્રભુજીને હું વંદન કરું છું.

આગળના શ્લોકમાં ‘દયયા નિજ માહાત્મ્યં’ કહ્યું, ત્યાં દયા શબ્દ વપરાયો. અહીં કરુણા શબ્દ છે. બંનેનો અર્થ આપણે વિચાર્યો હતો. જે સ્વજન નથી તેના ઉપર દયા, જે સ્વજન છે તેના ઉપર કરુણા. કરુણામાં કૃપા રહેલી છે. દયામાં કેવળ માનવતા રહેલી છે. જ્યારે શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી કોઈ પણ જીવ ઉપર કૃપા કરવા તત્પર થાય ત્યારે એ જીવના દોષ, જાતિ, ધર્મ, બુદ્ધિ વગેરે કાંઈ જોતા નથી. બસ, કૃપા વરસાવી દે છે.

જેમ લૌકિકમાં પ્રેમને કારણો સાથે કોઈ સંબંધ નથી, એમ શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીને કૃપા વરસાવવા માટે કોઈ કારણ નથી. એનું કોઈ બેરોમીટર નથી કે આપણે આટલું કરીએ તો આટલી કૃપા મળે. કૃપા અને કૃતિના વિનિમયનો કોઈ એક્ષચેન્જ રેટ નથી.

એક વૈષ્ણવ એક વાર એમના શ્રીગુરુદેવનાં દર્શને આવેલા. એમણે વિનંતી કરી : ‘મહારાજ, મેં મરજાદ લીધી છે, ૪૦ વર્ષથી સખડીભોગ ધરું છું. અસમર્પિત છોડ્યું છે, પણ એક દિવસ પણ શ્રીઠાકોરજીનો સાનુભવ થયો નથી.’ આપશ્રીએ આજ્ઞા કરી : ‘વૈષ્ણવ, સખડીના બદલામાં સાનુભવ માગો છો? સાનુભવ થાય માટે સખડી ધરો છો? અરે, એ તો તમારું વૈષ્ણવ તરીકેનું કર્તવ્ય છે. એક બ્રહ્મસંબંધી જીવ તરીકેનું કર્તવ્ય છે. એના બદલામાં અપેક્ષા કેમ રાખો છો? અપેક્ષા રાખીને સખડીભોગ ધરશો તો બીજા ૩૦ જન્મોમાં ય સાનુભવ નહિ થાય. શ્રીઠાકોરજીની કૃપાને જીવની કૃતિ સાથે કોઈ સંબંધ નથી.

કરુણામાં કૃપાનું બીજ છુપાયેલું છે. શ્રીપ્રભુ અને મહાપ્રભુ બંને જેના ઉપર કૃપા કરે એના ઉપર કરુણા કરે, કરુણા વિના કૃપા પણ ન થાય.

શ્રીમહાપ્રભુજીના શરણે આવેલા જીવોનું ત્રણ રીતે વર્ગીકરણ વિચારી શકાય છે : કેટલાક જીવો શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં આસક્ત છે. કેટલાક ગ્રંથોમાં આસક્ત છે અને કેટલાક ભગવદ્-સ્વરૂપમાં આસક્ત છે. સ્વરૂપમાં આસક્ત એકા ક્ષત્રાણી, ગ્રંથોમાં આસક્ત કનૈયાલાલ ક્ષત્રિય, ભગવદ્-સ્વરૂપમાં આસક્ત દામોદરદાસ સંભરવાળા, શેઠ પુરુષોત્તમદાસ વગેરે. પણ જે જીવોની જે રીતે, જે પ્રકારે આસક્તિ થઈ, તે કરાવવાની શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી કરુણા કરી. એ આસક્તિ દ્વારા શ્રીમહાપ્રભુજીએ જીવોને ભગવદ્-સ્વરૂપાનંદનું દાન કર્યું. હરસાનીજી, મેઘનજી, કનૈયાલાલજી, એકા ક્ષત્રાણી, સૂરદાસજી, રજોબાઈ, માધવભટ્ટ કાશ્મીરી, પદ્મનાભદાસજી, નારાયણદાસ બ્રહ્મચારી-કેટકેટલા ભગવદીયોનું સ્મરણ કરીશું? તે સમયના જ નહિ પરંતુ ૫૦૦ વર્ષની આ પરંપરામાં થયેલા અનેક ભગવદીયો ઉપર શ્રીમહાપ્રભુજીએ અત્યંત કરુણા કરી છે. અડેલમાં પોતાની બાજુમાં રહેતી એક સજાતીય બ્રાહ્મણીના સર્વ અપરાધો ક્ષમા કરવાની કરુણા આપશ્રીએ કરેલી.

જે સાધનનું દાન કરે તે કારુણિક; પરંતુ જે સાધન અને ફળ બંનેનું દાન કરે તે મહાકારુણિક. પ્રભુના તાપક્લેશની આધિદૈવિક પીડાથી પીડાતા જીવો ઉપર શ્રીમહાપ્રભુજી જે કરુણા વરસાવે તે મહાકરુણા છે. શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીની સાથે પોતાના સ્વરૂપમાં પણ ભક્તને પ્રેમ, આસક્તિ, વ્યસન જન્માવે છે. આ આપનું મહાકારુણિક સ્વરૂપ છે. આ નામ આપના જ્ઞાનધર્મનું સૂચક છે.

આવા મહાકારુણિક શ્રીવલ્લભને આપણાં વંદન હો. **મહાકારુણિકાય નમઃ**

હવે શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું સત્તરમું નામ બતાવે છે.

વિભુઃ- વિભવે નમઃ - શ્રીમહાપ્રભુજી વિભુ છે. વિભુ સ્વરૂપ એવા શ્રીવલ્લભને હું નમન કરું છું.

આપણે વારંવાર વિભુ અને પ્રભુ એ બે શબ્દો સાંભળીએ છીએ, બોલીએ છીએ, પણ એમાં એમનું જે ગુણસ્વરૂપ બિરાજે છે એનું ઝાઝું ચિંતન કરતાં નથી. જે સ્વામી છે એ પ્રભુ છે અને જેમની પાસે ચૌદ

લોકનો અવર્ણનીય વૈભવ છે, સત્તા છે, સામર્થ્ય છે, આનંદ છે, સંપત્તિ છે એ વિભુ છે.

વિભૂતિ અને વિભુત્વમાં થોડો ફરક છે. ભગવાન કોઈક લીલા કરવા માટે પોતાની સર્વ શક્તિઓ સાથે પ્રકટ ન થાય અને પોતાનો અંશ-કલા-ગુણ વગેરેનું સ્વરૂપ પ્રકટ કરે, અંશાવતાર, કલાવતાર, ગુણાવતાર ધારણ કરે, તો એ બધી ભગવાનની વિભૂતિઓ છે; જ્યારે ભગવાન સ્વયં વિભુ છે. શ્રીમહાપ્રભુજી પણ આવા વિભુ છે. સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ છે. પોતાના જીવોને સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપે, ઈશ્વર સ્વરૂપે દર્શન આપે છે. માટે જ આપે કેટલાક શરણે આવવા તત્પર બનેલા જીવોની શ્રદ્ધા વધારવા પોતાના સ્વરૂપમાં વિભુત્વનાં દર્શન કરાવ્યાં. જેમકે ઉજ્જૈનના પદ્મા રાવલને શ્રીરણછોડજીના સ્વરૂપમાં આસક્તિ હોવાથી તેમણે વિચાર કર્યો કે 'શ્રીમહાપ્રભુજી જો મને શ્રીરણછોડજી સ્વરૂપે દર્શન આપે તો હું એમનો સેવક થાઉં.' શ્રીમહાપ્રભુજી અંતર્યામી છે. પદ્મા રાવલના મનની વાત જાણીને વિચાર કર્યો કે : 'છે તો પુષ્ટિજીવ, પણ દ્વારકાલીલામાં ગયેલો છે. એની જેમાં આસક્તિ છે તે સ્વરૂપનો અનુભવ કરાવી એનો અંગીકાર કરું તો એનો વિશ્વાસ દઢ થાય.'

આથી આપે અડેલમાં પદ્મારાવલને અને માવજી પટેલ તથા બિરજોને શ્રીરણછોડજી સ્વરૂપે દર્શન આપ્યાં. શ્રીરણછોડજી સ્વરૂપે ભોગ આરોગતાં પણ દર્શન આપ્યાં અને દઢ વિશ્વાસ કરાવ્યો કે શ્રીવલ્લભ જ સાક્ષાત્ શ્રીરણછોડજી છે.

એજ રીતે આપશ્રી જ્યારે વડનગર પધાર્યા ત્યારે ત્યાંના બ્રાહ્મણોમાં શરણે આવવા માટે સ્પર્ધા જાગી. દરેકે પોતાને પહેલો શરણે લેવા આગ્રહ રાખ્યો ત્યારે આપશ્રીએ જેટલા બ્રાહ્મણો હતા તેટલાં સ્વરૂપ ધારણ કરી દરેકને એક જ સમયે શરણે લીધા.

એકવાર શ્રીવલ્લભ દક્ષિણમાં વરદરાજ સ્વામીના મંદિરે દર્શન કરવા પધાર્યા; પરંતુ મંદિરના પગથિયાં ઉપર જયદેવજીની અષ્ટપદીઓ કોતરેલી હતી. આ અષ્ટપદીઓમાં ભગવદ્ નામ હતું અને ભગવદ્નામ ભગવદ્ સ્વરૂપ હોવાથી તેના ઉપર ચરણ ધરીને આપશ્રી મંદિરમાં ન પધાર્યા તો તે વખતે વરદરાજ સ્વામીને શ્રીવલ્લભનાં દર્શન કરવાની ઈચ્છા થવાથી

વરદરાયજી પોતે નીચે પધાર્યા અને શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યાં. આમ આપશ્રી વિભુ હોવાથી વિભુતિઓ આપનાં દર્શન અને વંદના કરે છે.

આ નામનું મનન કરીએ ત્યારે આ પ્રસંગોનું ચિંતન કરવું. શ્રીમહાપ્રભુજીએ આમાં પોતાનો અલૌકિક વૈરાગ્ય ગુણ બતાવ્યો. જીવને જેમાં આસક્તિ છે એને પુષ્ટિમાં પરિણિત કરવી. જીવના સ્વભાવને પુષ્ટિમાં ફેરવવો - અને તે પણ પોતાના અલૌકિક અનુભવ દ્વારા - તેથી જ શ્રીમહાપ્રભુજીએ કેટલાયે જીવોને તેમણે ચાહ્યું છે એ સ્વરૂપે પોતાનો અનુભવ કરાવ્યો છે.

અહીં દસ શ્લોક પૂર્ણ થયા. હવે અગિયારમો શ્લોક અને અઢારમું નામ જોઈશું.

■

પ્રગટે શ્રીવલ્લભ સુખદાઈ ॥
ફૂલે ડોલત જન સબ મનમેં અતિ દુર્લભ નિધિ પાઈ ॥૧॥
ઘરઘર મંગલ હોત જહાં તહાં દ્યુતિ બઢી અતિ ભાઈ ॥
માધોમાસ કૃષ્ણ એકાદશી શુભદિન પ્રકટે આઈ ॥૨॥
યજ્ઞપુરુષ હે યહ સુત તિહારો દ્વિજ સબ હેત સુનાઈ ॥
યુગ યુગ રાજકરો ભક્તનગૃહ દાસ રસિક બલજાઈ ॥૩॥

પ્રકરણ : ૧૩ - શ્લોક : ૧૧

અદેયદાનદક્ષશ્ચ મહોદાર-ચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજ-મોહિતાસુરમાનુષઃ ॥૧૧॥

શ્રી સર્વોત્તમ સ્તોત્રના આ અગિયારમાં શ્લોકમાં શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનાં ત્રણ નામ પ્રગટ કરે છે. પહેલું છે **અદેયદાનદક્ષઃ - અદેયદાનદક્ષાય નમઃ** અદેય + દાન + દક્ષઃ = ન આપી શકાય (અદેય) તેનું (શ્રીપ્રભુસ્વરૂપનું) દાન દેવામાં દક્ષઃ એટલે જે ચતુર છે તેવા શ્રીમહાપ્રભુજીને હું વંદન કરું છું.

જે ન આપી શકાય તેને અદેય કહેવાય. લૌકિકમાં પણ દાનવીર દાતાઓ પાસે બે પ્રકારની સંપત્તિ હોય છે. દેય અને અદેય. દ્રવ્ય એ દેય સંપત્તિ છે. પરિવાર એ અદેય સંપત્તિ છે. કોઈ માગે તો દાતા લાખ રૂ. આપી દે; પરંતુ કોઈ કહે કે તમારો આ લાખ રૂપિયા જેવો દીકરો અમને આપી દો, તો એ નહિ આપે. એ અદેય છે. એ જ રીતે ધર્મમાર્ગમાં પણ બે પ્રકારનાં ફળ છે. દેય અને અદેય. દેવો, વિભૂતિઓ વગેરેને દેય ફળ આપવા માટેનો અધિકાર પ્રભુએ આપ્યો છે. જેમકે તેઓ લૌકિક ભોગનું દાન કરી શકે છે. ઘણું ઘણું સ્વર્ગલોકનું દાન કરી શકે. વિષ્ણુ અને મહાદેવજી જેવા ચાહે તો મોક્ષનું પણ દાન કરી શકે છે. પૃથ્વી ઉપર પ્રકટ થયેલા અન્ય સંપ્રદાયના આચાર્યો પણ એમનામાં રહેલા દેવત્વના કારણે, એમના એ સ્વરૂપને કારણે લૌકિક ભોગ અને મુક્તિનું દાન આપવા સમર્થ રહ્યા છે, પરંતુ શ્રીવલ્લભ એક જ એવું સ્વરૂપ છે જે અદેયનું દાન કરે છે. જેનું દાન કરવા બીજું કોઈ સમર્થ નથી.

પ્રેમલક્ષણા ભક્તિનું દાન શ્રીમહાપ્રભુજીએ જ કર્યું. આ ભક્તિ શાસ્ત્રોમાં બતાવેલી હતી પણ પોતાના સેવકોને આ ભક્તિનું દાન કરવા શ્રીમહાપ્રભુજીની પહેલાં કોઈ આચાર્યો તત્પર નહોતા થયા. એમનો એ અધિકાર ન હતો.

અદેય શબ્દ સાથે ચ શબ્દ વપરાયો છે. શ્રીગોકુલનાથજી એમની ટીકામાં આ ચ શબ્દનો અર્થ બતાવે છે કે પ્રેમલક્ષણા ભક્તિ અને એ ભક્તિથી રીઝતા પ્રભુનું દાન કરવા પણ શ્રીમહાપ્રભુજી સક્ષમ છે, દક્ષ છે, ચતુર છે.

હજી તો બ્રહ્મસંબંધ લીધું છે, ભાવનો ઉદય તો થયો નથી, કેવળ મૌખિક નિવેદન થયું છે અને ત્યાં શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને ભગવદ્ સ્વરૂપ પધરાવી આપ્યું છે. પધરાવી આજ્ઞા કરી છે : 'યે મેરો સર્વસ્વ હૈ.' પોતાનું હૃદય પધરાવી આપ્યું છે.

શ્રીમહાપ્રભુજી સ્ત્રીગૂઢભાવાત્મક છે. સ્વામિની ભાવનું સ્વરૂપ છે. જે શ્રીઠાકોરજીને કેવળ પોતાના વશમાં રાખે છે. ભલા લૌકિકમાં કોઈ સ્ત્રી પોતાનો પતિ બીજાને આપી દે? શ્રીમહાપ્રભુજીએ તો એટલી કૃપા કરી કે એમનું હૃદય, પોતાનું સર્વસ્વ, પોતાના પ્રાણવલ્લભ એવા પ્રભુ આપણને પધરાવી આપ્યા.

શ્રીહરિરાયજી બીજા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીના આવા નિધિ આપણા સ્વગૃહે પધાર્યા છે ત્યારે એમને બરોબર ધ્યાનથી સાચવજો. ત્યાં આપે સરસ ઉદાહરણ આપ્યું કે જેમ યોગી એના હાથમાં પારો રાખે તેમ રાખજો. પારો જેમ હાથમાં રાખવો સરળ નથી, એ તો કોઈ યોગી જ એ કરવા સમર્થ છે એમ એ પ્રભુને સાચવવા એ સરળ નથી. માટે જરાયે પ્રમાદ સેવ્યા વિના, જરાયે બેદરકારી રાખ્યા વિના, ભયથી અને પ્રેમથી એ પ્રભુને સાચવજો, રીઝવજો.

આવું અદેયદાન શ્રીમહાપ્રભુજીએ આપ્યું. આપે સમજાવ્યું કે પુષ્ટિમાર્ગનું પરમફળ આધિદૈવિક ભજનાનંદ છે. રાસલીલા એ આધિદૈવિક ભજનાનંદની લીલા છે. એની પ્રાપ્તિ કેવળ શ્રીમહાપ્રભુજીથી જ શક્ય છે. અન્ય કોઈ રીતે નથી. પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે આ રાસલીલા. એનું દાન કેવળ શ્રીવલ્લભ કરી શકે છે. એમની કૃપાથી રાસલીલામાં પ્રવેશ મળે છે.

ઝારખંડમાં શ્રીનાથજીની આજ્ઞા થવાથી શ્રીમહાપ્રભુજી જગન્નાથપુરી પધારવાને બદલે પાછા વ્રજમાં પધાર્યા. આન્યોર પધાર્યા. શ્રીનાથજીને ગિરિકંદરામાંથી બહાર પધરાવ્યા. સદુપાંડે વગેરે વ્રજંવાસીઓને આજ્ઞા કરી: 'તમે સૌ શ્રીગોવર્ધનધરની સેવા કરજો. હું અહીં કાયમ રહી શકીશ નહિ. મારે બીજી ભગવદ્ આજ્ઞાઓનું પાલન કરવાનું છે. તીર્થાટન કરવાનું છે.'

સદુપાંડેજીએ કહ્યું : 'મહારાજ, અમે તો લૌકિક સંસારી જીવો છીએ. સેવા કેવી રીતે કરીશું? આપ આજ્ઞા કરો તો અહીં શ્રીગિરિરાજજીની ગુફામાં એક વિરકત રહે છે એમને બોલાવી લાવું.' આપની આજ્ઞાથી એ વિરક્ત રામદાસજીને બોલાવ્યા. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી પોતાનું સર્વસ્વ એવા શ્રીનાથજી રામદાસજીને સોંપ્યા. સદુપાંડેજીને સોંપ્યા. સૌ વ્રજવાસીઓને સોંપ્યા. આજ્ઞા કરી કે મારા પ્રભુને સાચવજો. એમને જરાયે ઓછું ન આવવા દેશો.

દામોદરદાસ હરસાનીજીની વાર્તાનો પ્રસંગ યાદ છે ને? દાન બડો કે દાતા? શ્રીમહાપ્રભુજી દાતા છે. શ્રીઠાકોરજી દાન છે. શ્રીમહાપ્રભુજી જ શ્રીઠાકોરજી રૂપી દાન આપણને આપી શકે. એ દાન શ્રીમહાપ્રભુજીએ આપ્યું છે; પણ મળેલું દાન આપણાથી ન સચવાય તો એ આપણી કમનસીબી છે.

આ નામમાં શ્રીમહાપ્રભુજીનું ધર્મી સ્વરૂપ બતાવ્યું છે. **અદેયદાનદક્ષાય નમઃ.**

હવે શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું ઓગણીસમું નામ બતાવે છે. **મહોદાર ચરિત્રવાન્ - મહોદાર ચરિત્રવતે નમઃ.** મહા + ઉદાર + ચરિત્રવાન્ = અત્યંત ઉદાર ચરિત્રવાળા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી દાન આપવામાં તો દક્ષ, કુશળ એટલે કે ઉદાર છે, પણ કેવા ઉદાર ? તો કહે છે આપશ્રી મહોદાર છે. ઉદાર અને મહોદારમાં શું ફેર? લૌકિકમાં માણસ ઉદાર હોય, પણ મહા ઉદાર ન પણ હોય. કેટલાક દાતાઓ તમે જોયા હશે. કોઈ એમની પાસે દાન લેવા જાય તો ખૂબ પ્રશ્ન પૂછે, ખૂબ તપાસ કરે બરોબર બધું પાકું કરે, પછી એ દાન આપે; જેથી એ દાનનો સદુપયોગ થાય. વેડફાઈ ન જાય. પોતે જે હેતુ માટે દાન આપી રહ્યા છે તે સિદ્ધ થાય.

કેટલીકવાર દાન આપવાથી પોતાને શું લાભ થશે એ પણ ઘણા લોકો વિચારતા હોય છે. પોતાને કીર્તિ મળશે, નામના થશે, વગેરે વગેરે; પરંતુ જે મહોદાર છે એમને આવો કોઈ વિચાર હોતો નથી. શું આપવું, કેમ આપવું, કેવી રીતે આપવું એનો વિચાર જ નથી હોતો. એ તો એમ સમજે છે આજે

કોઈ લેવા આવ્યું છે. બસ આપી દો. પ્રભુનું છે, પ્રભુએ આપ્યું છે. પ્રભુ માટે વપરાય છે. હું કોણ આપનાર ? આમ વિચારીને દાન આપે.

આ તો લૌકિક વાત થઈ. શ્રીમહાપ્રભુજી પણ જીવની બુદ્ધિ, શક્તિ, કૃતિનો વિચાર કરતા નથી. એની પાત્રતા શું છે, શું આપવું, શું ન આપવું એવો વિચાર પણ ક્યારેય કરતા નથી, અને ન આપવા જેવું પણ એ જીવને આપી દે છે. એ છે મહોદારતા.

આપણને તનુવિત્તજા સેવા શ્રીમહાપ્રભુજીએ આપી. પરંતુ ગોવિંદકુંડ પરની ગુફામાં રહેનારા અચ્યુતદાસજીને તનુવિત્તજા સેવા કર્યા સિવાય માગી તો સીધી માનસી સેવાનું દાન કરી દીધું. આ મહોદારતા.

ત્રિપુરદાસ કાયસ્થ ઉપર શ્રીમહાપ્રભુજીએ અને શ્રીનાથજીબાવાએ કેટલી કૃપા કરી છે! ત્રિપુરદાસનો છીંટનો ગદલ શ્રીનાથજીબાવાએ માંગીને અંગીકાર કર્યો છે. દેખાવમાં સામાન્ય હોવાથી એ ગદલ ધરાવ્યો ન હતો. પરંતુ જ્યાં સુધી એ ગદલ ન ધરાવ્યો ત્યાં સુધી શ્રીજીબાવા કહેતા રહ્યા : મોકો અભી ઠંડ લગે. જ્યારે ત્રિપુરદાસનો ગદલ અંગીકાર થયો ત્યારે કહે : હાં, અબ નીકો લગે. આ મહોદારતા.

શ્રીમહાપ્રભુજી આવા મહોદાર છે. માટે જ આપણે તેમના ઉપદેશોનું પાલન નથી કરતાં, ઉપદેશોથી દૂર ભાગીએ છીએ, સ્વૈર આચરણ કરીએ છીએ, સ્વચ્છંદતાથી વર્તીએ છીએ; છતાં આપણા આ બધાં લક્ષણો જોઈ શ્રીમહાપ્રભુજી આપણને દંડ આપતા નથી. કૃપા કરીને આપણને અલૌકિકતાનું દાન કરે છે.

ભક્તોની ઈચ્છાપૂર્તિમાં આપણને આપશ્રીના મહોદાર ચરિત્રનાં દર્શન થાય છે. આ નામ શ્રીમહાપ્રભુજીનો ઐશ્વર્ય ધર્મ બતાવે છે. **મહોદાર ચરિત્રવતે નમઃ** - મહા ઉદાર ચરિત્રવાળા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું વીસમું નામ બતાવે છે. **પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષઃ** = પ્રાકૃત+અનુકૃતિ + વ્યાજ = પાકૃત એટલે કે લૌકિક મનુષ્યોનું અનુકરણ કરવા નિમિત્તે (બહાને) પણ, મોહિત+ અસુર+ માનુષઃ = આસુરી જીવોને મોહ પમાડનાર શ્રીમહાપ્રભુજી છે. **પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષાય નમઃ.**

શ્રીમહાપ્રભુજી આસુરી મનુષ્યોને મોહ પમાડવા માટે પ્રાકૃત મનુષ્યના જેવી લીલા કરે છે. જે પોતાના જીવ નથી, પ્રવાહી કે આસુરી જીવો છે તે ભૂલેચૂકે પણ પોતાના ચરણારવિંદમાં આવી ન જાય, પોતાની આ મહોદારતાનો ગેરલાભ લઈ ન જાય એટલા માટે, એવા જીવોને દૂર રાખવા માટે શ્રીમહાપ્રભુજી લૌકિક મનુષ્યોનું અનુકરણ કરતા હોય એવી લીલાઓ પણ ક્યારેક ક્યારેક કરે છે. આવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીના સંપર્કમાં અનેક જીવો આવ્યા. પ્રવાહી, મર્યાદા અને પુષ્ટિ જીવો પણ આવ્યા. મર્યાદા જીવોનો ઉદ્ધાર મર્યાદાથી કર્યો. પુષ્ટિનો ઉદ્ધાર પુષ્ટિથી કર્યો. પણ જે આસુરી જીવો હતા. જેમનો ઉદ્ધાર શક્ય ન હતો, તેમને શ્રીમહાપ્રભુજીએ પોતાનાથી દૂર રાખ્યા.

આસુરી જીવો એટલે કોણ? અસુર ઉપરથી આસુરી શબ્દ આવ્યો. અસુ એટલે ઈન્દ્રિય. જે ઈન્દ્રિયોના મોજશોખમાં રચ્યો પચ્યો રહે તે અસુર. જેનું જીવન લૌકિક મોજશોખથી જ ભરેલું છે તે આસુરી. આવા આસુરી જીવો ભક્તિમાર્ગમાં ટકી શકે નહિ. ભક્તિમાર્ગને ઝીલી શકે નહિ. આસુરત્વ અને ભક્તિને બારમો ચંદ્રમા.

કોઈપણ માણસ દુનિયાના મોજશોખ અને પ્રભુની ભક્તિ બંને એકીસાથે કરી શકે નહિ. જગતને સ્વીકારીએ તો જગદીશને છોડવા પડે, જગદીશને સ્વીકારીએ તો જગતના મોજશોખ છોડવા પડે. આપણે ભોગ છોડવા નથી અને ભક્તિ કરવી છે. શ્રીમહાપ્રભુજી કહે છે : એ ન બને. ભોગ ન છૂટે ત્યાં સુધી ભક્તિ શક્ય નથી. ભોગ છોડવા માટે આપણને શ્રીમહાપ્રભુજીએ **'વિવેકધૈર્યાશ્રય'**માં માર્ગ બતાવ્યો. **પ્રાપ્તં સેવેત નિર્મમઃ.** જ્યારે જે કંઈ પણ પ્રભુ આપે, મળી આવે, એમાં મમત્વ રાખ્યા વિના, તમારા જીવનનું આચરણ કરતાં કરતાં પ્રભુમાં તત્પર રહો.

શ્રીમહાપ્રભુજીએ **નિબંધમાં** આજ્ઞા કરી : આપણી ઈન્દ્રિયો એ ઘોડા છે. શરીર એ રથ છે. આત્મા એનો પ્રવાસી છે. જો ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ ઉપર કાબૂ નહિ રાખો તો ઘોડાઓ તમારા શરીર રૂપી રથને ઉથલાવી દેશે. ભગવદ્‌ગામી બનવા માગતો આત્મા અધોગામી બની જશે.

શ્રીમહાપ્રભુજીએ **'સંન્યાસનિર્ણય'** ગ્રંથમાં આજ્ઞા કરી : **વિષયાક્રાન્ત દેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ** । મનમાં જો વિષયોનું ચિંતન છે, વિષયોનું સેવન છે, તો એ મનમાં પરાત્પર પરબ્રહ્મ શ્રીહરિનું અવતરણ ક્યાંથી થશે? માટે પુષ્ટિમાર્ગ ભોગનો માર્ગ નથી. કસોટીનો માર્ગ છે. ખાંડાની ધાર પર ચાલવાનો માર્ગ છે. પ્રભુએ ગૃહસ્થ જીવન આપ્યું છે, સંપત્તિ આપી છે, સેવા દ્વારા મહાપ્રસાદ વગેરે અનેક ભોગ આપ્યા છે અને છતાં પણ એ બધાંની વચ્ચે સાદાઈ, સંયમ, સંતોષથી, મનના વૈરાગ્યપૂર્વકનું જીવન જીવવામાં આવે તો જ બુદ્ધિ ભગવદ્ ગામી બને. જીવન ભક્તિગામી બને.

જેનું જીવન ભોગ તરફ છે એવા પ્રાકૃત મનુષ્યો, જેમને કેવળ શાસ્ત્રનું જ જ્ઞાન છે એવા વિદ્વાનો, એ બધાંને શ્રીમહાપ્રભુજીનાં દર્શન, શ્રીમહાપ્રભુજીના સમયમાં પણ એક લૌકિક મનુષ્યના રૂપમાં જ થયાં છે. સન્મનુષ્યાકૃતિ સ્વરૂપે થયાં છે. જેમકે સોરમમાં કેશવાનંદ યોગી, કૃષ્ણદાસ મેઘનના ગુરુ, કૃષ્ણદાસજી હાથમાં અગ્નિ લઈને તેમને પ્રતીતિ કરાવે છે, છતાં તેઓ માનવા તૈયાર નથી કે શ્રીમહાપ્રભુજી પૂર્ણપુરુષોત્તમ છે.

બીજા કાશ્મીરના નિમ્બાર્ક સંપ્રદાયના આચાર્ય કેશવભટ્ટ. તેઓ શ્રીમહાપ્રભુજીને વિદ્વાન સમજે છે પણ શ્રીમહાપ્રભુજી ભગવદ્-સ્વરૂપ છે એ સ્વીકારવા તૈયાર નથી. આ બધા ભક્તિના જીવો ન હોવાથી, તેમને ભક્તિની પાત્રતા ન હોવાથી શ્રીમહાપ્રભુજી એમને દૂર રાખવા સામાન્ય સન્મનુષ્યાકૃતિ સ્વરૂપે જ દર્શન આપે છે. પોતાના સ્વરૂપનો અલૌકિક અનુભવ એમને કરાવતા નથી.

શ્રીમહાપ્રભુજીનો આ વીર્ય ધર્મ છે. અહીં વીસ નામ અને અગિયાર શ્લોક પૂર્ણ થયા. **પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષાય નમઃ.** ■

શ્રીવલ્લભ વરનોં કહા બડાઈ ।
જાકે રોમ રોમ પ્રતિ પ્રકટિત કોટિ ગોવર્ધનરાઈ ॥૧॥
વાકે યૂથભયે ન્યારે ન્યારે બરનત બરને ન જાઈ ।
રામદાસ કમલાસી દાસી સો ઘર છાંડ બસાઈ ॥૨॥

પ્રકરણ - ૧૪ : શ્લોક - ૧૨

વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણ-ભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥

આ બારમા શ્લોકમાં શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનાં છ નામ પ્રગટ કરે છે.

એકવીસમું નામ છે **વૈશ્વાનરઃ**, વૈશ્વાનર એટલે અલૌકિક અગ્નિ, **વૈશ્વાનરાય નમઃ**। અલૌકિક અગ્નિસ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પોતાનો પરિચય આપતા કહ્યું 'અહં વૈશ્વાનરઃ' હે અર્જુન હું અલૌકિક અગ્નિસ્વરૂપ છું. વેદમાં અગ્નિને ભગવાનનું મુખ કહ્યું છે; તેથી જ યજ્ઞના અગ્નિમાં આપેલી આહુતિ ભગવાન ગ્રહણ કરે છે. શ્રીમહાપ્રભુજી ભગવાનના મુખારવિંદ સ્વરૂપ હોવાથી તેમને વૈશ્વાનર કહ્યા.

શ્રીમહાપ્રભુજીએ જુદા જુદા ગ્રંથોમાં જુદા જુદા પ્રકારે પોતાનો પરિચય આપ્યો છે. ક્યાંક એમણે પોતાને 'કૃષ્ણદાસ' કહ્યા છે. ક્યાંક 'વલ્લભઃ શ્રીહરેઃ' એટલે કે શ્રીહરિના વહાલા કહ્યા છે. શ્રી સુબોધિનીજીના પ્રારંભમાં પોતાનો પરિચય આપતાં કહ્યું છે 'અહં વૈશ્વાનરઃ' હું વૈશ્વાનર છું. ભગવાનના મુખારવિંદ રૂપ અલૌકિક અગ્નિસ્વરૂપ છું.

જે જીવો શ્રીમહાપ્રભુજીને શરણે આવે છે, એમાં જે આસુરી જીવો છે તેમને પોતાના અગ્નિસ્વરૂપથી તપાવી, શુદ્ધ કરી દૈવી બનાવે છે. જેમ અગ્નિથી કચરો બળે તેમ શ્રીમહાપ્રભુજીના આ નામના પાઠથી, એના ચિંતનથી, આપણા મનમાં જે આસુરાવેશ છે, ઈન્દ્રિયોની જે લોલુપતા છે, દુનિયાના ભોગ ભોગવવાની જે વૃત્તિ અને રૂચિ છે, એ બધું શ્રીમહાપ્રભુજી બાળી નાખે છે. મનના ઉકરડાને સાફ કરે છે.

શ્રીમહાપ્રભુજીનું આ જે સ્વરૂપ છે તે ઉગ્રપ્રતાપ સ્વરૂપ છે. આ ઉગ્રપ્રતાપ અલૌકિક સ્વરૂપને કારણે ઘણા આસુરી જીવો ત્યાંથી ભાગ્યા છે. દામોદરદાસ હરસાનીજીને ત્રણ ભાઇ હતા. એમને ખબર પડી કે એમનો નાનો ભાઇ ઘર છોડીને કોઇકની સાથે જતો રહ્યો છે. ત્યારે એને પાછો લઇ જવા એ ભાઇઓ પાછળ દોડ્યા. ગામની બહાર તળાવના કિનારે શ્રીમહાપ્રભુજીએ મુકામ કર્યો છે. દામોદરદાસજી ચરણમાં બેઠા છે. એમણે પોતાના ભાઇઓને આવતા જોયા. શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી: 'મહારાજ, આ લોકો મને લેવા આવે છે' શ્રીમહાપ્રભુજીએ પોતાનું કૃપાબળ પ્રગટ કર્યું. પોતાના અલૌકિક અગ્નિ સ્વરૂપે એ ત્રણે ભાઇઓને દર્શન આપ્યાં. એ અગ્નિ જોતાં જ ત્રણે ભાઇઓ ત્યાંથી ભાગ્યા. પાછું વળીને જોવા ઊભા ન રહ્યા. શ્રીહરિરાયજી આ પ્રસંગના ભાવપ્રકાશમાં સમજાવે છે કે આ ત્રણ ભાઇઓ એટલે કોણ? તો કહે છે કામ, ક્રોધ અને લોભ. ભક્તને આ ત્રણનું નડતર થાય. ભક્તિમાં કામ એટલે કે લૌકિક સુખો રોકે. એ સુખ ન ભોગવાય તો ક્રોધ થાય અને ભોગવાય તો વધારે ભોગવવાનો લોભ થાય.

આ જ કામ, ક્રોધ અને લોભ અલૌકિકમાં હોય તો ઉત્તમ છે. અલૌકિકમાં શ્રીઠાકોરજીને પામવાનો કામ ઉત્તમ છે. દુઃસંગ તરફ ક્રોધ થાય, દુષ્ટો તરફ ક્રોધ થાય એ ઉત્તમ છે. વધુ ભગવદ્ નામ લેવાનો લોભ, ભગવદ્સેવા વધુ કરવાનો લોભ, વધુ સત્સંગ કરવાનો લોભ વગેરે ઉત્તમ છે. પરંતુ લૌકિક કામ, ક્રોધ, લોભ એ ત્રણેય આપણને ગેરરસ્તે લઇ જનારા છે, ભક્તિ કરતાં રોકનારા છે.

આપણે આપણા મનનું પૃથક્કરણ કરવા પ્રયત્ન કરીશું તો આ વાત સમજાશે. આપણાથી સરખી રીતે સેવા નથી થતી, જપ નથી થતા, પાઠ નથી થતા કારણ કે જાતજાતના સુખો ભોગવવાની ઇચ્છા રહે છે. લૌકિક કામ સેવા નથી કરવા દેતા. ઘણા કહે છે કે: અરે, બે વખત સેવા કરવાની? સવારે અને પાછી સાંજે? તો પછી અમે સગાસંબંધીને મળવા ક્યારે જઇએ? માંદાની ખબર કાઢવા ક્યારે જઇએ? કોઇકને ઘેર પ્રસંગ હોય તો કેવી રીતે જઇએ? આ લૌકિક 'કામ' સેવા કરતાં રોકે છે. ક્રોધ પણ સેવા નથી કરવા દેતો. ઘરમાં કંઇ ખટખટ થાય, કોઇ બોલી જાય કે આ બધું શું લઇને બેઠાં છો? તો ક્રોધ

આવે કે જાઓ, નથી કરવી સેવા. આમ ક્રોધ સેવા છોડાવશે. પૈસાનો લોભ સેવા છોડાવશે. કમાવાનું છે, ધંધો કરવાનો છે. સેવા માટે સમય નથી. બહેનોને ઘરકામનો લોભ છે. સેવામાં આટલો બધો સમય કાઢીએ તો પછી ઘરનું કામ ક્યારે કરીએ? આ લોભ સેવા છોડાવે છે. માટે કહ્યું કે આ કામ, ક્રોધ અને લોભ, જે આપણને પજવે છે તેમને બાળી નાખવા માટે શ્રીમહાપ્રભુજી સમર્થ છે. આપ વૈશ્વાનર છે. જે વૈષ્ણવો શ્રી સર્વોત્તમજીનો જપ કરે છે અને 'વૈશ્વાનરાય નમઃ' એ રીતે જેઓ વૈશ્વાનર નામનો જપ કરે છે. એના મનના કામ, ક્રોધ અને લોભ શ્રીમહાપ્રભુજી બાળી નાખશે. જેમને સેવામાં ઘણા નડતર છે તેમના એ નડતર આ નામના જપથી દૂર થાય છે.

આપણે શ્રીમહાપ્રભુજીના ચરિત્રમાં જોયું છે કે પોતે અગ્નિસ્વરૂપ છે, એ વાત વૈષ્ણવોને જણાવવા માટે, એક વૈષ્ણવ દ્વારા લવાયેલી ઔષધિની પડીકી આપશ્રીએ અગ્નિમાં પધરાવી દીધી હતી અને આપની અસ્વસ્થતા દૂર થઇ ગઇ હતી. પ્રાક્ટ્ય અગ્નિકુંડમાં અને આસુરવ્યામોહ લીલા પણ તેજપુંજની વચ્ચે. શ્રીમહાપ્રભુજીનું આ અગ્નિસ્વરૂપ છે. આ સ્વરૂપનું ચિંતન કરવું.

આ નામમાં શ્રીમહાપ્રભુજીનો યશ ધર્મ બતાવ્યો. શ્રી વૈશ્વાનરાય નમઃ.

હવે શ્રીગુંસાઇજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું બાવીસમું નામ બતાવે છે.

વલ્લભાખ્યઃ - શ્રી વલ્લભાખ્યાય નમઃ

બે શબ્દોનો બનેલો આ શબ્દ છે. વલ્લભ + આખ્ય. આખ્ય એટલે નામ. વલ્લભ જેમનું નામ છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું. વલ્લભ એટલે પ્રિય. આખ્યનો એક બીજો અર્થ છે પ્રસિદ્ધ. હંમેશા માણસનું નામ પ્રસિદ્ધ હોય છે. ઘણીવાર માણસ નામથી ઓળખાઇ જાય છે. એટલા માટે તો કોઇને ઘણા વર્ષો પછી મળીએ છીએ તો પહેલો પ્રશ્ન પૂછીએ છીએ: 'કેમ, ઓળખાણ પડી?' પેલો જરાવાર જોયા કરે તો પૂછીશું: 'કહો જોઇએ, મારું નામ શું?' નામથી માણસ ઓળખાય.

શ્રીવલ્લભનું નામ જ એમનો પરિચય છે. વલ્લભ એટલે પ્રિય. એ સર્વને પ્રિય હોવાને કારણે વલ્લભ કહેવાયા. શ્રીવલ્લભ આપણને કેટલા બધા પ્રિય છે? કેટલીવાર આપણે બેઠકજીમાં ઝારી-ચરણસ્પર્શ કરવા માટે દોડીએ છીએ? બહુ વહાલા છે માટે તો સેવા-દર્શન કરતાં ધરવ થતો નથી. 'રૂપ દેખે

નૈના પલક લગે નહિ.' ભૌતિક રીતે બેઠકજીમાં કોઈ સ્વરૂપ બિરાજતું નથી છતાંયે ત્યાંથી નજર હટાવવી ગમતી નથી. કેમ? તો એ પ્રિય છે, વહાલા છે માટે.

આ પ્રિયત્વ કોના કારણે આવે? તો કહે છે અમૃતના કારણે આવે, મીઠાશના કારણે આવે. કડવી જીભ હોય તે કદી પ્રિય ન થાય. મીઠી જીભવાળો પ્રિય થાય. જેના મ્હોં ઉપર કાયમ ક્રોધ હોય તે કદી કોઈને પ્રિય ન થાય. મ્હોં ઉપર મધુરતા હોય એ બીજાને પ્રિય થાય. શ્રીવલ્લભનાં નેત્ર જુઓ. કપોલ જુઓ, અધર જુઓ, દર્શન કરતાં જ એમ થાય કે આપણી સામે કેવા હસી રહ્યા છે! એમના સ્વરૂપનાં દર્શન થઈ જાય ત્યારે એમ થાય કે આપણી સામે જ જોઈ રહ્યા છે. એમની દૃષ્ટિમાં બીજું કોઈ છે જ નહિ; અને વળી કેવી સ્નેહભરી દૃષ્ટિથી આપણને પૂછી રહ્યા છેઃ 'તું આવ્યો? મને એ ગમ્યું.'

આગળના વૈશ્વાનર શબ્દમાં - નામમાં એમનું અલૌકિક અગ્નિસ્વરૂપ બતાવ્યું અને અહીં વલ્લભાખ્યમાં એમનું અલૌકિક અમૃત સ્વરૂપ બતાવ્યું. અગ્નિ અને અમૃત બંને વિરુદ્ધ ધર્માશ્રયી છે. શ્રીવલ્લભમાં આવું વિરુદ્ધ ધર્માશ્રયત્વ છે. આવા વલ્લભ સ્વરૂપે - અમૃત સ્વરૂપે એમણે માધવભટ્ટ કાશ્મીરીને દર્શન આપ્યાં. માધવભટ્ટ આપશ્રીની કથા શ્રવણ કરવા બેઠા છે. શ્રીવલ્લભ એમને પ્રિય સ્વરૂપે દર્શન આપી રહ્યા છે.

શ્રીમહાપ્રભુજીનો આ શ્રી ધર્મ છે.

સહુને પ્રિય એવા શ્રીવલ્લભને આપણે પૂર્ણ પ્રેમે દંડવત કરીએ. **શ્રીવલ્લભાખ્યાય નમઃ**

શ્રીસર્વોત્તમસ્તોત્રના બારમા શ્લોકમાં શ્રીગુસાંઈજી મહારાજે બતાવેલું શ્રીમહાપ્રભુજીનું ત્રેવીસમું નામ છેઃ **સદ્રૂપઃ - સદ્રૂપાય નમઃ** - સદ્ રૂપ એવા શ્રી મહાપ્રભુજીને હું નમન કરું છું.

સદ્ એટલે ભગવાનનો સ્થાવર અંશ. આપણું શરીર સ્થાવર કહેવાય. એમાંનો આત્મા ચૈતન્ય કહેવાય. શ્રીમહાપ્રભુજી આવા સદ્ રૂપે, સન્મનુષ્યાકૃતિ સ્વરૂપે બિરાજમાન છે. ભક્તોને દર્શન આપે છે. આપે પૃથ્વી ઉપર પ્રકટ થવા માટે મનુષ્ય જેવો લૌકિક દેહ ધારણ કર્યો છે; પરંતુ એની અંદર આપનું

અલૌકિક શ્રીઅંગ તો બિરાજે જ છે. અલૌકિક શ્રીઅંગ કારણરૂપ છે અને લૌકિક દેહ કાર્યરૂપ છે. અલૌકિક શ્રીઅંગ નિત્ય છે.

તેથી જ જ્યારે ગંગાસાગર સંગમ ઉપર શ્રીઠાકોરજીએ આપને નિજધામ પધારવા આજ્ઞા કરી ત્યારે આપે માની નહિ. લૌકિક દેહનો ત્યાગ થઈ શકે પણ અલૌકિક દેહનો ત્યાગ ન થઈ શકે, તેથી જ શ્રીઠાકોરજીની આજ્ઞા આપે માની નહિ અને નિજધામ પધાર્યા નહિ; પરંતુ શ્રીઠાકોરજીએ જ્યારે એમને સ્વધામ પધારવા ત્રીજીવાર આજ્ઞા કરી ત્યારે શ્રીમહાપ્રભુજીએ પોતાનું આ જગતનું કાર્ય પૂર્ણ કરી આ લૌકિક દેહનો ત્યાગ કર્યો. અલૌકિક દેહથી પોતે નિજધામ પધારી ગયા.

આ નામ આપનો 'જ્ઞાન' ધર્મ બતાવે છે.

છેલ્લાં ત્રણ નામો **વૈશ્વાનર, વલ્લભાખ્યઃ** અને **સદ્રૂપ** પરસ્પર સંબંધ ધરાવે છે. આ નામો આપનું સચ્ચિદાનંદ સ્વરૂપ બતાવે છે. વૈશ્વાનર નામ ચિત્ત સ્વરૂપ (ચૈતન્ય સ્વરૂપ) વલ્લભાખ્યઃ નામ આનંદસ્વરૂપ અને સદ્રૂપ નામ સદ્-સત્ સ્વરૂપ છે જ. આવા સન્મનુષ્યાકૃતિ સ્વરૂપ, સુંદર રૂપવાળા સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને આપણે પૂર્ણપ્રેમે વંદન કરીએ. **સદ્રુપાય નમઃ.**

શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું ચોવીસમું નામ બતાવે છે. **હિતકૃત્સતામ્** = સત્પુરુષોનું હિત કરનાર. **સતાં હિતકૃતે નમઃ** - સત્પુરુષોનું હિત કરનાર શ્રીવલ્લભને હું નમન કરું છું.

સત્પુરુષ એટલે ભગવાનના શરણે રહેનારો ભક્ત. શ્રીમહાપ્રભુજી આવા ભક્તોનું - ભગવદીયોનું હિત કરનારા છે. ભક્તિમાં આવતા પ્રતિબંધો દૂર કરી, ભક્તને પોતાના ઈષ્ટની પ્રાપ્તિ કરાવી, તેમનું હિત કરે છે.

મથુરામાં, વિશ્રામઘાટ ઉપર યવનોએ એક એવું યંત્ર બાંધ્યું હતું કે તેની નીચેથી જે કોઈ નીકળે તેની ચોટલી ઉખડી જાય અને દાઢી ઊગી જાય. આવા યંત્રના પ્રભાવથી મથુરાના ધર્મપ્રેમી લોકો યમુનાસ્નાન કરવા જઈ શકતા નહિ. તેઓ બહુ દુઃખી હતા, ત્યારે શ્રીવલ્લભ મથુરા પધાર્યા, વિશ્રામઘાટ ઉપર પધારી યમુનાસ્નાન કર્યું. મંત્ર તેમને પોતાનો કોઈ પ્રભાવ બતાવી ન શક્યું. આ ચમત્કાર જોઈ મથુરાવાસીઓને ખૂબ આનંદ થયો. સૌએ આપશ્રીને આ યંત્ર દૂર કરી, વિશ્રામઘાટ ઉપર યમુનાસ્નાન કરી શકાય તેવો

પ્રબંધ કરવા વિનંતી કરી. આપશ્રીએ આવું જ એક યંત્ર બનાવી મુસલમાન સુલતાનની રાજધાનીના દ્વાર ઉપર લગાડ્યું. જે કોઈ મુસલમાન તેની નીચેથી પસાર થાય તેની દાઢી કપાઈ જાય અને ચોટલી થઈ માથા ઉપર ચોંટી જાય. આ પ્રભાવશાળી યંત્ર જોઈ સુલતાને મથુરાનું પોતાનું યંત્ર દૂર કરાવ્યું.

આમ આપશ્રી ભક્તોનું હિત કરનારા છે. જગન્નાથજી પાસે રહેતા પીપરી ગામના માધવદાસની આસક્તિ એક પીરમાં હતી. માધવદાસ સત્પુરુષ - ભક્ત હોવાથી, શ્રીવલ્લભ તેમનું હિત કરવા તેમને ઘેર પધાર્યા અને ભૂતના રૂપમાં આવી બધું ખાઈ જતા પીરને ભસ્મ કરી, માધવદાસને શરણે લીધા.

આપશ્રી પોતે પોતાના સેવકોનું હિત કરે છે એટલું જ નહિ પણ પોતાના સેવકોને અલૌકિક સામર્થ્યનું દાન કરી, તેમના દ્વારા અન્યનું હિત કરાવે છે. ગદાધરદાસે માધવદાસને ભક્તિ આપી, પ્રભુદાસ જલોટાએ અહિરાણીને મુક્તિ આપી, બુલા મિશ્રે લાહોરના શ્રીમંત ક્ષત્રિયની સ્ત્રીને પુત્રનું દાન કર્યું વગેરે ચરિત્રો આ વાત સમજાવે છે.

આ નામ વૈરાગ્ય ધર્મ સૂચક છે.

સત્પુરુષોનું - ભક્તોનું હિત કરવાવાળા શ્રીમહાપ્રભુજીને આપણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ. **સતાં હિતકૃતે નમઃ.**

શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું પચીસમું નામ બતાવે છેઃ **'જનશિક્ષાકૃતેકૃષ્ણભક્તિકૃત્'**. જીવોને શીખવવા માટે પોતે કૃષ્ણભક્તિ કરે છે. **જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃતે નમઃ**, સ્વયં શ્રીકૃષ્ણની ભક્તિ કરી જીવોને કૃષ્ણભક્તિ શીખવવાવાળા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

નિજસેવકોને કૃષ્ણભક્તિની રીત શીખવવા માટે શ્રી મહાપ્રભુજી પોતે કૃષ્ણભક્તિ કરે છે. ગુરુનું આ જ મુખ્ય લક્ષણ છે કે પોતાના આચરણથી પોતાના શિષ્યોને આચરણ કરતા કરે. આ નામમાં આપશ્રીની આચાર્યતાનાં દિવ્ય દર્શન થાય છે; કારણકે જે સ્વયં આચરણ કર્યા પછી પોતાના સેવકોને તે પ્રમાણે આચરવાનો ઉપદેશ આપે છે, તે જ મુખ્ય આચાર્ય હોય છે. આ વાતને સાતમા વલ્લભાખ્યાનની શરૂઆતમાં શ્રી ગોપાલદાસજીએ સુંદર રીતે વર્ણવી છે.

આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિપક્ષ વૈભવ સુદૃઢ કીધો.

શ્રીવલ્લભ સ્વયં કૃષ્ણસ્વરૂપ હોવા છતાં, ભક્તજનોના કલ્યાણ માટે પોતે શ્રીકૃષ્ણની સેવા કરી રહ્યા છે. ભક્તોને સેવામાર્ગની રીત, પ્રેમલક્ષણા ભક્તિમાર્ગની રીત બતાવવા સેવા કરી રહ્યા છે; કારણકે શાસ્ત્રોમાં જે રીત બતાવી છે, તે તો પૂજામાર્ગની રીત છે. પુષ્ટિમાર્ગમાં તો સેવ્યપ્રભુ શ્રીકૃષ્ણની સેવા, સ્નેહમયી સેવા થાય છે. તેની રીત આપશ્રી પોતે સેવા કરીને બતાવે છે.

વ્રજભક્તોની પ્રેમલક્ષણા ભક્તિ નિજસેવકોને, પુષ્ટિભક્તોને સરળતાથી પ્રાપ્ત થાય તે માટે આપશ્રી રાગ, ભોગ, શૃંગારયુક્ત ભક્તિમાર્ગીય સાધનો બતાવી, સેવાનો ક્રમ અને રીત બતાવી, નિજજનોને સેવા કરતાં શીખવે છે.

દામોદરદાસ સંભરવાલાની વાર્તામાં આપણને આ બાબત જોવા મળે છે. કનોજમાં દામોદરદાસ સંભરવાળાને ઘેર આપે સ્વયં બિરાજી, શ્રી દ્વારકાધીશપ્રભુની રાજવૈભવ-યુક્ત સેવાની રીત તેમને શીખવાડી હતી. રાગ-ભોગ-શૃંગારની રીત સમજાવી, સંપ્રદાયમાં સર્વ પ્રથમ અહીંથી પ્રભુની રાજવૈભવ યુક્ત સેવાની શરૂઆત કરી હતી.

આ નામ ધર્મીસ્વરૂપ છે.

જનશિક્ષાકૃતેકૃષ્ણભક્તિકૃતે નમઃ - સ્વયં શ્રીકૃષ્ણની ભક્તિ કરી નિજસેવકોને કૃષ્ણભક્તિ શીખવનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીસર્વોત્તમ સ્તોત્રના બારમા શ્લોકમાં શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું છવ્વીસમું નામ બતાવે છે. **નિખિલેષ્ટદઃ** = નિખિલ + ઈષ્ટ + દઃ = ઈચ્છેલું સર્વ આપનાર. **નિખિલેષ્ટદાય નમઃ** = ઈચ્છેલું સર્વ આપનાર એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી સર્વ કાંઈ ઈષ્ટ (ઇચ્છેલું) છે તે આપનારા છે. તેઓ પોતાના સેવકોના બધા અલૌકિક મનોરથો પૂર્ણ કરે છે. સર્વના ઈષ્ટ શ્રીઠાકોરજી છે, તેથી શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીનું દાન કરે છે. જે સેવકને શરણે લે છે તેને સેવા દ્વારા ભગવદ્ સંબંધી નાનામાં નાની પ્રાપ્તિથી માંડી નિત્યલીલા પ્રાપ્તિ સુધીનું નિખિલ ઈષ્ટ પ્રદાન કરે છે. આપે શ્રીગોવર્ધનધર પ્રભુની ભાવમયી સેવા દ્વારા પોતાના સેવકોને સ્વમાર્ગીય સેવાની રીત

બતાવી, પુષ્ટિમાર્ગમાં સેવા જ મુખ્ય છે એ વાત સમજાવી, દુરારાધ્ય એવા શ્રીહરિને પ્રસન્ન કરવા માટે તેમની પ્રેમથી સેવા કરવી એ જ મુખ્ય સાધન છે તે બતાવ્યું અને આમ પોતાના સેવકોને પ્રભુની પ્રાપ્તિ અને તેમના સાનુભવ દ્વારા અનીર્વચનીય સુખની પ્રાપ્તિની રીત બતાવી. પોતે સ્વયં પોતાનું મુખ્ય સ્વરૂપ છુપાવી એક સેવકની જેમ શ્રીગોવર્ધનધર પ્રભુની સ્નેહપૂર્વક સેવા કરી, સેવામાર્ગનો પ્રચાર અને પ્રસાર કર્યો, જેથી સેવકોને સેવામાં દૃઢ વિશ્વાસ બેસે અને પ્રભુની સેવા દ્વારા પોતાના ઈચ્છિત શ્રીપ્રભુની પ્રાપ્તિ કરે.

દામોદરદાસ સંભરવાલાના દેહત્યાગ પછી તેમનાં પત્નીએ, એક નાવમાં શ્રીદ્વારકાધીશ પ્રભુ અને ઘરની સર્વ સંપત્તિ ભરીને એક દાસી સાથે શ્રીમહાપ્રભુજીને ત્યાં મોકલી ત્યારે શ્રીમહાપ્રભુજીએ દ્વારકાધીશ પ્રભુને પોતાને ત્યાં પધરાવી લીધા અને સર્વ સંપત્તિ - દાસી સાથે શ્રીયમુનાજીમાં પધરાવી દીધી. આમ શ્રીઠાકોરજીની કૃપાપાત્ર એ દાસીને આપે સદેહે લીલાપ્રાપ્તિ કરાવી.

આ નામ ઐશ્વર્ય ધર્મ સૂચક છે.

આવા નિખિલ ઈષ્ટ આપવાનું સામર્થ્ય ધરાવનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું. **નિખિલેષ્ટદાય નમઃ**

હવે શ્રીગુસાંઈજી મહારાજની કૃપાથી શ્રીસર્વોત્તમ સ્તોત્રના તેરમા શ્લોકનું ચિંતન કરીશું.

■

શ્રીવલ્લભ પુરુષોત્તમ રૂપ ॥
સુન્દર નયન વિશાલ કમલરંગ મુખ મૃદુ બોલત વચન અનૂપ ॥૧॥
કોટિ મદનવારોં અંગ અંગ પર ભુજ મૃણાલ અતિ સરસ સ્વરૂપ ॥
દૈવી જીવ ઉદ્ધારન પ્રકટે દાસ શરણ લક્ષ્મણ કુલ ભૂપ ॥૨॥

પ્રકરણ - ૧૫ : શ્લોક - ૧૩

સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।
સ્વાનંદતૂંદિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥૧૩॥

આ શ્લોકમાં શ્રીગુસાંઈજી મહારાજે શ્રીમહાપ્રભુજીના ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ મા નામોનું નિરૂપણ કર્યું છે. ૨૭મું નામ કહે છે : **સર્વલક્ષણસંપન્નઃ - સર્વલક્ષણસંપન્નાય નમઃ** - જેમનામાં સર્વ લક્ષણો રહેલાં છે, એટલે કે જેઓ સર્વ લક્ષણથી સંપન્ન છે તેવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીગોકુલનાથજીએ ટીકામાં બતાવ્યું છે કે સર્વ લક્ષણો એટલે ક્યાં લક્ષણો? માણસમાં જેવાં લક્ષણો - ગુણો હોય છે એવાં લક્ષણો? જેમકે ઉદારતા, સાત્વિકતા, સંયમ વગેરે? તો કહે છે : ના, શ્રીમહાપ્રભુજી તો સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ છે. માનવનાં લક્ષણો તો એમનામાં હોય જ. એ કંઈ નવાઈની વાત નથી કે એ કંઈ વાત કરવાનું કારણ નથી.

અહીં તો શ્રીમહાપ્રભુજીનાં ત્રણ લક્ષણો બતાવેલાં છે. ૧. હરિત્વ ૨. ગુરુત્વ અને ૩. ભક્તત્વ.

હરિત્વ-હરિપણું-ભગવદ્પણું એ પહેલું લક્ષણ. પોતે ભગવદ્ સ્વરૂપ છે. એના કારણે આપનામાં હરિત્વ છે. તેથી તો આપણે શ્રીમહાપ્રભુજીની સેવા કરીએ છીએ. બીજું લક્ષણ ગુરુત્વ. શ્રીમહાપ્રભુજી ગુરુ પણ છે. સર્વશ્રેષ્ઠ ગુરુ છે. એવા ગુરુ છે કે જેમણે પોતાના સેવકોનો અપરાધ ન થાય એની કાળજી રાખી છે. જો આપણે ષોડશગ્રંથો જોઈશું તો ખ્યાલ આવશે કે આપે ભાગ્યે જ એકાદ બે સ્થળે સીધી આજ્ઞા કરી છે કે 'આમ કરો.' બાકી સર્વ ગ્રંથોમાં શ્રીમહાપ્રભુજીએ સલાહ આપી છે કે આમ કરવું જોઈએ. ઉપદેશ આપ્યો છે - આજ્ઞા કરી નથી. એનું કારણ એ છે કે શાસ્ત્રોએ કહ્યું છે કે સેવક થઈને જીવ ગુરુની આજ્ઞાનું પાલન ન કરે તો એને મોટો દોષ લાગે છે. એ ગુરુ પાસેથી કોઈ પરમ ફળ મેળવી શકતો નથી. ગુરુને પ્રસન્ન કરવાનો એક

જ ઉપાય છે : ગુરુની આજ્ઞાનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું. શ્રીમહાપ્રભુજી અંતર્યામી છે, ત્રિકાળજ્ઞાની છે, આપ જાણે છે કે જે જીવો ભવિષ્યમાં શરણે આવશે તેમાં પુષ્ટિ પુષ્ટિ જીવો ઓછા હશે. મોટા ભાગે પુષ્ટિ પ્રવાહી જીવો હશે કે પુષ્ટિમર્યાદા જીવો હશે.

શ્રીમહાપ્રભુજીએ 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રંથમાં પુષ્ટિપ્રવાહી જીવોનું એક લક્ષણ આપ્યું છે કે તેઓ 'ક્રિયારત'- કેવળ ક્રિયા કરી જાણવાવાળા હોય છે. સેવાની ક્રિયા, સત્સંગની ક્રિયા, જપપાઠ કરવાની ક્રિયા - બધું ક્રિયા કરવા ખાતર કરે છે. ભાવથી નથી કરતા. સમજથી નથી કરતા. દેખાદેખી કરે છે. પુષ્ટિમર્યાદા જીવો આ બધી ક્રિયાઓ સમજપૂર્વક કરે છે અને પુષ્ટિ પુષ્ટિ જીવો ભાવપૂર્વક આ બધું કરે છે. આજે આપણે જોઈએ છીએ કે સેવાની ક્રિયા જ મોટે ભાગે થાય છે. પૂરી સમજ પણ નથી, ભાવની વાત તો બહુ દૂરની છે. હજી તો આપણામાં દાસભાવ નથી આવ્યો અને આપણે રસભાવની વાતો કરતાં થઈ ગયાં છીએ. દાસભાવ જ દુર્લભ છે ત્યાં રસભાવ તો ક્યાંથી પ્રાપ્ત થાય? આપણે તો માત્ર ક્રિયા - કર્મ કરી લઈએ છીએ અને તે પણ પોતાના સુખની બુદ્ધિથી - જો શ્રીઠાકોરજીના સુખની બુદ્ધિથી ક્રિયા કે કર્મ થતું હોય તો વળી એ ક્રિયા ફળ પણ આપે - કહેવાનું તાત્પર્ય એ છે કે સેવા સમજપૂર્વક થાય તો સેવામાં પ્રીતિ થાય અને શ્રીઠાકોરજી એ સેવા અંગીકાર કરે.

જોકે જે જીવો ક્રિયાતત્પર છે તેમનો પણ શ્રીમહાપ્રભુજી કૃપા કરીને, એમનામાં પરિવર્તન કરીને, એમને ભાવ આપીને ઉદ્ધાર તો કરે છે. એ એવા ગુરુ છે.

સાથે સાથે એમનામાં ત્રીજું લક્ષણ છે ભક્તત્વ-દાસત્વ. આપ કહે છે કે 'શ્રીકૃષ્ણદાસસ્ય હિતં વચઃ' - આ વચનો કૃષ્ણના દાસ એવા વલ્લભનાં છે. આપણને દાસત્વ શીખવવા માટે આપશ્રી સેવા વગેરે કરે છે. પોતાના જે જીવો સેવાતત્પર બન્યા હોવાને કારણે વર્ણ અને આશ્રમના ધર્મોનું પાલન નથી કરી શકતા એવા જીવોને, એનો દોષ ન લાગે માટે, શ્રીમહાપ્રભુજી એ સૌના વતી એમના વર્ણ અને આશ્રમના ધર્મોનું પાલન પણ પોતે કરે છે.

આમ ભક્તસ્વરૂપ, ગુરુસ્વરૂપ અને ઈશ્વરસ્વરૂપ - આ ત્રણે સ્વરૂપે શ્રીમહાપ્રભુજી આપણને અનુભવ કરાવે છે. મંદિરમાં શ્રીમહાપ્રભુજી પલંગડી પર પાદુકાજી સ્વરૂપે બિરાજે એ એમનું ભક્તસ્વરૂપ છે. શ્રીબેઠકજીમાં બિરાજે એ એમનું ગુરુસ્વરૂપ છે, અને શ્રીઠાકોરજીના મુખારવિંદ સ્વરૂપે બિરાજે એ એમનું હરિત્વ- ભગવદ્ સ્વરૂપ છે.

એ ઉપરાંત સાહિત્ય, સંગીત અને કલાઓમાં આપ નિપુણ છે અને તેનો ઉપયોગ આપે સેવામાં કર્યો છે.

આ નામ વીર્ય ધર્મ સૂચક છે.

સર્વ લક્ષણસંપન્નાય નમઃ - સર્વ લક્ષણથી સંપન્ન એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

હવે અઠ્યાવીસમું નામ કહે છેઃ **શ્રીકૃષ્ણજ્ઞાનદઃ - શ્રીકૃષ્ણજ્ઞાનદાય નમઃ** - શ્રી એટલે શ્રીસ્વામિનીજી, કૃષ્ણ એટલે શ્રીઠાકોરજી, દ એટલે આપનારા. જેઓ પોતાના સેવકોને યુગલ સ્વરૂપનું જ્ઞાન આપનારા છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

યુગલ સ્વરૂપ રસાત્મક છે. લીલારસયુક્ત છે. લીલાપરિકર સહિત બિરાજમાન છે. આપની સર્વલીલાઓ નિત્ય છે. તેથી જ આપણે ત્યાં સેવામાં વર્ષોત્સવનો પ્રકાર છે. દર વર્ષે શ્રાવણ વદ આઠમે ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય થાય, નંદમહોત્સવ થાય, કારતક સુદ એકમે અન્નકૂટ થાય. ગોપાષ્ટમીએ ગોચારણ માટે પધારે. ઘણા તર્ક કરે છે કે આ લીલાઓ તો એકવાર થઈ ગઈ. હવે હંમેશા શું? એવું નથી કે આ લીલાઓ પાંચ હજાર વર્ષ પહેલાં થઇ ગઇ કે પાંચસો વર્ષ પહેલાં થઇ ગઇ અને આજે નથી. આ લીલા તો નિત્ય છે અને હંમેશા થયા કરે છે. શ્રીઠાકોરજી જે તે ઉત્સવના દિવસે જે તે લીલા અવશ્ય કરે છે. આ જ્ઞાન આપણને નહોતું પણ શ્રીમહાપ્રભુજીને હતું, કારણકે આપ એ લીલાના સાક્ષી છે. આથી આપશ્રીએ જીવો ઉપર કૃપા કરીને શ્રીઠાકોરજીના અને શ્રીસ્વામિનીજીના સ્વરૂપનું અને એ યુગલ સ્વરૂપની લીલાઓનું રસાત્મક, અલૌકિક જ્ઞાન આપણને કરાવ્યું. આપશ્રીએ અને આપશ્રીના આત્મજ એવા પૂ. ગો. બાળકોએ એ ભગવદ્સ્વરૂપનું નિરૂપણ કરતા ગ્રંથો આપ્યા, વિવિધ ભાવભાવનાના ગ્રંથો આપ્યા. મધુરાષ્ટકમાં શ્રીઠાકોરજીના રૂપ, ગુણ, લીલાઓની મધુરતા બતાવી. નંદરકુમારાષ્ટકમાં પણ શ્રીઠાકોરજીના સ્વરૂપ અને લીલાઓનું સુંદર નિરૂપણ કર્યું.

શ્રીગુસાંઇજીના એક સેવક થઇ ગયા. એક દિવસ એમણે શ્રીગુસાંઇજીના શ્રીમુખથી થતી કથામાં સાંભળ્યું કે શ્રીઠાકોરજીની લીલા નિત્ય છે. આજે પણ એ બધી જ લીલા શ્રીઠાકોરજી કરે છે. આ સાંભળીને એ વૈષ્ણવ સાંજે ગાયો પાછી આવવાના સમયે, ગોચારણ કરીને પાછા પધારતા શ્રીઠાકોરજીનાં દર્શન થાય તે માટે, બહાર જઇને બેઠા; પણ તેમને કોઇ અનુભવ ન થયો.

શ્રીગુસાંઇજી પાસે આવીને વિનંતી કરી: 'મહારાજ, શ્રીઠાકોરજીની લીલા નિત્ય છે એવું આપે કથામાં કહેલું પણ મને તો આવો કોઇ અનુભવ ન થયો.' ત્યારે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી: 'જા, હવે થશે.' સાંજે ફરી એ વૈષ્ણવ ગયા. સાંજે ગાયો ચરીને પાછી આવતી હતી ત્યારે એમને એવાં દર્શન થયાં કે શ્રીઠાકોરજી વેણુ વગાડતા વગાડતા, સુબલના ખભા ઉપર પોતાનું મસ્તક સહેજ નમાવી, એના ગળે પોતાનો હસ્ત રાખી, પધારી રહ્યા છે. આ દર્શન થતાં જ એનો જીવ લીલામાં પ્રાપ્ત થઇ ગયો.

આજે પણ આ રીતે શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીની લીલાના અનુભવો અનેક વૈષ્ણવોને કૃપા કરીને કરાવી રહ્યા છે. આ અનુભવ કોને કરાવે એનો કોઇ નિયમ નથી. ક્યારેક અપાત્રને પણ કરાવી દે. જેને અનુભવ થાય તેને એ અનુભવ હૃદયમાં ધારણ કરવાની શક્તિ નહિ હોય તો ખેલ બગડી જશે. પ્રકટ કરે રસ જાય. અનુભવો બીજાને કહેતા ફરવાથી એ દુર્બળ બનતા જશે. શ્રીઠાકોરજી અનમના થશે. શ્રીઠાકોરજી આપણા અલૌકિક પતિ છે. એમના અનુભવો વર્ણન કરવા માટે કે બીજા કોઇને કહેવા માટે નથી. એ અનુભવો ગોપવી દેતાં શીખવું પડશે.

શ્રીમહાપ્રભુજીને, અડેલથી વ્રજમાં પધારતા હતા ત્યારે, શ્રીયમુનાજીને કિનારે, ગોઘાટ ઉપર - આજેય આ સ્થાન આગ્રાથી થોડે દૂર રૂનકતા નામે પ્રસિદ્ધ છે - સૂરદાસજી મળ્યા. શરણે આવ્યા. આપે શ્રીપ્રભુનાં યશોગાન ગાવાની આજ્ઞા કરી. 'કછુ ભગવદ્‌યશ ગાઓ.' ત્યારે સૂરદાસજી કહે છે મને તો કાંઇ અનુભવ નથી. હું શું ગાઉં? આપશ્રીએ સૂરદાસજીને ભગવદ્ લીલાનો અનુભવ કરાવવા માટે શ્રીમદ્ ભાગવતની દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી. તરત જ શ્રીમહાપ્રભુજીની કૃપાથી સૂરદાસજીને

શ્રીઠાકોરજીની લીલાઓનું જ્ઞાન થયું. હૃદયમાં અનુભવ થયો. તેમણે 'વ્રજ ભયો મહરકે પૂત'એ નંદમહોત્સવની લીલાનું લાંબુ પદ ગાયું. આપણે જ્ઞાનનો અર્થ કરીએ છીએ 'માહિતી'; પણ માહિતી એટલે જ્ઞાન નહિ. જ્ઞાન બે પ્રકારનું. પોથીમાંથી મળેલું અને અનુભવમાંથી આવેલું. પોથીમાંથી મળેલું જ્ઞાન કાયમ ન રહે. અનુભવમાંથી મળે તે ઉત્તમ જ્ઞાન. એ કાયમ રહે. શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને શ્રીઠાકોરજી અને એમની લીલાઓનો અનુભવ કરાવે છે. અનુભવથી જ્ઞાન આપે છે. શ્રીકૃષ્ણ જ્ઞાનદાય નમઃ.

આ નામ આપનો યશ ધર્મ બતાવે છે.

હવે ઓગણત્રીસમું નામ કહે છે: ગુરુઃ - ગુરવે નમઃ - ગુરુ એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

ગુરુના ત્રણ પ્રકારો - આધિભૌતિક એટલે લૌકિક ગુરુ, લૌકિક ગુરુ વિદ્યાનું દાન કરે. આધ્યાત્મિક ગુરુ શિષ્યની યોગ્યતા પ્રમાણે ધર્મનું જ્ઞાન આપે અને આધિદૈવિક ગુરુ સાક્ષાત્ શ્રીઠાકોરજીનું જ્ઞાન કરાવી શ્રીઠાકોરજી મેળવી આપે.

શ્રીમહાપ્રભુજી કેવળ ગુરુ નથી પણ આધિદૈવિક ગુરુ છે તેમજ જગદ્‌ગુરુ છે. જગદ્‌ગુરુ એમને કહેવાય કે જેમના સિદ્ધાંતો કોઇ અમુક જ દેશ કે અમુક જ કાળ પૂરતા સિમિત ન હોય. સમગ્ર વિશ્વને લાગુ પડે, વર્તમાન - ભૂત અને ભવિષ્ય સર્વ સમયમાં લાગુ પડે, જેમાં કદી પરિવર્તન ન કરવું પડે, એવા સિદ્ધાંતોનો ઉપદેશ જે આપે તે જગદ્‌ગુરુ કહેવાય. માટે જ શ્રીકૃષ્ણને જગદ્‌ગુરુ કહ્યા. કૃષ્ણં વંદે જગદ્‌ગુરું. શ્રીમહાપ્રભુજી પણ આવા જગદ્‌ગુરુ છે.

કેટલીકવાર આપણને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું કે કલાઓનું જ્ઞાન કોઇક વિદ્વાન કે ભગવદીય દ્વારા મળે ત્યારે આપણે એમને ગુરુ ગણી અન્યાશ્રય કરી બેસીએ છીએ. જ્ઞાન શ્રીવલ્લભની કૃપાથી, ભગવદ્‌કૃપાથી મળે છે, છતાં શ્રીવલ્લભનો આશ્રય છોડી એ જ્ઞાન આપનારને ગુરુ ગણીએ છીએ. એ ભૂલ છે. એ ભગવદીય કે વિદ્વાન તો નિમિત્ત છે, જ્ઞાન આપવા માટેનું સાધન છે, માધ્યમ છે. એમના હૃદયમાં બિરાજીને શ્રીમહાપ્રભુજી એ જ્ઞાન આપે છે એવો ભાવ રાખવો જોઇએ. શ્રીવલ્લભ મારા ગુરુ છે અને એ આ બધું જ્ઞાન આપે છે. આપણા સૌના ગુરુ તો એક જ શ્રીમહાપ્રભુજી છે.

કેટલાક એવું માને છે કે જે કોઇ સાધુસંતો, અન્ય સંપ્રદાયના ગુરુઓ વગેરે જે મળે તેમને પગે લાગવું. સર્વ સંતોમાં ગુરુ જોવા. પણ એવું નથી. આપણે સર્વને આદર આપવો. હાથ જોડવાનો વિવેક ન ચૂકવો પણ એમને ગુરુ તો ન કહેવાય. મહાપુરુષ છે માટે વંદન કરીએ પણ ગુરુ તરીકે તો આપણું મસ્તક શ્રીમહાપ્રભુજી સિવાય કોઇના ચરણમાં ન ઝૂકે. શ્રીવલ્લભ અને આજે જે સ્વરૂપોએ શ્રીવલ્લભ સાક્ષાત્ બિરાજે છે, એ શ્રીવલ્લભકુળ સિવાય બીજા કોઇને ગુરુ માનીને એમના ચરણસ્પર્શ કે દંડવત્ ન થાય. કોઇ વૈષ્ણવ ગમે તેવો મહાન કેમ નથી પણ વૈષ્ણવનો વૈષ્ણવ સાથેનો વ્યવહાર તો એક જ છે : પરસ્પર હાથ જોડીને ભગવદ્સ્મરણ કરવાનો. દંડવત્ તો થાય શ્રીઠાકોરજીને અને શ્રીવલ્લભકુલને. આ આપણા વૈષ્ણવોનો વિવેક છે.

વળી એક બીજી વાત પણ યાદ રાખવા જેવી છે. શ્રીઠાકોરજી બિરાજ્યા હોય ત્યારે શ્રીઠાકોરજીની સન્મુખમાં શ્રીવલ્લભકુળને પણ હાથ જોડાય નહિ કે દંડવત્ થાય નહિ. સુપ્રીમ શ્રીઠાકોરજી છે. એ જ રીતે શ્રીવલ્લભકુળની સન્મુખમાં કોઇ વૈષ્ણવને હાથ ન જોડાય કે જયશ્રીકૃષ્ણ ન કહેવાય. પુષ્ટિમાર્ગની આ રીત છે. મંદિરમાં શ્રીઠાકોરજીની સન્મુખ વૈષ્ણવો એકબીજાને હાથ જોડીને જયશ્રીકૃષ્ણ કહેતા હોય છે તે ભૂલ છે. શ્રીઠાકોરજીની સન્મુખ શ્રીઠાકોરજી સિવાય કોઇને હાથ જોડાય નહિ. કેટલીકવાર વૈષ્ણવો શ્રીવલ્લભકુળના બાળકો પાસે જાય છે ત્યારે બે હાથ જોડીને કહે છેઃ 'જે જે, જયશ્રીકૃષ્ણ.' આ રીતે વૈષ્ણવોથી શ્રીવલ્લભકુળને જયશ્રીકૃષ્ણ ન કહેવાય કારણકે જયશ્રીકૃષ્ણ કહેવા એ તો બે સમાન વ્યક્તિઓ વચ્ચેનો વ્યવહાર છે. શ્રીવલ્લભકુળ ગુરુના સ્થાને છે. તેમને તો દંડવત્ કરાય.

આમ જેમને આપણે ગુરુ તરીકે સ્વીકારીએ તેમના સિવાય પછી બીજા કોઇને ગુરુ ન મનાય. અહીં એક નાજુક બાબત તરફ પણ મારે આપનું ધ્યાન દોરવું જોઇએ. શ્રીપુરુષોત્તમજીએ ખુલાસો કર્યો છે કે આપણા સૌના ગુરુ કેવળ શ્રીમહાપ્રભુજી છે. અમે એમના વંશજો ગુરુ નથી પણ ગુરુદ્વાર છીએ. શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે અમે જ્યારે કોઇ જીવને બ્રહ્મસંબંધ આપીએ છીએ ત્યારે એ અમે નથી આપતા. અમે તો માધ્યમ છીએ. અમારા હૃદયમાં બિરાજીને શ્રી મહાપ્રભુજી જ એ વૈષ્ણવને બ્રહ્મસંબંધ કરાવે છે. એટલે જેટલા જીવોને શ્રીવલ્લભકુલ દ્વારા બ્રહ્મસંબંધ થાય છે એ બધા બ્રહ્મસંબંધ શ્રીમહાપ્રભુજી દ્વારા જ થયેલાં છે, શ્રીમહાપ્રભુજીએ જ કરાવેલાં છે એવું સમજવું જોઇએ.

શ્રીમહાપ્રભુજીનું એક નામ છે : સ્વવંશેસ્થાપિતાશેષ-સ્વ-માહાત્મ્યઃ - શ્રીમહાપ્રભુજીએ પોતાના વંશમાં પોતાનું બધું માહાત્મ્ય સ્થાપન કર્યું છે. એટલે કે શ્રીવલ્લભવંશ એ પણ શ્રીવલ્લભનું સાક્ષાત્ - પ્રગટ સ્વરૂપ છે. આથી સર્વ વૈષ્ણવોના ગુરુ તો શ્રીમહાપ્રભુજી છે.

વિદ્યાનગરમાં કૃષ્ણદેવરાયની સભામાં શ્રીમહાપ્રભુજીનો શાસ્ત્રાર્થમાં વિજય થયો. કૃષ્ણદેવરાયે સંકલ્પ કર્યા પ્રમાણે ભારતની બધી નદીઓનાં તીર્થજળમાં ૧૦૦ મણ સોનાનાં પુષ્પો પધરાવી એનાથી શ્રીવલ્લભનો કનકાભિષેક કર્યો. કનકાભિષેક એ એ જમાનામાં કોઇપણ આચાર્યને કે વિદ્વાનને અપાતું સર્વોચ્ચ માન હતું. કનકાભિષેક ત્યારે જ થઇ શકતો જ્યારે ઉપસ્થિત બધા વિદ્વાનો સંમતિ આપે. શ્રીમહાપ્રભુજીનો કનકાભિષેક થયો. સર્વ વિદ્વાનોએ એમને વિજયતિલક કર્યું અને સન્માનપત્ર પ્રદાન કર્યું. એ સન્માનપત્રનો જયઘોષ આપણે ત્યાં પુષ્ટિધ્વજની વંદના થાય ત્યારે કરાવવામાં આવે છે. આપણે પણ એ રીતે શ્રીવલ્લભનો જયઘોષ કરીએ.

''શ્રીવેદવ્યાસ વિષ્ણુસ્વામીસંપ્રદાયસમુધ્ધારસમ્મૃત શ્રીપુરુષોત્તમવદનાનલાવતાર સર્વામ્નાયસંચાર વૈષ્ણવામ્નાય પ્રાચર્યુપ્રકાર શ્રીબિલ્વમંગલાચાર્ય સામ્પ્રદાયિકાર્પિત સામ્રાજ્યાસનાખંડભૂમંડલાચાર્યવર્ય જગદ્ગુરુ મહાપ્રભુઃ શ્રીમદાચાર્યઃ''.

સંસ્કૃતમાં અપાયેલું આ સન્માનપત્ર છે. ગુરુના ચરણારવિંદમાં આપણે બીજું તો શું કરીએ? આપણે શ્રીમહાપ્રભુજીનો જયઘોષ કરીને દંડવત્ કરીએ. વિનંતી કરીએ કે હે કૃપાનિધાન, આપ કૃપા કરીને અમારા ગુરુ બન્યા છો, અમને નિજ ચરણારવિંદના સેવક બનાવ્યા છે તો હે પ્રભુ, આપ અમને આપની આજ્ઞાઓનું પાલન કરવા માટેની રતિ, મતિ, ગતિ અને શક્તિનું દાન કરજો. આપ એવી કૃપા કરજો કે જેથી અમે આપની આજ્ઞાઓનું પાલન કરી શકીએ અને આપે બતાવેલા પુષ્ટિમાર્ગ ઉપર ચાલી શકીએ. શ્રી ગુરવે નમઃ.

આ નામ આપનો શ્રી ધર્મ બતાવે છે.

હવે ત્રીસમું નામ કહે છે. **સ્વાનંદતુંદિલઃ - સ્વાનંદતુંદિલાય નમઃ** સ્વાનંદ અને તુંદિલ એમ બે શબ્દોનું બનેલું આ નામ છે. સ્વાનંદ એટલે પોતાનો આનંદ અને તુંદિલ એટલે એનાથી પરિતુષ્ટ - સંતુષ્ટ. જેને પછી કોઇ બહારના આનંદની અપેક્ષા કે ઇચ્છા રહેતી નથી. પોતાના જ આનંદથી પરિતુષ્ટ એવા શ્રીમહાપ્રભુજીને હું વંદન કરું છું.

શ્રીમહાપ્રભુજી પોતાના જ આનંદથી પરિતુષ્ટ છે. શાસ્ત્રોમાં જેમને આપ્તકામ કહેવામાં આવ્યા. આપ્તકામ એટલે કે જેમને કોઇપણ કામના રહી નથી એવા. શ્રીમહાપ્રભુજીને કશાની કામના નથી. આપણે એમને ત્યાં ઝારી ભરવા જઇએ કે ન જઇએ, એમને કોઇ ફરક પડતો નથી. આપણે જળ આરોગાવીએ તો જ એ આરોગે એવું થોડું છે? એમને તરસ લાગે? એમને ભૂખ લાગે? આવા પ્રાકૃત ધર્મોનો તો એ આશ્રય કરતા નથી. એમને તો બધું જ છે. કશાની જરૂર નથી. જરૂર આપણને છે. આપણા ગુરુ છે માટે આપણી કંઇક ટહેલ અંગીકાર કરે, આપણો રંચક ભાવ અંગીકાર કરે. મીસરીની કટોરી ધરીએ, ઝારીજી ભરીએ, ધોતી ઉપરણા ધરીએ. કેસરસ્નાન કરાવીએ, અત્તર સમર્પીએ કે પંખો કરીએ અથવા પલને ઝુલાવીએ, શ્રીમહાપ્રભુજી આપણી વિનંતી સ્વીકારી, એ બધું અંગીકાર કરવાની કૃપા કરે છે. કેમ? જેથી આપણો ભાવ વધે. દીનતા આવે. 'શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી મીસરીની કટોરી અને જળની ઝારી અંગીકાર કરી - કેટલા દયાળુ છે' આવો ભાવ આવે. 'અરે, મારાથી અપરસમાં ન્હવાયું નથી, બેસીને અષ્ટાક્ષરની એક માળા કરી તો યે આપે એ અંગીકાર કરી.' મનમાં આવો નિ:સાધનતાનો ભાવ બન્યો રહેવો જોઇએ. નહિ કે આજે 'અમારો મનોરથ છે.' 'અમારાં પલનાં છે.' 'અમારો આખો દિવસનો મનોરથ છે.' 'અમે મનોરથી છીએ.' જ્યારે હું કે અમે શબ્દો આવે છે ત્યાં શ્રીમહાપ્રભુજી નારાજ થઇ જાય છે. હું નો આકાર કેવો છે. જાણો છો? 'હું' લખાય ત્યારે એવું લાગે છે કે જાણે ગુંચળું વળીને સાપ બેઠો છે અને ઉપર અનુસ્વાર છે તે જાણે એની ફણા છે. આ હુંનો આકાર છે. તેમાં અભિમાન છે. અહંતા છે. શ્રીમહાપ્રભુજી

એનાથી ઘણા દૂર રહે છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી નિ:સાધન ભક્તોના છે. શ્રીમંતોના મોટા મનોરથોની જેમ નિ:સાધન ભક્તોની મીસરીની કટોરી પણ પ્રેમથી અંગીકાર કરે છે. શ્રીમથુરાનાથજીને પદ્મનાભદાસજીના છોલા જેવો સ્વાદ છપ્પનભોગમાં નહોતો આવ્યો, કારણ એ છોલામાં ભક્તના પ્રેમનો અને નિ:સાધનતાનો સ્વાદ હતો!

દુર્યોધનનો મેવા ત્યાગી ભગવાન વિદુરજીની ભાજી આરોગવા પધાર્યા હતા. કેમ? વિદુરજી ભક્ત છે, પેલો દુષ્ટ છે. આપણું અભિમાન આપણને દુષ્ટ બનાવે છે. તેથી જ ક્યારેય હું કે મેં શબ્દ વાપરીને મેં શ્રીઠાકોરજી માટે આમ કર્યું - એ રીતે વાત ન કરવી. પ્રભુએ કરાવ્યું એમ કહેવું.

શ્રીમહાપ્રભુજી નિરપેક્ષ છે. એમને પૈસાથી કે સર્વોત્તમજીના પાઠની સંખ્યાથી ખરીદી નહિ શકાય. એમને તો પ્રેમ કરી શકાશે. એમનું દિલ જીતી શકાશે કેવળ શ્રીસર્વોત્તમજીના દીનતાપૂર્વક પાઠ કરીને. આપે અનેકની સંપત્તિને ઠોકરો મારી છે. સિંધમાં નગરઠઠ્ઠાના નારાયણદાસના પિતાની સંપત્તિ આપે નહોતી સ્વીકારી. કૃષ્ણદેવરાયે ઘણું ધન ભેટ કરવા માંડ્યું ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું: આ અમને ન ખપે. આ ત્યાગ આપે બતાવ્યો કારણ આપ નિરપેક્ષ છે. **સ્વાનંદતુંદિલાય નમઃ**

આ નામ આપનો જ્ઞાન ધર્મ બતાવે છે.

હવે એકત્રીસમું નામ કહે છે. **પદ્મદલાયતવિલોચનઃ - પદ્મદલાયતવિલોચનાય નમઃ** - પદ્મદલ એટલે કમળનું પાન, આયત એટલે વિશાળ, વિલોચનઃ એટલે વિશેષ પ્રકારનાં નેત્રો. કમળની પાંખડી જેવા વિશાળ અને વિશિષ્ટ પ્રકારનાં નેત્રોવાળા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

અહીં આપશ્રીનાં નેત્રો માટે બે વિશેષણ વપરાણાં. કમળના પાન જેવા વિશાળ અને વિશિષ્ટ સ્વરૂપનાં. કમળનાં પાન જેવી વિશાળ તો દુનિયામાં ઘણાંની આંખો હોઇ શકે; પણ અહીં શ્રીમહાપ્રભુજીનાં નેત્રોમાં એક વિલક્ષણતા છે, વિશિષ્ટતા છે, જે આપણને બીજે જોવા નહિ મળે. તે છે કૃપાદષ્ટિ. એ નેત્રોમાંથી કૃપાનો વરસાદ વરસે છે. શ્રીમહાપ્રભુજી જેમની સામે દષ્ટિ કરે તેને કૃપારસથી ભીંજવી દે છે. એમના ચરણોમાં નમીએ છીએ ત્યારે આપણને શીતળતા મળે છે.

અહીં કહ્યું છે વિલોચનઃ. લોચન શબ્દ વાપર્યો છે. નેત્ર શબ્દ નથી વાપર્યો. લોચયતિ ઇતિ લોચનઃ. લોચવું એટલે ખેંચવું. ભૂલેચૂકે પણ ત્યાં જઇ ચડ્યા તો ખેંચાઇ ગયા. એ લોહચુંબકમાંથી છટકી નહિ શકાય. જીવ એકવાર એના ચરણોમાં પહોંચી જાય પછી શ્રીમહાપ્રભુજી એનું બધું સાંભળી લે છે. આજે પણ શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી પોતાના જીવોને કોઇક લીલા દ્વારા પોતાની તરફ ખેંચે છે.

શ્રીગિરિરાજજી ઉપર શ્રીમહાપ્રભુજી પધાર્યા ત્યારે શ્રીનાથજી સાથે પ્રથમ મિલન થયું. બંને સ્વરૂપોએ શ્રીગિરિરાજજીની શિલા ઉપર એકબીજાનાં નેત્રોમાં નેત્રો પરોવીને, આલિંગન આપીને, પરસ્પર એકબીજાની સ્તુતિ કરીને મધુરતા માણી ત્યારે આપનાં નેત્રોમાં જે આનંદ અને અનુરાગનાં દર્શન થયાં તે લીલા આ નામમાં પ્રગટ થાય છે. **પદ્મદલાયતવિલોચનાય નમઃ.**

આ નામ આપનો વૈરાગ્ય ધર્મ બતાવે છે.

■

પ્રકટે શ્રીવલ્લભ સુખરાશી ॥
પ્રાચી દિશા જ્યોં ચંદ્ર પ્રકટ હોય ત્યોં શ્રીઅંગ પ્રકાશી ॥૧॥
દેખ સ્વરૂપ રતિપતિ લાજત હેં મોહી સબ સુરવનિતા ॥
ભક્ત ચકોર મગ્ન રસ પીવત તન શુદ્ધિ કોઉ ન જનિતા ॥૨॥
બ્રહ્મવાદ દ્દઢ ભૂપર કરકે દુષ્ટન મતહિં બિદાર ॥
ગજ ગતિ ચાલ નિરખ વલ્લભકી ભીમ કિયો બલિહાર ॥૩॥

પ્રકરણ - ૧૬ : શ્લોક - ૧૪

કૃપાદ્દ્ગ્વૃષ્ટિ સંહૃષ્ટ દાસદાસીપ્રિયપતિઃ ।
રોષદક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિટ્ ભક્તસેવિતઃ ॥૧૪॥

આ ચૌદમા શ્લોકમાં શ્રીગુસાંઇજી મહારાજ શ્રીમહાપ્રભુજીના ૩૨ થી ૩૫ એટલે કે ચાર નામ બતાવે છે.

બત્રીસમું નામ છે : કૃપાદ્દ્ગ્વૃષ્ટિસંહૃષ્ટ દાસદાસીપ્રિયઃ - **કૃપાદ્દ્ગ્વૃષ્ટિ-સંહૃષ્ટ દાસદાસીપ્રિયાય નમઃ** - જે પોતાના નેત્રો વડે કૃપાની વૃષ્ટિ કરીને દાસ-દાસીને પ્રસન્ન કરે છે અને તે દ્વારા એમને પ્રિય બને છે એવા શ્રી મહાપ્રભુજીને હું નમન કરું છું. આ કૃપાની દૃષ્ટિ એટલે આનંદની વર્ષા. શ્રીમહાપ્રભુજીનાં નેત્રોમાંથી કેવળ આનંદ વરસે છે. એ આનંદની વર્ષામાં એમના જે સેવકો ભીંજાય છે, એમને શ્રીમહાપ્રભુજી પ્રિય બને છે અથવા એ સેવકોને પણ શ્રીમહાપ્રભુજી પોતાના પ્રિય બનાવે છે. દામોદરદાસ હરસાનીજી, કૃષ્ણદાસ મેઘન, શેઠ પુરુષોત્તમદાસ, સૂરદાસ, પરમાનંદદાસ, કુંભનદાસ વગેરે કેટકેટલા પ્રિય સેવકો આપના છે!

દામોદરદાસ હરસાનીજીનો એક પ્રસંગ છે. શ્રીમહાપ્રભુજી એમની ગોદમાં મસ્તક રાખીને પોઢ્યા હતા. શ્રીગિરિરાજજી ઉપરથી શ્રીનાથજીબાવા પધાર્યા ત્યારે દામોદરદાસજીએ હાથની નિશાની કરી તેમને રોક્યા. શ્રીમહાપ્રભુજીને નિદ્રામાં ખલેલ ન પડે તે માટે શ્રીઠાકોરજીને પણ પધારવાની ના પાડી. આ પ્રસંગ બતાવે છે કે આપશ્રી પોતાના દાસને - સેવકોને કેટલા પ્રિય હતા!

કુંભનદાસજીનો એક પ્રસંગ છે. એકવાર કુંભનદાસજીએ વિનંતી કરી: 'મહારાજ, આજ્ઞા આપો તો થોડા પ્રશ્ન પૂછવા છે.' ત્યારે આપશ્રીએ પ્રસન્ન થઇને આજ્ઞા કરી: 'પૂછો કુંભનદાસ, જરૂર પૂછો. આજે તો પૂછનાર કોણ છે? જિજ્ઞાસા કોને છે?' આમ પોતાના સેવકો ઉપર પ્રસન્ન થઇને આપ કૃપાની વૃષ્ટિ કરે છે.

રજોબાઈનો એક પ્રસંગ છે. શ્રીમહાપ્રભુજીએ પોતાના પિતાના શ્રાદ્ધ માટે રજોબાઈ પાસેથી ઘી મગાવ્યું. રજોબાઈએ ના પાડી. ઘી નથી. એમ કહી દીધું. સાંજે રજોબાઈ અનસખડીની સુંદર સામગ્રી સિદ્ધ કરી શ્રીમહાપ્રભુજીને આરોગાવવા માટે આવ્યાં. દરરોજ આપશ્રી રજોબાઈની સામગ્રી આરોગતા. આજે પીઠ ફેરવીને બિરાજી ગયા. ‘તારા ઘરમાં ઘી ન હતું તો આ સામગ્રી કેવી રીતે સિદ્ધ થઈ?’

રજોબાઈ ચતુર હતાં. સમજી ગયાં. કહે છેઃ ‘મહારાજ, શ્રાદ્ધ માટે ઘી ન હતું. સામગ્રી માટે મગાવ્યું હોત તો જોઈએ તેટલું આપત. આપે આજ્ઞા કરી છે કે તમારી પાસે જે કંઈ છે તે શ્રીઠાકોરજી માટે છે. તો ઠાકોરજી માટેની વસ્તુ બીજા ઉપયોગ માટે કેવી રીતે અપાય?’ શ્રીમહાપ્રભુજી આ જવાબથી પ્રસન્ન થયા. રજોબાઈની સામગ્રી આરોગ્યા. આમ આપ દાસ-દાસીને પ્રિય છે. **કૃપાદ્ગ્વૃષ્ટિસંહૃષ્ટ દાસદાસીપ્રિયાય નમઃ**

આ નામ આપનો શ્રી ધર્મ બતાવે છે.

તેત્રીસમું નામ છે **પતિઃ - પતયે નમઃ**. પતિ એટલે સ્વામી. શ્રીમહાપ્રભુજી આપણા સ્વામી છે. જેમને જેમને બ્રહ્મસંબંધ થયું છે એ બધાના શ્રીમહાપ્રભુજી અલૌકિક સ્વામી છે.

સંસ્કૃતમાં ‘પતિ’ શબ્દની વ્યાખ્યા છે પાતુઃ ઈતિ પતિઃ - જે રક્ષણ કરે તે પતિ. તેથી જ લૌકિકમાં પણ પતિ પાસે બે અપેક્ષાઓ રહી. એક તો એ પોતે પોતાનું રક્ષણ કરી શકે અને પોતાની પત્નીનું પણ રક્ષણ કરે. પોતે અભય હોય અને પત્નીને પણ અભય આપે.

શ્રીમહાપ્રભુજી પતિ તરીકે આ બંને લક્ષણવાળા છે. પોતે તો નિર્ભય છે જ. એમને કોનો ભય હોય? વળી જેમને શરણે લે છે, જેમને પોતાનાં દાસ-દાસી બનાવે છે, જેમને પ્રિય બનાવે છે, જેમના ઉપર કૃપા કરે છે એમને પણ નિર્ભય બનાવે છે. એમના સેવકોને ય કોઈનો ભય લાગતો નથી. કૃષ્ણદાસ મેઘનને યાદ કરો. હિમાલયના પર્વતો વચ્ચેથી પસાર થતા હતા ત્યારે, પોતાના સ્વામી શ્રીમહાપ્રભુજીને શ્રમ ન થાય માટે હજારો મણ વજનની, પર્વત ઉપરથી ગબડીને આવતી શિલાઓને પોતાના હાથથી રોકી દીધી હતી! મૂઠી હાડકાના કૃષ્ણદાસજીએ વિચાર ન કર્યો કે આટલી વજનદાર શિલાઓ મારા હાથથી રોકાશે ખરી? કારણ એ નિર્ભય હતા! એમને અભય હતો. હું શ્રી મહાપ્રભુજીનો સેવક છું. કરાવનાર તો એ છે એવી ભાવના હતી. એ જ રીતે અંધારી રાત્રે ગંગાસાગર તરી કૃષ્ણદાસજી શ્રીમહાપ્રભુજીને આરોગાવવા માટે મુરમુરા લઈ આવ્યા હતા! જે સાચો સેવક છે એને કદી ભય ન લાગે! જેમને માથે શ્રીમહાપ્રભુજી સરીખા સ્વામી બિરાજે છે એમને શાનો ડર? આપણા બાળકોને પણ આપણે આ વાત શીખવવી જોઈએ.

શ્રીમહાપ્રભુજી આપણા પતિ છે. તેઓ શાનાથી આપણું રક્ષણ કરે છે? કાલભયથી રક્ષણ કરે છે. શ્રીમહાપ્રભુજીના સેવકોને કાલનો ભય ન હોય. મારું શું થશે એવી ચિંતા ન હોય. મરણનો ભય ન હોય. શ્રીગુસાંઈજીનાં સેવક એક માજીએ આઠ વખત વિષ્ણુદૂતોને પાછા મોકલેલા. ‘હમણાં ફૂરસદ નથી. શ્રીઠાકોરજીનો ઉત્સવ આવે છે.’ આવું વિષ્ણુદૂતોને માજી કહેતાં એટલે લાચાર થઈ વિષ્ણુદૂતો પાછા જતા. જ્યારે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી ત્યારે એ ગયાં. વૈષ્ણવોએ કોઈ દેવોથી, રાક્ષસોથી, ભૂતપ્રેતથી કે કોઈ ગ્રહોથી ડરવાનું હોય જ નહિ. કોઈનું સામર્થ્ય નથી કે શ્રીમહાપ્રભુજીના સેવકોની સામે આવે કે તેમને હેરાન કરે! એવો મારગ શ્રી વલ્લભવરનો રે જ્યાં નહિ પ્રવેશ વિધિ હરનો રે.

જેના શિર ઉપર શ્રીવલ્લભ બિરાજે છે એને બાધા કરવાનું કોઈનું સામર્થ્ય નથી. શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને નિર્ભય બનાવે છે.

સાબરકાંઠામાં ચોયલા ગામ છે. ત્યાં એક બ્રાહ્મણ કૃષ્ણદાસનાં પત્ની માટી ખોદતાં ભેખડ ધસી પડવાથી માટીમાં દટાઈ ગયાં, ત્યારે તળાવ ઉપર સંધ્યાવંદન કરવા બિરાજેલા શ્રીમહાપ્રભુજીએ તેમને માટીના ઢગલામાંથી બહાર કઢાવી વેદમંત્રો ભણી, જળ છાંટી સજીવન કર્યાં. આમ પતિ તરીકે આપ સેવકોના પ્રાણની રક્ષા કરે છે. આજે પણ એ કૃષ્ણદાસ અને તેમનાં પત્નીના બાયડ ગામના ઘરમાં શ્રીમહાપ્રભુજીનાં વિશ્રામનાં બેઠકજી બિરાજે છે. **પતયે નમઃ**.

આ નામ આપનો ઐશ્વર્ય ધર્મ બતાવે છે.

હવે ચોત્રીસમું નામ કહે છે. **રોષદક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિટ્** - **રોષદક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિષે નમઃ**. પોતાના સેવકોનો દ્વેષ કરનાર લોકો

તરફ શ્રીમહાપ્રભુજી રોષ ભરેલી દૃષ્ટિ વરસાવી, એમને બાળી નાખે છે. એમનો નાશ કરે છે. આવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

ભક્તનો દ્વેષી શ્રીમહાપ્રભુજીને કદી ગમ્યો નથી. આપણે રામાનંદજીનું ચરિત્ર જાણીએ છીએ. વૈષ્ણવ માટે એમના મનમાં સહેજ દુર્ભાવ આવ્યો તો શ્રીમહાપ્રભુજીએ એમનો ત્યાગ કરી દીધો.

શ્રીમહાપ્રભુજીના સેવક હતા પ્રભુદાસ ભાટ. એમનો પાડોશી હતો એક કીરત ચૌધરી. તે વૈષ્ણવોનો દ્વેષી હતો એટલે પ્રભુદાસનો દ્વેષ કરતો અને એમને હેરાન પરેશાન કરતો. પ્રભુદાસ ભાટ એક શબ્દ પણ તેને કહેતા નહિ. એક દિવસ શ્રીમહાપ્રભુજીએ એવી લીલા કરી કે વિષ્ણુદૂતો રાત્રે કિરત ચૌધરીની આજુબાજુ આવી તેને મગદળથી ઝૂડવા મંડી પડ્યા. પેલો પૂછે છે: 'અરે ભાઇ, મને કેમ મારો છો? મેં તમારું શું બગાડ્યું છે?' કીરત ચૌધરી બૂમો પાડતો રહ્યો. વિષ્ણુદૂતો એને મારતા રહ્યા. બરોબર મારીને ઢીલો કરીને કહે છે: 'અમારું તો તું શું બગાડે? પણ પેલા વૈષ્ણવ પ્રભુદાસ ભાટને કેમ હેરાન કરે છે? સારું છે કે શ્રીમહાપ્રભુજીએ તારાં હાડકાં ખોખરાં કરવાનું કહ્યું છે. તને અહીંથી લઇ જવાનું કહ્યું નથી.' તે દિવસથી કિરત ચૌધરીએ વૈષ્ણવોનો દ્વેષ કરવાનું છોડી દીધું.

કહેવાનું તાત્પર્ય એટલું છે કે જે શ્રીમહાપ્રભુજીના સેવક છે તેમનો કોઇ વાળ પણ વાંકો કરી શકતું નથી. કરવા જાય તો એનો સર્વનાશ થાય છે.

રોષદૃક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિષે નમઃ.

આ નામ આપશ્રીનો વીર્ય ધર્મ બતાવે છે.

હવે પાંત્રીસમું નામ બતાવે છે. **ભક્તસેવિતઃ - ભક્તસેવિતાય નમઃ.** જે ભક્તોથી સેવાય છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીના બધા સેવકો આપશ્રીની સેવા કરે છે. અનેક પ્રકારે કરે છે. શ્રીઠાકોરજીની સેવામાં શ્રીમહાપ્રભુજીની સેવા આવી જાય છે. વળી આપણે બેઠકજીમાં જઇને પણ યથાશક્તિ શ્રીમહાપ્રભુજીની સેવા કરીએ છીએ. શ્રીવલ્લભકુળને શ્રીવલ્લભરૂપ માનીને તેમની સેવા કરીએ છીએ. શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો પાઠ કરીને તેમની સેવા કરીએ છીએ. આમ વિવિધ પ્રકારે શ્રીમહાપ્રભુજી પોતાના ભક્તોથી સેવાય છે.

શ્રીમહાપ્રભુજીએ સેવાની એક વ્યાખ્યા શ્રીસુબોધિનીજીમાં આપી કે 'સેવ્યસંતોષજનિકા સેવા'. જેમની આપણે સેવા કરીએ છીએ એ સેવ્યને સેવાથી સંતોષ થાય તો એ સેવા સાચી. એટલે કે શ્રીઠાકોરજીની સેવા કરીએ તો શ્રીઠાકોરજીને એ સેવાથી સંતોષ- પ્રસન્નતા થવી જોઇએ. એજ રીતે શ્રીવલ્લભકુળની, વૈષ્ણવોની વગેરેની સેવા કરીએ તો એમને પણ સંતોષ થાય તો એ સેવા સાચી.

એક ગુરુનો પ્રસંગ છે. એમને બે ચેલા. બંને વચ્ચે ગુરુને રાજી કરવાની હરીફાઇ. ગુરુની સેવા કરવા રોજ ઝગડે. ગુરુએ એમને સેવા વહેંચી આપી. બંનેને એક એક પગ દબાવવાની સેવા આપી. એક ચેલો જમણો પગ દબાવે, બીજો ડાબો પગ દબાવે. રાત્રે બંને જણે પગ દબાવવા માંડ્યા. થોડીવારમાં ગુરુ નિદ્રાવશ થઇ ગયા. માણસ જાગતો હોય તો પગ સરખા રાખે પણ ઊંઘમાં એને ક્યાંથી ભાન હોય કે પગ ક્યાંથી ક્યાં ફરે છે? ગુરુએ ઊંઘમાં પડખું ફેરવ્યું એટલે ડાબા પગ ઉપર તેમનો જમણો પગ ચડી ગયો. જેને ડાબો પગ દબાવવાનો હતો એને સેવા મળતી અટકી ગઇ. એણે જોરથી જમણા પગ ઉપર મુક્કો મારી પગ હટાવી દીધો. બીજો ચેલો ચિડાયો. કહે છે: 'આ જમણો પગ મારો છે. એને મારનાર અને હટાવનાર તું કોણ?' એમ કહી એણે ડાબા પગ પર મુક્કો માર્યો. ગુરુ જાગી ગયા. 'અરે, આ શું કરો છો તમે બંને?' ચેલાઓ કહે છે: 'મહારાજ, તમારી ચરણસેવા કરીએ છીએ.'

આ સેવા નથી. આપણે આવી સેવા કરવાની નથી. શ્રીવલ્લભને સુખ થાય તે રીતે સેવા કરવાની છે. બેઠકજીમાં એક વૈષ્ણવ ઝારીજી ભરીને પધરાવે અને બીજા વૈષ્ણવ તે ખસેડી પોતાનાં ઝારીજી પધરાવે, આવું ઘણીવાર બને છે. શ્રી મહાપ્રભુજી તો નિરંતર ભક્ત દ્વારા સેવિત છે. અરે, શ્રીઠાકોરજી આન્યોરથી બદરોલાની સામગ્રી આરોગવા બરસાના સુધી હાથ લંબાવી શકે તો પાછળ ધરેલાં ઝારીજી કે મીસરીનો પડિયો આપ કેમ ન આરોગે?

મહાવનનાં એક ક્ષત્રાણીએ આપશ્રીના ચરણારવિંદની છાપ પધરાવી શ્રીમહાપ્રભુજીની સેવા જીવનભર, શ્રીઠાકોરજીના સ્વરૂપની ભાવનાથી કરી હતી. એને ત્યાં ભગવદ્સ્વરૂપો પધાર્યાં તો પણ એમની સેવા ન કરતાં

શ્રીમહાપ્રભુજીની સેવાને ફળરૂપ સેવા માની તે સેવા પ્રેમપૂર્વક, નિષ્ઠાથી કરી. આમ શ્રીવલ્લભ ભક્તસેવિત છે. **ભક્તસેવિતાય નમઃ**

આ નામ આપનો યશ ધર્મ બતાવે છે.

અહીં શ્રીગુસાંઇજી વિરચિત શ્રીસર્વોત્તમ સ્તોત્રના ૧૪ શ્લોક અને શ્રીમહાપ્રભુજીના ૩૫ નામોનું વિવેચન પૂર્ણ થયું.

હવે આગળના નામોના વિવેચન માટે જુઓ આ પુસ્તકનો બીજો ભાગ.

■

રુચિરપદ કમલ શ્રીવલ્લભાધીશકે,
રેન ઓર દિવસ નિજ શિરસિ ધરિયેં ॥
ગહત દૃઢ બાંહ જિહિં કાન શ્રીનંદસુત,
પત્ર ફલ પુષ્પ સેવાનુસરિયેં ॥૧॥
પ્રેમભાવતે નિકટ સંતત રહેત,
રાખ વિશ્વાસ બ્રતતેં ન ટરિયેં ॥
શ્રીવિઠ્ઠલ ગિરિધરન હિત પ્રગટ લક્ષ્મણસુવન,
ભકતકે ભવનમેં વાસ કરિયેં ॥૨॥

આ પુસ્તકનો બીજો ભાગ આવતા વર્ષે સને ૨૦૦૪-૨૦૦૫ના
વર્ષના 'વૈષ્ણવ પરિવાર'ના
સર્વ ગ્રાહકોને ભેટપુસ્તક તરીકે અપાશે.